

# પ્રભુ સાથે પ્રીત

— પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગર મ. સા.

# પ્રભુ સાથે પ્રીત

(વ્યાખ્યાનના પ્રારંભમાં સામૂહિક પ્રાર્થના તરીકે તથા જિનાલયમાં સામૂહિક કે વ્યક્તિગત ચૈત્યવંદન, રાત્રિ ભાવના તેમજ ચાતુર્માસમાં વિવિધ ભક્તિ અનુષ્ઠાનોમાં ગાઈ કે ઝીલાવીને પ્રભુ સાથે પ્રીત બાંધવામાં અત્યંત ઉપયોગી, ભાવવાહી પ્રાર્થના-સ્તુતિ-સ્તવન-સ્તોત્ર આદિ ભક્તિપદોનો સંગ્રહ)

: સંયોજક - સંપાદક :

પ્રભુભક્તિરસિક, અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના વિનેય

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.

: સૌજન્ય :

દીપકકુમાર રાયશીં ગાલા (કચ્છ-ચાંગડાઈવાલા)

: પ્રકાશક :

શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ

વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮.

# સિદ્ધાચલ શણગાર
# શ્રી આદિનાથ ભગવાન




ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજેં હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, જિહાં કને નવિ હો કોઈ વચન ઉચ્ચાર;
ઋષભ જિણંદશું પ્રીતડી.
પ્રીતિ અનંતી પર થકી, જે ત્રોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ;
ઋષભ જિણંદશું પ્રીતડી.

— દેવચંદ્રજી મહારાજ

# પ્રભુ સાથે પ્રીત

અનાદિ અનંત છે આ સંસાર....! કેવો ?..... આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરપૂર....દુ:ખરૂપ- દુ:ખફલક-દુ:ખાનુબંધી......દુ:ખમય-પાપમય-રાગમય-સ્વાર્થમય-અજ્ઞાનમય !...... આવા બિહામણા સંસારની ૮૪ લાખ જીવાયોનિમાં દુર્ગતિઓમાં ચાલુ છે, રઝળપાટ આ જીવની અનંતકાળથી!..... શાના કારણે ?

પોતાના અનંત સહજ આનંદમય સ્વરૂપમાં રમણતા કરવાને બદલે, કંચન-કામિની- કુટુંબ-કાયા-કીર્તિ આદિ પ્રત્યેના અપ્રશસ્ત રાગના કારણે જ !......

વાત સાચી, પરંતુ શેં છુટાય અનંત જન્મોથી પુષ્ટ થયેલા રાગના કાતીલ સંસ્કારોથી ???.... આ રહયો તેનો સરળ અને સચોટ ઉપાય !....

રાગ વિજેતા પરમાત્મા સાથે અનન્ય પ્રીત બાંધો ! ...

કાંટો કાંટાથી નીકળે તેમ જડ પદાર્થો પ્રત્યેના રાગને દૂર કરવા માટે શુધ્ધ ચૈતન્ય સ્વરૂપી વીતરાગ-અરિહંત પરમાત્મા પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રીતિ સ્વરૂપ પ્રશસ્ત કોટિનો મહારાગ કરવો એ જ સરળ, સચોટ અને શ્રેષ્ઠ ઉપાય છે ! ..

સંગ તેવો રંગ અને સોબત તેવી અસર એ ન્યાયે વીતરાગ પ્રભુ સાથે પ્રીત બાંધવાથી આપણો આત્મા પણ સહેલાઈથી વીતરાગ બની શકે છે ! .....

શ્રુત સાગરના પારગામી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પણ નીચેના શ્લોકમાં પ્રભુભકિતનો મહિમા વર્ણવતાં સ્વાનુભવપૂર્વક જણાવે છે કે-

सारमेतन्मया लब्धं, श्रुतान्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानन्दसम्पदाम् ॥

અર્થ : શ્રુતસાગરમાં ડૂબકી લગાડવાથી મને જે સાર પ્રાપ્ત થયું છે તે આ છે કે -

પરમાત્માની ભકિત એ જ પરમાનંદની સંપત્તિનું મૂળ છે. ! ....

પ્રીતિ-ભક્તિ-વચોऽसङ्ग :...... ઇત્યાદિ શ્લોક દ્વારા ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પણ આત્મરમણતા રૂપ અસંગ અનુષ્ઠાનને પ્રાપ્ત કરવા માટે પ્રભુ સાથે અનન્ય પ્રીતિ-ભકિત અને વચન (આજ્ઞાપાલન) ના પગથિયા અનુક્રમે ચડવાનું જણાવે છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ પણ વીતરાગ સ્તોત્રમાં इदं हि भवकान्तारे जन्मिनां जन्मनः फलम् । કહીને પ્રભુ સાથે પ્રીત બાંધીને પ્રભુના ગુણગાન દ્વારા રસનાને પાવન બનાવવી એ જ મનુષ્ય જન્મ પામવાનું મુખ્ય ફળ બતાવે છે !.....

નાના બાળકને ચોકલેટ દેખાડીને તેના હાથમાં રહેલ કાંકરા કે વિષ્ઠાને સહેલાઈથી છોડાવી શકાય છે તેમ પરમાત્મ પ્રીતિ ની સુમધુર-સ્વાદિષ્ટ ચોકલેટ દ્વારા જ આપણા મન રૂપી બાળક પાસેથી વિષયો રૂપી વિષ્ઠાની આસકિત સહેલાઈથી છોડાવી શકાય છે.

તેથી જ પ્રભુ સાથે પ્રીત બાંધવામાં સહાયક બને તેવી સ્તુતિ સ્તવન-સ્તોત્ર-આધ્યાત્મિક પદો વિગેરે એનેક ભાવવાહી પદ્ય કૃતિઓનો સમાવેશ પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

વ્યાખ્યાનના પ્રારંભમાં પ્રાર્થના તરીકે ઝીલાવવામાં તેમજ જિનાલયમાં સામૂહિક કે વ્યકિતગત રીતે ઝીલાવવા કે ગાવા માટે રાત્રે પ્રભુ ભકિત-ભાવનામાં તથા ચાતુર્માસ, છ'રી સંઘ ૯૯ યાત્રા વિગેરે દરમ્યાન પ્રભુભકિતના વિવિધ અનુષ્ઠાનો ગોઠવવામાં પ્રસ્તુત પુસ્તકમાં આપેલ રચનાઓ અત્યંત ઉપયોગી બની શકે તેમ છે.

પ્રસ્તુત પુસ્તકમાં સંકલિત વિવિધ પ્રભુભકત આત્મોની રચનાઓ દ્વારા અનેકાનેક આત્માઓના હૃદયમાં પ્રભુ સાથે સાચી પ્રીત જન્મે-વિકસે-આત્મસાત્ થાય, જીવન પ્રભુમય બને અને પ્રાંતે અલ્પ ભવોમાં સહુ પ્રભુ સ્વરૂપ બને એ જ મંગલ ભાવના.

शिवमस्तु सर्वजगतः ॥ ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

ગણિ મહોદયસાગર

સં. ૨૦૫૩ કા.સુ.૧ (નૂતન વર્ષ)

વડોદરા-અચલગચ્છ જૈન ભવન.

# પ્રકાશકીય

અમારા પૂજ્ય માતુશ્રી **કસ્તૂરબાઈ** તથા પિતાશ્રી **બાબુભાઈ** ઊર્ફે શ્રીકુંવરજી જેઠાભાઈ, જેમણે અમારામાં સુસંસ્કારોના બીજ રોપ્યા, ધર્મપ્રત્યેની શ્રધ્ધા જગાવી, ધર્મમય જીવન જીવવાની પ્રેરણા આપી, તેમના અમારા ઉપર ખૂબ જ ઉપકારો છે. એમના ઉપકારોનું ઋણ યત્ કિંચિત્ અંશે પણ અદા કરવા માટે ઘણા સમયથી અમારા હૈયામાં એવી ભાવના રહ્યા કરતી હતી કે સમ્યક્ જ્ઞાનના સુવ્યવસ્થિત રીતે પ્રકાશન પ્રસારણ માટે એક પ્રકાશન ટ્રસ્ટની સ્થાપના કરવી. એ ટ્રસ્ટ ને અમારા પૂજ્ય માતુશ્રીના નામ સાથે જોડવું, અને એના અન્વયે અચલગચ્છીય તમામ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા લિખિત-સંપાદિત પુસ્તકોનું પ્રકાશન તથા વ્યવસ્થિત વિતરણ કરવું.

અમારી આ ભાવના પરમોપકારી, શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. આગળ રજૂ કરતાં તેઓશ્રીની સાનંદ અનુમતિ તથા આર્શીવાદ સાંપડતાં અમારા ઉત્સાહમાં અભિવૃધ્ધિ થઈ.

એને તેની ફલશ્રુતિ સ્વરૂપે સં. ૨૦૪૪ ના અક્ષય તૃતીયાના શુભ દિવસે સ્થપાયેલ કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ તરફથી અત્યાર સુધીમાં છપાયેલ સાહિત્યની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે. તેમાં આગમાભ્યાસી પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. દ્વારા સંયોજિત-સંપાદિત **'પ્રભુ સાથે પ્રીત'** નામના પ્રસ્તુત પુસ્તકનો ઉમેરો કરતાં અમો અંત્યત આનંદ અનુભવીએ છીએ. ટૂંક સમયમાં જ પૂજ્યશ્રી દ્વારા સંપાદિત **'બહુરત્ના વસુંધરા, ચાલો અનુમોદના કરીએ'** પુસ્તક પણ અમારા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થશે.

રૂા. ૧૦૦૧/- આપીને જેઓ અમારા ટ્રસ્ટના કાયમી સભ્યો બનશે તેમને ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનાર દરેક પુસ્તકો પોષ્ટ દ્વારા ભેટ

મોકલાવવાની અમારી યોજના છે. આશા છે કે પૂજ્યોની કૃપાથી તથા આપ સહુના સાથ સહકારથી અમારી આ શુભ ભાવના સુંદર રીતે પાર પડશે જ.

સદ્વાંચનનો જીવન ઘડતરમાં ઘણો મોટો ફાળો હોય છે. એટલે જ એક તત્ત્વચિંતકે કહ્યું છે કે, 'તમે કેવા પુસ્તકો વાંચો છો તથા કેવા મિત્રો સાથે સોબત રાખો છો ? એટલું જ કહો તો હું તમારું જીવન ચરિત્ર કહી દઉં!'....

આજના જમાનામાં સિને સાહિત્ય વિગેરે વિલાસી સાહિત્યની લાખો નકલોએ યુવા માનસને અત્યંત વિકૃત બનાવી મૂક્યું છે ત્યારે આવું સંસ્કાર પોષક સાત્ત્વિક સાહિત્ય વધુ ને વધુ પ્રકાશિત તથા પ્રસારિત થાય એ અત્યંત જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશના સંપાદક પૂજ્ય ગણિવર્યશ્રીનો, તથા તેઓશ્રીના સંસારી લઘુબંધુ શ્રી **દીપકભાઈ રાયશી ગાલા** જેઓ આ પ્રકાશનના મુખ્ય દ્રવ્ય સહાયક છે તેમનો તેમજ લેસર ટાઈપ સેટીંગ માટે **હેમદીપ પ્રિન્ટર્સ** વડોદરાવાલાનો તથા પ્રિન્ટીંગમાં અત્યંત સહયોગ આપનાર શ્રી **મનુભાઈ આર.દોશી**-કહાન પબ્લીકેશન્સનો અત્યંત આભાર માની વિરમુ છું.

લિ. **શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ વતી**
**સોલીસીટર હરખચંદ કુંવરજી જેઠાભાઈ (ટ્રસ્ટી)**
કચ્છ-બાડાવાલાના જયજિનેન્દ્ર સહ પ્રણામ



અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુરુદેવશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
તથા તેઓશ્રીના વિનેય પ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.

# સાદર સમર્પણ

ગુજરાતી તથા સંસ્કૃતમાં પ્રભુ ભકિતમય સેંકડો સ્તવન-સ્તુતિ-ચૈત્યવંદન-પૂજાઓ વિગેરે ભાવવાહી ભકિત સાહિત્યની રચના કરનાર...!..

મુંબઈ થી શિખરજી તથા શિખરજીથી પાલિતાણા જેવા મહાન ઐતિહાસિક છ'રી પાલક સંઘોની પ્રેરણા તથા નિશ્રા દ્વારા પ્રભુશાસનની અદ્‌ભુત પ્રભાવના કરનાર..!

૭૨ જિનાલય મહાતીર્થ, ૨૦ જિનાલય આદિ અનેક જિનમંદિરોની પ્રેરણા અંજનશલાકા પ્રતિષ્ઠા દ્વારા લાખો આત્માઓને પ્રભુ સાથે પ્રીત બાંધવામાં સહાયક આલંબનો પૂરો પાડનાર...

જૈફ વયે પણ દરરોજ શ્રી અરિહંત પરમાત્મા આદિ પંચ પરમેષ્ઠી ભગવંતોને ૧૦૮ ખમાસમણ આપનાર ...!

મારા જેવા અનેક આત્માઓને પુદ્‌ગલ પ્રીતિ છોડાવી પ્રભુ સાથે પ્રીત બંધાવનાર...!

અનંત ઉપકારી, ભવોદધિતારક, વાત્સલ્ય વારિધિ, પ્રભુ ભકત, અચલગચ્છાધિપતિ પ.પૂ. ગુરુદેવ,

**આચાર્ય ભગવંત શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા. ના ચરણોમાં સાદર સવિનય સમર્પણ.**

ગુરુ ગુણ ચરણ રજ
**ગણિ મહોદયસાગર (ગુણબાલ)**



# ઋણ સ્વીકાર-સાદર સ્મૃતિ

(૧) અનંત ઉપકારી, ભવોદધિ તારક, વાત્સલ્ય વારિધિ, સચ્ચારિત્ર ચૂડામણિ, અનન્ય પ્રભુભકત, શાસન સમ્રાટ, ભારત દિવાકર, તીર્થપ્રભાવક દિવ્યકૃપાદાતા અચલગચ્છાધિપતિ **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા....**

(૨) સળંગ ૨૯મા વર્ષીતપના આરાધક, શુભાશિષદાતા, વર્તમાન અચલગચ્છાધિપતિ, તપસ્વીરત્ન **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીવરજી મ.સા....**

(૩) સૂરિમંત્રપંચ પ્રસ્થાન સમારાધક, સાહિત્ય દિવાકર,**પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા....**

(૪) લેખન આદિ શુભ પ્રવૃતિઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા વિનીત શિષ્ય-પ્રશિષ્યો તેજસ્વી વકતા મુનિરાજ શ્રી **દેવરત્નસાગરજી**, સ્વાધ્યાય પ્રેમી મુનિરાજ શ્રી **ધર્મરત્નસાગરજી** તપસ્વી મુનરાજ**શ્રીકંચનસાગરજી** સેવાભાવી મુનિરાજ**શ્રી અભ્યુદયસાગરજી** તથા નૂતન મુનિરાજશ્રી **ભકિતરત્નસાગરજી**...

(૫) રત્નત્રયીની આરાધનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયક બનતા તમામ ગુરુબંધુઓ, નાના-મોટા મુનિવરો, નામી-અનામી સર્વ શુભેચ્છકો, હિત ચિંતકો આદિ...

(૬) મુમુક્ષ અવસ્થામાં ૫ વર્ષ પર્યંત સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ-ન્યાય કાવ્ય ષટ્દર્શન આદિનો સુંદર રીતે અભ્યાસ કરાવનાર પંડિત શિરોમણિ **શ્રી હરિનારાયણ મિશ્ર** (વ્યા.ન્યા. વેદાંતાચાર્ય)

આદિ અગણિત ઉપકારી આત્માઓનું સાદર સ્મરણ કરતાં ગૌરવ તથા આનંદ અનુભવું છું !

**- ગણિ મહોદયસાગર**

॥ માતૃદેવો ભવ ॥

રત્નકુક્ષી, આદર્શ શ્રાવિકારત્ન

માતુશ્રી પાનબાઈ રાયશીં ગાલા



"મા...માડી...માવડી...માવલડી" આ એક જ શબ્દમાં પ્રેમનો પારાવાર...હેતનો હિમાલય...મમતાનો મહાસાગર... સ્નેહનું સરોવર...તથા વાત્સલ્યનો વિરાટ દરિયો સમાઈ જાય છે. અને તેથી જ આપના અગણિત ઉપકારોના ઋણમાંથી યત્કિંચિત્ અંશે મુક્ત થવા પ્રસ્તુત પ્રકાશનમાં સહયોગ આપી કૃતાર્થતા અનુભવું છું.

આપનો લાડકવાયો

દીપક રાયશીં ગાલાના અનંતશઃ પ્રણામ.

# રત્નકુક્ષિ આદર્શ શ્રાવિકારત્ન

# પાનબાઈ રાયશીંગાલા

(ચાંગડાઈવાલા) (ઉં.વ.૬૮)

(હાલ. મુ.પો.લાયજા મોટા. તા. માંડવી-કચ્છ)

શાસ્ત્રમાં મદાલસા સતીની વાત સાંભળી છે ! એવી જ વાત રત્નકુક્ષિ આદર્શ શ્રાવિકા પાનબાઈની છે. મહાસતી મદાલસા જેમ પોતાના દરેક સંતાનને પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં 'શુધ્ધોડસિ બુધ્ધોડસિ નિરંજનોડસિ, સંસારમાયા પરિવર્જિતોડસિ' ઈત્યાદિ હાલરડાં દ્વારા વૈરાગ્યના સુસંસ્કારોનું સિંચન કરી સંયમના પંથે વાળતી તેવી જ રીતે સુશ્રાવિકા શ્રી પાનબાઈએ પોતાના દરેક સંતાનોને નાનપણથી સંસારની અસારતા દૃષ્ટાંતો દ્વારા સમજાવીને વૈરાગ્યમાર્ગે વાળ્યા છે.

(૧) મહાવીર જૈન વિદ્યાલય (ગોવાલિયા ટેંક-મુંબઈ)માં રહીને એલ્ફિસ્ટન કોલેજમાં ઈન્ટર સાયન્સ (Int. Sc.) નો અભ્યાસ કરતા **સુપુત્ર મનહરલાલને** પત્રો દ્વારા તથા વેકેશનમાં પ્રત્યક્ષ હિતશિક્ષા દ્વારા સદા પ્રભુભકિત તથા સત્સંગની પ્રરણા આપી. તેની ફલશ્રુતિ સ્વરૂપ જ્યારે એને ધર્મનો મર્મ જાણવાની, પામવાની અને સંયમ સ્વીકારવાની ભાવના જાગ્રત થઈ ત્યારે માતા પાનબાઈએ આશીર્વાદ સહ સહર્ષ સંમતિ આપી.પોતાનો પુત્ર મોટો થઈને નામાંકિત ડોકટર કે એન્જિનીયર બનીને પોતાને સંપત્તિ સાથે ગૌરવ અપાવશે એવી મોહગર્ભિત વિચારણા ધરાવતા પતિ રાયશીંભાઈની ૫-૫ વર્ષ સુધી રાહ જોવા છતાં સંયમ માટે સંમતિ ન મળતાં આખરે હિંમત કરીને માતા પાનબાઈએ પોતાના સુપુત્ર મનહરલાલ (હાલ **પ્રસ્તુત પુસ્તકના** સંપાદક, પૂ. **ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.**) ને પાંચ વર્ષ સુધી **પં. શ્રી હરિનારાયણ મિશ્ર** (વ્યાકરણન્યાય-વેદાન્તાચાર્ય)પાસે સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ તેમજ ષટ્દર્શન આદિનો અભ્યાસ કરાવીને આશીર્વાદપૂર્વક સં. ૨૦૩૧ ના મહા સુદિ ૩ ના કચ્છ-દેવપુર ગામમાં સંયમપંથે પ્રસ્થાન કરાવ્યું !

જેઓ આજે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના. શિષ્યરત્ન તરીકે ૪૫ આગમોનો અભ્યાસ કરી, સળંગ ૫-૪ મહિનાના મૌન સહ નવકાર મહામંત્રના જાપ વિગેરે દ્વારા આત્મસાધના સાથે તાત્ત્વિક પ્રવચનો વાચનાઓ તથા **'જેનાં હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર ?'** તેમજ **'બહુરત્ના વસુંધરા'** વિગેરે પુસ્તકોનું સંપાદન લેખન દ્વારા સુંદર પરોપકાર તેમજ શત્રુંજય તથા ગિરનારની સામૂહિક ૯૯ યાત્રાઓ, અનેક છ'રી પાલક સંઘો વિગેરેમાં નિશ્રા આપવા દ્વારા અનુમોદનીય શાસન પ્રભાવના કરી રહયા છે.

(૨) **સુપુત્રી વિમળાબેનને** પણ ૫ વર્ષ સુધી યોગનિષ્ઠા તત્ત્વજ્ઞા **પ.પૂ. વિદુષી સા. શ્રીગુણોદયાશ્રીજી મ.સા.** પાસે તેમજ **પં. શ્રીહરિનારાયણ મિશ્ર** પાસે ૬ કર્મ ગ્રંથના અર્થ તેમજ ષટ્દર્શન આદિનો અભ્યાસ કરાવીને,સુપુત્ર મનહરલાલની સાથે જ દેવપુર ગામમાં દીક્ષા અપાવી. જેઓ હાલ **સા.શ્રી ભુવનશ્રીજી મ.સા.**ના. શિષ્યા **સા. શ્રીવીરગુણાશ્રીજી** તરીકે ઉલ્લસિત ભાવથી તપ-જપ ની સુંદર આરાધના સાથે અનેક જિજ્ઞાસુઓને સમ્યક્જ્ઞાનની લ્હાણી ઉદારદિલે કરી રહયા છે.

(૩) **સુપુત્ર દીપકકુમાર** (ઉં.વ.૪૦) ને પણ કચ્છ-મેરાઉમાં, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સ્થપાયેલ જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં, ૪ વર્ષ સુધી ધાર્મિક તેમજ સંસ્કૃતનો અભ્યાસ કરાવી ધર્મમાં નિપુણ બનાવેલ છે. તેમની પણ સંયમ સ્વીકારવાની ખૂબ જ ભાવના હોવા છતાં પોતાના વડિલો (સ્વ. પિતાશ્રી રાયશીંભાઇ, વયોવૃધ્ધ નાનીમા સ્વ. દેવકાંબાઇ (ઉં.વ.૯૭) તથા માતુશ્રી પાનબાઇ) ની સેવા માટે સંસારમાં જલકમલવત્ નિર્લેપભાવે રહીને પોતાના પ્રભુભકિતમય બ્રહ્મચારી જીવન દ્વારા તેમજ દેવ-ગુરુ કૃપાથી સ્વયંસ્ફૂર્ત સદ્‌બોધ દ્વારા અનેકાનેક આત્માઓના જીવનમાં સમ્યક્જ્ઞાનનો પ્રકાશ રેલાવી પોતાના નામને સાર્થક બનાવી રહ્યા છે.

પાનબાઈને બાલ્યાવસ્થાથી જ સત્સંગ દ્વારા તેમજ કચ્છ-ડુમરામાં કબુબાઈની જૈન પાઠશાળામાં ધાર્મિક-સંસ્કૃતનો અભ્યાસ કરવા દ્વારા સંયમની ભાવના જાગી હતી. પરંતુ માતા-પિતાનું પોતે એક જ સંતાન હોવાથી સંયમ માટે અનુમતિ મેળવી ન શકયા પરંતુ ઉપર મુજબ પોતાના દરેક સંતાનોને વૈરાગ્યના પંથે વાળીને રત્નકુક્ષિ બન્યા છે.

આદર્શ શ્રાવિકા પાનબાઈએ પોતાની જબરી કોઠાસૂઝથી વયોવૃધ્ધ માતા-પિતાને ધર્મમાર્ગે વાળી ને વર્ષીતપ વિ. તપ કરાવી શ્રાવકના વ્રતો સ્વીકારવ્યા.માતા-પિતાની દ્રવ્ય-ભાવ સેવા કરી તેમને અંત સમયે પણ સુંદર નિર્યામણા કરાવી સમાધિ પમાડી.

પોતે પણ નિયમિત પ્રભુપૂજા,ઉભય ટંક પ્રતિક્રમણ, શ્રાવકના ૧૨ વ્રતોનો સ્વીકાર, સત્સંગ, સ્વાધ્યાય-સદ્‌વાંચન, વરસીતપ-વીશસ્થાનક-વર્ધમાન તપની ૪૫ ઓળી, નવપદની ઓળીઓ વિગેરે તપશ્ચર્યા, સાધુ-સાધ્વી ભગવંતોની ઉલ્લાસપૂર્વક વૈયાવચ્ચ,વ્યાખ્યાન શ્રવણ,પ્રભુભકિત,જાપ વિગેરે દ્વારા તત્ત્વત્રયી (સુદેવ-સુગુરુ-સુધર્મ) ની અનુમોદનીય ઉપાસના તેમજ રત્નત્રયી (સમ્યક્‌દર્શન-સમ્યક્‌જ્ઞાન-સમ્યક્‌ચારિત્ર) ની સુંદર આરાધના દ્વારા અને સંયમના મનોરથ દ્વારા જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

આ દૃષ્ટાંતમાંથી પ્રેરણા મેળવીને અન્ય શ્રાવિકાઓ-માતાઓ પણ પોતે ધર્મમય જીવન જીવીને પોતાના સંતાનોને ધર્મના સુસંસ્કારોનું સીંચન કરે એ જ શુભાભિલાષા.

હરખચંદ કે.ગડા
ટ્રસ્ટી-કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ

# અનુક્રમણિકા


| વિષય | પાનું |
|---|---|
| ભક્તામર સ્તોત્ર | ૧ |
| અરિહંત વંદનાવલી | ૯ |
| શ્રી રત્નાકર પચ્ચીશી | ૧૭ |
| લઘુ પુણ્ય પ્રકાશ સ્તવન | ૨૨ |
| અમૃત વેલની સજ્ઝાય | ૨૫ |
| 'અપૂર્વ અવસર' | ૨૭ |
| 'એવો અવસર મારો ક્યારે આવશે' | ૩૧ |
| ચોવીસ ભગવાનના દુહા | ૩૫ |
| ચોવીસ જિન સ્તુતિ | ૩૮ |
| ૨૪ તીર્થંકર સ્તવન | ૪૨ |
| હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? | ૪૩ |
| પદ્માવતી આરાધના | ૪૫ |
| આત્મ-નિંદા દ્વાત્રિંશિકા | ૪૮ |
| નવકાર મંત્રના ૯ પદોના ચૈત્યવંદન-સ્તવન-થોય | ૫૪ |
| નમસ્કાર મહામંત્રના ૯ ગીતો | ૬૭ |
| નવકાર મહામંત્રાન્તર્ગત ૬૮ તીર્થપૂજા | ૭૬ |
| અષ્ટોત્તરશત (૧૦૮) તીર્થ વંદના | ૯૨ |
| ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતની સ્તવના | ૧૦૭ |
| શ્રી ધર્મચક્રની આરાધના | ૧૨૯ |
| શ્રી ધર્મચક્ર વંદનાવલિ | ૧૩૭ |

આધ્યાત્મિક ત્રિફળાની આરાધના
(૪ શરણ - દુષ્કૃતગર્હા - સુકૃત અનુમોદના) ૧૪૨

ભાવવાહી પ્રભુ સ્તુતિઓ ૧૪૯

સીમંધર સ્વામી ભગવાનના
ચૈત્યવંદન-સ્તુતિ - ૬ સ્તવન ૧૬૭

શ્રી આદિજિન વિનતિ ૧૭૮

ભાવનામાં ઉપયોગી ભાવવાહી સ્તવનો

(૧) સુણો શાંતિ જિણંદ સોભાગી ૧૮૧
(૨) ઋષભ જિનરાજ મુજ ૧૮૨
(૩) મેં કીનો નહીં ૧૮૩
(૪) શાંતિ જિનેશ્વર સાચો સાહિબ ૧૮૪
(૫) જિન તેરે ચરણકી શરણ ગ્રહું ૧૮૫
(૬) વહેલા આવજો રે લોલ ૧૮૬
(૭) હે ત્રિશલાના જાયા ૧૮૬
(૮) હે કિરતાર મને આધાર તારો ૧૮૬
(૯) તું સ્વામી મારો છે ૧૮૭
(૧૦) મહાવીર સ્વામી માહરા ૧૮૭
(૧૧) ભક્તિની રીત ના જાણું ૧૮૮
(૧૨) તું પ્રભુ મારો ૧૮૮
(૧૩) મધ દરિયે રે ડૂબે છે નૈયા ૧૮૯
(૧૪) આ તો જનમ જનમના ફેરા ૧૯૦
(૧૫) હે શંખેશ્વરના વાસી ૧૯૦
(૧૬) અરે એવા છે વીતરાગી ૧૯૧
(૧૭) દીવડો શું પ્રગટાવું ૧૯૧

(૧૮) હે શંખેશ્વરના વાસી ૧૯૨
(૧૯) તને નાથ કહું કે સ્વામી ૧૯૩
(૨૦) પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર ૧૯૩
(૨૧) ઓ મારા વ્હાલા ક્યાં જઈ આવ્યા ૧૯૪
(૨૨) મહાવીર કુંવર નાનો રે ૧૯૫
(૨૩) હું છું અનાથ ૧૯૬
(૨૪) અમે ભક્તિ કરીએ રે ૧૯૬
(૨૫) તમે ગાઓ પ્રભુનાં ગીત ૧૯૭
(૨૬) માનવ ભવ મોઘેરો ૧૯૮
(૨૭) ભક્તિમાં ભીંજાણા ૧૯૯
(૨૮) જીતવા નીકળ્યો છું... ૨૦૦
(૨૯) અમે મોક્ષ નગરે જવાના જવાના ૨૦૦
(૩૦) ૐ શંખેશ્વર સ્વામી ૨૦૧
(૩૧) છો ને મારા તંબૂરાના થાય ચૂરે ચૂરા ૨૦૨
(૩૨) રૂડો અવસર ૨૦૩
(૩૩) જનારું જાય છે જીવન ૨૦૪
(૩૪) હે કરૂણા ના કરનારા ૨૦૪
(૩૫) મારી આજની ઘડી છે રળિયામણી ૨૦૫
(૩૬) ટીલડી રે...... ૨૦૫
(૩૭) મારી નૈયા માગે સહારા ૨૦૬
(૩૮) આ છે અણગાર અમારા ૨૦૬
(૩૯) તારી લીયો ને વીતરાગી ૨૦૮
(૪૦) પાર્શ્વ પ્રભુ સરનામું ૨૦૮
(૪૧) આદેશ્વર અલબેલા ૨૦૯

(૪૨) દૂર દૂરથી અમે આવીયા ૨૦૯
(૪૩) અબ સોંપ દિયા ઈસ જીવનકો ૨૧૦
(૪૪) આવો આવો હે વીર સ્વામી ૨૧૧
(૪૫) ખમ્મા રે ખમ્મા ૨૧૨
(૪૬) કાગળ ભાવે લખીને હું મોકલું ૨૧૩
(૪૭) વીર ઝુલે ત્રિશલા ઝુલાવે ૨૧૩
(૪૮) જાગ્યો રે આત્મા આશ જાગી ૨૧૪
(૪૯) આવો રે આવો મહાવીર નામ લઈએ ૨૧૪
(૫૦) ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ ૨૧૫
(૫૧) દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો ૨૧૬
(૫૨) સારી દુનિયામાં થાજો લીલા લહેર ૨૧૭
(૫૩) અહિંસાના આદેશો અપનાવીને ૨૧૮
(૫૪) પ્રભુનું નામ રસાયણ સેવે ૨૧૮
(૫૫) મનમાં શું મલકાય રોજ તારી આવરદા ૨૧૯
(૫૬) મારી આ જીવન નૈયા. ૨૨૦
(૫૭) અરિહંત અરિહંત સમરતાં ૨૨૧
(૫૮) હો મારો ધન્ય બન્યો ૨૨૨
(૫૯) ગમે તે સ્વરૂપે ૨૨૩
(૬૦) જા સયંમપંથે દીક્ષાર્થી ૨૨૩
(૬૧) વિનંતી માહરી આજ પરભાતની ૨૨૪
(૬૨) મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું ૨૨૫
(૬૩) આંખડી ખોલો સંત મારી ૨૨૬
(૬૪) ભૂલો ભલે બીજું બધું ૨૨૬
(૬૫) ઓ પ્રભુ તારા ચરણકમળમાં ૨૨૭

(૬૬) હે યે પાવનભૂમિ ૨૨૮
(૬૭) અમી ભરેલી નજરું ૨૨૮
(૬૮) મહાવીર સુકાની થઈને ૨૨૮
(૬૯) ચત્તારિ મંગલમ્ ૨૨૯
(૭૦) જય કરનારા જિનવરા ૨૩૦
(૭૧) સમરો મહામંત્ર નવકાર ૨૩૦
(૭૨) ૐ હ્રીં અર્હં નમ સહુ જપીએ ૨૩૧
(૭૩) હે પરમાત્મન્ મુજ અંતરમાં ૨૩૧
(૭૪) નવકારમંત્રની હો ! માળા છે હાથમાં... ૨૩૨
(૭૫) નવકાર જાપ પ્યારું લાગે ૨૩૨
(૭૬) શ્રી અરિહંતપદ સ્તવન ૨૩૩
(૭૭) સિધ્ધ પદ સ્તવન ૨૩૪
(૭૮) આચાર્યપદ સ્તવન ૨૩૪
(૭૯) ઉપાધ્યાય પદ સ્તવન ૨૩૫
(૮૦) સાધુ પદ સ્તવન ૨૩૬
(૮૧) સમ્યગ્દર્શન પદ સ્તવન ૨૩૭
(૮૨) સમ્યક્જ્ઞાન પદ સ્તવન ૨૩૭
(૮૩) સમ્યક્ચારિત્ર પદ સ્તવન ૨૩૮
(૮૪) શ્રી તપપદ સ્તવન ૨૩૯
(૮૫) જૈનો જાગો ૨૪૦
(૮૬) જિનશાસનને વંદના ૨૪૧
(૮૭) સાચો જૈન તો તેને કહીએ... ૨૪૨
(૮૮) જૈન માનવ તો તેને કહીએ... ૨૪૩
(૮૯) જૈન ભાઈ તો તેને રે કહીએ... ૨૪૩

(૯૦) જિંદગીમાં કેટલું કમાણા રે... ૨૪૪

(૯૧) ટહુકા કરતો જાય મોરલીઓ... ૨૪૫

(૯૨) કરમનો કોયડો અલબેલો ૨૪૬

(૯૩) જુઓ રે જુઓ જૈનો ૨૪૭

(૯૪) અરે ચંડાલણી તું ચા ૨૪૮

(૯૫) અહા દેવી પ્રત્યે પ્રાર્થના અષ્ટક ૨૪૯

(૯૬) 'ચા' ની અમલદારી ૨૫૦

(૯૭) ચેત ચેત નર ચેત ૨૫૧

(૯૮) હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં ૨૫૨

(૯૯) ભીતર વળશો ક્યારે ? ૨૫૩

(૧૦૦) જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્ન્યો નહીં ૨૫૩

(૧૦૧) સિકંદરના ફરમાન ૨૫૪

(૧૦૨) આટલું તો આપજે.. ૨૫૪

(૧૦૩) આવે વિપત્તિ જ્યારે ૨૫૫

(૧૦૪) ઓ મન ! તુંજ નથી સમજાતું ૨૫૬

(૧૦૫) સહજાનંદી સિધ્ધ સ્વરૂપી... ૨૫૭

(૧૦૬) કમ કમ કમ પરમેશ્વરા ૨૫૭

(૧૦૭) જીરણ શેઠજી ભાવના ભાવે રે.. ૨૫૮

(૧૦૮) શેત્રુંજે જઈએ ને પાવન થઈએ ૨૫૯

(૧૦૯) સહુ ચાલો સિધ્ધગિરિ જઈએ ૨૫૯

(૧૧૦) મન તું કોલા ખાણે તો ભાર ૨૬૧

(૧૧૧) નિંદા ન કરશો કોઈની પારકી રે. ૨૬૧

(૧૧૨) ચિંતામણિ મારી ચિંતા ચૂર ૨૬૨

(૧૧૩) મારા પ્રભુજી ! ઓલંભડે મત ખીજો ૨૬૨

(૧૧૪) પ્રભુ તું હી તું હી તું હી તું હી ૨૬૩
(૧૧૫)શત્રુંજય ગઢના વાસી રે મુજરો માનજો રે ૨૬૪
(૧૧૬)અરિહંત નમો ભગવંત નમો ૨૬૫
(૧૧૭) પ્રેમળ જ્યોતિ તારો દાખવી ૨૬૫
(૧૧૮) પ્રભુજી તારા વિના ૨૬૬
(૧૧૯) ત્રિશલાના જાયા રે ૨૬૭
(૧૨૦) રૂડીને રઢીયાળી રે ૨૬૮
(૧૨૧) લાલ તેરે નયનોં કી ગતિન્યારી ૨૬૮
(૧૨૨) આજ મારા પ્રભુજી સામું જુઓને ૨૬૯
(૧૨૩) આજના એ બાળકો ૨૭૦
(૧૨૪) જગતારક જગનાથ જિનવર ૨૭૧
શ્રી વર્ધમાન શક્રસ્તવ ૨૭૨
શ્રીજિનસહસ્રનામસ્તોત્રમ્ ૨૮૧
આધ્યાત્મિક ભજનો
(૧) પ્રેમે રે પ્રભુને પંથે ચાલજો ૩૦૦
(૨) સ્થિર પ્રજ્ઞા જાગોરે ૩૦૧
(૩) સુખ સ્વરૂપમેં સોજા ૩૦૨
(૪) પ્રભુ હવે અમે દેહ ભાન ભૂલતા જશું ૩૦૨
(૫) સખી રે પ્રેમ હોય ત્યાં હું જાઉં, ૩૦૩
(૬) પ્રભુ મારી પાસમાં રેજો ૩૦૪
(૭) ઈષ્ટ વિણ સમરવું નથી ૩૦૫
(૮) પ્રભુને હેતે સમરો ૩૦૬
(૯) અંતર દૈવી ગુણો ધારીએ ૩૦૬
(૧૦) સાધક સાધન સાધી રે ૩૦૮

(૧૧) કૃપા કરી પ્રભુજી ગ્રહો મુજ બાંહ્ય ૩૦૯
(૧૨) મન તું સહનશીલતા કરી લે ભાવે ૩૧૦
(૧૩) આત્મ પ્રદેશે મ્હાલો રે સાધક પ્યારા ૩૧૧
(૧૪) લગની મને લાગી રે પ્રભુજીના નામની ૩૧૨
(૧૫) પ્રભુ કહે ધીરજ ધરજો ૩૧૩
(૧૬) ઉડી ઉડી જાને તું હંસા સ્વદેશમાં ૩૧૪
(૧૭) આત્મ અનુભવ કરો વીરા ૩૧૪
(૧૮) આત્મ સ્વરૂપે સ્થિર થતાં ૩૧૫
(૧૯) સત્ય વ્રત ધારી રે.. ૩૧૬
(૨૦) શાંતિ ધર સુખકારી ૩૧૬
(૨૧) પૂરણ ગુરુ પામીયો ૩૧૮
(૨૨) ગુરુ જોઈએ જો રામ સમાન ૩૧૯
(૨૩) ધન્ય ધન્ય ધન્ય ગુરુદેવને ૩૨૦
(૨૪) જૂનો ધરમ લ્યો જાણી ૩૨૧
(૨૫) મુજ જીવન આ પ્રભુ તું થી ભરું ૩૨૧
(૨૬) હૃદયના દીવડે બળતી ૩૨૨
(૨૭) આ વિરહની જ્વાળા મહીં... ૩૨૩
(૨૮) મૃત્યુ લોકથી આવી કોઈનાર ૩૨૩
(૨૯) મંગળમૂર્તિ કરુણાનિધિ પ્રભુ માહરા ૩૨૪
(૩૦) આવો પ્રભુ અંતરના આરામ ૩૨૫
(૩૧) તું માહાત્મ્ય ગુરુનું વિચારજે ૩૨૬
ઘડપાગમાં પ્રભુ ગુણ ગાશું ૩૨૭
Prayer to 24 Teerthankaras ૩૨૮

મહા પ્રભાવિક

# શ્રી ભક્તામર સ્તોત્ર

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-
મુદ્દ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદ-યુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥ ૧ ॥

યઃ સંસ્તુતઃ સકલ-વાઙ્મય-તત્ત્વબોધા-
દુદ્ભૂત-બુદ્ધિ-પટુભિઃ સુરલોક-નાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્-ત્રિતય-ચિત્ત-હરૈ-રુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥ ૨ ॥

બુદ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત-પાદપીઠ
સ્તોતું સમુદ્યત- મતિર્વિગત-ત્રપોહમ્ ।
બાલં વિહાય જલ-સંસ્થિત-મિન્દુ-બિમ્બ-
મન્યઃક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥ ૩ ॥

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંક-કાન્તાન્
કસ્તે ક્ષમઃ સુરગુરુ-પ્રતિમોપિ બુદ્ધ્યા ।
કલ્પાન્ત-કાલ-પવનોદ્ધત-નક્ર-ચક્રં
કો વા તરીતુમલ-મંબુનિધિં ભુજાભ્યામ્ ॥ ૪ ॥

સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !
કર્તું સ્તવં વિગત-શક્તિરપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મ-વીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં
નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥ ૫ ॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ- ધામ
ત્વદ્‌ભક્તિ-રેવ -મુખરી-કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલ: કિલ મધૌ મધુરં વિરૌતિ
તચ્ચારુ-ચૂત- કલિકા-નિકરૈક-હેતુ ॥ ૬ ॥

ત્વત્સંસ્તવેન ભવ-સંતતિ- સન્નિબદ્ધં
પાપં ક્ષણાત્ ક્ષય-મુપૈતિ શરીર-ભાજામ્ ।
આક્રાન્ત-લોક- મલિ-નીલ-મશેષ-માશુ
સૂર્યાંશુ-ભિન્ન-મિવ-શાર્વર-મંધકારમ્ ॥ ૭ ॥

મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-
મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની-દલેષુ
મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદ-બિન્દુ: ॥ ૮ ॥

આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્ત દોષં
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરે સહસ્ત્ર-કિરણ: કુરુતે પ્રભૈવ
પદ્માકરેષુ જલજાનિ વિકાસ-ભાંજિ ॥ ૯ ॥

નાત્યદ્‌ભુતં ભુવન - ભૂષણ ! ભૂતનાથ !
ભૂતૈર્ગુણૈ ર્ભુવિ ભવન્ત-મભિષ્ટુવન્ત: ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા
ભૂત્યા-શ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ॥ ૧૦ ॥

દૃષ્ટ્વા ભવંત-મનિમેષ-વિલોકનીયં
નાન્યત્ર તોષ-મુપયાતિ જનસ્ય ચક્ષુ: ।
પીત્વા પય: શશિકર-દ્યુતિ દુગ્ધસિન્ધો:
ક્ષારં જલં જલનિધે-રશિતું ક ઈચ્છેત્ ॥ ૧૧ ॥

યૈ: શાન્ત-રાગ-રુચિભિ: પરમાણુભિસ્ત્વં
નિર્માપિત-સ્ત્રિભુવનૈક-લલામ-ભૂત !
તાવન્ત એવ ખલુ તેપ્યણવ: પૃથિવ્યાં
યત્તે સમાન-મપરં ન હિ રૂપ-મસ્તિ ॥ ૧૨ ॥

વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-નેત્ર-હારિ
નિ: શેષ-નિર્જિત - જગત્ત્રિતયો-પમાનમ્ ।
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય
યદ્વાસરે ભવતિ પાંડુ-પલાશ-કલ્પમ્ ॥ ૧૩ ॥

સંપૂર્ણ-મંડલ-શશાંક-કલા-કલાપ
શુભ્રા ગુણા-સ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતા-સ્ત્રિજગદીશ્વર - નાથમેકં
કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥ ૧૪ ॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ
ર્નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્ ।
કલ્પાન્ત-કાલ-મરુતા ચલિતા-ચલેન
કિં મંદરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્ ॥ ૧૫ ॥

નિર્ધૂમ-વર્તિ-રપવર્જિત-તૈલપુર:
કૃત્સ્નં જગત્ત્રય-મિદં પ્રકટી-કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા ચલાનાં
દીપો-પરસ્ત્વમસિ નાથ જગત્પ્રકાશ: ॥ ૧૬ ॥

નાસ્તં કદાચિ-દુપયાસિ ન રાહુ ગમ્ય:
સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્ જગન્તિ ।
નામ્ભો-ધરોદર નિરુદ્ધ-મહા-પ્રભાવ:
સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ॥ ૧૭ ॥

નિત્યોદયં દલિત-મોહ - મહાંધકારં
ગમ્યં ન રાહુ-વદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પકાન્તિ
વિદ્યોતયજ્-જગદપૂર્વ-શશાંક બિમ્બમ્ ॥ ૧૮ ॥

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા
યુષ્મન્ મુખેન્દુ-દલિતેષુ તમસ્સુ નાથ !
નિષ્પન્ન-શાલિ-વન-શાલિનિ જીવલોકે
કાર્યં કિયજ્-જલધરૈ ર્જલભાર-નમ્રૈઃ ॥ ૧૯ ॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં
નૈવં તથા હરિ હરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં
નૈવં તુ કાચ-શકલે કિરણાકુલેપિ ॥ ૨૦ ॥

મન્યે વરં હરિ-હરાદય એવ દૃષ્ટા
દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેપિ ॥ ૨૧ ॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્
નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસુતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુર-દંશુજાલમ્ ॥ ૨૨ ॥

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-
માદિત્ય-વર્ણ-મમલં તમસઃ પરસ્તાત્ ।
ત્વામેવ સમ્ય-ગુપલભ્ય જયન્તિ મૃત્યું
નાન્યઃ શિવઃ શિવ-પદસ્ય મુનીન્દ્ર ! પંથાઃ ॥ ૨૩ ॥

ત્વામ-વ્યયં વિભુ-મચિંત્ય-મસંખ્ય-માદ્યં
બ્રહ્માણ-મીશ્વર-મનન્ત-મનંગ-કેતુમ્ ।
યોગીશ્વરં વિદિત-યોગ-મનેક- મેકં
જ્ઞાન-સ્વરૂપ-મમલં પ્રવદન્તિ સન્તઃ ।। ૨૪ ।।

બુદ્ધ-સ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્
ત્વં શંકરોસિ ભુવન-ત્રય-શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર ! શિવ-માર્ગ-વિધે ર્વિધાનાત્
વ્યકતં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ।। ૨૫ ।।

તુભ્યં નમ સ્ત્રિભુવનાર્ત્તિ હરાય નાથ
તુભ્યં નમઃ ક્ષિતિ-તલામલ-ભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય ।। ૨૬ ।।

કો વિસ્મયોત્ર ? યદિ નામ ગુણૈ-રશેષૈઃ
ત્વં સંશ્રિતો નિરવકાશ-તયા મુનીશ !
દોષૈ-રુપાત્ત - વિવિધાશ્રય-જાતગર્વૈઃ
સ્વપ્નાંતરેપિ ન કદાચિ-દપીક્ષિતોઽસિ ।। ૨૭ ।।

ઉચ્ચૈ-રશોક-તરુ-સંશ્રિત-મુન્મયૂખ-
માભાતિ રૂપ-મમલં ભવતો નિતાંતમ્ ।
સ્પષ્ટો લ્લસ-ત્કિરણ-મસ્ત-તમો-વિતાનમ્
બિમ્બં રવે-રિવ પયોધર-પાર્શ્વવર્તિ ।। ૨૮ ।।

સિંહાસને મણિ-મયૂખ-શિખા-વિચિત્રે
વિભ્રાજતે તવ વપુઃ કનકા-વદાતમ્ ।
બિમ્બં વિયદ્-વિલસ-દંશુ-લતા-વિતાનં
તુંગો-દયાદ્રિ-શિરસીવ-સહસ્ર-રશ્મેઃ ।। ૨૯ ।।

કુંદાવદાત - ચલ-ચામર-ચારુ-શોભં
વિભ્રાજતે તવ વપુ: કલધૌત-કાન્તમ્ ।
ઉદ્ય-ચ્છશાંક-શુચિ-નિર્ઝર-વારિધાર-
મુચ્ચૈ-સ્તટં સુરગિરે-રિવ શાત-કૌમ્ભમ્ ॥ ૩૦ ॥

છત્ર-ત્રયં તવ વિભાતિ શશાંક કાંત-
મુચ્ચૈ: સ્થિતં સ્થગિત-ભાનુ-કર-પ્રતાપમ્ ।
મુક્તા-ફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધ-શોભં
પ્રખ્યાપયત્ ત્રિજગત: પરમેશ્વરત્વમ્ ॥ ૩૧ ॥

ઉન્નિદ્ર-હેમ-નવ-પંકજ-પુંજ-કાંતિ-
પર્યુલ્લસ-ન્નખ-મયૂખ-શિખા-ભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર! ધત્ત:
પદ્માનિ તત્ર વિબુધા: પરિકલ્પયન્તિ ॥ ૩૨ ॥

ઈત્થં યથા તવ વિભૂતિ-રભૂજ્-જિનેન્દ્ર !
ધર્મો-પદેશન-વિધૌ ન તથા પરસ્ય ।
યાદક્ પ્રભા દિનકૃત: પ્રહતાંધ- કારા
તાદક્ -કુતો ગ્રહ-ગણસ્ય વિકાશિનોઽપિ ॥ ૩૩ ॥

શ્ચ્યોતન્-મદાવિલ-વિલોલ-કપોલ-મૂલ-
મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ-વિવૃદ્ધ-કોપમ્ ।
ઐરાવતાભ-મિભ-મુદ્ધત-માપતન્તં
દષ્ટ્વા ભયં ભવતિ નો ભવ-દાશ્રિતાનામ્ ॥ ૩૪ ॥

ભિન્નેભ-કુંભ-ગલ-દુજ્જવલ-શોણિતાક્ત
મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિ-ભાગ: ।
બદ્ધક્રમ: ક્રમગતં હરિણાધિપોપિ
નાક્રામતિ ક્રમ-યુગાચલ-સંશ્રિતં તે ॥ ૩૫ ॥

કલ્પાંત-કાલ-પવનોદ્ધત-વહ્નિ-કલ્પં
દાવાનલં જ્વલિત-મુજ્જ્વલ-મુત્કુલિંગમ્ ।
વિશ્વં જિઘત્સુ-મિવ સંમુખ-માપતન્તમ્
ત્વન્નામ કીર્તન-જલં શમયત્ય - શેષમ્ ॥ ૩૬ ॥

રક્તેક્ષણં સમદ - કોકિલ કંઠ-નીલં
ક્રોધોદ્ધતં ફણિન-મુત્ફણ-માપતન્તમ્ ।
આક્રામતિ ક્રમ-યુગેન નિરસ્ત-શંકઃ
ત્વન્નામ-નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥ ૩૭ ॥

વલ્ગ-ત્તુરંગ-ગજ-ગર્જિત-ભીમનાદ-
માજૌ બલં બલવતા-મપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્-દિવાકર-મયૂખ-શિખા-પવિદ્ધં
ત્વત્કીર્ત્તના-ત્તમ ઈવાશુ ભિદા-મુપૈતિ ॥ ૩૮ ॥

કુંતાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિ-વાહ-
વેગાવતાર-તરણાતુર-યોધ-ભીમે ।
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેય-પક્ષાઃ
ત્વત્પાદ-પંકજ-વના-શ્રયિણો લભન્તે ॥ ૩૯ ॥

અંભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્ર-ચક્ર-
પાઠીન-પીઠ - ભય-દોલ્બણ-વાડ-વાગ્નૌ ।
રંગ-ત્તરંગ-શિખર-સ્થિત-યાન-પાત્રાઃ
ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥ ૪૦ ॥

ઉદ્ભૂત-ભીષણ જલોદર-ભાર-ભુગ્નાઃ
શોચ્યાં દશા-મુપગતા-શ્ચ્યુત-જીવિતાશાઃ ।
ત્વત્પાદ-પંકજ-રજોમૃત-દિગ્ધ-દેહાઃ
મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્ય-રૂપાઃ ॥ ૪૧ ॥

આપાદ-કંઠ-મુરૂ-શૃંખલ-વેષ્ટિતાંગા:
ગાઢં બૃહ-ન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જંઘા: ।
ત્વન્નામ-મંત્ર-મનિશં મનુજા: સ્મરન્ત:
સદ્યઃ સ્વયં વિગત-બંધ - ભયા ભવન્તિ. ।। ૪૨ ।।

મત્ત-દ્વિપેન્દ્ર-મૃગરાજ-દવાનલાહિ
સંગ્રામ-વારિધિ-મહોદર- બંધનો-ત્થમ્ ।
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ
યસ્તાવકં સ્તવમિમં મતિમાન-ધીતે ।। ૪૩ ।।

સ્તોત્ર-સ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈ-ર્નિબદ્ધાં
ભક્ત્યા મયા રુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઈહ કંઠગતા - મજસ્રં
તં માનતુંગ-મવશા સમુપૈતિ લક્ષ્મી: ।। ૪૪ ।।

બહુશ્રુત ચિરંતનાચાર્ય કૃત પ્રાકૃત સ્તોત્રનો ગુર્જરાનુવાદ

# અરિહંત વંદનાવલી

## સર્જનનો મૂલાધાર

આ સ્તોત્રની મૂળભાષા પ્રાકૃત છે. તેનું નામ અર્હન્નમસ્કારાવલિકા છે. આ અદ્‌ભૂત ગદ્ય સ્તુતિના રચયિતા કોણ છે તે હજુ સુધી જાણી શકાયું નથી. પણ સ્તુતિના શબ્દો પોકારે છે કે આ કોક અપૂર્વ ભકતહૃદયની રચના છે. અતિ પ્રાચીન ગણાતી આ સ્તુતિની હસ્તલિખિત પ્રત પાટણના શ્રીમદ હેમચન્દ્રાચાર્ય જ્ઞાન મંદિરના ભંડારમાં ડાભડા નં. ૧૨૬ અને પોથી નં. ૩૮૨૬માં સુરક્ષિત રહી છે. તેના આધારે ગુર્જરભાષામાં સ્તુતિરૂપે અવતાર પામેલી ''અરિહંત વંદનાવલી'' અહીં પ્રગટ કરી છે. જેનો એકેક શ્લોક આપણા હૃદય સાગરમાં ભક્તિની ઉર્મિઓ ઉછળતી કરી મૂકે તેવો છે.

(હરિગીત છંદ)

### જન્મ અવસ્થા

જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજમાતને હરખાવતા,
વળી ગર્ભમાંહીં જ્ઞાનત્રયને ગોપવી અવધારતા;
ને જન્મતાં પહેલાં જ ચોસઠ, ઈન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું. ૧

મહાયોગના સામ્રાજયમાં, જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતાં ત્રણલોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા;
જે જન્મ કલ્યાણક વડે, સહુ જીવને સુખ અર્પતા, એવા.૨

છપ્પન દિગ્કુમરી તણી, સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં ધરી, જગતને હરખાવતા;
મેરૂશિખર સિંહાસને જે, નાથ જગના શોભતા, એવા.૩

કુસુમાંજલિથી સુરઅસુર જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજલથી દેવ જેને સિંચતા;
વળી દેવદુંદુભિ નાદ ગજવી દેવતાઓ રીઝતા, એવા. ૪

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા;
કુંડલ કડાં મણિમય ચમકતા હાર મુકુટે શોભતા, એવા.૫

ને શ્રેષ્ઠ વેણુ મોરલી વીણા મૃદંગ તણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી કિન્નરીઓ સ્વર્ગની;
હર્ષેભરી દેવાંગનાઓ નમન કરતી લળી લળી, એવા. ૬

જયનાદ કરતા દેવતાઓ હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતા જનેતાના મહાપ્રાસાદમાં;
જે ઈન્દ્ર પૂરિત વર સુધાને ચૂસતા અંગુષ્ઠમાં, એવા. ૭

આહારને નિહાર જેના છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહિ;
સ્વર્ધેનુ દુગ્ધ સમા રૂધિરને માંસ જેના તન મહીં, એવા.૮

મંદાર પારિજાત સૌરભ, શ્વાસને ઉચ્છ્વાસમાં,
ને છત્ર ચામર જયપતાકા સ્તંભ જવ કરપાદમાં;
પૂરા સહસ્ર વિશેષ અષ્ટક લક્ષણો જ્યાં શોભતા, એવા.૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે કૃતકૃત્યતા અનુભાવતી;
વળી બાલક્રીડા દેવગણના કુંવરો સંગે થતી, એવા. ૧૦

જે બાલ્ય વયમાં પ્રૌઢજ્ઞાને મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા સારને અવધારીને;
ત્રણલોકમાં વિસ્મય સમા ગુણ રૂપ યૌવન યુક્ત જે, એવા.૧૧

## રાજ્યાવસ્થા

મૈથુન પરિષહથી રહિત જે નંદતા નિજભાવમાં,
જે ભોગકર્મ નિવારવા વિવાહ કંકણ ધારતા;
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો નાદ જેણે વિશ્વમાં, એવા.૧૨

મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્ય નીતિથી પ્રજા સુખચેનમાં;
વળી શુદ્ધ અધ્યવસાયથી જે લીન છે નિજભાવમાં, એવા.૧૩

પામ્યા સ્વયં સંબુદ્ધ પદ જે સહજ વર વિરાગવંત,
ને દેવ લોકાંતિક ઘણી ભક્તિ થકી કરતા નમન;
જેને નમી કૃતાર્થ બનતા ચાર ગતિના જીવ ગણ, એવા. ૧૪

આવો પધારો ઈષ્ટ વસ્તુ પામવા નરનારીઓ,
એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહાદાનને;
ને છેદતા દારિદ્રય સૌનું દાનના મહા કલ્પથી, એવા. ૧૫

## શ્રમણ અવસ્થા

દીક્ષા તણો અભિષેક જેનો યોજતા ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં વિરાજતા ભગવતંશ્રી;
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ શોભિત વનમહીં, એવા. ૧૬

શ્રી વજ્રધર ઈન્દ્રે રચેલા ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે દીક્ષા સમય ભગવંત જે;
જે પંચમુષ્ટિ લોચ કરતા કેશ વિભુ નિજ કરવડે, એવા.૧૭

લોકાગ્રગત ભગવંત સર્વે સિધ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને;
જે જ્ઞાન-દર્શન ને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે, એવા. ૧૮

નિર્મલ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન સહેજે દીપતા,
જે પંચસમિતિ ગુપ્તિત્રયની રયણમાળા ધારતા;
દશ ભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે, એવા.૧૯

પુષ્કર કમલનાં પત્રની ભાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત વરગતિએ વિચરે;
આકાશની જેમ નિરાલંબન ગુણ થકી જે ઓપતા, એવા.૨૦

ને અસ્ખલિત વાયુ સમૂહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના ગુપ્ત ઈન્દ્રિય દેહ છે;
નિસ્સંગતા ય વિહંગશી જેનો અમુલખ ગુણ છે, એવા.૨૧

ખડ્ગી તણા વર શૃંગ જેવા ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારિખા ગુણવાન ને અપ્રમત્ત છે;
વ્રતભાર વહેતા વર વૃષભની જેમ જેહ સમર્થ છે, એવા.૨૨

કુંજરસમા શૂરવીર જે છે સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી જેના હૃદયને છે વરી;
જેના સ્વભાવે સૌમ્યતા છે પૂર્ણિમાના ચંદ્રની, એવા.૨૩

આકાશ ભૂષણ સૂર્ય જેવા દીપતા તપ તેજથી,
વળી પૂરતા દિગંતને કરૂણા ઉપેક્ષા મૈત્રીથી;
હરખાવતા જે વિશ્વને મુદિતા તણા સંદેશથી, એવા.૨૪

જે શરદઋતુના જળસમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતા જે વિભિન્ન સ્થળો વિષે;
જેની સહન શક્તિ સમીપે પૃથ્વી પણ ઝાંખી પડે, એવા.૨૫

બહુપુણ્યનો જ્યાં ઉદય છે એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ છઠ્ઠ અઠ્ઠમ પારણે;
સ્વીકારતા આહાર બેંતાલીસ દોષ વિહીન જે, એવા. ૨૬

ઉપવાસ માસખમણ સમા તપ આકરા તપતા વિભુ,
વીરાસનાદિ આસને સ્થિરતા ધરે જગના પ્રભુ;
બાવીસ પરીષહને સહંતા ખૂબ જે અદ્‌ભુત વિભુ, એવા. ૨૭

બાહ્ય અભ્યંતર બધા પરિગ્રહ થકી જે મુક્ત છે,
પ્રતિમા વહન વળી શુકલધ્યાને જે સદાય નિમગ્ન છે;
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા, મોહમલ્લ વિદારીને, એવા. ૨૮

પદસ્થ અવસ્થા

જે પૂર્ણ કેવળજ્ઞાન લોકાલોકને અજવાળતું,
જેના મહા સામર્થ્ય કેરો પાર કો નવ પામતું;
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતી કર્મને છેદી કર્યું, એવા. ૨૯

જે રજત સોનાને અનુપમ રત્નના ત્રણ ગઢ મહીં,
સુવર્ણના પાદપીઠમાં પદકમલને સ્થાપન કરી;
ચારે દિશા મુખ ચાર ચાર સિંહાસને જે શોભતા, એવા. ૩૦

જ્યાં છત્ર પંદર ઉજ્જવલા શોભી રહ્યા શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર વીંઝતા કરદ્વય વડે;
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ અશોકથી ય પૂજાય છે, એવા. ૩૧

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી આભા પ્રસારી દિગંતમાં;
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો અર્ઘ્ય જિનને અર્પતા, એવા. ૩૨

જયાં દેવદુંદુભિ ઘોષ ગજવે ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી સૌએ સુણો શુભ દેશના;
પ્રતિબોધ કરતા દેવ માનવને વળી તિર્યંચને, એવા. ૩૩

જયાં ભવ્ય જીવોના અવિકિસત, ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંત વાણી દિવ્ય સ્પર્શે દૂર થતાં મિથ્યા વમળ;
ને દેવ દાનવ ભવ્ય માનવ ઝંખતા જેનું શરણ, એવા. ૩૪

જે બીજ ભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશ પૂર્વના,
ઉપન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા મહાતત્ત્વના;
એદાન સુ-શ્રુતજ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે, એવા. ૩૫

એ ચૌદપૂર્વોના રચે છે સૂત્ર સુંદર સાર્થ જે,
તે શિષ્ય ગણને સ્થાપતા ગણધર પદે જગનાથ જે;
ખોલે ખજાનો ગૂઢ માનવ જાતના હિત કારણે, એવા. ૩૬

જે ધર્મ તીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને સુર અસુર સહ વંદન કરે;
ને સર્વ જીવો ભૂત પ્રાણી સત્ત્વશું કરૂણા ધરે, એવા. ૩૭

જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી પૂજતાં ભાવે બહુ;
જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા, એવા. ૩૮

જે છે પ્રકાશક સૌ પદાર્થો જડ તથા ચૈતન્યના,
વર શુક્લ લેશ્યા તેરમે ગુણસ્થાનકે પરમાતમા;
જે અંત આયુષ્ય કર્મનો કરતા પરમ ઉપકારથી, એવા. ૩૯

## રૂપસ્થ અવસ્થા

લોકાગ્રભાગે પહોંચવાને યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે;
જે ચૌદમા ગુણસ્થાનકે સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ, એવા.૪૦

હર્ષે ભરેલા દેવ નિર્મિત અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગત ઘર આંગણે;
જે નામના સંસ્મરણથી વિખરાય વાદળ દુઃખના, એવા.૪૧

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુકત પૂરણ સર્વથા સદ્દભાવથી;
રમમાણ જે નિજરૂપમાં ને સર્વજગનું હિત કરે, એવા. ૪૨

જે નાથ ઔદારિક વળી તૈજસ તથા કાર્મણ તનુ,
એ સર્વને છોડી અહીં પામ્યા પરમપદ શાશ્વતું;
જે રાગદ્વેષ જળે ભર્યા સંસાર સાગરને તર્યા, એવા. ૪૩

શૈલેશી કરણે ભાગ ત્રીજે શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી વળી પૂર્વધ્યાન પ્રયોગથી;
ધનુષ્યથી છૂટેલ બાણ તણી પરે શિવગતિ લહે, એવા. ૪૪

નિર્વિઘ્ન સ્થિરને અચલ, અક્ષય સિદ્ધિગતિ એ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું;
એ સ્થાનને પામ્યા અનંતા ને વળી જે પામશે, એવા. ૪૫

આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં વર્ણવ્યું ભકિતબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના કો મુનીશ્વર બહુશ્રુતે;
પદપદ મહીં જેના મહા સામર્થ્યનો મહિમા મળે, એવા.૪૬

જે નમસ્કાર સ્વાધ્યાયમાં પ્રેક્ષી હૃદય ગદ્‌ગદ્ બન્યું,
શ્રી ચંદ્ર નાચ્યો ગ્રંથ લઈ મહાભાવનું શરણું મળ્યું;
કીધી કરાવી અલ્પભકિત હોંશનું તરણું ફળ્યું, એવા. ૪૭

જેના ગુણોના સિંધુના બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં કે નાથ સમ કો છે નહિ;
જેના સહારે ક્રોડ તરીયા મુક્તિ મુજ નિશ્ચય સહી, એવાં.૪૮

જે નાથ છે ત્રણ ભુવનના કરૂણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં સદ્‌ભાવની સરણી વહે;
આપે વચન 'શ્રીચંદ્ર' જગને એ જનિશ્ચય તારશે, એવા.૪૯

卐 卐 卐

卐 卐

# શ્રી રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિ તણા માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઈંદ્રનરને દેવતા, સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું ઘણું જીવ તું ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધારને અવતાર હે કરૂણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ સંસારનાં દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો મા-બાપ પાસે બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ ને શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માન રૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખ રૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરે રે ! શું કરૂં હું તો વિભુ;
પથ્થર થકી પણ કઠણ મારું, મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતાં મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરું. ૮

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦

કરે કાળજાની કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દ્રષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને;
નેત્રબાણો ને પયોધર નાભી ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયની સમ નારી તણાં મુખ ચંદ્ર નીરખવા વતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગાઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી. ૧૪.

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણો દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચારગતિ તણી સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વીની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રી તોપણ અરે,
દીવો લઈ કૂવે પડયો ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમુ મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરૂ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરૂણા કંઈ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઈચ્છયું ધનતણું પણ મૃત્યુને પ્રીછયું નહિ;
નહિ ચિંતવ્યું મેં નરક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧

ગુરૂ વાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળીયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુન્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો કયાંથી થશે હે નાથજી;
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે ભવ નાથ હું હારી ગયો,
સ્વામી ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂં શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહીં ત્યાં પાઈની તો વાત ક્યાં ? ૨૪

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ,
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫

# લઘુ પુણ્યપ્રકાશ સ્તવન

( રાગ : શાંતિ જિન એક મુજ વિનતિ )

વીર જિન વિનતિ સાંભળો, ભવદવ ટાળવા મુજ રે;
પાપ મુજ હૃદય સંતાપતા, આલોઉં સાક્ષીએ તુજ રે. વીર. ૧

દુઃખમય દુઃખફલ દુઃખની, પરંપરાને સરજનાર રે;
અનાદિ સંસાર છે કર્મથી, ટાળ પ્રભુ દયા ધરનાર રે. વીર. ૨

વિષય ક્રોધાદિમાં રાચતાં, પાપ કરતાં અવિચાર રે;
રાગ દ્વેષે ભવ ભટકતાં, નવી કર્યો આત્મ વિચાર રે. વીર. ૩

અતિ અધમ દુઃખી મુજ પર દયા, લાવી દઈ જ્ઞાન કર સહાય રે;
આત્મશુદ્ધિ સહ જીવની, મુક્તિ પણ જેમ થઈ જાય રે. વીર. ૪

દર્શન જ્ઞાન ચરિત્ર તપ, વીર્યના જેહ અતિચાર રે;
અજ્ઞપણે આચર્યા દેવ મેં, મિચ્છામિ દુક્કડં સાર રે. વીર. ૫

અરિહંત સિદ્ધ આચાર્ય તિમ, ઉપાધ્યાય મુનિ સંતરે;
જગત ઉપકારી પરમેષ્ઠિઓ, છે થયા અનંત ગુણવંત રે. વીર. ૬

સકલ એ ગુણી તથા અન્ય પણ, ગુણધરા જીવ જગ જેહ રે;
સર્વ એ જીવ મેં દુહવ્યા, મિચ્છામિ દુક્કડં તેહ રે. વીર. ૭

પૃથ્વી અપ તેઉ વાયુ તથા, વનસ્પતિકાય ત્રસ કાય રે;
આરંભ લોભાદિથી મેં હણ્યા, નિરપરાધી અસહાય રે. વીર. ૮

વળી હિંસા અનૃત સ્તેય મૈથુન, પરિગ્રહાદિ તિમ જેહ રે;
આચરી જીવ વિરાધીયા, મિચ્છામિ દુક્કડં તેહ રે. વીર. ૯

સર્વ-વિરત્યાદિ વ્રત નિયમ લઈ, દોષ બહુ આચર્યા જેહ રે;
ઈમ ભવોભવ કર્યા દોષ જે, મિચ્છામિ દુક્કડં તેહ રે. વીર. ૧૦

દોષ આલોઈ મહાવ્રત લહ્યા, લહ્યા બહુ નિયમ વ્રત સાર રે;
વિરતિ વિણ આત્મ કલ્યાણ નહિ, વિરતિ છે મોક્ષ દેનાર રે. વીર. ૧૧

લાખ ચોર્યાસી યોનિતણા, જીવ સર્વે ખમાવું જ રે;
વેર કોઈ જીવ સાથે ન મુજ, મિત્ર છે જીવ સવી મુજ રે. વીર. ૧૨

ધર્મનું સાર છે ક્ષામણા, તિણે ખમાવું વારંવાર રે;
સર્વ જીવો મુજ ક્ષામણા, આપજો સ્વપર હિતકાર રે. વીર. ૧૩

હિંસા મૃષા ચોરી અબ્રહ્મ પરિગ્રહ, ક્રોધ માન માયા લોભ રાગ રે;
દ્વેષ કલહ રતિ અરતિ પૈશુન, માયામૃષા નિંદા મિથ્યાત્વાઘ રે. વીર.૧૪

અઢાર એ પાપસ્થાનક કહ્યા, મોક્ષ પથ વિઘ્ન કરે જેહરે;
સેવ્યા દુર્ગતિપ્રદા દુઃખદા, નિંદુ વોસીરાવું સવિ તેહ રે. વીર. ૧૫

શરણ લહું શ્રી અરિહંતનું, જેહ ભવ જલનિધિ નાવ રે;
અનુત્તર જગત ઉપકારકા, શરણ કરે દુઃખ અભાવ રે. વીર.૧૬

શરણ લહું સિદ્ધ ભગવંતનું, મોક્ષમાં જેહનો વાસ રે;
અનંતજ્ઞાનાદિ ચઉ લીન જે, પૂર્ણ જસ આત્મ વિકાસ રે. વીર.૧૭

શરણ લહું સાધુ ભગવંતનું, સાધતા જેહ શિવરાજ રે;
રક્ષા ઉદ્ધાર કરે સર્વનું, રહે પરમ સંયમ સાજ રે. વીર. ૧૮

શરણ લહું શ્રી જિનધર્મનું, જે સકલ દુઃખ હરનાર રે;
સર્વ સુખ સંપત્તિ મૂળ જે, શરણાગત મોક્ષ દેનાર રે. વીર. ૧૯

સંપત્તિ કુટુંબ દુઃખદાયકા, કોઈ નહિ શરણ દાતાર રે;
અરિહંતાદિ શરણ ચાર છે, સર્વ દુઃખ મુક્તિ કર્તાર રે. વીર.૨૦

દેવ-ગુરૂ-ધર્મ આશાતના, કરી ઉત્સૂત્ર કહ્યા જેહ રે;
સ્થાપ્યા ઉન્માર્ગ ગુણી ઘાતીયા, નિંદું પાપો મુજ તેહ રે. વીર. ૨૧

પાપ કરતા અધિકરણ બહુ, ભવોભવ મેલીયા જેહ રે;
તિમ કુટુંબ પરિગ્રહ પાપકર, નિંદું વોસીરાવું સવી તેહ રે. વીર. ૨૨

અરિહંત સિદ્ધ આચાર્ય તિમ, ઉવજ્ઝાય સાધુ અનંત રે;
જગત ઉપકાર ગુણ અનંત જસ, પ્રણમી અનુમોદું બહુ ખંત રે. વીર. ૨૩

અન્ય જીવોમાં પણ સદ્‌ગુણો, હોય જિન માન્ય સવી જેહ રે;
વિવેક બુદ્ધિ ધરી આત્મમાં, અનુમોદું ચિત્તથી તેહ રે. વીર. ૨૪

પંચ પરમેષ્ઠિ આરાધીયા, સંઘ તીરથની કરી સેવ રે;
જિન ધરમ નૈકવિધ આચર્યો, અનુમોદું એ શુભકરણી દેવ રે. વીર. ૨૫

ભાવના બાર અનિત્યાદિ તિમ, મૈત્રી પ્રમોદ કરૂણાદિ રે;
મુજ મન રટણ રહો એહનું, કાપે સંસાર અનાદિ રે. વીર. ૨૬

અવસર જાણી અણસણ લઉં, ત્યાગી સવી આધિ ઉપાધિ રે;
આહાર ચઉ ત્યાગી ચઉ શરણ લઈ, ચિત્ત ધરી સમતા સમાધિ રે. વીર. ૨૭

સર્વ સુખપ્રદ સકલ દુઃખહર, મંત્રપતિ શાસ્ત્ર સવી સાર રે;
જિનેશપદ દાતા નવકાર મુજ, સ્મરણે રહો અવિરત ધારે રે. વીર. ૨૮

આરાધનાના અધિકાર દશ, રાગ દ્વેષ વિષય કષાય રે;
હરજો મુજ આત્મ શુધ્ધિ થશે, જેહથી શિવસુખ થાય રે. વીર. ૨૯

સાલ વીરમોક્ષ પચીશસો, શ્રાવણ પૂર્ણિમા દિન રે;
કચ્છ-બિદડામાં ચોમાસું રહી, આરાધના કીધી અદીન રે. વીર. ૩૦

દશ અધિકારે આરાધના, ઈમ મુજ સાંભળી દેવ રે;
ગૌતમ નીતિ ગુણ સૂરિ કહે, દેજો મુજ ભવોભવ સેવ રે. વીર. ૩૧

શરણ, ગર્હા અને અનુમોદનાનો
ત્રિવેણી સંગમ જેમાં રચાયો છે તે,

# ''અમૃતવેલ ની સજ્ઝાય''

(રાગ : સ્વામી સીમંધરા વિનતિ)

ચેતન જ્ઞાન અજવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે. ચે.૧

ઉપશમ અમૃત રસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માનરે. ચે.૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્ન રૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે.ચે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે.ચે. ૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ચે. ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે ભર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ચે. ૭

શણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
જેહ સુખ હેતુ જિનવર કહ્યો, પાપ જલ તારવા નાવ રે. ચે. ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિએ, જેમ હોય સંવર વૃધ્ધિ રે.ચે. ૯

ઈહ ભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણઘાત રે. ચે. ૧૦

ગુરૂતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુ પરે લોકને ભોળવ્યા, નિંદિયે તેહ જંજાળ રે. ચે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન કરી હરખિઆ, કીધલો કામ ઉન્માદ રે. ચે.૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ચે. ૧૩

જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપ રે;
રતિ-અરતિ-નિંદ-માયા-મૃષા, વળી ય મિથ્યાત્વ સંતાપ રે.ચે.૧૪

પાપ જે એહવાં સેવિયાં, નિંદિયેં તેહ ત્રિહું કાળ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાળ રે. ચે.૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયેગ રે;
તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભ યોગ રે. ચે.૧૬

સિધ્ધની સિધ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ચે.૧૭

જેહ ઉવજઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ચે.૧૮

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દષ્ટિ સુર નર તણો, તેહ અનુમોદિએ સાર રે. ચે.૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ચે. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ચે. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજ આત્મા જાણ રે. ચે. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુધ્ધ નય ભાવના, પાવનાશય તણું ઠામ રે. ચે. ૨૩

દેહ મન વચન પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચે. ૨૪

કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દષ્ટિ સ્થિર મેલ રે. ચે. ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાન રૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ચે. ૨૬

રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શોષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, જારતાં કર્મ નિઃશેષ રે. ચે. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમ ધામ રે. ચે. ૨૮

શ્રી નય વિજય ગુરૂ શિષ્યની, શિખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગ રેલ રે. ચે. ૨૯

## 'અપૂર્વ અવસર'

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કબ મહત્પુરુષને પંથ જો ? અપૂર્વ. ૧

સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ. ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુધ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ. ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ. ૪

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો. અપૂર્વ. ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વિણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ. ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ. ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ. ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ. ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવે મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ. ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ. ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિધ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ. ૧૨

એમ પરાજય કરીને ચારિત્ર મોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપક તણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુધ્ધ સ્વભાવ જો. અપૂર્વ. ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ. ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુધ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ. ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ય પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ. ૧૬

મન વચન કાયાને કર્મની વર્ગણા,
છૂટે જિહાં સકલ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ. ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શના,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદ રૂપ જો. અપૂર્વ. ૧૮

પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ. ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રીભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ. ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું ધર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ. ૨૧

## 'એવો અવસર મારો ક્યારે આવશે'

એવો અવસર મારો ક્યારે આવશે,
ક્યારે જઈશું જિનવર દેવ હજૂર જો;
આણા શ્રી જિનવરની શિરપર ધારીને,
વિચરશું પરભાવ દશાથી દૂર જો. એવો.....૧

મોહ મહામદ છાક મને છકવે ઘણું,
ઢાંક્યું જેણે જીવ તણું છે ભાન જો;
દૂર થશે ક્યારે પડદો એ જીવનો,
પ્રાપ્ત થશે ક્યારે પોતાનું સ્થાન જો. એવો....૨

ભવાભિનંદિતા ને પુદ્ગલનંદિતા,
દોય દશાનો અનાદિ છે મુજ યોગ જો;
આત્માનંદ દશા અમૃતના યોગથી,
અળગો થાશે ક્યારે એ મહારોગ જો. એવો..૩

આર્ત-રૌદ્રનું યુગ્મ અનાદિકાલનું,
વર્તે છે મુજ આતમમાં વડભાવ જો;
ધર્મ-શુક્લ અગ્નિના અતિશય જોરથી,
ભસ્મીભૂત થઈ જાશે ક્યારે સાવ જો. એવો.....૪

આશ્રવ પાંચ અનાદિ શત્રુ જીવના,
હિંસા તેમાં સૌથી મોટી બેન જો;
મૃષાવાદ ચોરી ને મૈથુન પરિગ્રહ,
અળગું થાશે ક્યારે મોહનું ઘેન જો. એવો.....૫

દાન શીલ તપ ભાવ જિનેશ્વરે ભાંખીયા,
મુજને મળશે ક્યારે એહનો યોગ જો;
પ્રત્યેક કરણી કરશું જિન વચનો ગ્રહી,
મીટાવીશું કર્મ તણું કબ રોગ જો.એવો.....૬

સમવસરણ જિનવરનું જોશું કઈ પળે,
બાર પર્ષદામાં બેસીશું કઈ વાર જો;
વાણી શ્રી જિનવરની સુણવા કારણે,
શરીર વાણીને સ્વાંત થશે એક તાર જો. એવો.....૭

પ્રવચનમાતા આઠે મુજ માતા થશે,
આણા જિનની કરશે મુજ સહકાર જો;
ચરણ કરણ સિત્તરીઓ સહકારી થશે,
વાસ કરીશું સંયમ ગુણ દરબાર જો. એવો.....૮

કેવલજ્ઞાની મનઃપર્યવ ઓહી મુની,
પૂરવધર ને ગણધર લબ્ધિવંત જો;
ગૌતમસ્વામી સુધર્મા ને જંબૂસમા,
મુજને મળશે ક્યારે એવા સંત જો. એવો......૯

શ્રી જિનવરની પાસે સંયમ આદરી,
ક્યારે થઈશું અભ્યંતર અણગાર જો;
મન-વચ-કાયા રત્નત્રયી રટતા હશે,
અળગા થાશે ક્યારે દોષ અઢાર જો. એવો....૧૦

ગીતારથ ગુરુવરનું શરણું આદરી,
વિચરશું વિકથા ચારેથી દૂર જો,
સર્વકાલ સ્વાધ્યાય સખા થઈને વળી,
ધ્યાતા થઈશું ધર્મ ધ્યાનનું પૂર જો. એવો... ૧૧

બાહ્ય અભ્યંતર ગ્રંથી મુજ દૂરે થશે,
પ્રશમ સુધાનું કરશું ક્યારે પાન જો;
સર્વ સંસારી સંયોગો દૂરે કરી,
ગિરિ ગુફામાં કબ રહીશું એકતાન જો. એવો... ૧૨

કાલ અનાદિ સંજ્ઞા ચોકી ચારની,
અળગી થાશે કબ આતમથી સાવ જો;
નંદન મુનિવર જીવ જિનેશ્વર વીરના.
જેવો તપશું તપ ભવ દરિયે નાવ જો. એવો... ૧૩

રૂપ ગંધ રસ સ્પર્શ શબ્દના વૃંદનો,
બાહ્ય અભ્યંતર ત્યાગ કદા મુજ થાય જો;
ગજસુકુમાલ સુકોશલ મેતારજ મુનિ,
જેવો થઈને જીતું ચાર કષાય જો. એવો...૧૪

કાકંદી નગરીના ધન્ના મુનિવરુ,
ધન્ના શાલી મુનિવર મેઘકુમાર જો;
બાહુબલીને ઢંઢણ ખંધક ત્યાગીયા,
જેવા વ્રત પાળીશું નિરતિચાર જો. એવો...૧૫

વનવગડે વીતરાગ મુનિના વૃંદમાં,
પ્રેત વનોમાં ધરશું ક્યારે ધ્યાન જો;
શત્રુ મિત્રને સુખ દુઃખમાં સમતા કરી,
ક્યારે રહીશું કાઉસ્સગ્ગે એકતાન જો. એવો...૧૬

અપૂર્વકરણ ગુણઠાણું ક્યારે પામશું,
ક્ષપક શ્રેણિનો કરશું ક્યારે સ્વાદ જો;
સહજાનંદ સ્વભાવદશા મળશે કદા,
યથાખ્યાતનો મેળવશું આહ્‌લાદ જો. એવો...૧૭

જન્મ ભલે મુજ જ્યારે જ્યાં ત્યાં જે મળો,
પણ મુજ મળજો અપુનર્બંધક ભાવ જો,
સુખ દુઃખને સહેવાની સાચી ધીરતા,
સોહંપદનું રટણ થજો શુભ ભાવ જો. એવો...૧૮

અનિત્ય અશરણ આદિ બારે ભાવના,
મૈત્રી પ્રમોદ આદિ ભાવના ચાર જો;
પંચ મહાવ્રત કેરી પચવીસ ભાવના,
ભાવીને ઉતરશું ક્યારે પાર જો. એવા... ૧૯

પાંચસો ત્રેસઠ જીવ જિનેશ્વર ભાંખીયા,
ચાર ગતિના છકાય ધારી સર્વ જો;
સૂક્ષ્મને બાદર ત્રસને સ્થાવર જીવથી,
ત્રિવિધ ખામણા કરશું મૂકી ગર્વ જો. એવો....૨૦

મરણ ભવોભવ જિનવરને જપતાં થજો,
સિધ્ધ નિરંજન કેરું મળજો ધ્યાન જો;
સૂરિ વાચકને મુનિવરથી નિર્યામણા,
જિનવાણીમાં ચિત્ત રહો એકતાન જો.એવો...૨૧

સિંહ સમો થઈ સંયમ આરાધું સદા,
સત્ય ભાવ મન વચ કાયા મુજ થાય જો;
કપૂર થકી પણ આતમ ઉજ્જવલતા વધે,
ક્ષમા પ્રમુખ દશ ધર્મ મલે સુખ દાય જો. એવો...૨૨

જિન ઉત્તમ પદ પદ્મ તણી સેવા મલે,
રૂપ નીરખવા રોજ મલે જિનરાજ જો;
શાસન કીર્તિ કસ્તૂરી ખુશબો મલે,
ચિંતામણિ સમ મળે મને ગુરુરાજ જો. એવો...૨૩

વીર વીર વીતરાગ પ્રભુના નામનો,
પ્રતિ પ્રદેશે થઈ રહેજો મુજ વાસ જો;
સિદ્ધિ સુખોની વાંછા વિણ વાંછા બધી,
મુજ મનમાંથી દૂર રહો તસ પાસ જો. એવો...૨૪

વિનય ચતુર્વિધ સંઘતણો મલજો મને,
ભક્તિ મળજો મુનિવર શ્રી જિનદેવ જો;
સુંદર શાસન મળજો શ્રી વીતરાગનું,
ભવોભવ મળજો જિન ચરણની સેવ જો. એવો...૨૫

## ચોવીસ ભગવાનના દુહા

આદિનાથનો આસરો, બીજાનું શું કામ;
મરૂદેવીના પુત્રને પ્રથમ કરૂં પ્રણામ. ૧

અજિતનાથ આપે સહુ, કર્યા કર્મ ચકચૂર;
દર્શન દેખી તાહરું, પામું સુખ ભરપૂર. ૨

સેના નંદન સુખકરૂ, સંભવનાથ દયાળ;
દયા કરો મુજ ઉપરે, છૂટે કર્મ જંજાળ. ૩

જોડી અંજલી મસ્તકે, અભિનંદન સ્વામી;
નમું નિરંજન નાથ હું, શિવસુખનો કામી. ૪

સુમતિનાથ સાહેબજી, કુમતિ કાઢણહાર;
મળજો મન મંદિરમાં, વિનવું વારંવાર. ૫

પદ્મપ્રભુ પરમાત્મા, નમું ઊઠી પ્રભાત;
નિરખો નેહ નજર કરી, કરો કર્મનો ઘાત. ૬

સુપાર્શ્વનાથ તે સાતમા, હરજો તનના તાપ;
છાંટો અમીનો નાખજો, અમૃત ભરીયા આપ. ૭

ચંદ્ર સમા ઉજ્જવળ પ્રભુ, ચંદ્રપ્રભુ મહારાજ;
લક્ષ્મણા માતાના લાડકા, પામ્યો પુણ્યે આજ. ૮

સુવિધિનાથને સમરતાં, સુધરી જાય સંસાર;
શોક સંતાપને સંહરી, ઊતરીયે ભવપાર. ૯

નંદા ને દઢરથ તણા, નંદન શીતલ નાથ;
શરણે આવ્યો તાહરે, પકડી લ્યોને હાથ. ૧૦

શ્રેયાંસનાથ હું આપને, સંભારું દિનચત;
હરકત હરજો માહરી, ત્રિભુવનમાં વિખ્યાત. ૧૧

વાસુપૂજ્ય જિણદંજી, નિરખું નયનાનંદ;
પદકજ પ્રેમે પ્રણમતાં, પામું પરમાનંદ. ૧૨

વિષય વિકારને વારજો, વિમલનાથ વિશ્વેશ;
વિનયે હું વિનવું વળી, ટાળી દ્યો ભવક્લેશ. ૧૩

અનંતનાથ પ્રભુ આપજો, મુક્તિપુરીમાં વાસ;
સેવક તુમ સરખો કરો, તો તમને શાબાસ. ૧૪

ધ્યાવો ધ્યાવો ધ્યાનશું, ધર્મનાથ ભગવંત;
શિવરમણીનો સાહિબો, આપે ભવનો અંત. ૧૫

અવતરીયા અવની મહીં, શાંતિનાથ સુખકાર;
દિલભર દર્શન દીજીયે, આતમના આધાર; ૧૬

કર જોડી કીર્તન કરું, કંથુનાથ કીરતાર;
જન્મ મરણની જાળથી, પ્રભુજી તું ઉધ્ધાર. ૧૭

અરનાથ અઢારમા, ભાવે ભજું ભગવંત;
ત્યાગી દોષ અઢારને, આપ થયા અરિહંત. ૧૮

મલ્લિનાથ મહારાજજી, મનગમતાં મળીયા;
માનું મુક્તિની મોજને, હૈડાશું હળીયા. ૧૯

રાજગૃહીના રાજવી, મુનિસુવ્રત સ્વામી;
પરમાનંદને પામવા, પ્રણમું શિરનામી. ૨૦

નંદન વપ્રા માતના, નમિનાથ ભગવાન;
ક્ષણ ન વીસરશું આપને, દેજો સમકિત દાન. ૨૧

નેમનાથ બાવીસમા, શિર વહું તુજ આણ;
રાજુલ રમણી પરિહરી, રાખ્યા પશુના પ્રાણ. ૨૨

વામાનંદન પાર્શ્વનાથ, પૂર્યા કૃષ્ણના કોડ;
અવિનાશી કાશી ધણી, વંદું બે કર જોડ. ૨૩

મહાવીર સ્વામી માહરી, પૂરી કરજો આશ;
ચાહે ચિત્તમાં ચાકરી, નિત્ય નરોત્તમદાસ. ૨૪

એ ચોવીશે જિન તણા, લેતાં નિત્યે નામ;
રોગ શોક સંકટ ટળે, સિધ્ધ હોવે સહુ કામ. ૨૫

# ચોવીસ જિન સ્તુતિ

(રાગ : તે પંખીની ઉપર પથરો...)

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;
વહેતો કીધો સુગમ સઘળો મોક્ષનો માર્ગ જેણે,
વન્દુ હું તે ઋષભજિનને ધર્મ ધોરી પ્રભુને....૧

દેખી મૂર્તિ અજિતજિનની નેત્ર મારા ઠરે છે,
ને આ હૈયું ફરી ફરી પ્રભુ ધ્યાન તારું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે ....૨

જે શાંતિના સુખ સદનમાં મુક્તિમાં નિત્ય રાજે,
જેની વાણી ભવિક જનના ચિત્તમાં નિત્ય ગાજે;
દેવેન્દ્રોની પ્રણયભરની ભક્તિ જેને જ છાજે,
વંદું તે સંભવજિન તણાં પાદ પદ્મો હું આજે...૩

ચોથા આરા રૂપ નભ વિષે દીપતા સૂર્ય જેવા,
ઘાતી કર્મો રૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા;
સાચે ભાવે ભવિક જનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણ યુગલે હું ચહું નિત્ય રે'વા....૪

આ સંસારે ભ્રમણ કરતાં શાંતિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યાં કુમતિ વશથી મેં બહુ હે મુનીન્દ્ર;
તો યે નાવ્યો ભવ ભ્રમણથી છૂટકારો લગારે,
શાન્તિ દાતા સુમતિ જિનજી દેવ છે તું જ મારે...૫

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંકિત સારી,
પદ્મો જેવા પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી;
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષના આંસુ લાવે,
તે પદ્મ પ્રભુ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે...૬

આખી પૃથ્વી સુખમય બની આપના જન્મ કાલે,
ભવ્યો પૂજે ભય રહિત થઈ આપને પૂર્ણ વ્હાલે;
પામે મુક્તિ ભવ ભય થકી જે સ્મરે નિત્ય મેવ,
નિત્યે વંદું તુમ ચરણમાં શ્રી સુપાર્શ્વેશ દેવ...૭

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાન્ત દ્રવે છે,
તેવી રીતે કઠિણ હૃદયે હર્ષનો ધોધ વહે છે;
દેખી મૂર્તિઅમૃત ઝરતી મુક્તિદાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભજિન મને આપજો સેવ મારી...૮

સેવા માટે સુર-નગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિ ઉપરે સ્નાત્ર પૂજા રચાવે;
નાટયારંભે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિજિનની કોણને ચિત્ત નાવે ? ...૯

આધિ વ્યાધિ પ્રમુખ બહુ એ તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલજિનની જાણીને હર્ષ આણી;
નિત્ય સેવે મન વચનને કાયથી પૂર્ણ ભાવે,
કાપી ખંતે દુરિતગણને પૂર્ણ આનંદ પાવે....૧૦

(રાગ : અર્હંતો ભગવંત ઈન્દ્ર મહિતાઃ )

જે હેતુ વિણ વિશ્વના દુઃખ હરે, ન્હાયા વિના નિર્મળા,
જિતે આંતર શત્રુને સ્વબળથી, દ્વેષાદિથી વેગળા;
વાણી જે મધુરી વડે ભવહરી, ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસજિણંદના ચરણની, ચાહું સદા ચાકરી....૧૧

જે ભેદાય ન ચક્રથી ન અસિથી, કે ઈન્દ્રના વજ્રથી,
એવા ગાઢ કુકર્મ તે જિનપતે ! છેદાય છે આપથી;
જે શાંતિ નવ થાય ચંદન થકી, તે શાંતિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી, નિત્યે નમું આપને....૧૨

(રાગ : તે પંખીની ઉપર પથરો)

જેવી રીતેં વિમલ જળથી વસ્ત્રનો મેલ જાયે,
તેવી રીતે વિમલ જિનના ધ્યાનથી નષ્ટ થાયે;
પાપો જૂના બહુ ભવતણા અજ્ઞતાથી કરેલા,
તે માટે હે જિન ! તુજ પદે પંડિતો છે નમેલા...૧૩

જેઓ મુક્તિ નગર વસતા કાળ સાદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલપણે જેહને સાધુ-સંત;
જેની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મારા હૃદય કમળે આવજો શ્રીઅનંત...૧૪

સંસારાંભોનિધિ જળ વિષે બૂડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર;
લાખો યત્નો યદિ જન કરે તો'ય ના તેહ છોડું,
નિત્યે ધર્મ પ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું....૧૫

જાણ્યા જાયે શિશુ સકળના લક્ષણો પારણાથી,
શાન્તિ કીધી પણ પ્રભુ તમે માતના ગર્ભમાંથી;
ષટ્ખંડોને નવનિધિ તથા ચૌદ રત્નો ત્યજીને,
પામ્યા છો જે પરમપદને આપજો તે અમોને...૧૬

જેહની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે;
જેહની સેવા પ્રણય ભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુંથુજિન ચરણમાં ચિત્ત મારું ઠરે છે....૧૭

જે દુ:ખોના વિષમ ગિરિઓ વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા સૂર્યની જેમ છેદે;
જેની પાસે તૃણ સમ ગણે સ્વર્ગને ઈન્દ્ર જેવા,
એવી સારી અર જિન મને આપજો આપ સેવા...૧૮

તાર્યા મિત્રો અતિ રૂપવતી સ્વર્ણની પૂતળીથી,
એવી વસ્તુ પ્રભુ તુજ નથી બોધ ના થાય જેથી;
સચ્ચારિત્રે જન મન હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ મને આપજો સેવ સારી....૧૯

(રાગ : અર્હંતો ભગવંત....)

અજ્ઞાનાંધકૃતિ વિનાશ કરવા જે સૂર્ય જેવા કહ્યા,
જેણે અષ્ટ પ્રકારના કઠિન જે કર્મો બધાં તે દહ્યાં;
જેની આત્મ સ્વભાવમાં રમણતા જે મુક્તિદાતા સદા,
એવા શ્રી મુનિસુવ્રતેશ નમીએ જેથી ટળે આપદા....૨૦

વૈરિવૃંદ નમ્યો પ્રભુ જનકને ગર્ભ પ્રભાવે કરી,
કીર્તિ ચંદ્રકરોજ્જવલા દશ દિશિ આ વિશ્વમાં વિસ્તરી;
આપી બોધ અપૂર્વ આ જગતને પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે પામ્યો ખરા ધર્મને....૨૧

લોભાવે લલના તણા લલિત શું ત્રિલોકના નાથને,
કંપાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને;
શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણાં પોકારના સાંભળે,
શ્રીમન્નેમિ જિનેન્દ્ર સેવન થકી શું શું જગે ના મળે....૨૨

ધૂણીમાં બળતો દયાનિધિ તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં આપી મહામંત્રને;
કીધો શ્રી ધરણેંદ્રને ભવ થકી તાર્યા ઘણાં ભવ્યને,
આપો પાર્શ્વ જિનેન્દ્ર નાશ રહિતા સેવા તમારી મને...૨૩

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલ નભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા ત્યજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને પાપી મહા કર્મથી....૨૪

## ૨૪ તીર્થંકર સ્તવન

ચૌબીસો ભગવાન કો પૂજે, જો કોઈ હો મતવાલા,
પીવે ભક્તિ રસ પ્યાલા......
સંકટ જો આયે તુજ પર તો, નામ ઋષભકા લે લેના,
અપને હૃદયમેં અજિતનાથ ઔર, સંભવજી કો રખ લેના;
અભિનંદન ઓર સુમતિનાથ કે, નામકી જપતે જા માલા,
પીવે ભક્તિરસ....૧

પદ્મપ્રભુ ઔર સુપાર્શ્વનાથ કે, ચરણોમેં મૈં પડા રહું,
ચંદ્રપ્રભુ ઔર સુવિધિનાથ, વ શીતલજી કે મૈ પાસ રહું;
શ્રેયાંસજી ઔર વાસુપૂજ્ય કે, નામકા મૈં હું મતવાલા,
પીવે ભક્તિરસ......૨

વિમલ નાથ કી જૈન ધર્મ પર, બડી ભારીથી છાપ પડી,
અનંતનાથ ઔર ધર્મનાથ કે નામ સે, ધર્મ કી જ્યોત જલી;
શાંતિનાથ ઔર કુંથુનાથ ને, ધર્મકા પાયા સંભાલા.....
પીવે ભક્તિ રસ....૩

અરનાથ ઔર મલ્લિનાથ, મુનિસુવ્રત કા મૈં ભજન કરું,
નમિનાથ ફિર નેમિનાથ ઔર, પાર્શ્વનાથ કો નમન કરું;
જનમ જનમ મહાવીરકા 'પાગલ', બનતા રહે હરદમ ચેલા,
પીવે ભક્તિ રસ....૪

# હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ?

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧

શુદ્ધભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મયનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળ રૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિ માર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કલિથી થયો, નથી મર્યાદા ધર્મ;
તોયે નહીં વ્યાકૂળતા, જુઓ જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહીં ઉદાસીન અભકતથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નથી એકે સદ્ગુણ પણ, મુખડું બતાવું શુંય ? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યા બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરુ પાય;
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કવણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ. ૨૦

## પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે, જાણપણું જુગતે ભલું, ઈણ વેળા આવે, તે મુજ મિચ્છામિ દુક્કડં. ॥ ૧ ॥ અરિહંતની શાખ, જે મેં જીવ વિરાધિયા; ચઉરાશી લાખ. તે મુજ. ॥ ૨ ॥ સાત લાખ પૃથ્વીતણા, સાતે અપકાય; સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે. ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધારણ; બિ તિ ચઉરિંદ્રિ જીવના, બે બે લાખ વિચાર. તે. ॥ ૪ ॥ દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી; ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી તે. ॥ ૫ ॥ ઈણ ભવ પરભવે સેવીયા, જે પાપ અઢાર; ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરું, દુર્ગતિના દાતાર. તે. ॥ ૬ ॥ હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ; દોષ અદત્તાદાનના, મૈથુન ઉન્માદ. તે. ॥ ૭ ॥ પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ; માન માયા લોભ મેં કીયાં, વળી રાગ ને દ્વેષ. તે. ॥ ૮ ॥ કલહ કરી જીવ દુહવ્યા, દીધાં કૂડાં કલંક; નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે. ॥ ૯ ॥ ચાડી કીધી ચોતરે, કીધો થાપણમોસો; કુગુરુ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે. ॥ ૧૦ ॥ ખાટકીને ભવે મેં કીયા, જીવ નાનાવિધ ઘાત; ચીડીમાર ભવે ચરકલાં, માર્યા દિનરાત. તે. ॥ ૧૧ ॥ કાજી મુલ્લાને ભવે પઢી મંત્ર કઠોર; જીવ અનેક [1]ઝભ્ભે કીયા, કીધાં પાપ અઘોર. તે. ॥ ૧૨ ॥ માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ; ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાશ. તે. ॥ ૧૩ ॥ કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ; બંદીવાન મરાવીયા, કોરડા છડી દંડ. તે. ॥ ૧૪ ॥ પરમાધામીને

ભવે, દીધાં નારકી દુઃખ, છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ. તે. ॥ ૧૫ ॥ કુંભારને ભવે મેં કીયા, [૨]નીમાહ પચાવ્યા; તેલી ભવે તિલ પીલીયા, પાપે પીંડ ભરાવ્યાં. તે. ॥ ૧૬ ॥ [૩]હાલી ભવે હળ ખેડીયાં, ફાડ્યાં પૃથ્વીનાં પેટ; સુડ નિદાન ઘણાં કીધાં, દીધાં બળદ ચપેટ. તે. ॥ ૧૭ ॥ માળીને ભવે રોપીયાં, નાનાવિધ વૃક્ષ; મૂળ પત્ર ફળફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે. ॥ ૧૮ ॥ [૪]અધોવાઈયાને ભવે, ભર્યા અધિક ભાર; પોઠી[૫] પૂંઠે કીડા પડયા, દયા નાણી[૬] લગાર. તે. ॥ ૧૯ ॥ છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ, અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુવાદ અભ્યાસ. તે. ॥ ૨૦ ॥ શૂરપણે રણ ઝુઝતાં, માર્યા માણસ વૃંદ, મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે. ॥ ૨૧ ॥ ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં; આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપ જ સંચ્યાં. તે. ॥ ૨૨ ॥ કર્મ અંગાર કીયા વળી, ધરમેં દવ દીધા; સમ ખાધા વીતરાગના, કૂડા કોસજ કીધા. તે. ॥ ૨૩ ॥ બિલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી; મૂઢ ગમારતણે ભવે, મેં જૂ લીખ મારી. તે. ॥ ૨૪ ॥ [૭]ભાડભુંજાતણે ભવે, એકેંદ્રિય જીવ; જ્વારી ચણા ગહું શેકીયા, પાડંતા [૮]રીવ. તે. ॥ ૨૫ ॥ ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક; રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ [૯]ઉદ્રેક. તે.॥ ૨૬ ॥ [૧૦]વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ, ઈષ્ટ વિયોગ પાડ્યા કીયા, રૂદન વિખવાદ. તે. ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવકતણાં, વ્રત લઈને ભાંગ્યા; [૧૧]મૂળ અને ઉત્તરતણાં, મુજ દૂષણ લાગ્યાં. તે. ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચીતરા, [૧૨]શકરા ને સમળી, હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી. તે.

॥ ૨૯ ॥ સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા, જીવાણી ઘોળ્યાં ઘણાં, શીલ વ્રત ભંજાવ્યાં. તે. ॥ ૩૦ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરું, તીણશું પ્રતિબંધ. તે. ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરું, તીણશું પ્રતિબંધ. તે. ॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધાં કુટુંબ સંબંધ; ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરું, તીણશું પ્રતિબંધ. તે. ॥ ૩૩ ॥ ઈણિ પરે ઈહ ભવ પરભવે, કીધા પાપ [13]અખત્ર; ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરું, કરું જન્મ પવિત્ર, તે.॥ ૩૪ ॥ એણીવિધે એ આરાધના, ભવિ કરસે જેહ; સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે. ॥ ૩૫ ॥ રાગ [14]વૈરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ; સમયસુંદર કહે પાપથી, છુટે તત્કાળ. તે. ॥ ૩૬ ॥

卐卐卐卐卐

卐卐卐

૧ વિનાશ. ૨ નીભાડા. ૩ ખેડુત. ૪ ગાડાં ભાડે ફેરવનાર. ૫ પોઠીયા-બળદ. ૬ ન આણી. ૭ ભઠ્ઠીથી ચણા વિગેરે અનાજ શેકનાર. ૮ રાડો-પોકાર. ૯ અધિક. ૧૦ દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા, રાજકથા. ૧૧ મૂળગુણ ને ઉત્તરગુણ. ૧૨ બાજ પક્ષી. ૧૩ નઠારાં. ૧૪ વીખેરી, દૂર કરી.

## પરમાર્હત્ શ્રી કુમારપાલ-ભૂપાલ વિરચિત

# આત્મ-નિંદા દ્વાત્રિંશિકાનો અનુવાદ

(હરિગીત છંદ)

સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તેના જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે જે પાદપીઠ તેના ધણી;
આ વિશ્વનાં દુઃખો બધાયે છેદનારા હે પ્રભુ !
જય જય થજો જગબંધુ ! તુમ એમ સર્વદા ઈચ્છું વિભુ ! - ૧

વીતરાગ હે કૃતકૃત્ય ભગવન્ ! આપને શું વિનવું ?
હું મૂર્ખ છું મહારાજ ! જેથી શક્તિહીન છતાં સ્તવું !
શું અર્થિવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે ?
પણ પ્રભો ! પૂરી ભક્તિ પાસે યુક્તિઓ ય ના ઘટે-૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તો યે રહ્યા ગુણ ઓપતા મુજ ચિત્તરૂપી શુક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી ? - ૩

પ્રાણી તણાં પાપો ઘણા ભેગા કરેલા જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં સહુ તે આપને સારે સ્તવે;
અતિ ગાઢ અંધારા તણું પણ સૂર્ય પાસે શું ગજું ?
એમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું. ૪

શરણ્ય ! કરુણા સિંધુ ! જિનજી ! આપ બીજા ભક્તના,
મહામોહ વ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તના;
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહું,
તોયે કહો કોણ કારણે એ વ્યાધિના દુઃખો સહું ? - ૫

સંસાર રૂપ મહાટવીના સાર્થવાહ પ્રભુ ! તમે,
મુક્તિ પુરી જાવા તણી ઈચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તોય આન્તર તસ્કરો,
મુજ રત્નત્રય લૂંટે વિભો, રક્ષા કરો-રક્ષા કરો - ૬

બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ ! હું સંચર્યો,
થઈ પુણ્ય રાશિ એકઠી ત્યારે જિનેશ્વર ! તું મળ્યો;
પણ પાપ કર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી - ૭

આ કર્મરૂપ કુલાલ મિથ્યાજ્ઞાન રૂપી દંડથી,
ભવચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી;
કરી પાત્ર મુજને પૂંજ દુઃખનો દાબી દાબીને ભરે,
વિણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે ? - ૮

ક્યારે પ્રભો ! સંસારકારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો ! નિરપેક્ષ વૃત્તિ થઈ સદા,
ત્યજીશ ઈચ્છા મુક્તિની પણ સંત થઈને હું કદા ? - ૯

તુજ પૂર્ણશશિની કાન્તિ સરખા કાન્ત ગુણ દઢ દોરથી,
અતિચપલ મુજ મન વાંદરાને બાંધીને બહુ જોરથી;
આજ્ઞારૂપી અમૃત રસોના પાનમાં પ્રીતિ કરી,
પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો પુણ્ય વીસરી - ૧૦

હું હીનથી પણ હીન પણ તુમ ચરણ સેવાને બળે,
આવ્યો અહીં ઊંચી હદે જે પૂર્ણ પુણ્ય થકી મળે;
તો પણ હઠીલી પાપી કામાદિક તણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે - ૧૧

કલ્યાણકારી દેવ ! તુમ સમ સ્વામી મુજ માથે છતે,
કલ્યાણ કોણ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે;
પણ મદન આદિક શત્રુઓ પૂંઠે પડયા છે માહરે,
દૂરે કરું શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે - ૧૨

સંસારરૂપ સમુદ્રમાં ભમતાં અનાદિકાળથી,
હું માનું છું કે આપ કદી મુજ દૃષ્ટિએ આવ્યા નથી;
નહીંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભુ !
બહુ દુઃખથી જે ભોગવી તે કેમ હું પામું વિભુ ? - ૧૩

તરવાર ચક્ર ધનુષ્ય ને અંકુશથી જે શોભતું,
વજ્રપ્રમુખ શુભચિહ્નથી શુભભાવવલ્લી રોપતું;
સંસાર તારક આપનું એવું ચરણયુગ નિર્મલું,
દુર્વાર એવા મોહ વૈરીથી ડરીને મેં શ્રયું - ૧૪

નિઃસીમ કરુણાધાર છો, છો આપ શરણ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો;
હું દીન છું હિમ્મત રહિત થઈ શરણે આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને-રક્ષો મને - ૧૫

વિણ આપ આ જગમાં નથી સ્વામી સમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે;
શું શત્રુઓનું ચક્ર જે બહુ દુઃખથી દેખાય છે,
વિણ ચક્ર વાસુદેવના તે કોઈ રીત હણાય છે - ૧૬

પ્રભુ ! દેવના પણ દેવ છો વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધ ને આ વિશ્વત્રયના છો તમે નાયકપણે;
એ કારણે આન્તર રિપુ સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને હૃદયના દુઃખો કહું - ૧૭

અધર્મના કાર્યો બધા દૂરે કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર ! શાન્ત થઈ હું જે સમે;
ત્યાં તો બધાયે વૈરીઓ જાણે બળેલા ક્રોધથી,
મહામોહના સામ્રાજ્યમાં લઈ જાય છે બહુજોરથી - ૧૮

છે મોહ આદિક શત્રુઓ મ્હારા અનાદિ કાળના,
એમ જાણું છું જિનદેવ ! પ્રવચનપાનથી હું આપના;
તોયે કરી વિશ્વાસ એનો મૂઢ મેંઢો હું બનું,
એ મોહ બાજીગર કને કપિ રીતને હું આચરું - ૧૯

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એ જ છે,
એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડેલ છે;
ભયભીત થઈ એથી પ્રભુ ! તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું,
જગવીર ! દેવ ! બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું - ૨૦

ક્યારે પ્રભો ! નિજ દેહમાં પણ આત્મબુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો ! આનંદથી ? ૨૧

ગતદોષ ગુણભંડાર જિનજી ! દેવ મ્હારે તું જ છે,
સુરનર સભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તે જ છે;
એમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો - ૨૨

ષડ્વર્ગ મદનાદિક તણો જે જીતનારો વિશ્વને,
અરિહંત ! ઉજ્જવલ ધ્યાનથી તેને પ્રભુ જીત્યો તમે;
અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને - ૨૩

સમર્થ છો સ્વામી ! તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા;
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ ! શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે ? - ૨૪

તુમ પાદપદ્મ રમે પ્રભો ! નિત જે જનોના ચિત્તમાં,
સુર ઈન્દ્ર કે નર ઈન્દ્રની પણ એ જનોને શી તમા ?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
સદ્‌ગુણોની શુભગન્ધ એના આત્મમાંહે મહમહે - ૨૫

અત્યંત નિર્ગુણ છું પ્રભો ! હું ક્રૂર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો ! ભવભીમસાગર સંચરું,
મુજ ભવ ભ્રમણની વાત જિનજી ! આપ વિણ કોને કરું ! -૨૬

મુજ નેત્રરૂપ ચકોર ને તું ચન્દ્રરૂપે સાંપડયો,
તેથી જિનેશ્વર આજ હું આનંદ ઉદધિમાં પડયો;
જે ભાગ્યશાળી-હાથમાં ચિંતામણિ આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે ? - ૨૭

હે નાથ ! આ સંસાર સાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજ રૂપે છો તમે;
શિવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભો !
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો ? - ૨૮

જે ભવ્ય જીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માલા લઈને પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે - ૨૯

હે નાથ ! નેત્રો મીંચીને ચલચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાન મુદ્રાને ધરી;
મુજ સર્વ કર્મ વિનાશ કારણ ચિન્તવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર, માહરે ચિત્તે રમે - ૩૦

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો ! મેં અન્ય દેવોને સ્તવ્યા,
પણ કોઈ રીતે મુક્તિ સુખને આપનારા નવ થયા;
અમૃત ભરેલા કુંભથી છો ને સદાએ સિંચીયે,
આંબા તણાં મીઠાં ફલો પણ લીંબડા કયાંથી દીયે ? - ૩૧

ભવજલધિમાંથી હે પ્રભો કરૂણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરના શુભસદનમાં ધારજો;
આ ગુણી ને આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘ પરે દયાળુ સર્વના દુઃખો હરે-૩૨

(શાર્દૂલવિક્રીડિતમ્)

પામ્યો છું બહુપુણ્યથી પ્રભુ ! તને ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના નેતા મલ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેની કરું માંગણી,
માંગું આદર વૃદ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી - ૩૩

જાણી આર્હત ગૂર્જરેશ્વરતણી વાણી મનોહારિણી,
શ્રદ્ધા સાગર વૃદ્ધિ ચંદ્ર સરખી, સંતાપ સંહારિણી;
તેનો આ અનુવાદ મેં સ્વપરના કલ્યાણ માટે કર્યો,
શ્રીમન્નેમિસૂરીશ સેવન બળે, જે ભક્તિભાવે ભર્યો. ૩૪

卐 卐 卐

## નમો અરિહંતાણં પદનું ચૈત્યવંદન :

સકલ વિશ્વમાં સાર છે, મહામંત્ર નવકાર;
આરાધો ભલી રીતથી, ભવજલ તારણહાર. ૧

અક્ષર સંખ્યા સમ કરો, કાઉસ્સગ લોગસ્સ કેરા;
ખમાસમણને સાથીયા, ટાળે ભવના ફેરા. ૨

મંત્ર જપો જપ માલથી, દોય સહસ પરિમાણ;
નમો અરિહંતાણ તણું, ધ્યાન ધરો ગુણખાણ. ૩

પ્રેમ ભુવન નવકાર છે, ચૌદ પૂરવનો સાર;
જપી ધર્મ હૈયે ધરો, 'જગ વલ્લભ' શ્રી કાર. ૪

卐卐卐

## : સ્તવન :

(રાગ : હે શંખેશ્વરના વાસી મારા હૈયે કરજો વાસ)

હે આરાધો નમો અરિહંતાણં, પદ પહેલું શ્રીકાર,
હે મહામંત્રમાં ભાવે જપીએ, પહેલું પદ શ્રીકાર.

સાતે અક્ષર જપતાં જપતાં, પાપ ખપે તત્કાળ, હે મહા. ૧

સાતે ભય ભાંજે દુઃખ નાશે, ડંખે પાપ અઢાર, હે મહા. ૨

હર્ષ નથી સંસાર મહીં ઈમ, પદનો અર્થ ઉદાર, હે મહા. ૩

બાર ગુણે યુત અરિહા સોહે, ચોત્રીસ અતિશય ધાર, હે મહા. ૪

અમૃત ઝરણી વાણી વહાવે, પાંત્રીસ ગુણ મનોહાર, હે મહા. ૫

દૂર નિવારે રાગદ્વેષને, મોહ મીટાવણહાર, હે મહા. ૬

કંચન વરણી કાયા નીરખી, નીત હરખે નરનાર, હે મહા. ૭

પદ પહેલું પ્રગટાવે પ્રેમે, ભુવનભાનુ હિતકાર, હે મહા. ૮

નમો ધર્મ મહામંત્રની માળા, 'જગ વલ્લભ' જયકાર, હે મહા. ૯

卐卐卐

**થોય.** (વંદો જિન શાંતિ... એ રાગ)

જિનપતિ અરિહાને ધ્યાવતા ધ્યાન લાગે,
જિનપતિ અરિહાને દેખતાં માન ત્યાગે;
જિનપતિ અરિહાને પૂજતા પાપ ભાગે,
જિનપતિ અરિહાને વંદતા જ્ઞાન જાગે.

卐卐卐

## નમો સિધ્ધાણં પદનું ચૈત્યવંદન

પંચમ ગતિને પામવા, પંચમ ગતિના ધાર;
આરાધો ભવિ પ્રાણીયા, નમો સિધ્ધાણં સાર. -૧

પદ અક્ષર પરિમાણ છે, લોગસ્સ પાંચ રસાળ;
કાઉસ્સગથી આરાધતા, ટાળે ભવ જંજાળ. -૨

ખમાસમણ પાંચે દીયો, અંગ પંચ પ્રણિપાત;
સ્વસ્તિક પંચ તિમ કીજીયે, મન મોહક સુજાત. -૩

સિદ્ધિ પ્રેમથી પામીયે, ભુવન ધર્મ મનોહાર;
'જગવલ્લભ' સિદ્ધિ તણો નમો ધર્મ આધાર. -૪

## સ્તવન (ભૂલ્યા રે પડ્યા અમે ભૂલ્યા રે પડ્યા એ રાગ)

નમો સિધ્ધાણં જપો નમો સિધ્ધાણં,
મહામંત્રમાં બીજે પદે નમો સિધ્ધાણં;
પંચમ પદ દાતા, નમો સિધ્ધાણં, મહા. ૧

સકલ કરમ મલ ક્ષય કરીને જે ગયા,
સિધ્ધશીલાએ, નમો સિધ્ધાણં, નમો મહા. ૨

જનમ જરાને વળી મોતને મહાત કીધા,
સિઝયા સકલ કાજ નમો સિધ્ધાણં, મહા. ૩

શબ્દ સંસ્થાન વળી રૂપ ગંધ દૂર કીધા,
પ્રગટયા એગતીસ ગુણ નમો સિધ્ધાણં, મહા. ૪

અજ અવિનાશીને અકલંક અજરામર,
શિવ અચલ અરૂજ નમો સિધ્ધાણં, મહા. ૫

ગુણલા અનંત જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય,
અરૂપી અગુરૂલઘુ નમો સિધ્ધાણં, મહા. ૬

પ્રેમ અક્ષય અવ્યાબાધ ધાર ભુવનભાનુ,
'જગવલ્લભ' નિત્ય નમો સિધ્ધાણં, મહા. ૭

卐卐卐

## થોય (શંખેશ્વર પાસજી પૂજીએ...એ રાગ)

પદ બીજે પંચાક્ષર પ્રણમો, સહુ સિદ્ધતાણું શુભ ધ્યાન ધરો;
મહા મોહતિમિર તત્કાળ ટળો, સુખ પંચ પ્રકારી સદાય મળો. ૧

## નમો આયરિયાણં પદનું ચૈત્યવંદન

નમો આયરિયાણં જપો, સપ્તાક્ષર પરિમાણ;
સપ્ત મહાભય ટાળતું, સૂરિ પદ છે ગુણખાણ. ૧

પાળે પંચાચારને, આચારજ અહોનિશ;
સપ્તાક્ષર મંત્ર જપી, સેવો વિસવાવીસ. ૨

કાઉસ્સગ્ગ લોગસ્સ સાતનો, સપ્તક છે પ્રણિપાત;
પંચ અંગ જોડી કરી, સાથીયા કરીએ સાત. ૩

ત્રીજું સૂરિપદ પ્રેમશું, ત્રિભુવન ભાણ સમાન;
નમો ધર્મ આરાધતા, 'જગવલ્લભ' અસમાન. ૪

---

### સ્તવન : (રાગ જિંદગીમાં કેટલું કમાણા રે)

ત્રીજે પદે ધરો ધ્યાનમાં રે, નમો આયરિયાણં
ચિત્ત ધરો ગુણ ગાનમાં રે, નમો આયરિયાણં

પાંચે આચારને પાળે પળાવતા, અહોનિશ રહે શુભ ધ્યાનમાં રે, નમો. ૧

મોક્ષ મારગ શુદ્ધ નિત્ય પ્રરૂપતા, હિત સમજાવતા સાનમાં રે, નમો. ૨

છત્રીસ છત્રીસી ગુણોને ધારતા, રત્નત્રયી પયઃ પાનમાં રે, નમો. ૩

પ્રતિરૂપાદિ ચૌદ ગુણે દિવાજતા, યતિ ધરમ એક તાનમાં રે, નમો. ૪

ભાવના ભાવતા બાર પ્રકારની, દિન દિન ચઢતાં વાનમાં રે, નમો. ૫

જિન વિરહે જિનરાજ કહ્યા એ, ગણધર સમ ગુણ જ્ઞાનમાં રે, નમો. ૬

આચાર પામવા સૂરિજી આશિષ, માંગુ આચાર કહી કાનમાં રે, નમો. ૭

પ્રેમે ત્રીજું પદ મંત્ર નવકારનું, ભુવન ભાણ ભવરાનમાં રે, નમો. ૮

ધર્મ રસે 'જગવલ્લભ' માંગે, પંચ આચાર દીયો દાનમાં રે, નમો. ૯

## થોય (જિન શાસન વંછિત.... એ રાગ)

નવગુપ્તિ ધારે, પંચ મહાવ્રત સાર,
અડગુપ્તિ સમિતિ, પાળે પંચાચાર;
પંચેન્દ્રિય જેત્તા, છેતા ચાર કષાય,
મહામંત્રમાં નમીયે, ત્રીજે પદ સૂરિરાય. ૧

卐卐卐

## નમો ઉવજ્ઝાયાણં પદ ચૈત્યવંદન

ચારગતિ દુઃખ ટાળવા, ટાળી રાગ ને રીશ;
ચોથું પદ ઉવજઝાયનું, નમો નમો અહોનિશ. ૧

ચાર કષાયની ચોકડી, જેહમાં માન પ્રમુખ;
પાઠક વિનયે સેવતાં, ભાગે થઈ ઉન્મુખ. ૨

સાથીયા લોગસ્સને વળી, ખમાસમણ સાત સાત;
ચોથે દિન ચીવટ ધરી, કરીએ મન એકાંત. ૩

પ્રેમે ચોથે પદ વરો, વ્રત ચોથું વિખ્યાત;
ભુવન ભાનુ નમો ધર્મથી, 'જગવલ્લભ' લોકાંત. ૪

卐卐卐

## સ્તવન : (તમે પ્રભુ ગુણ ગાવો ભાવ ધરી... એ રાગ)

નમો ઉવજ્ઝાયાણં નમો રે નમો
ચોથે પદે નવકારે નમો.... નમો.
પાઠક પદ આરાધન કરતાં, પાપ પડલ સહુ દૂર ગમો;
ધ્યાન ધરી ઉવજ્ઝાય તમારું, દૂર કરું મહામોહ તમો, નમો. ૧

યુવરાજા સમ આપ કહાવો, મુજ મન મંદિર માંહે રહ્યો;
વિનય શિલ્પ કંડારો મુજમેં, નહિ ઉપકારી આપ સમો, નમો. ૨

સૂરિ સમાન વખાણ કરતા, હે ભવિયા ભવમાં ન ભમો;
વળી સૂત્રાર્થના પાઠ આપતા, આપે પરિણતિ દુઃખ ખમો, નમો. ૩

પચીશ પચ્ચીશી ગુણ ધારો, નિજ સ્વભાવે આપ રમો;
એ ઉવજ્ઝાય ઉપાસક સાધક, ભવિયણ પામે કરણ દમો, નમો. ૪

પાઠક પૂજો પ્રેમે ચોથે, પદ તે ભુવનભાનૂપમો,
ધર્મ રસે 'જગવલ્લભ' ગાવે, પાવે અવિચલ પદવી સમો, નમો.૫

卐卐卐

થોય : (શાંતિ સુહંકર સાહિબો સંયમ અવધારે... એ રાગ)

ચોથે પદે ઉવજ્ઝાયનું ધરો ધ્યાન મજાનું,
પચવીશ પચવીશી ગુણો ધરતા મન માનું;
ભણે ભણાવે શિષ્યને એ અવિચલ કરણી,
વંદુ સદા ધરી ભાવ હું શિવની નિસરણી. ૧

卐卐卐

## નમો લોએ સવ્વસાહૂણં પદનું ચૈત્યવંદન

અઢી દ્વીપમાં મુનિવરા, સાધે સર્વ પ્રકાર;
જિનવર વયણા તે નમો, ભાવો ભાવ ઉદાર. ૧

મુજ આતમ કબ પામશે, સાધુ જીવન શણગાર;
ભાંગી ભાવઠ ભોગની, કબ થાશું અણગાર. ૨

નિશ્ચે ઉજ્જવળ ભાવે એ, મન મંદિરમાં ધાર;
નવ નવ લોગસ્સ સાથીયા, ખમાસમણ નિરધાર. ૩

નવ અક્ષર પંચમ પદે, નવમ તત્ત્વ શિવ હેત;
જોગ રહિત નવ એક છે, શાશ્વત સુખ સંકેત. ૪

ભુવન ભાનુ નવકારમાં, પ્રેમ સાધુનો સાચો;
નમો ધર્મ ગુણ ગાવતાં, 'જગવલ્લભ' સુખ રાચો. ૫

卐卐卐

## સ્તવન : (રાગ આગમની આશાતના નવિ કરીએ)

નમો લોએ સવ્વસાહૂણં પદ જપીએ,
હાં રે પદ જપતાં તપને તપીએ,
હાં રે તપ તપતાં પાપો ખપીએ;
હાં રે જાવે દુર્ગતિ દૂર....નમો લોઓ. ૧

સત્યાવીશ સત્યાવીશી ગુણ ખાણો,
હાં રે ષટકાયના રક્ષક જાણો, હાં રે સર્વ સાધુને પ્રેમે પીછાણો;
હાં રે નિત્ય વધતું નૂર... નમો લોએ. ૨

પાંચે ઈન્દ્રિયને દમે ધરે ખાંતિ,
હાં રે કરે ચાર કષાયની કાંતી, હાં રે એ તો દ્રવ્ય ભાવ રિપુ પાંતિ;
હાં રે પામે સુખ ભરપૂર...નમો લોએ. ૩

બાવીસ પરિસહને સહે અહોનિશ,
હાં રે જરી જેહને ન રાગ ને રીશ, હાં રે પ્રેમે જપીએ એ વિસવાવીશ;
હાં રે જાણો ધર્મની ધૂર.... નમો લોએ. ૪

ત્રિકરણ યોગે પ્રેમશું ધરી રાગ,
હાં રે પાળે રત્નત્રયી મહારાગ, હાં રે નમો ભુવન ભાનુ મહાભાગ
હાં રે નમે 'વલ્લભ' શૂર....નમો લોએ. ૫

卐卐卐

થોય : (શંખેશ્વર પાસજી પૂજીએ... રાગ...)

નમો નમો લોએ સવ્વસાહૂણં,
એને જપતા પાપ કરું વિફલં;
નવ અક્ષર નવનિધિ આપતા,
સેવ્યા સહુ તાપ મીટાવતા. ૧

卐卐卐

## છઠ્ઠા પદનું ચૈત્યવંદન

મહામંત્ર નવકારનું, પદ છઠ્ઠે સુખકાર;
એસો પંચ નમુક્કારો, વિશ્વ સકલ આધાર. ૧

અષ્ટાક્ષર યુત પદ તણો, મહિમા અપરંપાર;
અષ્ટ મહાસિદ્ધિ વરે, આરાધી નરનાર. ૨

અષ્ટ મહામદ વારીને, પાળી પ્રવચન માત;
અષ્ટ કરમનો ક્ષય કરી, પામે સુખ વિખ્યાત. ૩

પ્રેમે છઠ્ઠું પદ વરો, ભુવનભાનુ ને કાજે;
ધર્મ જિત પદ પંકજે, 'જગવલ્લભ' નિત રાજે. ૪

સ્તવન :(સુણો શાંતિ જિણંદ સોભાગી -એ રાગ)

એસો પંચ નમુક્કારો જાણો, પદ છઠ્ઠું હું પ્રેમે પીછાણો;
સોહં સોહં જપી નવકારો, એને જપતાં લહું ભવપારો. એસો. ૧

પંચમ ગતિ પામવા કાજે, પંચ પરમેષ્ઠી જપી આજે;
ચહું ચિત્ત થકી નવકારો, એને જપતાં લહું ભવપારો. એસો. ૨

નમો નમો કરું પદ પાંચે, જપ કરતાં આતમ મુજ નાચે;
મુનિ પદવી દીયે નવકારો, એને સેવી લહું ભવપારો. એસો. ૩

કામ ક્રોધ લોભ મદ માયા, સહુ દોષ હવે તો દબાયા;
રોમે રોમે મંત્ર તણો નારો, એને જપતાં લહું ભવપારો. એસો.૪

પ્રેમે ભુવન ભાનુ પ્રતાપી, પંચ મંગલ પદ જપ જપી;
નમો ધર્મ પ્રભાવને પામી, 'જગ વલ્લભ' પદ વિસરામી. એસો.૫

卐卐卐

## થોય (રાગ.... શંખેશ્વર પાસજી પૂજીયે)

પરમેષ્ઠી પદ પંચક પ્રણમી, શ્રુતસ્કંધ મહાશિરદાર નમી;
લેશ્યા ષટ્કાય વિવેક ધરી, રક્ષું પદ છઠ્ઠે સ્નેહ કરી...૧

卐卐卐

## ૭મા પદનું ચૈત્યવંદન

સવ્વપાવપ્પણાસણો, પદ સપ્તમ નવકાર;
અષ્ટ મહાસંપદ કરો, આરાધો નરનાર. ૧

મહામંત્ર નવકારનું, પ્રધાન ફળ છે એહ;
સર્વ પાપનો ક્ષય કરે, દુઃખડા રહે ન રેહ. ૨

ભાગે ભાવઠ ભવ તણી, વાસન નાશન યોગે;
પ્રાણ ભાવ નવકારનો, આરાધો ત્રિહું યોગે. ૩

પ્રેમ પુણ્યની માતનો, ભુવનભાનુ નિમિત્ત;
ધર્મધ્યાન પરિણામથી, 'જગવલ્લભ' શુભ ચિત્ત. ૪

卐卐卐

## સ્તવન : (હંસલો ચાલ્યો જવાનો એકલો રે.. એ રાગ..)

સવ્વ પાવપ્પણાસણો જપો રે, પદ સાતમું શ્રી નવકાર;
નાસે પાપ પડલ ચિર કાળના રે, આતમ પામે ભવોદધિ પાર. સવ્વ.૧

સાત સાગરના દુઃખ ટાળતો રે, જપતાં આદિ અક્ષર નવકાર;
પંચશત સાગરના દુઃખ ટાળતો રે, અડસઠ અક્ષર જપ સુખકાર. સવ્વ.૨

અગ્નિકણ વગડામાંહે પડયો રે, બાળે વગડાને જડ મૂળ;
તિમ આ મંત્ર લઘુ તોયે વડો રે, ટાળે સહુ પાપોનું શૂળ. સવ્વ. ૩

સર્વ દુઃખોને જે પડકારતો રે, આપે સર્વ સુખો જગસાર;
દુઃખે દીન નહિ તે પ્રાણીયા રે, સુખે લીનતા નહિ ય લગાર. સવ્વે.૪

વસ્તુતત્ત્વ જગતમાં એક છે રે, પામી મંત્ર મહા નવકાર;
વરવા શિવ વધૂ વરમાળા હવે રે, પકડયો મંત્ર મહા રખવાળ. સવ્વ.૫

અવિરત અહોનિશ પ્રતિપળ પ્રેમથી રે, ભુવન ભાનુ નમો નવકાર;
નમો ધર્મ થકી ભય ભાંગશે રે, લહેશો 'જગવલ્લભ' હિતસાર. સવ્વ.૬

卐卐卐

## થોય : (શાંતિ સુહંકર સાહિબો એ રાગ...)

સાતમે પદ નવકારમાં, અડ અક્ષર જપતાં,
અડ મદ ટળતા આપણા, પાપો બહુ ખપતાં;
કલ્યાણ કલ્પતરૂ તણું, બીજ નિશ્ચે જાણો,
ભવ હિમગિરિ ઓગાળવા, સૂર સમ અવધારો. ૧

卐卐卐

## આઠમા પદનું ચૈત્યવંદન

મંગલાણં ચ સવ્વેસિં, આઠમું પદ પામી;
પઢમં હવઈ મંગલં, પદ નવમે શિરનામી. ૧

અષ્ટમ નવમના યોગથી, સંપદ અષ્ટમ કહીયે;
સાર સર્વ મંગલ તણો, હેજ ધરી દીલ વહીયે. ૨

નાસે સઘળા રોગેને, હોવે પુણ્યનો પોષ;
ભીડ ભાંગે ભાવઠ ટળે, થાય હર્ષ શુભ પોષ. ૩

પ્રેમ ભુવન ભાનુ સમી, આઠ સંપદા એહ;
ધર્મ ચરણ ગુણ શ્રેણીએ, 'જગ વલ્લભ' વિદેહ. ૪

卐卐卐

**સ્તવન** (શ્રી સીમંધર સાહિબા હું કેમ આવું તુમ પાસ-એ રાગ...)

મંગલાણં ચ સવ્વેસિં, પદ આઠમું શ્રી નવકાર;
પઢમં હવઈ મંગલં, પદ નવમું છે શ્રી કાર.
મળીયો મંગલમય નવકાર. ૧

મંગલમય નવકાર મંત્ર છે, ચૌદ પૂરવનો સાર;
પ્રભાવ પામું મંત્ર તણો હું, પાપ પડલ હરનાર. મળીયો. ૨.

અડસઠ અક્ષર એના જાણું, અડસઠ તીરથ રૂપ;
અવિનાશી આ મંત્ર પ્રભાવે, નમે સુરાસુર ભૂપ. મળીયો. ૩

નેહ ધરી નવકારની શ્રધ્ધા, ધરતા જે નરનાર;
નિર્ધન નરના કંકર પારા, હીરા થયા મનોહર. મળીયો. ૪

આઠમી સંપદ શ્રી નવકારે, અષ્ટ નવમ પદ યોગ;
અષ્ટમ સંપદ આરાધનાથી, અડ સંપદ સંયોગ. મળીયો. ૫

અડ અક્ષર છે અષ્ટમ પદના, અષ્ટમ પદના હેત;
અડ મદ ટાળી અડ ધી ગુણને, અડ સિધ્ધિ સંકેત. મળીયો. ૬

પવયણ માતા અડ દરશનને, જ્ઞાન તણા આચાર;
અષ્ટ કરમને હણવા ભજીયે, સહુ મંગલ શિરદાર. મળીયો. ૭

પ્રેમે પનોતો પામી પ્રણમું, ભુવનભાનુ નવકાર;
ધર્મ પસાયે મહામંત્રના, 'જગવલ્લભ' ભવપાર. મળીયો. ૮

卐卐卐

થોય : (શ્રેય : શ્રિયાં મંગલકેલિસદ્મ.... એ રાગ)

મંત્રેશ તારા પદને વધાવું,
મૈત્ર્યાદિ ભાવો શુભ ચિત્ત લાવું;
પુણ્ય પ્રભાવી અડ સંપદાઉ,
જાપે જપીને શુભ સિધ્ધિ પાઉં. ૧

卐卐卐

## નવમા પદનું ચૈત્યવંદન

નકાર નકલીનો કહ્યો, અસલીનો આવકાર;
પાપ તણો ધિક્કારને, પુણ્ય તણો ટહુકાર. ૧

સહુ દુઃખને પડકારને, ધર્મ તણો રણકાર;
સૌખ્ય તણો સ્વીકારને, જીત તણો જયકાર. ૨

શિવ સુખનો દાતાર છે, મહામંત્ર નવકાર;
નવકારે નવકાર છે, અર્થ ધરો હિત સાર. ૩

મહામંત્ર નવકારનો, પ્રેમ ભુવનનો ભાણ;
ધરમ પરમ જિત પામવા, 'જગવલ્લભ' જિનવાણ. ૪

## સ્તવન : (પ્રભુ તારી પ્રીત મારે મનડે બંધાણી.... એ રાગ)

મળ્યો નવકાર મને શિવની એંધાણી;
શિવની એંધાણી જાણે વિજળી ઈશાણી. મળ્યો. ૧

મેઘ વુઠ્યો મુજ આતમ આંગણે,
પુણ્ય સુધાનો મલી શિવની નિશાણી. મળ્યો. ૨

અડસઠ અક્ષર નવપદ એના,
આઠે સંપદ મહા સંપદ પીછાણી. મળ્યો. ૩

ભીલ ભીલડી એ મંત્રના નાદે,
સાધી સમાધિ થયા રાજાને રાણી. મળ્યો. ૪

ચૌદ પૂરવનો સાર મજાનો,
ખોલે ખજાનો જ્ઞાન ચેતના સુજાણી. મળ્યો. ૫

સર્વ મંગલમાં પહેલું મંગળ એ,
દર્શન ચારિત્ર દીયે મુક્તિ સુજાણી. મળ્યો. ૬

સોમ તિલક શિવનારીનું પામ્યો,
હૃદયે ચારિત્ર દીયે મુક્તિ સુજાણી. મળ્યો. ૭

પ્રેમ નવકારનો ધર્મનો ધોરી,
ભુવન ભાનુ જ્ઞાન ગરીમા પ્રમાણી. મળ્યો. ૮

ચિત્ત પ્રશાંત બને મંત્ર પ્રભાવે,
ભેટું ભાવે 'જગ વલ્લભ' જાણી. મળ્યો. ૯

卐卐卐

## થોય : (રાગ : મંદિર છો મુક્તિતણા)

ચક્રીશ કેરા ચૌદ રત્નો નવ નિધાન થકી શૂરા,
ચૌદે પૂરવના સાર અડસઠ વર્ણ પદ નવ છે પૂરા;
નવતત્ત્વમાં જીવ ભેદ ચઉદશ ભેદ નવ શિવના કહું,
નવકાર ના 'ન' 'મ' ચૌદ - નવ અક્ષર તણા શરણે રહું. ૧

卐卐卐

# નમસ્કાર મહામંત્રના - ૯ ગીતો

(૧)

( હે શંખેશ્વર સ્વામી.... એ દેશી )

હે જયવંતો નવકાર
જય જય શ્રી નવકાર, મહિમા તુજ મોટો (૨)
તારા શરણ વિનાનો (૨) મનખો છે ખોટો. હે જયવંતો. ૧

પરમ પુણ્યના યોગથી, પામ્યો તુજ છાયા (૨)
આરાધન તુજ કરતાં (૨) દીલડાં હરખાયા. હે જયવંતો. ૨

રાત દિવસ રહેતા'તાં વનમાં, ભીલ ભીલડી નરનાર (૨)
મુનિવરની કરૂણાથી (૨) પામ્યા શ્રી નવકાર. હે જયવંતો. ૩

મહામંત્રના શરણ થકી, પામ્યા પદવી ઊંચી (૨)
તો પણ કદીય ન છોડી (૨) મંત્ર તણી રૂચિ. હે જયવંતો. ૪

તનમન ધન જીવન નિજ, માન્યો મહામંત્રને પ્રાણ (૨)
દુ:ખડાં ટાળી ભવનાં (૨) પામ્યા શિવ કલ્યાણ. હે જયવંતો. ૫

શ્રીમતિ નારીએ મંત્ર જપીને, ગ્રહ્યો ફણીધર કાળ (૨)
મંત્ર પ્રભાવ થકી તે (૨) બની ગયો ફુલમાળ. હે જયવંતો. ૬

સુખ દુઃખનો સંગાથી જગમાં, મહામંત્ર છે એક (૨)
હૃદય કમળમાં સ્થાપો (૨) ભવિયા ધરી સુવિવેક. હે જયવંતો. ૭

ભુવનભાનુ મહામંત્રની ભવિયા, પ્રેમે કરો પિછાણ (૨)
નમો ધર્મ 'જગવલ્લભ'(૨) પામો પદ નિરવાણ. હે જયવંતો.૮

卐卐卐

(૨)

(હે ત્રિશલાના જાયા... એ દેશી)

મહામંત્રની માલા, જપો ભવિ મતવાલા;
મહામંત્રનો જાપ જપીને, પામો સુખ સુવિશાલા. મહા૦ ૧

એકજ અક્ષર મહામંત્રનો, આતમનું હિત સારે (૨)
નકાર કરતાં ભવના સુખને, પહોંચો મુક્તિ કિનારે (૨)
શિવપુર પહોંચી જાવા સાધો, મહામંત્ર રખવાલા. મહા૦ ૨

'નમો' 'નમો' ઈમ કરતાં વંદન, પાપ નિકંદન થાવે (૨)
પાપ નિકંદન કરીએ ઈણવિધ, મહામંત્રના દાવે (૨)
મહામંત્રના દાવે ભવિયા, પાપ કરો વિસરાલા. મહા૦ ૩

અડસઠ અક્ષર મહામંત્રના, અડસઠ તીરથ જાણો (૨)
પ્યાર કરી એ મહામંત્રનો, મજા મજાની માણો (૨)
શિવની વાંછા કરી હૃદયમાં, વરીએ પુણ્ય વિશાલા. મહા૦ ૪

નવપદ એના નવું પદ આપે, કદી ન જોયું એવું (૨)
દુઃખમાં પણ મસ્તીની સાથે, સદાય સુખમાં રહેવું (૨)
પાગલતાને પાપીપણાથી, સુખ દુઃખમાં રખવાલા. મહા૦ ૫

પ્રેમે નવ નવ લખ નવકારા, જપતાં દુર્ગતિ નાવે (૨)
ભુવનભાનુ 'નમો' ધર્મ પસાયે, સહુ સંકટ મીટ જાવે (૨)
અંત કરી નિજકર્મનો વરીએ, 'જગવલ્લભ' સુખમાલા. મહા. ૬

( ૩ )

(સિદ્ધાચળના વાસી, વિમલાચલના વાસી... એ દેશી)

વિનવું તને આતમરાજ, પામી મંત્ર શિરતાજ;
ભવિ ભાવે, ભવ પાર કરો એક દાવે૦ ૧

પુણ્યે પામ્યો આતમ ! તું સુચંગ, મહામૂલું નવકારનું નંગ;
એનો કરી લે તું સંગ, ફીટ કરો અંતર અંગ. ભવિભાવે૦ ૨

પ્રગટાવી અંતરમાં ઉમંગ, મંત્ર જાપ જપો ધરી ઢંગ;
રાગ તણો કાઢો રંગ, એમાં પાડો તમે ભંગ. ભવિભાવે૦ ૩

સહુ મંગલ માંહેં શિર છત્ર, જિન રાજે કહ્યો મહામંત્ર;
લોટ્રી લાગી તારી આજ, પામી મંત્ર સજો સાજ. ભવિભાવે૦૪

શાશ્વતમંત્ર જગતમાં આ એક, આરાધી લે આતમ સુવિવેક;
ક્ષણ વિનાશી સુખ દે છોડી, મંત્ર માંહિ ચિત્ત જોડી. ભવિભાવે૦૫

સાચા સુખનું સાધન સાચું રહેલું, નવકાર મંત્ર જાણો તમે પહેલું;
શિવપુર પહોંચવા જહાજ, અથવા શિવગિરિ પાજ. ભવિભાવે૦૬

પામી મંત્ર કરો નિજ ખોજ, મંત્ર આપે અનુપમ મોજ;
મોજ પામી લેવા રોજ, નાહી લેજો મંત્ર હોજ. ભવિભાવે૦૭

એસો પંચ નમુક્કારો ભણતાં, ભાગે પાપો બધા અવગણતા;
ક્રોધ માન માયા લોભ, તને હવે ના તે શોભે. ભવિભાવે૦ ૮

દાન ધર્મ આતમ ! સુખમોલ, પામી કરીશ નહિ લોભ થોભ;
નમો પદે અર્પણ ભાવ, ધન જોડી દિલ લાવ. ભવિભાવે૦ ૯

ધન બુધ્ધિ ધરમમાંહે રાખો, એના પ્રેમે ભુવનભાનુ ચાખો;
ધર્મજિત સુખકાર, 'જગવલ્લભ' હિતકાર. ભવિભાવે૦ ૧૦

## ( ૪ )

## ( રાગ : એસી દશા હો ભગવન્ )

પુણ્યોદયે તું પામી, અબ મંત્ર જાપ જપ લે;
હો મુક્તિ સુખ કામી, તું મંત્ર જાપ જપ લે. પુણ્યોદયે૦ ૧

ચોરાશી લક્ષ ફેરા, મહામોહના જ્યાં ડેરા;
દુ:ખડા તણા છે ઢેરા, અબ મંત્ર જાપ જપલે. પુણ્યોદયે૦ ૧

રખડયો ગતિ તું ચાર, ખાધો કરમનો માર;
દુ:ખ ભોગવ્યા અપાર, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૨

પત્થર નદીએ પડીયો, પ્રચંડ પૂરે લડીયો;
આકાર ગોળ વરીયો, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૩

એ રીત તેં વધાવી, ત્યાં મોહની ન ફાવી;
લઘુતા મહી તે આવી, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૪

સિત્તેર કોટા કોટી, મોહનીની સ્થિતિ મોટી;
તેને કરી તેં છોટી, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૫

ઘાતી તણી જે ઘાટી, તેની ખસેડી માટી;
તેથી ગયો તું ખાટી, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૬

માનવગતિમાં આયો, મહામંત્રને તું પાયો;
તે તો ખરૂં કમાયો, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૭

અબ થઈ છે તારી જીત, કર મંત્રની તું પ્રીત;
મુક્તિ તણી એ રીત, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૮

ઈન્શાનને ઈશારો, મહામંત્રનો સહારો;
પામી જનુ સુધારો, અબ મંત્ર. પુણ્યોદયે. ૯

દુઃખડા બધાય હરવા, સંસાર પાર કરવા;
આત્માનું સુખ વરવા, અબ મંત્ર. પુણ્યોદયે. ૧૦

પ્રેમે ભુવનનો ભાનુ, નવકાર મંત્ર જાણું;
'જગવલ્લભ' પ્રમાણું, અબ મંત્ર. પુણ્યોદયે૦ ૧૧

---

(૫)

## (સીમંધર સ્વામી રે, તમારે ગામ રે... એ રાગ)

નવકારનો તપ રે - નવપદનો જપ રે;
મૂકી સૌ લપ રે - કરીએ આરાધના ભાવથી. ૧

શાસનનું દ્વાર રે - પૂરવનો સાર રે;
હૈયાનો હાર રે - કરીએ......... ૨

મંગલની ઈંટ રે, મુક્તિની મીટ રે;
શિવપુરની સીટ રે, કરીએ....... ૩

ભવમાં સહાય રે, એની જ કહાય રે;
એથી જ બચાય રે, કરીએ........ ૪

નવલી એ કાર રે, કરતી એ સાર રે;
આપે ભવ પાર રે, કરીએ....... ૫

ભીલને ભીલનાર રે, ગુરૂવર ઉદાર રે;
આપે નવકાર રે, કરીએ....... ૬

નવકારને પામી રે, સેવે નિષ્કામી રે.
સમાધિ સ્વામી રે, કરીએ....... ૭

રાજાને રાણી રે, બનીયા એ વાણી રે;
સૂત્રની જાણી રે, કરીએ....... ૮

સેવે એ ભાવે રે, ભવદુઃખ જાવે રે;
શિવપદને પાવે રે, કરીએ....... ૯

ભુવનનો ભાનુ રે, પ્રેમે હું જાણું રે;
'વલ્લભ' હું માનું રે, કરીએ.......... ૧૦

卐卐卐

( ૬ )

(આવો રૂડો રે મજાનો અવસર નહીં રે મળે... એ રાગ)

મોંઘો મૂલો રે નવકાર આજ મલી રે ગયો,
જિન શાસનનો એ સાર, સહુ જગનો આધાર;
હા હા હા હો હો હો નવકાર આવી રે મળ્યો. મોંઘો૦ ૧

શાશ્વતમંત્ર માંહીં મનડું લગાડો,
દીલડાનો દેવ તમે હવે તો જગાડો;
જાગી જાવ એટલી વાર, મજા મળશે અપાર. નવ. મોંઘો. ૨

અરિહંત સિદ્ધ બે દેવની માયા,
સૂરિ ઉવજ્ઝાય ને સાધુની છાયા;
પામી થાશો ના વિકારી, નમો નમો મન મારી. નવ૦ ૩

શિવપુરનો પંથ હવે મલી રે ગયો છે,
લાખ ચોરાશીનો ફેરો રે ટળ્યો છે;
કરી લેજો મંત્ર પ્રીત, સાચા સુખની એ રીત. નવ૦ ૪

પ્રેમે ભુવનભાનુ મંત્ર પસાયે;
ધર્મ આરાધી નિત્ય રહો સુખ છાયે,
મુક્તિ કામીનો અવાજ, 'જગવલ્લભ' બન્યો આજ;
હા હા હા હો હો હો મંત્ર આવી રે મળ્યો. મોંઘો મૂલો રે નવ૦ ૫

## (૭)

### (તમે રે સહારા રે - મંગળ ધામના - એ રાગ)

કરવી આરાધના રે, મંત્ર નવકારની.
હે એના જપ માંહેં લીન બની જા તું. આરાધના રે..... -૧

ભવમાં બુડંતા હવે, મળી આજ નાવડી,
નવકાર મંત્ર એ તો, જાણે પવન પાવડી;
હે એ તો મુક્તિ કિનારાનો સેતુ. આરાધના રે........ -૨

ચમકી ઈશાની વીજ, નવકાર પામતા,
ભૂલી સંસાર સુખ, શિવ પદને કામતા;
હે હવે સાચો વેપારી બની જા તું. આરાધના રે....... -૩

અરિહંત સિદ્ધ વળી, વાચકને વંદજે,
પાઠક સાધુને નમી, પાતીકને નીંદજે;
હે એવા મંડો કે પુણ્ય થાય રાતું. આરાધના રે......... -૪

પુણ્ય વધારી પાપ, વાસનાને કાપજે,
આત્માના હિતમાં, શકિતને સ્થાપજે;
હે યથાશક્તિ ભકિતને કરી લે તું. આરાધના રે...... -૫

આદિ અક્ષર એનો, સમરે જે ભાવથી,
સાત સાગર દુઃખ, કાપે તે દાવથી;
હે એના અક્ષર સઘળા ય સુખ હેતુ. આરાધના રે....... -૬

મંત્ર નવ લાખ સહુ, ગણજો હવે આજથી,
તન મન વચનના, એક જ અવાજથી;
હે એથી દુર્ગતિ દુઃખ સહુ પલાતું. આરાધના રે..... -૭

પંચ પરમેષ્ઠી તણું, ધ્યેય ધરી રાખજે,
સાધક ! નમો પદ, યુક્તિને દાખજે;
હે પામી સમકિતને ખોલ નિજ ખાતું. આરાધના રે..... -૮

શાંતિ સમાધી વળી, સદ્‌ગતિને પામીને,
જન્મ મરણની, પીડા સહુ વામીને;
હે મુક્તિ લેવાનું મન હવે થાતું. આરાધના રે....... -૯

જયભદ્રકારી મહામંત્રને પીછાણો,
પ્રેમ ભુવન ભાનુ દાન ધર્મ દીલ આણો;
હે 'જગવલ્લભ' સુખ વરી જા તું. આરાધના રે....... -૧૦

卐卐卐

(૮)

(સિદ્ધાચલ વંદો રે નરનારી.... એ રાગ)

નવકારનો મંત્ર સદા સુખકારી, સુખકારી સુખકારી. નવ. ૧
અઠસઠ અક્ષર નવપદ એનો, મહિમા છે અપરંપારી. નવ. ૨
નવપદજપ તપ એકાસણાનો, વળી બનીએ બ્રહ્મચારી. નવ. ૩
ખમાસમણને કાઉસગ્ગ એના, પદ અક્ષર સુપ્રમાણી. નવ. ૪
પંચ મંગલ નવકારની નાવમાં, બેસી બનો ભવપારી. નવ. ૫
જગ જનના દુઃખ દૂર કરીને, વાંછિત સુખ દાતારી. નવ. ૬
જિન શાસન સુર વૃક્ષનું મૂળ છે, પાપનું શૂળ નિવારી. નવ. ૭
જન્મ મરણના સહુ સંતાપનો, રોગ મીટાવણ હારી. નવ. ૮
ભણો નવકારને ગણો નવકારને, સમરો શમરસ ક્યારી. નવ. ૯
નમો નવકારને જપો નવકારને, બનો નવકારના પૂજારી.નવ. ૧૦

(૯)

(પારેવડા જાજે દાદાના દેશમાં.... એ રાગ)

જીવન વન મંગલ બને નવકારથી,
જીવનદીપ જલતો રહે નવકારથી;
જીવન રથનો એ સારથી. જીવનવન. ૧

નવકાર મંત્રની કરીએ આરાધના,
નવ દિન એકાસણા તપની છે સાધના;
કરીએ તરીએ સંસારથી. જીવનવન. ૨

નવકાર મંત્ર જિન શાસનનું દ્વાર છે,
ચૌદ પૂરવનો એહી જ સાર છે;
જીવન નૈયાના રખેવાળથી. જીવનવન. ૩

મલ્યો નવકાર જેના પાપ ઘણા ભાગીયા,
સંસાર મુક્તિના ભણકારા વાગીયા;
શિવસુખના સર્જન હારથી. જીવનવન. ૪

લોભ લાભ લાલચના રોગ બધા ટાળતો,
દાન દયા દમન ગુણ આપી અજવાળતો;
ભવ દુ:ખના ભંજન હારથી. જીવનવન. ૫

સાધે નવકાર તેની ભાગે અશાતા,
ટાળી અશાતા વળી આપે સુખશાતા;
વિષધરના વિષ હરનારથી. જીવનવન. ૬

અડસઠ અક્ષર તીર્થયાત્રા ફળ આપતા,
પામો નવનિધિ એના નવપદ જાપતા;
અષ્ટ સિદ્ધિના દાતારથી. જીવનવન. ૭

મીટે નવ લાખ જાપ જપતાં સહુ દુર્ગતિ,
સુરપદ નરપદ વળી પામે તે સદ્ગતિ;
ભવિ મનના એક આધારથી. જીવનવન. ૮

નવપદનો જાપ વળી બ્રહ્મવ્રતના ખપથી,
શક્તિ જો હોય તો આંબિલના તપથી;
સુખના અખૂટ ભંડારથી. જીવનવન. ૯

પ્રેમે ભુવન ભાનુ અંતર પ્રગટાવતો,
સુખડા સ્થાયી 'જગવલ્લભ' એ આપતો;
નિત્ય જપો એ સવારથી,
માટે જપો એ અત્યારથી. જીવનવન. ૧૦

卐卐卐

# શ્રી નવકાર મહામંત્રાન્તર્ગત
# ૬૮ તીર્થ પૂજા

દુહા

પ્રણમી પદકજ પ્રભુતણા, પ્રેમ ધરી સુવિહાણ;
રહી શરણે નવકારને, સમરું ત્રિભુવન ભાણ. ૧

પંચ તીરથ-અડસઠ વળી, પદ અક્ષર હિતઠાણ;
શાશ્વત પદ વરવા ભણી, યાત્રા ધર્મ સુજાણ. ૨

વર દાયક શારદ દીયો, માત સ્તવનને કાજ;
શક્તિ રચું નવકારની, ગીત માળા શિવ કાજ. ૩

પ્રથમ ઢાળ પદ પાંચમાં, પાંચ તીરથ વિખ્યાત;
બિતિ ચઉ ઢાળે વળી, સાત પાંચ ને સાત. ૪

પંચમ ઢાળે સાત છે, નવ ખટ ઢાળે હોય;
સાત આઠ નવ દશ વળી, અડ અડ અડ નવ જોય. ૫

દોષ વિકર્ષી ધ્યાનમાં, નકાર ધારો ભાઈ,
આકર્ષી શિવસુખ ગુણો, હકાર છે હિતદાઈ. ૬

શિવપદ દાયક મંત્રની, તીર્થ પૂજા નવ ભેદ,
ન્હવણે કરી અરિહા તણું, પ્રથમ કરો અઘ છેદ. ૭

## ઢાળ ૧ લી

## જલ પૂજા

## પંચમંગલ અંતર્ગત પંચતીર્થ સ્તવના

(તમે પ્રભુ ગુણ ગાવો ભાવધરી... એ રાગ)

પ્રભુ ગુણ ગંગાજલ સ્નાન કરૂં, પ્રભુ ગુણ ગંગાજલ સ્નાન કરૂં.
કરી સ્નાન હું ભવજળ વેગે તરું, પ્રભુ ગુણ ગંગાજલ સ્નાન કરૂં. ૧

પાંચે પદ પંચમ પદ દાતા, પંચ તીરથ શાશ્વત સમરૂં;
મંત્ર મહા નવકારના અડસઠ, અડસઠ તીરથ ધ્યાન ધરૂં. પ્રભુ. ૨

નમો અરિહંતાણં પદ સોહે, અષ્ટાપદ હિત ઠાણ ખરૂં;
બીજે પદ સિદ્ધાચલ શિખરે, આદિ જિનેશ્વર પાય પડૂં. પ્રભુ. ૩

આયરિયાણં પદ પર આબુ, અચલગઢે શ્રી આદીશ્વરૂં;
પદ ચોથે ઉજ્જિંત ગિરિએ, નેમિ નિરંજન પાપ હરૂં. પ્રભુ. ૪

પંચમ પદ સમ્મેતશિખરજી, ભવજલતારૂ તીર્થ ખરૂં;
વીશ જિનેશ્વર શિવપુર પહોતા, વાંદી મુજ પાપો વિખરૂં. પ્રભુ. ૫

નમો સહિત શાશ્વત પદ પાંચે, ધરતાં ધ્યાને દોષ દળું;
પંચ તીરથ 'જગવલ્લભ' જાત્રા, કરતાં પ્રેમે મોક્ષ રળું. પ્રભુ. ૬

### ઢાળ બીજી

### ચંદન પૂજા

### દુહો

સરસ સુગંધી કસ્તુરી, ચંદન કેસર ઘોળ;
લહી પૂજી બીજા પદે, પામો પુણ્ય પટોળ....૧

સમવાર્ણ તીરથ તણી, કરતાં પૂજા ભાવ;
તૂટે સપ્ત ભયો વળી, વિઘટે સર્વ વિભાવ....૨

## નમો અરિહંતાણં પદાન્તર્ગત સપ્તતીર્થ સ્તવના

(સમરો મંત્ર ભલો નવકાર.... એ રાગ)

નંદો નંદો ભવિ ચિત્ત લાય, સેવો મંત્ર મહા વરદાય;
પહેલે પદ નવકારે જપીએ, સાત વરણ સુખદાય. નંદો. ૧

પ્રતિ અક્ષર એકેક સમરતા, સપ્ત તિરથ હિતદાય,
જાત્રા કરતાં ભવજલ તરીએ, શિવ સુખ સન્મુખ આય. નંદો. ૨

પાર્શ્વ પૂજો ઉપસર્ગહારશ્રી, તીરથ નગપુરા રાય;
કેશી ગણેશે કીધી પ્રતિષ્ઠા, પ્રદેશી નૃપ વિરચાય. નંદો. ૩

મોહન ખેડા તીર્થ નિરાલા, આદિ જિણંદ સુહાય,
સર્વ કામદાયક પૂજંતા, કામિત સકલ સધાય. નંદો. ૪

અલ્હાબાદ પ્રયાગ તીરથમાં, સમવસરણ મંડાય;
કેવલધારી ઋષભ પ્રભુથી, શાસન ઠવણા થાય. નંદો. ૫

અડ સિદ્ધિ દાયક અઠમ જિન, રીંગણોદ તીર્થ પૂજાય;
ત્રિકરણ યોગે પ્રભુ ગુણ ગાતા, અષ્ટ કરમ વિખરાય. નંદો. ૬

તીર્થ હત્થુડી મહાવીર રાતા, ભેટયે ભવ દુઃખ જાય;
ગુણ ગંગાજળ સ્નાન કરંતાં, આતમ પાવન થાય. નંદો. ૭

તારણગિરિ શુભતીર્થની ટોચે, વિજયા સુત પંકાય;
અતિશયધારી મૂર્તિ જુહારી, હારે કરમ બલાય. નંદો. ૮

નાંદીયા તીર્થમાં નેહે નિરખો, જિવિત સ્વામી લય લાય,
અડ પડિહારી બાવની મૂરતિ, નંદિવર્ધન વિરચાય. નંદો. ૯

પ્રેમે જુહારી સપ્ત તિરથ એ, ભુવનભાનુ ભગદાય,
નમો ધર્મ ગુરૂદેવ સુયોગે, 'જગવલ્લભ' પદ પાય. નંદો. ૧૦

卐卐卐

ઢાળ ત્રીજી

પુષ્પપૂજા

દુહા

વિકસિત વર્ણ સુપંચના, પુષ્પ તણી વરદામ;
પ્રભુ કંઠે પહેરાવતાં, હોવે વિઘ્ન વિરામ....૧

ત્રીજી પૂજા તીર્થની, ઈણ વિધ કરતાં લેશ;
પંચ તીરથને સેવતાં, પામો શુભ સંદેશ...૨

## નમો સિદ્ધાણં..... પદાન્તર્ગત પંચ તીર્થ સ્તવના

(મારા શામળા છો નાથ.... વિનંતિ કરૂં છું કરજોડી ને... એ રાગ)

જાત્રા કરવા ચાલો આજ, જાત્રા કરીએ શિવપદ કાજ, (૨)
ભાવે જુહારો ભવિ તીર્થને, ભાવે.

પાંચ તીર્થો દ્વિતીય પદે શોભતા,
જેનાં નામો ભવિનાં ચિત્ત લોભતા;
શોભે શોભે તેની શાન, કરતાં યાત્રા પુણ્ય નિશાન, (૨) ભાવે. ૧

મરૂદેશે નર્દુલપુરી ભેટતાં,
પ્યારા પદ્મપ્રભુજી દુઃખ મેટતાં;
લઘુ શાન્તિ જ્યાં વિરચાય, માનદેવ સૂરિ સોહાય. (૨) ભાવે. ૨

નામે મોહના તીરથે પ્રભુ ગાજતા,
વામાનંદન પાર્શ્વજી વિરાજતા;
જેની કાયા ઉજ્જવળ વાન, પૂજી પામો ઉજ્જવળ જ્ઞાન. (૨) ભાવે. ૩

ગિરિમાળા સિરણવા એ નામની,
કોલરગઢમાં આદીશ્વર ધામની;
યાત્રા કરતાં દિલ ડોલાય, હૈયે હર્ષ ઘણો ઉભરાય. (૨) ભાવે. ૪

કચ્છ દેશે યાત્રીનાં મન લોભતી,
નામે પુરી ધમડકા શોભતી;
ત્રિહુંરૂપી પ્રભુ વરદાય, શાંતિનાથ નમો ચિત્તલાય (૨) ભાવે. ૫

બાવન ચૈત્યો નિહાળી સમીપમાં,
પ્રેમે પૂજો નંદીશ્વર દ્વીપમાં;
ઋષભ, ચંદ્રાનન, વર્ધમાન, વંદો વારિષેણ મહાન (૨) ભાવે. ૬

પાંચે તીરથો પંચમ પદ કારણા,
ભુવનભાનુ ભક્તિ છે શિવ બારણા;
ધર્મજીત ચરણ સુપસાય, સેવા 'જગવલ્લભ' પદદાય. (૨) ભાવે. ૭

## ઢાળ ૪ થી

## ધૂપપૂજા

### દુહા

ત્રીજે પદ અક્ષર કહ્યા, સાત તીરથ અસમાન;
ભાવ ધરી પ્રભુ પૂજતાં, ચાર ગતિ દુઃખ હાણ. ૧

ચોથી પૂજા ધૂપની, અગુરૂ પ્રમુખ સૌ જાત;
અગ્ર રહી ઉખેવતાં, અભ્યુદય એકાંત. ૨

## નમો આયરિયાણં અંતર્ગત સપ્ત તીર્થ સ્તવના....

(બાળુડો નિઃસ્નેહી થઈ ગયો રે.... એ રાગ)

ચિત્તડું ચકોર મારૂ ચિંતવે રે, ક્યારે મળશે જિનેશ, (૨)
મનનું મંદિર શણગારવા, મળો મુજને વિશ્વેશ ! (૨)
તીર્થ યાત્રા ફળ મોટકું. ૧

સપ્ત તીરથ અવધારીયા રે, પદ ત્રીજે વિખ્યાત, (૨)
ભવ સાગર તરવા તરી, સેવું સ્નેહે એકાંત (૨) તીર્થ. ૨

નલીયા તીરથ કચ્છ ભોમમાંરિ, ચંદ્ર પ્રભુજી નો વાસ, (૨)
ચિત્તે ચાહી કરી ચાકરી, પામ્યો પુણ્ય પ્રકાશ (૨) તીર્થ. ૩

સપ્ત મહાભય ટાળતો રે, સ્વામી સેવો સુપાસ, (૨)
મોડપુર તીર્થમાં વિરાજતો, પુગે દાસ તણી આશ. (૨) તીર્થ.૪

તીર્થ આરાસણ પામીયેરે, નેમિજિનનો સંગાથ, (૨)
શીયળ સ્નેહી ચિત્ત ધારીયે, ગ્રહી પ્રભુજીનો હાથ. (૨) તીર્થ. ૫

યશનગર કેકીંદમાં રે, જાણે પુનમનો ચાંદ, (૨)
આત્મ શીતલતા આપતા, ચંદ્રપ્રભુજીને વાંદ. (૨) તીર્થ. ૬

રીંછેડ તીર્થમાંહે રાજતો રે, વામા દેવી તણો નંદ, (૨)
પુરિસાદાણી પાર્શ્વ પૂજતાં, ટળે કર્મ તણા ફંદ. (૨) તીર્થ. ૭

યાદવપુર યાત્રા કરો રે, શિવાકુક્ષી મલ્હાર, (૨)
બ્રહ્મ અમોઘ બળ આપતા, સેવો સાંઈ હિતકાર (૨) તીર્થ. ૮

નંદ કુલવતી નેહે ધરી રે, કરો પ્રભુની પિછાણ, (૨)
નેમિ રૈવત - સિધ્ધાચલે, આદિ કરતા કલ્યાણ. (૨) તીર્થ. ૯

પ્રેમે પુષ્પોથી વધાવીયે રે, તીર્થ નાયક અવદાત, (૨)
ભુવનભાનુ સેવ ધર્મથી, 'જગવલ્લભ' પ્રભાત. (૨) તીર્થ.૧૦

## ઢાળ ૫ મી

## દીપક પૂજા

# નમો ઉવજ્ઝયાણં અંતર્ગત સપ્તતીર્થ સ્તવના

### દુહા

સપ્ત તીરથ ચોથે પદે, સેવી સપ્ત જિણંદ;
ચાર ગતિ દુઃખ ચૂરીએ, વરીએ પરમાનંદ....૧

દીપક પૂજા પાંચમી, વરવા પંચમ જ્ઞાન;
નાદ સહિત કરતાં થકાં, ભાગ્ય વરો અસમાન... ૨

(તું પ્રભુ મારો....હું પ્રભુ તારો...એ રાગ)

યાત્રા તણી રાખી દિલ ટેક, વિનયથી વંદો પ્રભુ સુવિવેક;
ચોથે પદે ધરી ધ્યાનમાં છેક, સપ્ત તીરથ પૂજો ભવિ નેક. યાત્રા. ૧

ચોવીશ દંડક વારવા કાજે, ચોવીશમો જિનવર જિહાં રાજે;
નદબઈ તીર્થ છે અક્ષર પહેલો, તે વીર જિન પૂજયે મનમેળો. યાત્રા.૨

મેવાડ દેશમાં તીર્થ છે મોહી, પાર્શ્વની પડિમા મુજ મન મોહી;
ચંદ્રપ્રભુજી મેં ચિત્ત ધાર્યા, ભવોભવનાં સંતાપ નિવાર્યા. યાત્રા. ૩

ઉપકેશ પુરમાં સોવન વરણા, ટાળે ભવિનાં જનમને મરણા;
ઓસવાળ વંશના દેવ દયાળા, મહાવીર સ્વામી પૂજો મયાળા.યાત્રા.૪

વરમાણ વંદો જીવિત સ્વામી, ત્રિશલા નંદનને શિરનામી;
પ્રભુ તુજ પરચાનો હું કામી, ભક્તિ કરું નવિ રાખું હું ખામી.યાત્રા.૫

વિઘ્ન વિદારી શાંતિ કરંતા, સ્નેહથી સેવો શાંતિ ભદંતા;
જાકોડા તીરથમાં ઝાકઝમાળા, પૂજી વરો શિવની વરમાળા. યાત્રા.૬

યાદગિરિમુખ તીર્થમાં રાજે, ભવિગુણ ગાવે એક અવાજે;
કુમતિ નિવારો સુમતિ જિણંદા, સન્મતિ આપો દેવ અમંદા. યાત્રા.૭

નાંદગિરિ પર અચરિજકારી, શામળા પારસની બલિહારી;
પુષ્પ સુવાસિત લાવીને ધરતા, દેવ સદા પ્રભુ પૂજન કરતા. યાત્રા.૮

નામ ગ્રહી તીરથ અધિકારી, પૂજીને સમ બનો અવિકારી;
પ્રેમે ભુવનભાનુ પદ ગુણ ખાણી, ધર્મે લહો 'જગવલ્લભ' લ્હાણી. યાત્રા.૯

卐卐卐

ઢાળ ૬ઠી અક્ષતપૂજા

## નમો લોએ સવ્વ સાહૂણં અંતર્ગત નવ તીર્થ સ્તવના

દુહા

નવ અક્ષર પંચમ પદે, નવમા તત્ત્વ સમાન;
મોક્ષ મહાપદ પામવા, પૂજો સાધુ સુજાણ...૧

ખંડ રહિત અક્ષત ગ્રહી, અક્ષય પદ દાતાર;
સ્વસ્તિકની રચના કરો, ચઉગતિ છેદણહાર....૨

(જય જય જય જય પાર્શ્વ જિણંદા... એ રાગ)

નમો નમો નવ તીરથ ભવ તરવા
ત્રિકરણ યોગે છ'રી પાળીને, યાત્રા કરો ભવિ શિવ સુખ વરવા. નમો.

પંચમ પદ નવકાર વખાણી, અક્ષર નવ તીરથ મન આણી;
ભવદવ તાપ નિવારક નવધા, તીર્થ જુહારો હિતકર જાણી. નમો. ૧

પદ્માવતી પારસ જિન પૂજે, પરચા પૂરણ પુરિસાદાણી;
નગરી નરોડા નાથ નિરંજન, સેવ કરે પદ્મા સુરરાણી. નમો. ૨

ત્રિશલાનંદન વીર જિનેશ્વર, મોઢેરા મંડન ગુણખાણી;
આતમ ધન વરવા પ્રભુ પડિમા, નિરખો ચમકી વીજ ઈશાણી. નમો.૩

સિદ્ધાચલવાસી પ્રભુ પ્રણમો, આદિ જિનેશ્વર મૂરત અજાણી;
મરૂધર દેશે તીર્થ લોટાણા, સંપ્રતિ ગિરિગોદે સપરાણી. નમો. ૪

ભવભય ભંજન જનમનરંજન, ચિત્ત ચકોરને ચંદ્ર સમાણી;
એલ્લુર તીર્થપતિ પ્રભુ પડિમા, વામાસુત શિવસંપદ દાણી.નમો. ૫

સત્યપુરમંડન વીર જયઉ, ગોયમ સમરે જગચિંતામણી;
જયસિરિ વાંછિત સુખકર સેવો, જીવિત પડિમા મુજ મનમાની.નમો. ૬

બાવન ચૈત્ય મહીં વરકાણા, પાર્શ્વની પડિમા સુર પૂજાણી;
બાવના ચંદન પ્રભુ અતિશાયી, વિષય ભુજંગમ વિષ ગમાણી. નમો.૭

ચ્યવન જન્મ દીક્ષા જ્યાં હુંતા, સંભવ જિનવર કેવલનાણી;
તે સાવત્થી પતિ પ્રભુ જોતાં, અખીયા મારી હરસે ભરાણી. નમો.૮

શ્રીહુશીયારપુરમાં પંજાબે, વાસુપૂજ્ય, પારસ મન આણી;
વાસવ વંદિત દોય જુહારી, વરીએ સમકિત રત્નની લ્હાણી. નમો.૯

નંદાસણમાં નિરખી હરખો, જયતિહુઅણ પારસ સુખખાણી;
ઈંદ્ર રાય નિજ હૃદયે સ્થાપે, મહિમા વધારે શિવ અરમાની. નમો. ૧૦

એ નવ તીર્થનાં પ્રેમથી પામો, ત્રિભુવનભાનુ શિવની નિશાણી;
ધર્મરસે જિત કર્મથી પામો, સ્હેજે 'જગવલ્લભ' શિવદાણી. નમો.૧૧

卐卐卐

## ઢાળ ૭ મી નૈવેદ્યપૂજા

## એસોપંચ નમુક્કારો અંતર્ગત આઠ તીર્થ સ્તવના.

(દુહા)

સપ્ત ભયોને ટાળવા, પૂજા સપ્તમી સાર;
અભય ધર્મ દાતા પ્રભુ, પૂજ્યે ભવ નિસ્તાર....૧

મોદક આદિ મોટકા, ધરી નૈવેદ્ય થાળ;
થઈ નિર્વેદી ભવથકી, ભવિ શિવ સુખને ભાળ....૨

(મને જડ્યું રે જગતમાં ઉપકારી.... એ રાગ)

સેવો સેવો રે તીરથ અડ શિરધારી,
એની યાત્રા છે પાપ પડલ હારી, સેવો. ૧

મહામંત્રમાં છટ્ઠે પદ જાણી, અડ અક્ષર તીરથ મન આણી;
ભાવે ભેટે ભવિ તસ બલીહારી.... એની. સેવો. ૨

બારમા જિન વાસુપૂજ્યતણી, એલીચપુર પામો મહેર ઘણી;
મહારાષ્ટ્ર દેશે મહા ગુણધારી..... એની. સેવો. ૩

સૌરીપુર તીર્થના મુકુટ મણિ, નેમિ જિનવર કીજે કૃપા ઘણી;
ઉત્તર દેશે જય જય કારી..... એની. સેવો. ૪

પંચ પહાડે શિવની નિસરણી, મુનિસુવ્રત મૂરત મનહરણી;
કલ્યાણકારી જોણે તે જુહારી.....એની. સેવો. ૫

પારસજિન પ્રણમો સપ્તફણી, ચવલેશ્વર ચારૂ સમાધિ ધણી;
ભેટો ભગવંત એ ભવતારી. .... એની. સેવો. ૬

નવરોઈ તીરથના નાથ ભણી, જઈ પૂજો પારસજિન ધર્મધણી;
જોઈ સાચી શિવ મંઝિલ બારી.... એની. સેવો. ૭

મહાવીર મુછાળા વિઘ્નહણી, સેવકને સહાય કીધી અ ઘણી;
પડિમા પ્રભુની વિસ્મયકારી... એની. સેવો. ૮

કાકંદી સુવિધિ સ્વામીતણી, કલ્યાણક ભોમ છે અઘહરણી;
સૌ કર્મ કઠિન બળ વિદારી.... એની. સેવો. ૯

પાર્શ્વાદિ વીર જિનને પભણી, રોહિત્યપુરે લહો શિવરમણી;
અડતીર્થ જુહારો સુખકારી..... એની. સેવો. ૧૦

પ્રેમે અડ ત્રિભુવનભાણ ગુણી, ગુણ ગંગાજલ નિજ કર્મ હણી;
કરવા નિજ આતમ ગુણ યારી.... એની. સેવો. ૧૧

ધરમે 'જગવલ્લભ' સૌખ્ય પણી, અડ તીર્થપતિ મુજ હૃદય ધણી;
કરો દ્રવ્ય-ભાવ ભગતી ભારી....એની. સેવો. ૧૨

卐卐卐

ઢાળ ૮ મી, ફળ પૂજા

## સવ્વ પાવપ્પણાસણો અંતર્ગત-આઠ તીર્થ સ્તવના

દુહા

આમ્ર શ્રીફલ આદિ ધરો, વિવિધ ફળો સુવિવેક;
અષ્ટમપદની પૂજના, કરો ધરી હિત ટેક....૧

ફળ પૂજાથી પામીએ, તારણ તરણ જહાજ;
સર્વ પાપ નાશક પદે, ઉત્તમ ફળ શિવરાજ....૨

(રીઝો રીઝો આ મોસમ આવી પર્વ પજુસણ કાજ.... એ રાગ)

ફરસી ફરસી અડ તીરથ પામો ભવજલથી નિસ્તાર,
સમરો સમરો સપ્તમ પદે સ્નેહે મહામંત્ર નવકાર;

સવ્વ પાવપ્પણાસણો અડ, અક્ષર તીરથ જાણ;
વિધવિધ મહિમા ધારી વિધવિધ, ગામે કરી પિછાણ. ફરસી. ૧

વાસુપૂજ્યજી સવણાતીર્થે, મરૂધર દેશ મઝાર;
નિરખી હૈયે હર્ષ ભરાતા, વંદો વારંવાર. ફરસી. ૨

વર્ધમાન પુરે વિખ્યાતા, બાવન ચૈત્ય મોઝાર;
મુળનાયક શ્રીઆદિજિનેશ્વર, જૈત્રમલ્લ જયકાર. ફરસી. ૩

વીર જિનેશ્વર શિવપદ પામ્યા, પાવાપુરી વિખ્યાત;
એ કલ્યાણક ભોમ જુહારી, હૈયે હર્ષ ભરાત. ફરસી. ૪

સપ્તમ જિન ત્રેવીશમા પારસ, વારાણસી શુભઠાણ;
ચ્યવન-જન્મ-દીક્ષા કલ્યાણક, પામ્યા પંચમ નાણ. ફરસી. ૫

પટણા માંહેં પુણ્ય પ્રભાવક, સેવો સ્વામી વિશાલ;
ભવ સાયરને છિલ્લર કરતાં, વરવા ગુણમણિ માલ. ફરસી. ૬

નાગાર્જુન નગરે જઈ ભેટો, પારસ શ્રી હ્રીંકાર;
કલ્પતરૂ ચિંતામણિ, ભદ્રાનંદ દાન શિરદાર. ફરસી. ૭

સરઢવ તીરથે સુખકર સેવો, આદિજિણંદ દયાળ;
મોહ તિમિર અજ્ઞાન નિવારક, ભાંગો ભવ જંજાળ. ફરસી. ૮

પાર્શ્વ જિનેશ્વર પરચા પૂરણ, કરતાં કર્મનો ઘાત;
ધર્મધામ નોખામંડીમાં, પ્રણમો ત્રિભુવન તાત. ફરસી. ૯

પ્રેમ ક્ષેમંકર ત્રિભુવન ભાનુ, તીરથ તારૂ સમાન;
ધર્મજિત ગુરૂ ચરણ કમળ હો, 'જગવલ્લભ' વરદાન. ફરસી.૧૦

ઢાળ ૯ મી, નાટક પૂજા

## મંગલાણં ચ સવ્વેસિં,
## અંતર્ગત આઠ તીર્થ સ્તવના

દુહા

તજી દંડ ત્રિહુંયોગથી, ધરી નિજ ચિત્ત સુભાવ,
અડ તીરથની પૂજના, મોક્ષ તત્ત્વનો દાવ...૧

જિમ રાવણ મંદોદરી, નાટય કરી વરે હેજ,
તિમ અષ્ટમ પદ પૂજીએ, વરવા શિવપદ સ્હેજ.....૨

(જિંદગીમાં કેટલું કમાણા રે.... એ રાગ)

શ્રદ્ધા ધરીને અડ તીર્થના રે, ભવિ લીજે ઓવારણા;
અષ્ટમ પદ નવકારમાં રે, ભજો મુક્તિના બારણા.
મુક્તિના બારણાનાં લીજે ઓવારણા,
કરીએ અંતરમાં ધારણા રે.... ભજો. શ્રદ્ધા. ૧

મંગલપુરે નવપલ્લવ પાર્શ્વજી;
ભજીયે ભાવે તે દુઃખ હારણા રે. ભજો. શ્રદ્ધા. ૨

વીર પ્રભુજી ગજપદમાંહે ગાજતા;
પાપ પડલનાં નિવારણા રે. ..... ભજો. શ્રદ્ધા. ૩

લાજતીરથ માંહે આદિનાથ રાજતા;
લોભે ભવિને હિત કારણા રે... ભજો. શ્રદ્ધા. ૪

નંદરાઈ તીર્થપતિ વામાસુત વંદીએ;
સ્હેજે ભવિને ભવતારણા રે. ભજો. શ્રદ્ધા. ૫

ચલોડા ચિત્તધરી પાર્શ્વજી જીરાવલા;
કીજે સમકિતની ધારણા રે.... ભજો. શ્રદ્ધા. ૬

સમળી વિહારે મુનિસુવ્રતજી વાંદીએ;
અશ્વાવબોધ અવધારણા રે.... ભજો. શ્રદ્ધા. ૭

વેલાર તીર્થે વ્રત ધારીને કીજીએ;
આદિ જિણંદ જુહારણારે.... ભજો. શ્રદ્ધા. ૮

સિંહપુરીનાં નાથ પ્રેમે જુહારતાં;
શ્રેયાંસ હિતનાં વધારણા રે..... ભજો. શ્રદ્ધા. ૯

ભુવનભાનુ ધર્મ તીર્થ તણી સેવના;
'જગવલ્લભ' સંભારણા રે.... ભજો. શ્રદ્ધા. ૧૦

## ઢાળ ૧૦ મી, ભાવપૂજા

## પઢમં હવઈ મંગલં-અંતર્ગત નવતીર્થ સ્તવના

### દુહા

કામ અવસ્થા વય તણી, દશ ટાળે નિરધાર,
ભાવ પૂજા દશમી કરી, પામો ભવ નિસ્તાર......૧

ટાળી બહિરાતમ દશા, અંતર આતમ ભાવ,
માંગું પ્રભુ દેઈ મને, શિવપુરમાં લઈ જાવ......૨

(કોણ ભરે કોણ ભરે કોણ ભરે રે.... એ રાગ)

ચિત્ત રમો ચિત્ત રમો ચિત્ત રમો રે,
અડસઠ તીર્થ મારા ચિત્ત રમો રે;
તીર્થ યાત્રાથી મારા પાપ ગમો રે,
અડસઠ તીર્થ મારા ચિત્ત રમો રે. ૧

નવમાં પદે છે નવ તીર્થો લોભામણા,
ભાવે ભેટીને એનાં લહીએ ઓવારણા;
મંત્ર ના કોઈ નવકાર સમો રે. અડસઠ. ૨

તીર્થ પરોલી નેમનાથજી બિરાજતા,
ભેટે જે ભવ્ય તેનાં અંતર અજવાળતા;
વસમા વિકારો તેને ભેટી વમો રે. અડસઠ. ૩

મરૂદેવાનંદ તીર્થ ઢવણામાં મહાલતા,
વારી વિપત્તિ સહુ સંપત્તિ આલતા;
ભાવે ભેટીને આત્મ સૌખ્ય પામો રે. અડસઠ. ૪

અન્ય ની આશ તજી ધરીએ વિશ્વાસને,
મંડલીકપુરે નમો ગાડલીઆ પાર્શ્વને;
ભેટયા પછી ન ભવમાંહિ ભમો રે. અડસઠ. ૫

હસ્તગિરિ તીર્થમાંહિ હસ્તિસેન રાજા,
અણસણ આરાધી વરે શિવસુખ સાજા;
નાભેય વંદી નિજ કર્મ ગમો રે. અડ. ૬

દ્રવ્ય - ભાવ જ્યોત દોય જલતી ચિરંતની,
વડગામતીર્થે આદિનાથ ભગવંતની;
અમીય ભરેલી મૂર્તિ ચિત્ત રમો રે. અડ. ૭

ઈલાદુર્ગ તીર્થપતિ શાંતિનાથ કામીએ,
ઈડરીઓ ગઢ જીતી શાંતિનાથ પામીએ;
વિશ્વનાં કો એ ધર્મચક્રી સમો રે. અડ. ૮

મંડપદુર્ગતણા સ્વામી સુપાસની,
સેવા સઘળી ય ટાળે પીડા ભવ વાસની;
આશા ધરીને ગ્રહો સાંઈ ક્રમો રે. અડ. ૯

ગજપુરમાં નાથ શાંતિ-કુંથુ-અરદેવના,
હુંતા કલ્યાણ બાર તેની કરો સેવના,
વરસી તપસ્વી આદિનાથ નમો રે. અડ. ૧૦

લક્ષ્મણી તીર્થરાજ પદ્મપ્રભુ ઝંખીએ,
પૂજીને પ્રાંતે એક શિવસુખ કંખીએ,
પ્રેમે એ તીર્થો ટાળે મોહ તમો રે. અડ. ૧૧

ભુવનભાનુ તીર્થપતિઓની સેવના,
ધર્મજિતકારી કરે આત્માની ખેવના,
જગના 'વલ્લભ' ભવે નૈવ ભમો રે. અડ. ૧૨

## કળશ

સંવત દોય હજાર પણયાલીશ સાલ સુહંકરી,
વર માસ ફાલ્ગુન પુણ્યવંતી દશમ કૃષ્ણ વિભાવરી,
શુભ ઠાણ સંગમનેર કુંથુજિન પસાયે મેં કરી,
યાત્રા મુનિ પંચક ધનેશ્વર મુખ્ય નિશ્રાને વરી. ૧

ઈમ તરણ તારણ કુગતિવારણ દુઃખવિદારણ વંદતા,
મહામંત્ર વર્ણ સમા તીરથ અડષષ્ઠિ પાપ નિકંદતા,
વરદાનદાયક પ્રેમલાયક ભુવનભાનુ સૂરીશ્વરા,
તસ આણધર્મ પસાય ગાયા તીર્થ 'જગવલ્લભ' કરા. ૨

卐卐卐

## ૬૮ તીર્થ પૂજનની આરતી

(જય જય આરતી આદિ જિણંદા... એ રાગ)

આરતી ઉતારૂ આજ આરતી ઉતારૂં, અડસઠતીર્થની આરતી ઉતારૂં...
અડસઠ તીર્થની પૂજા કરીને; અડસઠતીર્થને ભાવે જુહારૂં. અડસઠ. ૧

પહેલેપદે સાત, પાંચ છે બીજે;
ત્રીજે પૂજા સાત, જીવન સુધારૂં. અડસઠ. ૨

ચોથે સાત, પંચમપદે નવ છે;
છઠે પદે આઠ, દિલમાંહિ ધારૂં. અડસઠ. ૩

સપ્તમ-અષ્ટમ-પદ નવમે છે;
અડ-અડ-નવ તીરથ ભવતારૂં. અડસઠ. ૪

જગ જયવંતા, બહુ ગુણવંતા;
'વલ્લભ' અડસઠ તીર્થ નીહારૂં. અડસઠ. ૫

# અષ્ટોત્તરશત (૧૦૮) તીર્થવંદના

(૧) 'ન' -નગપુરાતીર્થ- ઉપસર્ગહરપાર્શ્વ.

કેશી ગણેશે ધરી એક નિષ્ઠા, કીધી પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા;
શેષ શરીરિ પ્રભુજી બિરાજ્યા, હર ઉપસર્ગ નામે નવાજ્યા. ૧

(૨) 'મો' -મોહનખેડાતીર્થ-આદિનાથ.

ભવાબ્ધિતરણી મોક્ષ નિસરણી, મૂર્તિ તમારી અમીરસઝરણી;
મનમોહની મોહનખેડ તીરથે, આદીશ અર્ચું શિવના જ અરથે. ૨

(૩) 'અ' -અલ્હાબાદતીર્થ-આદિનાથ-કેવળભૂમિ.

કૈવલ્યભૂમિ ઋષભેશ તારી, ભવ્યજીવોને બહુ ઉપકારી;
નેહ નજરથી નિરખું તને જ્યાં, આબાદ અલ્હા બનશું હવે ત્યાં. ૩

(૪) 'રિ' -રીંગણોદતીર્થ-નેમિનાથ.

શૈવેય સેવો પ્રભુ મોક્ષગામી, શ્રી રીંગણોદ શુભ તીર્થધામી;
છો યોગક્ષેમ કરનાર દેવા, હે નેમિનાથ ! કરું આપ સેવા. ૪

(૫) 'હં' -હત્થુડીતીર્થ-મહાવીર.

સિદ્ધાર્થના છો હે લાલ દેવા, અહોનિશ તારી કરું એક સેવા;
હત્થુડી તીરથે મહાવીર રાતા, તુજ પૂજને સૌ દુઃખડા પલાતા. ૫

(૬) 'તા' - તારણગિરિ તીર્થ-અજિતનાથ.

તારણગિરિની ટોચે ચઢીને, હે નાથ બેઠા સુખને મઢીને;
ઊંચી અટારી સહુથી તમારી, અજિતેશ પૂજી લહું ભવ પારી. ૬

(૭) 'ણં'-નંદિવર્ધનપુર-જીવિત સ્વામી.

સાક્ષાત્ અરિહા આજે ય જોવા, અબ નાંદીયામાં ચલો પાપ ધોવા;
જીવિત સ્વામી વીરજિન વંદું, પૂજી તને હું ચિરકાળ નંદુ. ૭

## (૮) 'ન' -નર્દુલપુર (નાડોલ) - પદ્મપ્રભસ્વામી.

જ્યાં માનદેવસૂરિએ બનાવી, શ્રીસંઘ રક્ષા કરી શાંતિ ગાવી;
તે નામ નાડોલ તીર્થે હું જાઉં, પ્રાણેશ પદ્મપ્રભ ગુણ ગાઉં. ૮

## (૯) 'મો'-મોહનાતીર્થ-પાર્શ્વનાથ.

છે મોહનામાં મહાનંદકારી, ભવ્યજીવોનાં ભવફંદવારી;
વામાતણો નંદન નેહ કીજે, વાંદ્યો પ્રભુ પાતિકને દહીજે. ૯

## (૧૦) 'સિ' -સિરણવા પર્વત-સિરોહી આદિનાથ.

નામે સિરણવા ગિરિમાળ રાજે, ધામે સિરોહીપુરમાં બિરાજે;
શ્રીકોલરાખ્યે દુરગે જિનેશ, આદીશ્વરો હું પ્રણમું જગીશ. ૧૦

## (૧૧) 'દ્ધા'-ધમકડા તીર્થ -શાંતિનાથ

ગામે ધમડકા નામે નિહાળી, મૂર્તિ પ્રભુની અતિ રઢીયાળી;
શ્રીકચ્છભૂમિમહીં એ ગવાણી, શાંતિપ્રભુ છે ત્રિહું રૂપ ખાણી. ૧૧

## (૧૨) 'ણં' -નંદીશ્વરદ્વીપ-બાવન જિનાલય

જ્યાં દેવદેવી બહુવાર  આવે, યાત્રા કરી ઉત્કટ ભાવ ભાવે;
નંદીશ્વરે બાવન ચૈત્ય મોટા, ભાવે ભજંતા નહિ પુણ્ય ત્રોટા.૧૨

## (૧૩) 'ન' નલીયાતીર્થ-ચંદ્રપ્રભસ્વામી

નામે નલીયા તીરથે બિરાજે, ચંદ્રપ્રભુજી જગ જશ ગાજે;
છો શૈત્યદાયી રજનીશ જેવા, ભાવે કરું હું તુજ ભક્તિ દેવા. ૧૩

## (૧૪) 'મો' મોડપુર-સુપાર્શ્વનાથ

શ્રી મોડપુરે અતિશાયિ આજે, સુપાર્શ્વ તારી પડિમા બિરાજે;
લળી લળીને તુમ પાય લાગું, કર્મેન્ધનોને દહ વીતરાગુ. ૧૪

(૧૫) 'આ' આરાસણા-નેમિનાથ

આરાસણાની ધરતી સુખાલી, છો નેમિદેવા ધરતા ગુણાલી;
કાળાશ રંગે નહિ દોષ અંગે, બનવા વિરાગી પ્રણમું ઉમંગે. ૧૫

(૧૬) 'ય' યશનગર (કેકીંદ) -ચંદ્રપ્રભુજી

છે મારવાડે અતિ અભિરામે, કેકીંદ નામે યશપુર ગામે;
પરચા પૂરે ત્યાં ચંદ્રપ્રભુજી, વાંદી લહું હું પુણ્યની પુંજી. ૧૬

(૧૭) 'રિ' રીંછેડતીર્થ-પાર્શ્વનાથ

રીંછેડકેરી રમણી ધરિત્રી, પાર્શ્વેશ આપે કીધી પવિત્રી;
તિમ હી મને પાવિત નાથ કીજે, સમરું તને હું મુજ દોષ છીજે. ૧૭

(૧૮) 'યા' યાદવપુર-નેમિનાથ

પ્રેમે સદાયે પ્રણમે ભૂપાલિ, હે નેમિ ! તારી પડિમા રૂપાલી;
તે યાદવોનાં પુરનાં પ્રતાપી, પ્રાણેશ ! પૂજું બનવા અપાપી. ૧૮

(૧૯) 'ણં' નંદકુલવતી-આદિનાથ નેમિનાથ.

જ્યાં દોય ઊંચા ગઢ મતવાલા, બેઠા જિહાં બે જિન રખવાલા;
ને નાડલાઈ તીરથે હું જાઉં, આદીશ-નેમિ નમી હર્ષ પાઉં. ૧૯

(૨૦) 'ન' નદબઈ તીર્થ-મહાવીર સ્વામી

નમો નમસ્તે મહાવીર સાંઈ, નદબઈ ધામે તુમચી વધાઈ;
સૌ કર્મ યુધ્ધે થઈ યોધ લાગું, હે વીર ! હું તો વીરતા જ માંગું. ૨૦

(૨૧) 'મો' મોહીતીર્થ-પાર્શ્વનાથ

મેવાડ દેશે શુભઠાણ મોહી, ત્યાં પાર્શ્વમૂર્તિ મુજ ચિત્ત મોહી;
તીર્થેશ્વરા હે ભવ તીર જાવા, પૂજી તને હું ચહું ભક્તિલ્હાવા. ૨૧

### (૨૨) 'ઉ' ઉપકેશપુર-મહાવીર

કંચનવર્ણી કમનીયકાયા, શ્રીવીરની છે સુખકાર છાયા;
નોખી અનોખી પ્રભુની કહાણી, ઉપકેશપુરે પરચા પુરાણી. ૨૨

### (૨૩) 'વ' વરમાણતીર્થ-મહાવીર

હું વીર વીર વીર એમ બોલું, નામ નદીમાં દિલડું જબોળું;
વરમાણ જીવિત સ્વામી વધાવું, પાપો પખાળીને પાવન થાઉં. ૨૩

### (૨૪) 'જ્ઝા'-ઝાકોડાજી શાંતિનાથ

બહુ પુણ્યયોગે જસ સેવ લાધે, સેવ્યા થકી તે નિજ શાન વાધે;
ઝાકોડનામા શુભ તીર્થનેતા, તે શાંતિદેવા પ્રણમો પ્રણેતા. ૨૪

### (૨૫) 'યા'-યાદગિરિ-સુમતિનાથ

છે યાદગિરિ ધરતી મઝારી, શ્રી મંગલેય ભવતીરકારી;
સન્મતિ પામું તુજ પૂજનાથી, માંગું ભવોભવ પ્રભુ તું જ સાથી. ૨૫

### (૨૬) 'ણં' -નાંદગિરિ-પાર્શ્વનાથ

છે નાંદગિરિ નમણો મજાનો, ડુંગર ઉપર ગુણનો ખજાનો;
પાર્શ્વેશ બેઠો પરચો બતાવે, આજે ય જોતાં દિલ હરખાવે. ૨૬

### (૨૭) 'ન' નરોડાતીર્થ-પદ્માવતીપાર્શ્વ.

પદ્માવતી પારસદેવ પામી, આજે થયો હું શિવનો જ કામી;
નગરી નરોડા પુણ્ય પ્રતાપી, પરચા પૂરંતા પ્રભુ જાપ જાપી. ૨૭

### (૨૮) 'મો'-મોઢેરા -મહાવીર

જ્યાં બપ્પભટ્ટીસૂરિજી ઉપાસે, શ્રી વીર કેરી પડિમા પ્રકાશે;
તે તીર્થ મોઢેરક નામ ધામે, વંદું વિભુને શિવલબ્ધિ કામે. ૨૮

## (૨૯) 'લો'-લોટાણાતીર્થ-આદિનાથ

લોટાણગામે ગિરિમૂલ સોહે, નાભેય બેઠા ભવિ પડિબોહે;
શેત્રુંજાવાલા કરું કાલાવાલા, પરચા પૂરોને જગ રખવાલા. ૨૯

## (૩૦) 'એ' એલ્લુર-પાર્શ્વનાથ

એલ્લુરતીર્થે અરિહંત યોગી, સેવે તને સૌ ભોગી-અભોગી;
આવ્યો કરેવા તુજ ભક્તિ દ્વારે, તારા વિના કો નહિ હિત સારે. ૩૦

## (૩૧) 'સ' સત્યપુર-મહાવીર

જય હો તમારો વીર ! સત્યપુરે, જીવિત હૈયે રહેજો હજુરે;
વિશ્વાસ તારો મુજને સદાયે, રીઝો પ્રભુ તો રહું સુખ છાંયે. ૩૧

## (૩૨) 'વ' વરકાણાતીર્થ-પાર્શ્વનાથ

વામેય વ્હાલો વરકાણતીર્થે, વેગે જુહારો શિવના જ અર્થે;
ત્રિકરણયોગે પૂજી તને હું, પાપો દહીને પુણ્ય લહું હું. ૩૨

## (૩૩) 'સા' સાવત્થીતીર્થ-સંભવનાથ

હે સંભવેશ ! ભવપારકારા, કલ્યાણ ચારે મન મોહનારા;
સાવત્થી નામે તીરથે રચાઉં, પૂજા તમારી હું શુદ્ધ થાઉં. ૩૩

## (૩૪) 'હૂ' હુશીયારપુર

સૌ ભક્ત પામે નિજ હિત કેરી, જ્યાં હુશીયારી ધરમે અનેરી;
તે હુશીયારપુરનાં પ્રતાપી, પૂજો પ્રભુને શુભ જાપ જાપી. ૩૪

## (૩૫) 'ણં' નંદાસણં-પાર્શ્વનાથ

નંદાસણે ભદ્રકભાવ કારી, પુણ્યે લહો પારસને જુહારી;
તિહુયણ નામે જયકાર કીજે, ભેટે ભવિ જે તસ હોંશ સીજે. ૩૫

## (૩૬) 'એ' એલીચપુર-વાસુપૂજ્યજી

એલીચપુર છે ગિરિની તળેટી, ત્યાં વાસુપૂજ્ય જિનરાજ ભેટી;
મોહાદિ મલ્લો વિખરાય જેથી, કદીયે ભૂલું ના પ્રભુને હવેથી. ૩૬

## (૩૭) 'સો' સૌરીપુર-નેમિનાથ

સૌરીપુરી છે બહુ શૌર્યવંતા, નેમીશ્વરા તે શિવનારકંતા;
કલ્યાણ હુંતા જિનરાજ કેરા, જ્યાં દોય વંદી લહું પુણ્ય ઢેરા. ૩૭

## (૩૮) 'પં' પંચ પહાડ-મુનિસુવ્રત

પંચ પહાડે વસમા ચઢાણે, વીસમા પ્રભુને વાંદો અટાણે;
હે સુવ્રતેશ ! મુજ ચિત્ત લાગો, સેવ્યો તું ટાળે વસમા વિપાગો. ૩૮

## (૩૯) 'ચ' ચવલેશ્વર-પાર્શ્વનાથ

છે મેદપાટે ગિરિએ અટારી, ચવલેશ્વરા પારસનાથ તારી;
આવે ઘણા યાત્રિક દોડી દોડી, પૂજ્યો તને પ્રેમળ હાથ જોડી. ૩૯

## (૪૦) 'ન'નવરોઈતીર્થ-ધર્મનાથ

હે ધર્મનાથ ! પ્રભુજી તમારા, રત્નપુરીમાં કલ્યાણ ચારા;
નવરોઈ તીર્થે નેહે નિહાળું, પાર્શ્વેશ પૂજી મુજ મોહ ગાળું. ૪૦

## (૪૧) 'મુ' મુછાળા-મહાવીર

મહાવીર તારી મૂરતિ મજાની, વંદું વિવેકે ગુણની ખજાની;
નામે મુછાળા અચરિજ ભારી, સેવે અહોનિશ બહુ નરનારી. ૪૧

## (૪૨) 'ક્કા' કાકંદી તીર્થ-સુવિધિનાથ

ટાળી અવિધિ ધરતો સુવિધિ, નવમા નમું હું સ્વામી સુવિધિ;
કાકંદીમાંહે કલ્યાણ ચારે, પહોચું પૂજીને ભવના કિનારે. ૪૨

### (૪૩) 'રો' રોહિત્યપુરે-પાર્શ્વાદિવીર

રોહિત્યપુરે ત્રણ ચૈત્ય વંદો, પાર્શ્વાદિવીર પ્રભુ સુખકંદો;
ધરી નેહ પૂજા પ્રભુની કરીજે, તો સ્વપ્નમાંહેં પરચા વરીજે. ૪૩

### (૪૪) 'સ' -સવણાતીર્થ-વાસુપૂજ્યજી

છો વાસુપૂજ્ય વિભુ વીતરાગી, તો યે પ્રભુ હું તુમચો જ રાગી;
સ્વામી બિરાજો સવણા સુગામે, ભાવે ભજે તે શિવલક્ષ પામે. ૪૪

### (૪૫) 'વ્વ'-વર્ધમાનપુર-શાંતિનાથ

શૂલપાણી યક્ષે ઉપસર્ગ કીધા, જ્યાં વીરને તે ધરતી પ્રસિદ્ધા;
પંચાલદેશે પુર વર્ધમાન, શાંતીશ સેવું બની એકતાન. ૪૫

### (૪૬) 'પા' પાવાપુરીતીર્થ-મહાવીર સ્વામી

નિર્વાણ ભૂમિ પાવાપુરીયે, દે સાદ શિવનો જીવને બધાયે;
દીપાવલીએ વીર શિવ પામે, કલ્યાણ ઉજવે સહુ ગામગામે. ૪૬

### (૪૭) 'વ' વાણારસી તીર્થ-પાર્શ્વસુપાર્શ્વનાથ

પાર્શ્વસુપાર્શ્વ જગદીશ કેરા, ભદૈની ભેલુપુરમાં ભલેરા;
કલ્યાણ હુંતા મલી દોય આઠ, વાણારસીમાં તજી ભવ ગાંઠ. ૪૭

### (૪૮) 'પ્પ' પટણા તીર્થ-વિશાલ સ્વામી (વિહરમાન)

અજોડ પ્રતિમા પાર્શ્વાદિ કેરી, ને ધર્મચક્ર ઠવણા ભલેરી;
તે તીર્થનામે પટણામાં વાંદો, વિશાલસ્વામી પૂજી આનંદો. ૪૮

### (૪૯) 'ણા' -નાર્ગાર્જુન નગર-હ્રીંકાર પાર્શ્વનાથ

ગંટુર નાગાર્જુન નામ પુરે, હ્રીંકાર પાર્શ્વજિન પાપ ચૂરે;
તકદીરયોગે જિન પાર્શ્વ ભેટી, તકલીફ ટાળી લહો પુણ્ય પેટી. ૪૯

(૫૦) 'સ' સરઢવતીર્થ-આદિનાથ

હે આદિદેવા સહુ કામદાતા, દેવાર્ચ્ય ! તારા ગુણગાન ગાતા;
હું નમ્રતાથી ઋજુતા ગ્રહેવા.... સરઢવતીર્થે કરૂં આપ સેવા. ૫૦

(૫૧) 'ણો' નોખામંડી (પાર્શ્વનાથ)

મંડી અનોખી જસ નામ નોખા, યાત્રા કરંતા દિલ થાય ચોકખા;
શ્રી પાર્શ્વ પેખી અઘને પખાળી, ભેટી પ્રભુ મૂરત રઢીયાળી. ૫૧

(૫૨) 'મં' મંગલપુર-નવપલ્લવપાર્શ્વ

છે માંગરોળે નવપલ્લવાજી, પાર્શ્વ પૂજંતા દિલ થાય રાજી;
પરભાવચૂર્ણી પ્રભાવપૂર્ણી, મૂરતિ પ્રભુની ઉજ્જવળવર્ણી. ૫૨

(૫૩) 'ગ' ગજાગ્ર પર્વત-મહાવીર

દશાર્ણભદ્ર વ્રત શુભ સ્થાન, ગજાગ્રશૈલે જિન વર્ધમાન;
નિજ હિત ચાહું ગ્રહી નામ તાસ, પૂજી પ્રભુને લહું મુક્તિવાસ. ૫૩

(૫૪) 'લા' લાજતીર્થ-આદિનાથ

ક્ષિતિ મરૂની કરતાં સુખેવ, શ્રીલાજતીર્થે પ્રભુ મારૂદેવ;
નિજ હિત ચાહું ગ્રહી નામ તાસ, પૂજ્યે પ્રભુને અધિકોઉજાસ. ૫૪

(૫૫) 'ણં' નંદરાઈ-પાર્શ્વનાથ.

મેવાડ દેશે પુરી નંદરાઈ, જ્યાં વીતરાગી વિભુની વડાઈ;
શોધ્યો જડે ના જગદીશ એવો, આજે ઉમંગે પ્રભુ તેહ સેવો. ૫૫

(૫૬) 'ચ' ચલોડા તીર્થે-જીરાવલ્લાજી

ચિત્તે ચલોડા શુભ તીર્થ ધારો, જીરાવલ્લા પારસને જુહારો,
નિશ્ચે પ્રભુ તે સહુ વિઘ્ન વારે, પહોંચો પૂજીને ભવના કિનારે. ૫૬

## (૫૭) 'સ' સમળીવિહાર-મુનિસુવ્રત

સમળીવિહારે મુનિસુવ્રતેશ, ભૃગુકચ્છપુરે પ્રણમું વિશેષ;
જ્યાં અશ્વ બોધ કરવા પધાર્યા, પુણ્યે પૂજંતા મુજ પાપ હાર્યા.૫૭

## (૫૮) 'વે' વેલાર તીર્થ-આદિનાથ

ચાલો હવે સૌ વેલારગામે, પરચા પૂરંતા ઋષભેશ ધામે;
પૂજી સ્તવીને જિન આદિદેવા, માંગું ભવોભવ તુમ એક સેવા.૫૮

## (૫૯) 'સિં' સિંહપુરી-શ્રેયાંસનાથજી

ભવ્ય જીવોને દીયે પ્રેય ઢેરા, દાનેશ્વરી જે સહુ શ્રેય કેરા;
કલ્યાણભૂમિ તુજ સિંહપુરી, શ્રેયાંસદેવા કરૂં ભક્તિ ભૂરિ. ૫૯

## (૬૦) 'પ' પરોલીતીર્થ-નેમિનાથ

પંચોપચારી અષ્ટોપચારી, સર્વોપચારી કરતાં ઉદારી;
શ્રી નેમિનાથ પ્રભુ નિર્વિકારી, પૂજે પરોલી તીર્થાધિકારી. ૬૦

## (૬૧) 'ઢ' ઢવાણાતીર્થ

નામે ઢવાણા ગામે ગવાણા, પૂજે પ્રભુને નરદેવરાણા;
પંચાંગથી હું પ્રણમું દયાળુ, દ્યો મોક્ષ મોહે સેવ્યો મયાળુ. ૬૧

## (૬૨) 'મં' મંડલિકપુર-ગાડલિયા પાર્શ્વ

મંડિલકપુરે કરે સુરસેવ, હે ગાડલિયાભિધ પાર્શ્વદેવ !
નાની છતાં યે નહિ જેહ છાની, પ્રેમે પૂજું હું મૂરતિ મજાની. ૬૨

## (૬૩) 'હ' હસ્તિગિરિ-આદિનાથ

ચક્રી ભરતનાં હાથી ઘણાયે, સુરલોક પામે હસ્તિગિરિયે;
તે તીર્થધામે ગિરિરાજ ટુંકે, નાભેયને સૌ નર સુર ઝૂકે. ૬૩

## (૬૪) 'વ' વડગામ-આદિનાથ

જ્યાં દોય રૂપે દીપ પ્રકાશી, અહોનિશ દ્રવ્યભાવ વિકાશી;
વડગામ તીર્થેશ્વર આદિનાથ, ભવતીર જાવા પકડયો મેં હાથ. ૬૪

## (૬૫) 'ઈ' ઈલાદુર્ગ-શાંતિનાથ

ઈડરગઢમાં મઠ એક મોટો, બાવન ચૈત્ય નહિ જાસ જોટો;
ત્યાં સંઘશાંતિકર દેવ શાંતિ, પૂજી તને હું તજું ભવભ્રાંતિ. ૬૫

## (૬૬) 'મં' મંડપદુર્ગ-સુપાર્શ્વનાથ

મંડપદુર્ગે સ્વામી સુપાસ, ભેટું તને હું ધરી ઉર આશ;
સપ્તમ જિનેન્દ્ર ભય સાત ટાળો, નિર્મમ નેહે ભવ મુજ ગાળો. ૬૬

## (૬૭) 'ગ' ગજપુર-શાંતિ-કુંથુ-અર

જિન શાંતિ-કુંથુ-અરનાથ તારા, ગજપુરતીર્થે કલ્યાણ બારા;
આદીશ વંદુ તપધર્મ યોગી, પુણ્યે પૂજંતા ન હિ કર્મયોગી. ૬૭

## (૬૮) 'લં' લક્ષ્મણીતીર્થ-પદ્મપ્રભુ

માલવની જ્યાં ધરતી વિરામે, પદ્મપ્રભુ ત્યાં લક્ષ્મણી ધામે;
યાત્રી ઘણા યે દિન રાત આવે, થઈ એક ચિત્તે તુજ ગુણ ગાવે. ૬૮

## (૬૯) ઋજુવાલુકાતીર્થ-મહાવીર સ્વામી

મહાવીર તારી મૂરતિ મજાની, વંદું વિવેકે ગુણની ખજાની;
કૈવલ્યભૂમિ ઋજુવાલુકાએ, દે સાદ શિવનો જીવને બધાયે. ૬૯

## (૭૦) મુંડ સ્થળ-મહાવીર સ્વામી

મુંડ સ્થળે સહુ સુખની હવેલી, ખડ્ગાસને છે મૂરતિ ઉભેલી;
મહાવીર કેરી અમીય ભરેલી, વંદું સદા વાંછિત દાન હેલી. ૭૦

### (૭૧) લાલદુર્ગતીર્થ-પાર્શ્વનાથ

જ્યાં રંગ લાગે પ્રભુ ભક્તિ કેરો, તે લાલદુર્ગે પ્રભુ પાર્શ્વ ડેરો;
વાંછા વિદારે સહુ કામ કેરી, પૂજી હું ટાળું સહુ કર્મ વૈરી. ૭૧

### (૭૨) નાગોરતીર્થ-નવરેખ પાર્શ્વનાથ

નાગોરનામે અપરાભિધાને, અહિચ્છત્રપુરે પુણ્ય પ્રધાને;
નવરેખ નામે જિનપાર્શ્વ વંદો, પૂજી પ્રભુને ભવદુઃખ ખંડો. ૭૨

### (૭૩) મેત્રાણાતીર્થ-આદિનાથ

છે ધાણધારે અતિલાલ રંગે, નાભેય નોખો મેત્રાણ ચંગે;
યાત્રિક આવી બહુ લાભ લેતા, વંદું વિવેકે જિન કર્મજેતા. ૭૩

### (૭૪) રત્નપુરીતીર્થ-ધર્મનાથ

ધર્મેશ તારા કલ્યાણકારી, કલ્યાણ ચારે અતિ ઉપકારી;
તે રત્નપુરી ધરતી જુહારું, પૂજી પ્રભુને પાતિક ટાળું. ૭૪

### (૭૫) યેવલાતીર્થ-અવંતી પાર્શ્વનાથ

નામે અવંતી સહુ ગુણખાણો, છે યેવલામાં પાર્શ્વેશ રાણો;
ભાવે ભજંતાં ચરણે હું લાગું, પ્રેમે પૂજીને ભવ પાર માંગુ. ૭૫

### (૭૬) નાગહ્રદતીર્થ (મેવાડ)-શાંતિનાથ.

પૃથ્વી મજાની જે દેશકેરી, તે મેદપાટે શાંતિ અનેરી;
નાગહ્રદાખ્યે શુભતીર્થધામે, શ્રીશાંતિદેવા ભજીયે પ્રકામે. ૭૬

### (૭૭) માતર તીર્થ-સુમતિનાથ

માતર તીર્થે પ્રભુ આપ મૂર્તિ, દે દર્શકોને દિલમાંહિ સ્ફૂર્તિ;
પરચા તમારા આજે ય રાજે, સુમતિ સ્તવું હું દિલના અવાજે. ૭૭

## (૭૮) જાલોરગઢ-મહાવીર

જાલોરપુરનો ગઢ છે મજાનો, જ્યાં વીર વ્હાલો ગુણનો ખજાનો;
આવ્યો પ્રભુ હું અબ તારી પાસે, સેવું તને હું પ્રતિ શ્વાસ શ્વાસે.૭૮

## (૭૯) યોગીનીપુરતીર્થ-આદિનાથ.

યોગીનીપુરે મહાયોગી બેઠા, યોગી સુભોગી મનમાંહિ પેઠા;
દેવાધિદેવા મુજ ચિત્ત ભાયા, આદીશ દીઠે પાપો પલાયા. ૭૯

## (૮૦) શ્રી અયોધ્યાતીર્થ-આદિનાથ.

કલ્યાણ હુંતા ઓગણીશ પુરા, નગરી અયોધ્યાપતિ છો સનૂરા;
ઋષભાદિદેવા કરું આપ સેવા, યાચું પ્રભુ દ્યો શિવસૌખ્ય મેવા. ૮૦

## (૮૧) નાસિકતીર્થ-પાર્શ્વનાથ.

ચાલો હવે નાસિકપુર ગામે, ચિંતામણી પારસ પુણ્ય ધામે;
છે નીલવર્ણી મુરતિ પ્રભુની, પૂજી સીતાએ ઘણી તેહ જૂની. ૮૧

## (૮૨) શ્રી પ્રભાસ પાટણતીર્થ-ચંદ્રપ્રભસ્વામી

સીતા સતીએ છ'રી પાળી આવી, ઉદ્ધાર કીધો જસ હિત ભાવી;
પ્રભાસતીર્થપતિ તે જુહારું, ચંદ્રપ્રભો ! છો ભવનીરતારું. ૮૨

## (૮૩) ચંપાપુરીતીર્થ-વાસુપૂજ્યસ્વામી

ચંપાપુરીમાં સહુ કર્મ વામી, શ્રી વાસુપૂજ્ય જિન શિવ પામી;
પવિત્ર કીધી ધરતી રૂપાલી, પૂજી વરું ત્યાં સઘળી સુખાલિ. ૮૩

## (૮૪) નાગેશ્વરતીર્થ-પાર્શ્વનાથ

છે નીલવર્ણી નવ હાથ પૂરી, ભક્તો તણા વાંછિતદાન શૂરી;
પડિમા તમારી નાગેશ્વરજી, પાર્શ્વ પૂજંતા દિલ થાય રાજી. ૮૪

## (૮૫) રામસેનતીર્થ-આદિનાથ

જ્યાં રામસેના રજળંતી આવે, ત્યાં રામસેનપુરને વસાવે;
આદીશકેરી પડિમા ભરાવે, પૂજ્યે પ્રભુને દિલ ખુશ થાવે. ૮૫

## (૮૬) ક્ષત્રિયકુંડતીર્થ-મહાવીર સ્વામી

ક્ષત્રિયકુંડે અચરિજકારી, શ્રીવીરપડિમા નજરે ઠરાણી;
આદિમ કલ્યાણક ત્રિહું હુંતા, સહુ શ્રેયઃકારી પ્રેમે પૂજંતા. ૮૬

## (૮૭) શંખેશ્વરતીર્થ-પાર્શ્વનાથ

અહોનિશ સેવે સહુ સૌખ્ય કાજે, પરચા લહંતા બહુ ભક્ત આજે;
તે પાર્શ્વ શંખેશ્વર દિલ આવો, તો જાય દૂરે સઘળા વિભાવો. ૮૭

## (૮૮) નાકોડાતીર્થ-પાર્શ્વનાથ

છો શ્યામરૂપે જિન તો ય ધોળા, ભક્તો ભરે સૌ પુણ્ય કચોળા;
નાકોડાનામે જે પાર્શ્વ પૂજે, તે ભક્ત કેરા સહુ કર્મ ધ્રુજે. ૮૮

## (૮૯) વંથળીતીર્થ-શીતલનાથ

વનસ્થલિ છે શુભધામ તારું, નેહે નિહાળુ જુગતે જુહારું;
શીતલસ્વામી દિલમાં પધારો, પૂજ્યો પ્રભુજી ભવદાહ ઠારો. ૮૯

## (૯૦) લોદ્રવાજીતીર્થ-પાર્શ્વનાથ

મૂલ્ય કરું શું ? તેથી અમૂલ્ય, કો જગમાં ના.જિન તુજ તુલ્ય;
સહસ્રફણા છે તુજ શિર દેવા, કરું લોદ્રવા પારસ તુજ સેવા.૯૦

## (૯૧) નેરતીર્થ-પાર્શ્વનાથ

ભક્તિ મનોવાંછિત પાર્શ્વકેરી, આપે મનોવાંછિત સુખ લ્હેરી;
શુભ નેર ગ્રામે જિનેન્દ્ર રાજે, સેવો પ્રભુ તે શિવતાજ કાજે. ૯૧

## (૯૨) ચંદ્રપુરીતીર્થ-ચંદ્રપ્રભુજી

ચંદ્રપુરીમાં જગ સૌખ્યકારા, હે નાથ ! ચંદ્રપ્રભ ચાર તારા;
કલ્યાણ હુંતા ભવિના સહારા, પેખું પૂજંતાં શિવના મીનારા. ૯૨

## (૯૩) પાવાગઢતીર્થ-પાર્શ્વનાથ

પાવાગઢે જે નરનાર જાતા, પાર્શ્વેશ દાદા પૂજી ગુણ ગાતા;
તે ભક્ત પામે સહુ સૌખ્ય તાજા, નહિ રોગ અંગે રહે નિત્ય સાજા. ૯૩

## (૯૪) ઢીમાતીર્થ-પાર્શ્વનાથ

પાળી છ'રીને જઈ ગામ ઢીમા, વામેય પૂજો નવલી મઢીમાં;
હે કેસરીયાભિધ દેવ તારી, પડિમા અનોખી ચમકારકારી. ૯૪

## (૯૫) ગુણીયાજી તીર્થ-ગૌતમસ્વામી

વીરવિભુના ગણધાર પહેલાં, સમરો સવારે નીત ઉઠી વ્હેલા;
ગૌતમ સ્વામી ગુણીયાજી ધામે, કૈવલ્યધારી શિવરાજ પામે. ૯૫

## (૯૬) તાલધ્વજગિરિતીર્થ-સુમતિનાથ

નામે તળાજા ટુંક ત્રીજી જાણો, ગિરિરાજ કેરી પ્રેમે પિછાણો;
જ્યાં દેવ સાચો સુમતિ બિરાજે, વિખ્યાત વિશ્વે જસ જાસ ગાજે.૯૬

## (૯૭) નવસારીતીર્થ-પાર્શ્વનાથ

છે ગેરૂવર્ણી જિનરાજ મૂર્તિ, પૂજી લહે સૌ શુભચિત્તસ્ફૂર્તિ;
સંતાપહારી નવસારીનામે, પાર્શ્વેશ પૂજો નવસારીધામે. ૯૭

## (૯૮) લાટદેશતીર્થ-મુનિસુવ્રતસ્વામી

શ્રીલાટદેશે મુનિસુવ્રતેશ, અશ્વાવબોધે તીરથે વિશેષ;
પેખ્યો તને પાવિત નાથ કીજે, આત્મોપકારી મુજરો ગ્રહીજે.૯૮

## (૯૯) સત્ખંડાતીર્થ-ચંદ્રપ્રભસ્વામી

ચંદ્રપ્રભુજી વર કુંથુનાથ, છો તીર્થસ્વામી ભવિમોક્ષપાથ;
ચૈત્યે જુહારો સતખંડતીર્થે, સૌ ભવ્ય પૂજે ભવ તીર અર્થે. ૯૯

## (૧૦૦) રોહીટતીર્થ-ધર્મનાથ.

રોહીટતીર્થે પ્રભુધર્મનાથ, અધર્મ ટાળું ગ્રહી તુજ હાથ;
પહોંચી જવાને ભવના કિનારે, આવે ન કો તો વિણ મુજ વ્હારે. ૧૦૦

## (૧૦૧) ઝાંઝામેરતીર્થ-પાર્શ્વનાથ.

સૌરાષ્ટ્રદેશે પુર ઝાંઝમેર, છે અબ્ધિકાંઠે પ્રભુની મહેર;
ભવાબ્ધિતારી તરવા ગ્રહીજે, શ્રી આશ્વસેનિ ભાવે મહીજે. ૧૦૧

## (૧૦૨) આડીસર-આદિનાથ.

અદ્‌ભુત જ્યોતિ પ્રભુની પિછાણી, જોતાં જરા ના નજરો ધરાણી;
તો સેવ યોગે બહુ પુણ્ય પામી, આડીસરેશા નમીયે અકામી. ૧૦૨

## (૧૦૩) પેદંમીરંતીર્થ (આંધ્ર) -આદિના

પેદંમીરંમાં બહુ પુણ્યવંતા, હે મારૂદેવ ! વર દો ભદંતા;
શ્રી વજ્રસ્વામી વરદાયી હસ્તે, કીધી પ્રતિષ્ઠા પ્રભુને નમસ્તે. ૧૦૩

## (૧૦૪) નંદપુર તીર્થ-પાર્શ્વનાથ

હું નંદ પામ્યો જઈ નંદપુરે, શ્રી આશ્વસેનિ નિરખી હજૂરે;
છો પ્રતિહાર્ય અડ શોભધારી, પામ્યો પૂજી હું મહિમા અપારી. ૧૦૪

## (૧૦૫) રીદ્રોલતીર્થ-પાર્શ્વનાથ.

પાર્શ્વેશ નામે જગવલ્લભાજી, રીદ્રોલતીર્થે નમી થાઉં રાજી;
જાણ્યો પ્રભુનો પરચો મધુરો, વાંછિત પૂરો પ્રભુ ચિંત ચૂરો. ૧૦૫

(૧૦૬) શ્રીએકલારાતીર્થ-શાંતિનાથ.

છે એકલારા મહીં નાથ શાંતિ, ટાળે ભવિની ભવજાળ ભ્રાંતિ;
સૌ કામ ક્રોધાદિક આગ ઠારે, પૂજ્યો પ્રભુ પાતિકથી ઉગારે. ૧૦૬

(૧૦૭) શ્રી નોગામાતીર્થ-સુમુતિનાથ.

નોગામ તીર્થે સુમતિ પ્રભાવી, મૂર્તિ પ્રભુની મુજ ચિત્ત ભાવી;
પૂજી પ્રભુને શિવરાજ કાજે, હર્ષે ભરાણું મુજ હૈયું આજે. ૧૦૭

(૧૦૮) શ્રીરામપુર-સંભવેશ.

શ્રીરામનામે પુરમાં પધારી, સૌ સેવકોની ગરિમા વધારી;
હે ધર્મચક્રી પ્રભુ સંભવેશ, પાર્શ્વાદિ આપો શમ સૌખ્ય લેશ. ૧૦૮

卐卐卐

## શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતની સ્તવના

(ૐ રોગ જલ જલણ વિસહર, ચોરારિ મઈંદ ગય રણ ભયાઈ ।
પાસજિણ નામ સંકિત્તણેણ, પસમંતિ સવ્વાઈ હ્રીઁ સ્વાહા ! ॥)

नमो नव्यसारीसुगोत्राय तुभ्यं, नमः उम्रवाडी सुनामाय तुभ्यम् ।
नमस्ते सहस्रस्फटाय प्रभाते, नमस्ते नमस्ते नमस्ते नमस्ते ॥१॥

મેં પુણ્યકારક મહા ધરતી વિચારી,
જ્યાં પાર્શ્વનાથ નવસારી સુનામધારી;
છે ગેરૂરંગ તુજ અંગ સુચંગમૂર્તિ,
ભાવે નમો ભવિજનો સહુ તત્ત્વમૂર્તિ. ૧

સૌને શિવકૈશુભ માર્ગ વિષે લગાડી,
છો ભવ્યનાં પરમશંકર ઉમ્રવાડી;

સમ્યક્ત્વ બીજ મુજ આતમ ભોમ વાવો,
હે સૂર્યપૂરવિભુ પારસ ચિત્ત આવો. ૨

છે છત્ર નાથ ! તુજ મસ્તક શોભકારી,
નાગેન્દ્રની સહસ સંખ્યક ફેણધારી;
પાર્શ્વેશ ! હે સહસ્રફેણ ! પ્રભાવ તારો,
પામી ભજે ભવિ જનો શિવ માર્ગ સારો. ૩

नमो घोरदुःखावलीभंजकाय, नमः सूरतस्थाय ते दिग्गजाय ।
नमः सर्व विघ्नप्रहाराय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥२॥

બાહયેતર પ્રદુઃખભંજનકાર દેવા,
ચાહે સુચિત્ત દુઃખભંજન પાર્શ્વ સેવા;
લોભાયણું પરમશક્તિ વિશેષ ધારૂં,
ભક્તો જપે તુજ અહોનિશ નામ પ્યારૂં. ૪

શ્રી સૂર્યમંડન શુભાર્ણવ પાર્શ્વ મારા,
છો દિગ્ગજ પ્રવર નામ ધરાવનારા;
શ્રદ્ધા ધરી ભાવિક ભક્ત તને નિહાળે,
પામી અમી નજરને શુભ સૌખ્ય ભાળે. ૫

શ્રી સર્વવિઘ્ન હર પાર્શ્વ જિનેન્દ્ર પાસે,
રાંદેર તીર્થ ભવિ આવત ઉચ્ચ આશે;
સેવ્યો થકો વિઘનનો હરનાર જાણી,
અર્ચે સદૈવ તુજ મૂરત પુણ્યખાણી. ૬

नमः पार्श्व कल्हारनामेश्वराय, नमः श्रीमतेऽमीझरासंज्ञकाय ।
नमः पुण्यदर्भावतीशाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥३॥

છે સર્વકામદ સદા ભૃગુકચ્છધામે,
કલ્હાર પાર્શ્વજિન તે પ્રણમો પ્રકામે;

ભૂપાલ સંપ્રતિ તણા શુભ ભાવ જેમાં
જોયા પછી નવિ ભલે મનડું કશામાં, ૭

હે અપ્રમેય ! તુજ નામ અમીઝરા છે,
શ્રદ્ધા ધરી ભગતલોક તને જ વાંછે;
ગંધાર ભૂષણ વિભો ! હૃદયે પધારો,
સંસાર સાગર થકી પ્રભુપાર્શ્વ તારો. ૮

દર્ભાવતી નગરનો પ્રગટ પ્રભાવી,
દર્ભાવતીશ્વર ! વિખેર બળો વિભાવી;
આત્માતણા અગમ બાર ઉઘાડ આવી,
હે પાર્શ્વનાથ ! પડિમા તુજ ચિત્તભાવી. ૯

नमो लोढणाय प्रसिध्धिप्रदाय, नमो निर्मलायानिशं सौख्यदाय।
नमः स्तंभतीर्थे सदा स्तंभनाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।४।।

વામેય ! લોઢણ મનઃસ્થિતિ નામ ધારૂં,
લોભે સદા ભવિકને પ્રિય દર્શ તારૂં;
પદ્માસનાર્ધ તુજ શામળવાન કાયા,
દુષ્કર્મ ઓઘ હરવા પ્રણમું સવાયા. ૧૦

છાયાપુરી નગર નાથ નિરંજનાજી,
પુણ્યે ગ્રહી વિમલ પાર્શ્વ થયો હું રાજી;
દોષો હરે સકલ દર્શન નાથ તેરા,
આત્મા ભયો વિમલ દર્શ થકી ભલેરા. ૧૧

શેઢી થકી અરૂજદેવ પડિમ લાધી,
નાગાર્જુને કઠિણ સોવનસિદ્ધિ સાધી;
તે પાર્શ્વસ્તંભન જિનેન્દ્ર પખાલ નીરે,
કુષ્ઠાદિરૂગ્ નવિ રહે ભવના લગીરે. ૧૨

नमः पार्श्वकंसार्यधीशाय तुभ्यं, नमो रत्नचिंतामणीशाय तुभ्यम् ।
प्रभुं सोमचिंतामणीशं नमामि, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।५।।

વૈરી પરઃ સકલ પાપ તણા સુજાણી,
કંસારી પાર્શ્વ તુજ મૂરત છે મજાની;
સૌ દોષ નાશ કરવા વરવા અમારી,
પૂજ્યો તને કલિમલૌઘ વિનાશકારી. ૧૩

ચિંતામણિ રયણ પારસ શંભુ આગે,
ભાવે ભજી ભવિ જનો ત્રણ રત્નો માંગે;
છે પંચધાતુમય બિંબ જિનેશ તારું,
પામ્યા પછી પ્રભુ હવે નહિ જન્મ હારું. ૧૪

ચિંતામણીશ પુરૂષોત્તમ પાર્શ્વ સોમ,
ખંભાત તીર્થપ વસો મુજ રોમ રોમ;
ચાહે સદૈવ ખગચાતક મેઘધારા,
સંતાપમાં તિમ વિભો !તુમચા સહારા. ૧૫

नमस्ते सुलोकत्रयीशाय तुभ्यं, नमो भीडभंजाय पार्श्वाय तुभ्यम् ।
नमो शामलाय प्रभावप्रदाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।६।।

સ્નેહે સ્તવીશ ભવસાગર તારનારો,
સિદ્ધ સ્વયં ભુવન પાર્શ્વ જગૈક સારો;
છો શ્યામકાય પણ છાય ભલી તમારી,
દેખ્યો તને સફળ ચક્ષુ બની અમારી. ૧૬

શ્રીભીડભંજન સદાશિવ નાથ કેવા ?
ભાંગે સદા ભગતની સહુ ભીડ એવા;
છે પાર્શ્વ ! ખેટકપુરે તુજ ચૈત્ય મોટું,
યાત્રા કરી ભવિ ભરે નિજ પુણ્ય પોતું. ૧૭

હે શામળાભિધ ! નિરામય ! પાર્શ્વ તેરી,
છે શ્યામકાય તુજ દેહલતા ભલેરી;
કર્ણાવતીશ ! ભવિકો તુજને ભજંતા,
પુણ્યાનુબંધ યુત પુણ્ય વરે સદંતા. ૧૮

नमस्ते मुलेवाभिधानाय तुभ्यं, नमो ह्रीं स्थिताय प्रबुध्धाय तुभ्यम् ।
नमस्ते सुखानां विभो सागराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥७॥

વિશ્વેશ્વરા ! પ્રભુ અનૂપ તમારી સેવા,
પર્ચા મળે ફરસતા તુજને મુલેવા;
હે પાર્શ્વનાથ ! તુજ નામ અજોડ ગાઉં,
કો ચીજથી જિનવરા ! તુજને મુલાવું ! ૧૯

દેવેશ સર્વ ! સુખસાગર પાર્શ્વ તારી,
મેં આંખમાં અમૃતની બહુ છોળ ભાળી;
છે કાય સોવન રચી તુજ દેવરાજા
ભક્તો વરે તુમ થકી બહુ પુણ્ય તાજા. ૨૦

હ્રીં કારમાં મણિફણીયુત પાર્શ્વ સોહે,
પદ્માવતી ધરણ સંયુત એક મોહે;
મેં સર્વધર્મ અણસાર વિશેષ જાણી,
હ્રીં કાર પાર્શ્વ ! પડિમા તુજ ચિત્ત આણી. ૨૧

नमः पार्श्वपद्मावतीपूजिताय, नमस्ते मुहर्याह्वयाय प्रणाय ।
नमस्ते प्रगे पार्श्वपोसीनकाय नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥८॥

પદ્માવતી અભિધ પારસનાથ સેવ,
પદ્માવતી સુરવરી કરતી સદૈવ;
છે સર્વતીર્થમય ઠાણ ભલું નરોડા,
પામે અશાંત નર શાંતિ તિહાં અજોડા. ૨૨

છે અશ્વસેન જસ તાત સુમાત વામા,
ટીંટોઈનાથ જગનાં મુહરી સુનામા;
સૂત્રે સ્તવે ગણપ ગૌતમ નામ લેતા,
સૌ દુઃખને દુરિત ખંડનકાર કહેતા. ૨૩

છો સંપ્રતિ સમયના મનકામહારી,
પોસીન પાર્શ્વ ભગવન્ ! મનકામકારી;
છો દેવ ! જાગૃત સદા પરચા પ્રકાશી,
શ્રીસર્વદેવમય વંદું તમોવિનાશી. ૨૪

नमः पार्श्वविघ्नापहाराभिधाय, नमस्ते स्फुलिंगाय मोदप्रदाय।
नमो नागफेणाह्वयाप्तेश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥९॥

દાધી યદા અગનમાં નગરી સનૂરી,
ત્યાં આગ શાંત કરતી તુજ ભક્તિ શૂરી;
સર્વાત્મ ! છો વિઘનના અપહારકારી,
વિઘ્નાપહાર અભિધાન સુઅર્થધારી. ૨૫

વિદ્યાપુરે નવિન તીર્થ ભવાબ્ધિતારૂ,
પાર્શ્વસ્ફુલિંગ વિષહારક દેવ ધારૂં;
વ્યક્ત ત્રયીરૂપમયા સુખકાર દેવા,
ક્ષેમંકરા તુમ થકી ચહું મુક્તિ મેવા ૨૬

છે સર્વસિધ્ધિવરદાયક મોહવેલી,
પેખી વિહારનગરે લહું પુણ્ય હેલી;
તસ્વીર પાર્શ્વ તુજ નાગફણા સુનામી,
સેવી સ્તવું પ્રકટ ભાવ વિશેષ કામી ૨૭

नमो देवदेवाय कल्याणनाम्ने, नमस्ते मनोरंजनाय सुधाम्ने।
नमस्ते सुरत्राणगोत्राय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१०॥

વિશ્વેશ ! વીસનગરે શિવ સૌમ્યવંતા,
કલ્યાણ પાર્શ્વ જિન છો શિવ નાર કંતા;
પુણ્ય પ્રતાપ જગમાં તુજનો છવાયો,
વ્યોમાકૃતિ સ્વરૂપ તું હિત હેત ગાયો ૨૮

માહિષ્મતીશ મનરંજન પાર્શ્વસંગે,
પામ્યો પ્રસન્ન મન સાધ્ય સુભકિત રંગે;
અદ્યાવધિ પ્રભુ હતો તુજથી અજાણ્યો,
લોભે હવે તુમતણો પરચો સુજાણ્યો ૨૯

જેનો પ્રભાવ વિજયાન્વિતકાર વેગે,
તે વંદું પાર્શ્વ સુલતાન મુદા વિવેગે,
તારી કરી હૃદયગોખ મહીં પ્રતિષ્ઠા,
જ્ઞાનાત્મ ! સિદ્ધપુરનાં વર દો વરિષ્ઠા ૩૦

नमो डोसलासंज्ञकायोत्तमाय, नमो पल्लवीयाह्वयायेष्टदाय।
नमो भीलडीशाय कैवल्यधाम्ने, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥ ११ ॥

હે મોક્ષ સૌખ્યદ ! તને ભવિકો વધાવે,
ધોતા મહીં તુજ સમક્ષ સુભાવભાવે;
શ્રી ડોસલા ! તુમ કરું દુવિધાનભક્તિ,
આપો મહેશ અભયંકર આત્મશક્તિ. ૩૧

પ્રહ્લાદને પુરવરે પ્રભુ પલ્લવીયા,
પાર્શ્વેશ ! મેં તુમતણા ચરણો સ્તવીયા;
છે શાંતમૂર્તિ તુમચી પરભાવવંતી,
ભેટી તને ભવિ વરે પરભાવખંતી. ૩૨

સર્વાંગસુંદર સુશોભિત દિવ્યદેહી,
તત્ત્વેશ સર્વ જિન પારસ છો અનેહી;

શ્રી ભીલડીશ ! જગભૂષણ ! એક ભાવે,
ધ્યાયો તને કર કૃપા ભવ દુઃખ જાવે. ૩૩

सदानंदनाम्ने नमः सौख्यधाम्ने, नमो योगमुक्ताय चारूपनाम्ने।
नमः पार्श्वपंचासरायाऽक्षराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१२॥

મોહાંધકારયુત વિશ્વ વિષે વિચારી,
સૌ આત્મના તિમિરના પડ ભેદનારી;
આનંદદા તુજ શિવંકર ઉંબરીશ,
શુદ્ધસ્ફટીક સમ છે પડિમા વિશેષ. ૩૪

ચારૂપ પાર્શ્વવર ચિદ્રુપયુક્ત જોતાં,
આંખો થકી સવિ વિકાર પલાય રોતાં;
પ્રાચીનમૂર્તિ અતિશાયિ વિભો ! તમારી,
બ્રહ્મદ્વય પ્રગટ તે મનથી વિચારી ૩૫

પંચાસરા સમ જગે નહિ નાથ દૂજો,
શ્રીપત્તને વરદ તે પ્રભુ પાર્શ્વ પૂજો;
બ્રહ્મપ્રકાશવરકારક બોધિદાતા,
સેવ્યો ભવાબ્ધિ તરવા તુજને વિધાતા. ૩૬

नमः पार्श्वकोका-ह्वयायाऽभवाय, नमो भव्यभक्त्या सदा कंकणाय।
नमस्तेऽघहर्त्रे महादेवनाम्ने, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१३॥

જેણે ન દીઠ નજરે પ્રભુ પાર્શ્વકોકા,
સંસારમાં જનમ તાસ ગણાય ફોકા;
પ્રાતઃ સમે પરમ અચ્યુત તે સુદેવા,
અર્ચી અહોનિશ વરો ભવિ ભાગ્યમેવા (૩૭)

હે પાર્શ્વકંકણ ! સનાતન ! સૌખ્ય ધારૂં,
છે વિચ્છુલા અપર વિશ્રુત નામ તારૂં;

હે વિચ્છુના વિષતણા હરનાર વાલા,
સ્વીકારજો મુજ મહોદય ભક્તિમાલા. ૩૮

આનંદ ચિન્મય ! વિભો ! નહિ આપ જોટો,
આ વિશ્વમાં પરખતાં પ્રભુ પાર્શ્વ મોટો;
મહાદેવ નામ ધરનાર તું એક સાચો,
ભેટયે તું કર્મરિપુને પડતો તમાચો. ૩૯

नमः पार्श्वघीयाऽपराख्यायुताय, नमो मल्लयुक्धिंगडायाऽव्ययाय।
नमः सार्ववाडीसुसंज्ञाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१४॥

કંબોઈયા અપર નામ ધરી સુહાવો,
ઘીયાહ્વ પાર્શ્વજિન ! નિર્મમ ! ચિત્તઆવો;
વેપાર વૈશ્ય ઘૃતનો કરતો કમાતો,
રાખી તને હૃદયમાં દિનરાત રાતો. ૪૦

હે નાગલંછન ન લંછન આપ અંગે,
તેથી જ દોષ હણવા પ્રણમું ઉમંગે;
વાડીશ પાર્શ્વ મુજને નજરે નિહાળો,
ધ્યાયો શિવૈક તુજને મુજ પાપ ટાળો. ૪૧

હે નિત્યધર્મ ! જિન ! ધિંગડમલ્લ તારી,
છે મૂર્તિ કૃષ્ણ પણ શોહ અવલ્લ ભારી;
જોગીશ ! પાટક વિષે વરદાન કામી,
નેહે નિહાળું નજરે કર આત્મરામી. ૪૨

नमस्ते सदा पार्श्वनारंगकाय; सुवर्णाय लक्ष्म्यै नमष्टांकलाय।
नमः पार्श्वचंपाभिधानाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१५॥

દેખી તને ભવિજનો પરભાવ વામે,

સેવી તને અતિ ઘણો પરભાવ પામે;
નારંગ પાર્શ્વ નમતાં પરભાવ વાધે,
આત્મપ્રમોદ જપતાં સ્વરૂપાત્મ સાધે. ૪૩

શ્રીટાંકલા પ્રતિમ પારસ પાર્શ્વજીને,
પામ્યો પરામૃતમય પ્રમુદા ભજીને;
સંતાપ તાપહર સોવનવાન કાયા,
ધારી સુસૌમ્ય જિન ! પાટણમાં સુહાયા. ૪૪

ચંપાહ્વ પાર્શ્વ ! તુજ અવ્યય નેહ કામી,
ચંપાતણા સુમનનો વર છોડ પામી;
પુષ્પો ગ્રહી પદકજે તુજને ધરાવું,
ને ચૈત્યવંદન કરી શુભ ભાવ ભાવું. ૪૫

सुगंभीरकाय स्तुवे गौणनाम्ने, भटेवाऽभिधाय प्रवन्दे सुधाम्ने ।
नमोऽनंतसिद्धयै मनोमोहनाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते॥१६॥

ગાંભીર્યના ગુણથકી જગ જે ગવાણી,
તે પાર્શ્વનાથ પડિમા મનમાં ઠવાણી;
ગંભીર અબ્ધિસમ હે પરમાર્થદાતા !
ગોઠી પ્રભો કરથકી તવ અર્થ પાતા. ૪૬

હે ધ્યાનલક્ષ્ય ! મુજ પાર્શ્વકૃપા કરીને,
સંસારના ત્રિવિધ તાપ ભયો હરીને;
અર્પો પ્રશાંતિ મુજ ચિત્ત ચહે ભટેવા,
કીધી વિભો ! અતિશયાન્વિત આપ સેવા. ૪૭

કંબોઈમાં ભગતનાં મન મોહનારા,
હે પાર્શ્વનાથ ! મન મોહન છો ઉદારા,
હે નિર્વિકલ્પ ! જિન ! દ્યો ત્રણ રત્ન મોટા,

તો ટાળું સંયમ બળે સહુ કર્મ ખોટા. ૪૮

नमो पार्श्वझोटींगडासंज्ञकाय, नमो नाकिपूज्याय ते शंखलाय।
नमो विश्ववंद्याय शंखेश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१७॥

ઝોટીંગડા જિનપ ! મુંજપુરે સુહાયો,
પાર્શ્વેશ નિષ્કલ ! અહોનિશ ચિત્ત લાયો;
આવ્યો સુણો મનતણી અરદાસ ઈશ,
અર્પી અગોચર સુસેવ કરો જગીશ. ૪૯

શ્રી શંખલાખ્યપુરનાં પ્રભુ પાર્શ્વઆગે,
દેવોતણી અગમ નોબત નિત્ય વાગે;
ક્ષેમંકરેશ તુજ કાય સુનીલવર્ણી,
ભેટયો અલક્ષ્ય ! તુજને બનવા નિવર્ણી. ૫૦

દામોદર પ્રભુપદે નિજ શીર્ષનામી,
પૂછી વળી નિજશિવૈક સુહેતુ પામી;
આષાઢિ આર્ય જિનમૂર્તિ મુદા ભરાવે,
શંખેશ્વરા પ્રવર પાર્શ્વ મને લુભાવે. ૫૧

नमो गांगलीयाभिधानाय शुद्धयै, नमः पार्श्वशेरीसकाय प्रबुद्धयै।
कलौ दोषहत्त्यै सुकुंडाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१८॥

છે મંડલીકપુરમાં બહુ ચાંગલીયા,
પ્રાણારૂઢ ! પ્રવર પારસ ગાડલીયા;
નાની છતાંય તુજ મૂરત નાથ મોટી,
વંદે સ્વભાવ વરવા નરનાકિ કોટી.૫૨

નિર્માયક પ્રવર એક જ અંધ શિલ્પી,
ઐશ્વર્યવંત પડિમા ઘડતો અકલ્પી;
સંધ્યા પછી જ સુરસાથ સુચંગ પામી,

તે શેરિષા પ્રણમું દિવ્ય વિકાશ કામી. ૫૩

સર્વજ્ઞ ! હેભવિક કૈરવનાં વિકાશી,
શ્રીપાર્શ્વ ! આવ દિલમાં કલિકુંડવાસી;
છો કુંડ શા કલિયુગે વદતો પખાળું,
ને સ્નાત્ર નીર ફરસી મુજ પાપ ટાળું. ૫૪

अभङ्गाङ्कखण्डाभिधानं नतोऽस्मि, अजाराख्यपार्श्वं विभक्त्या प्रणौमि।
नमो दोकडीयाभिधानाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥१९॥

આત્મપ્રકાશવરવા નવખંડ નામી,
ઘોઘેશ પાર્શ્વ થુણતાં ભવિ મોક્ષકામી;
અંગે જણાય નવખંડ છતાંય શોભે,
મૂર્તિ પ્રભો ! નજરમાં નજરાય લોભે. ૫૫

દેવાર્ચ્ય અબ્ધિતલથી તટમાં પધાર્યા;
કુષ્ઠાદિરુક્ અજયપાલ તણા નિવાર્યા;
તે પાર્શ્વનાથ અજ આ જગમાં ઉદારા,
ગીર્વાણનાથ નમતાં તુજને અજારા. ૫૬

શ્રીશ્રીકર પ્રભુકરાંબુજથી સવારી,
લ્યે દોકડો પ્રતિદિને પ્રભુનો પુજારી;
તેથી પ્રસિધ્ધ અભિધા તુજ દોકડીયા,
ચાહું પ્રભાવ મન આવ તું દો ઘડીયા. ૫૭

नमश्चोरवाडी पुरीमंडनाय, नमो नव्यसत्पल्लवाह्लादकाय।
बरेजाभिधानं प्रणौमि प्रभक्त्या, नमस्ते, नमस्ते, नमस्ते नमस्ते ॥२०॥

વાચા થુણી ચરણમાં શિરને લગાડી,
ચિત્તે ધરો ચતુર પારસ ચોરવાડી;
વાડી ખરે જ ગુણના સહુચોર કેરી,

હે સર્વસત્ત્વ ! ગુણ દો કરશો ન દેરી. ૫૮

છે પાર્શ્વનાથ નવપલ્લવ માંગરોલે,
જે ભક્તની સહજ આંતરદષ્ટિ ખોલે;
લોકેતરાન્ત અવભાસક અંગુલીનો,
જાણી અમોઘ પરચો પ્રણમો નગીનો ૫૯

પાપી પ્રણામ કરતાં પ્રભુ પાર્શ્વ ગાવે,
દોષો બધાય હણતાં સુકૃતાર્થ પાવે;
વંદો બરેજ સુરનાયક સેવ્યદેહી,
મોક્ષૈક સૌખ્ય વરવા બનવા વિદેહી. ૬૦

नमोऽमृतश्रावीं प्रभुं पार्श्वनाथं, स्तुवे सप्तफेणं जिनं भव्यपाथं ।
नमोऽनंगनाशाय भाभाह्वयाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते॥२१॥

શ્રાવી સુધારસતણા પ્રભુજી વિશેષા,
હે સર્વતોમુખ ! તને નમતાં સુરેશા;
દેખી બને ભવિ સુધામૃત પાનલીના,
તે પાર્શ્વ અમૃતઝરા ચહું પુણ્ય પીના. ૬૧

અર્પી સુપુત્ર પરમામૃત તે ઉદારી,
રાજા તણા હૃદયની સહુ ચિંત ટાળી;
હાલારદેશ ભાણશાલ સુતીર્થ રાજે,
શ્રીપાર્શ્વનાથ દિલ સપ્તફણા બિરાજે. ૬૨

જાણી પ્રવૃદ્ધ પરચા તુજ પાર્શ્વ ભાભા,
આવી ઉભો હું વરવા નિજ આત્મ આભા;
આનંદ દો પરમ પંચમલોક કર્તા,
સેવ્યો તને અબ બનો મુજ પાપહર્તા. ૬૩

सुपर्वार्च्यभद्रेश्वरं पूजयामि, सदाधारकल्लोलपार्श्वं प्रणौमि।
स्तुवे सर्वभीभंजनं पार्श्वदेवं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥२२॥

ભદ્રેશ્વરા અમર બાવન ચૈત્યવર્તી,
સોહે સુમૂર્તિ તુજ શામળ પાપહર્ત્રી;

જ્ઞાની કરે કપિલ નામ વિભુ પ્રતિષ્ઠા,
પેખ્યો પ્રભાકર તને વર દો વરિષ્ઠા. ૬૪

શ્રીસંઘ નેક નજરે પ્રભુ પાર્શ્વ જોતાં,
કલ્લોલતા ઘૃતમહીં નિજ પાપ ધોતા,
સત્ક્ષેત્રનાં વર અધીશ ! અનિષ્ટચૂરો,
જયુંસંઘની તિમ વિભો ! મુજ આશ પૂરો ૬૫

શ્રી શ્રીનિવાસ ભવિના ભય ભાંગનારા,
હે પાર્શ્વનાથ ! ભયભંજન છો સહારા;
શ્રીભિન્નમાલ નગરે તુજ મૂર્તિ જાણી,
સાક્ષાત્ પુણ્યનગરી સમ તે વખાણી. ૬૬

नमो नाकुडा पार्श्वनाथाय तुभ्यं, नमो लोद्रवापार्श्वदेवाय तुभ्यम्।
नमस्ते सदा संकटानां हराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥२३॥

વિખ્યાતદેશ મરુમાં સુરવૃક્ષ જેવો,
નાકોડ પાર્શ્વજિનને ભવિ રોજ સેવો;
છો દશ્ય દેવ મનથી તુજ એક શ્રધ્ધા,
સૌ ઈપ્સિતપ્રદ તમે જગમાં પ્રસિધ્ધા. ૬૭

શેં મૂલ્ય પાર્શ્વ ! તુજ બિંબતણું કરાવું ?
નથી અમૂલ્ય તુજ નામ વિભો ! ઠરાવું;
હે લોદ્રવા પ્રભુ પરાપર આપ છાયા,

પામી લહે શિવતણા સુખ સૌ સવાયા. ૬૮

હે પાર્શ્વ સંકટહરા ! દુરિતાપહારી,
સૌ સંકટો દૂર થયા તુજને નિહાળી;
ૐકારરૂપ પડિમા તુજ પુણ્યધામે,
શોભે જિનેન્દ્ર વર જેસલમેર ગામે. ૬૯

नमो वर्णरोलाभिधानाय तुभ्यं, नमस्ते समस्ताशपूर्णाय तुभ्यम् ।
नमो नाथ जिराऊलीमंडनाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।२४।

પ્રખ્યાત વિશ્વ મરુભૂમિ વિષે ગવાયો,
જાલોર દુર્ગ વિભુપાર્શ્વ થકી સ્તવાયો;
તે અશ્વસેન સુત કુંકુમરોલવર્ણી,
આનંદ આપ મુજને પ્રભુ સર્વદર્શી. ૭૦

ચાહે મયૂર જિમ મેઘ જ દેવદેવ !
ધાર્યો તું તેમ મુજ ચિત્ત વિષે સદૈવ;
હે આશપૂરણ ! કરો મુજ પૂર્ણ આશા,
સેવ્યો તું ટાળ મુજ કર્મ તણા તમાશા. ૭૧

જીરાવલીશ ! પરમાક્ષર ! છો ગરિષ્ઠા,
ચૈત્યે લખાય જબ હોય વિભુ પ્રતિષ્ઠા;
છો ક્ષેમકારણ તમે વરમંત્રનિષ્ઠા,
શ્રી પાર્શ્વનાથ જપતાં ધ્રુવ હોય ઈષ્ટા. ૭૨

नमस्ते सिरोडीसुभूमंडनाय, नमः पार्श्वहम्मीरपूर्भूषणाय ।
नमः श्रीमते पोसलीकाभिधाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।२५।

વંદે જનો પ્રભુ તને મનમાન મોડી,
છો વ્યાપિ સર્વઘટમાં અભિધા શિરોડી;

હે શ્વેતવાન ! તુજ સેવન કૃષ્ણપક્ષી,
આત્મા અહોનિશ કરે શિવરાજલક્ષી. ૭૩

હમ્મીરસંજ્ઞ વિભુ મીરપુરેશ જાણ્યો,
અવ્યક્ત ! પાર્શ્વ વરદાયક મેં પિછાણ્યો;
વિશ્વેશ ! માંગું અબ દ્યો મુજ ભાવ દીક્ષા,
તેની કરું અચલ અંતરથી પ્રતીક્ષા. ૭૪

પાપો પ્રચંડ વિઘ્નરાય વિનાશકારી,
ને પુણ્યરાશિ વધતી સુવિકાશકારી;
શ્રી પાર્શ્વ સર્વગતાણા શુભદર્શ યોગે,
તે પોસલી પ્રભુ તને ફરસું ત્રિયોગે. ૭૫

नमः कच्छुलिकाह्वकायोध्यकाय, नमो नाकिपूज्याय दादाह्वयाय ।
नमस्ते सदा शेसलीभूषणाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।२६।

જે ભવ્યની વિષય વાંછન કચ્છુ ટાળે,
ને ભક્તને હૃદયની ઉપશાંતિ આલે;
પાર્શ્વ ! ઈશાનપર ! કચ્છુલિકાભિધાની,
વાંદી વરે ભવિક સિદ્ધિ લતા અમાની. ૭૬

દાદાહ્વ પાર્શ્વ ભગવન્ ! વર આપ કેરૂં,
તેજોમય પ્રભુ વને સુવિશાલ દેરૂં;
જાણી સુગંધ ચમકાર અપારધારી,
આવી ભજી ભવિ કરે તુજ પુણ્ય યારી. ૭૭

આદિત્યરૂપ પર આતપ ના લગીરે,
છે સૌમ્યતા અનુપમા તુમચા શરીરે;
હે સેસલીપુર વિભૂષણ પાર્શ્વ તારી,
સૌમ્યૈકસાર વરવા ચહું ભક્તિ ભારી. ૭૮

नुवे राणकारव्यं विभुं पुण्यहेतुं, स्तुवे सोगठीयाभिधं मोक्षसेतुम्।
नमस्ते वरक्काणतीर्थेश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते।२७।

કુખ્યાત રાણકપુરે પ્રથિત પ્રભાવી,
પાર્શ્વેશ રાણકપુરા સ્તવું ચિત્ત લાવી;
હે જયેષ્ઠદેવ ! નિજ આત્મવિકાસ રાગે,
ધ્યાવે તને મુનિપ ભદ્રકરા વિરાગે. ૭૯

શ્રી નાડલાઈ નગરે પ્રભુ સોગઠીયા,
પાર્શ્વ સ્તવે ભવિક ભક્તિ ભરે રસીયા;
ભૂતેશ ! તેં ભુવનભાનુ સુપાસ પામી,
ક્ષેમંકરી ભગતિમાં નહિ રાખું ખામી. ૮૦

છો મારવાડ વિષયે વરકાણનામી,
બ્રહ્મસ્વરૂપ પર પાર્શ્વ સુખૈકધામી;
ભક્તો અનેક ઉજવે તુજ જન્મ-દીક્ષા,
કલ્યાણને અનશની કરતાં તિતિક્ષા ૮૧

नुवे संनिधानप्रदं पार्श्वस्वामीं, स्वयंभूसुनामं स्तुवे मोक्षधामीं।
नमो लाभवृद्धिप्रदायेश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥२८॥

જે નામની રટણતા જયકારકારી,
સાકાર તે નવલખા પ્રભુ પાર્શ્વ પારી;
શ્રદ્ધા ધરી જપત જાપ સુલૂદ્ધનારી,
સાધી સુસિદ્ધિ વિરચે તુજ ચૈત્યભારી. ૮૨

ઉતુંગ ઉત્તમ ચતુર્મુખ ચૈત્ય સોહે,
ને દૂરથી નિરખતાં ભવિમોર મોહે;
ચાહી શિવૈકસુખ આત્મલિપે સ્વયંભૂ,
શ્રીપાર્શ્વનાથ વરનામ જપો સ્વયંભૂ. ૮૩

શ્રી મેડતાખ્યપુરમાં ફલવૃદ્ધિપાસ,
ભેટી વરો હ્રદયમાં અધિકો ઉજાસ;
પ્રાણપ્રકૃષ્ટ ! જગ છો પ્રભુ એકમલ્લ,
વિશ્વેશ ! મોહ હણવા બળ દો અવલ્લ. ૮૪

स्तुवे पार्श्वचिन्तामणिं जीतकामं, नुवे पार्श्वमंडोवराकं सुनामं ।
नमस्ते करेडाभिधानाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।२९।।

ચિંતામણિ વિજય સંજ્ઞક પાર્શ્વ પામી,
શ્રીમેડતાનગર ભૂષણ શીર્ષનામી;
છે અર્જ એક કહું કર્મ થકી બચાવો,
આનંદના ઘન પુમાન્ મુજને અપાવો. ૮૫

મંડોવરા જગગુરૂ મનમોહકારી,
છો પાર્શ્વનાથ ભગવન્ જગમોહહારી;
વાંદ્યો તને મરુનણી ધરતી મજારી,
સમ્યક્ત્વદાન કરજો પ્રભુ ક્ષેમકારી. ૮૬

સ્પર્શી બધા રવિતણા કિરણો સવારે,
જે આદ્યને જનુ દિને મહિમા વધારે;
તે પાર્શ્વનાથ કરહેટકને જુહારી,
ભાંગી બધી જ ઉપસર્ગદશા અકારી. ૮૭

नमस्ते वही पार्श्वनाथाय तुभ्यं, नमस्ते समीनाभिधानाय तुभ्यम् ।
स्तुवे पार्श्वचन्द्राभिधं शैत्यकांतिं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।३०।

વિશ્વે વહી જિનપની સહુથી નિરાળી,
આશ્ચર્યરૂપ વર મૂરત એક ભાળી;
બે વ્યાઘ્ર જાસ પદપંકજ નિમ્ન શોભે,
તે ધ્યેય પાર્શ્વ મનથી નમું ધર્મલોભે. ૮૮

નાકાર નાથ ! તુજ આકૃતિ દિવ્ય દીપે,
જોતાં તને ભવિક ભક્ત ઉભા સમીપે;
પાદાબ્જ સેવ કરતાં તુજ ભાવ ભીના,
હે પાર્શ્વનાથ ! શમદાન કરો સમીના ૮૯

ચંદ્રપ્રભા સમ જગે વર ચૈત્ય છાયી,
યોગીશ ! મૂર્તિ તુમચી વર આતતાયી;
આત્મોદય પ્રદ ઉદેપુરમાં બિરાજે,
તે ચંદ્રપાર્શ્વ નમતાં મન હર્ષ છાજે. ૯૦

नमो नीलवर्णीय नागेश्वराय, नमो देवमर्त्त्यार्चित रावणाय।
नमः कुर्कुटाह्वाय पार्श्वेश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥३१॥

છે નીલવર્ણ શુભપર્ણ સમાન છાયા,
ઊર્ધ્વ અડોલ નવહાથ વિશાલકાયા;
હે કાઉસગ્ગયુત પાર્શ્વ જિનેશ ! સાક્ષાત્,
નાગેશ્વરાચ્યુત રમો મન મોક્ષલક્ષાત્. ૯૧

નિર્માણ જેહ પડિમા તણું ટેકધારી,
લંકેશ રાવણ કરે દિલ હર્ષકારી;
તે રાવણા સકલ અલ્વર તીર્થનેતા,
સેવી બને ભવિક આંતરશત્રુ જેતા. ૯૨

મધ્યપ્રદેશ-કુકડેશ્વર તીર્થભર્તા,
શ્રીકુર્કુટેશ્વર અનેક પરાર્થકર્તા;
ભૂપાલ ઈશ્વરતણા ભવરોગ ભાંગ્યા,
તે પાર્શ્વનાથ નમતાં મુજ ભાગ્ય જાગ્યા ૯૩

नमोऽहर्निशं कामनापूरणाय, नमोऽवंतिपार्श्वाय विश्वेश्वराय।
नमोऽलौकिकाख्याय वामासुताय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥३२॥

પદ્માવતી ધરણસંયુત ફેણધારી,
શ્રી પાર્શ્વનાથ તુજ મૂર્તિ મનોજહારી;

ભક્તો તણા સકલ કામિત પૂરણાહ્વા,
વાંદ્યો શિવાત્મક તને અબ પૂર્ણ થાવા. ૯૪

ભદ્રા સુજાત સુકુમાલ અવંતિ નામે,
ઉજ્જૈનમાં પરમ પાર્શ્વજિનેન્દ્ર ધામે;
રાત્રે બજાવત સુરા તલતાલતંતી,
પંચાંગથી નમન હો તુજને અવંતી. ૯૫

હાસામ તીર્થપ અલૌકિક પાર્શ્વ જાણું,
નિશ્ચે અલૌકિક વિભો તુજને પિછાણું;
ઉત્કીર્ણ સર્પ તુજ પાદ વિષે નિહાળી,
પામ્યો હું હર્ષ પરમેન્દુ અઘો પખાળી. ૯૬

स्तुतः पार्श्वमक्षीश्वरो कामदोऽस्तु, नुतो नाथसर्वोपसर्गान्तकोऽस्तु ।
नमो माथुरीपार्श्वकल्पद्रुमाय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥३३॥

હે પાર્શ્વનાથ ! પરમેશ્વર ! મક્ષીનામી,
છો માલવા વિષયમાં પર મક્ષીધામી;
પામી પ્રકાશ-પરચાપ્રદ આપ છાયા,
લાગી હવે મુજ મને તુજ એક માયા. ૯૭

પાર્શ્વો પસર્ગહર નામ નમીશ મોટો,
શોધ્યો ન નાથ જડતો જગ આપ જોટો;
શ્યામાંગ નામ તુજને નિજ અંગધારે ,
ને વિશ્વમાં તુજ ઘણો મહિમા વધારે. ૯૮

કલ્પદ્રુમાખ્ય વર સિદ્ધિદ ! પાર્શ્વતારૂં,
આધિક્ય કલ્પતરૂથી પણ ચિત્ત ધારૂં;
શ્રદ્ધેય હે ભવિતણા મથુરાપુરીમાં,
સેવી સુભક્ત વરતા પદવી ગરીમા. ૯૯

नमो नाथवाराणसीभूषणाय, नमस्तीर्थसम्मेतशैलस्थिताय ।
नमस्तेऽन्तरीक्षाय पुण्येश्वराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।३४।।

જ્યાં પાર્શ્વજી ચ્યવન જન્મ-સુદિક્ખ ધારી,
ને જ્ઞાન કેવલ વરે જગ સૌખ્યકારી;
વારાણસીનગર તે વરદેશ કાશી,
વારાણશીશ ! પરમાત્મતણો હું આશી. ૧૦૦

સમ્મેત શૈલ અભિધાયકતીર્થ શૃંગે,
શ્રીપાર્શ્વનાથ રમતા શિવનાર સંગે;
હે નિર્વિકાર નમવા ભવિલોક આવે,
યાત્રા કરી અઘ દહે શિવ સૌખ્ય પાવે. ૧૦૧

શ્રીઅંતરીક્ષ વર પારસમૂર્તિ તારી,
જોતાં થયું હૃદયમાં અચરીજ ભારી;
છે અંતરીક્ષ વિભુ સાર્થક નામ તારૂં,
પદ્માસનાર્ધ ! પરમેષ્ઠિ તને જુહારૂં. ૧૦૨

नमः स्वप्नदेवाय भूमंडनाय, नमस्ते प्रकृत्या जगद्वल्लभाय ।
नमो गीरूवापार्श्वनाथाय तुभ्यं, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ।।३५।।

ભદ્રાવતીશ ! વર નિર્ભય કેસરીયા,
છો પાર્શ્વનાથ વરદા ગુણના દરીયા;
હે સ્વપ્ન દેવ ! સુપનાંતરમાંહીં આવો,
ક્યારે વરીશ શિવ તે મુજને કહાવો. ૧૦૩

કુંભોજશૈલ ઉપરે જગ હર્ષકારી,
હે આશ્વસેનિ ! જગવલ્લભ નામધારી;
અષ્ટપ્રકાર સહુ કર્મ વિદારનારા,
સેવ્યો અનંત હરજો મુજ કર્મભારા. ૧૦૪

શ્રી ગીરૂવા પ્રવર પારસદેવ પામી,
ભક્તો નિરંતર ભજે બનવા અકામી;
કંદર્પદર્પ દળવા હરવા વિભાવો,
સેવી અનાદ્ય વિનવું દિલમાંહીં આવો. ૧૦૫

नमो नेरतीर्थे मनोवांछिताय, नमः नाथ चिन्तामणे ! मोक्षदाय ।
नमस्ते यशोगौरगोडीधराय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥३६॥

શ્રીનેરનાથ મનવાંછિતના પ્રભાવે,
શ્રદ્ધાળુનાં સકલ વાંછિત સિદ્ધ થાવે;
સેવ્યો તને ત્રિભુવનાર્તિ વિનાશકારી,
હે પાર્શ્વ ! નિત્ય મળજો તુજ યોગ ભારી. ૧૦૬

ચિંતાચૂરી સતત કામિત પૂરનારા,
ચિંતામણી કલિયુગે પણ છો સનૂરા;
નાસિક્ય પાર્શ્વ પરમેશ શરણ્ય પામી,
કીજે અમી નજરને કહું શીર્ષનામી. ૧૦૭

મુંબાપુરી ક્ષિતિતલે પ્રભુપાર્શ્વ ગોડી,
પૂજે સદા ભવિજનો મનમોડી દોડી
તારી યશો ધવલિમા ત્રિહુંલોક ગાજે,
ઈચ્છા સદૈક ભગવાન મનમાં બિરાજે. ૧૦૮

## શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભ.ની આરતી

(જય જય આરતી આદિ જિણંદા.... એ રાગ.)

મંગલમય પારસજિન તારી, આરતિ ઉતારૂં અરતિ નિવારી, મંગલ. ૧
અષ્ટોત્તરશત પાર્શ્વપ્રભુની, આરતિ ભવદુઃખ ભંજાણહારી, મંગલ. ૨
નામ તમારા એક સહસને આઠ, અષ્ટોત્તરશત તીર્થ આધારી, મંગલ. ૩

નવ નવ નામે, નવ નવ ધામે, કામિત પૂરણ પૂજના તમારી, મંગલ. ૪
દેખી નયનથી દિલમાં ધરતાં, વરતા પરચા ભવિકો અપારી, મંગલ. ૫
નવસારીથી નમન કરીને, પ્રાન્તે ગોડીજી પ્રણમો ઉદારી, મંગલ. ૬
યાત્રા કરી એકસો અડ પાસ, વિનવું પધારો હૃદય મોઝારી, મંગલ. ૭
જગજસવાદ જિનેશ્વર તારો, ભવિજન 'વલ્લભ' શિવદાતારી, મંગલ. ૮

## શ્રી ધર્મચક્રની આરાધના

### : પ્રાર્થના :

ક્ષેમં સર્વપ્રજાનાં, પ્રભવતુ બલવાન્, ધાર્મિકો ભૂમિપાલઃ,
કાલે કાલે સુમેઘોઽવતરતુ જગતિ, વ્યાધયો યાન્તુ નાશં,
દુર્ભિક્ષં ચૌરમારિ, ક્ષણમપિ જગતાં, માસ્મભૂજ્જીવલોકે,
જૈનેન્દ્રં ધર્મચક્રં, પ્રભવતુ સતતં, સર્વસૌખ્યપ્રદાયી..

તપ સહેલો છે....
અઠમના તપ પૂર્વક પ્રારંભ.... પારણે બિયાસણું...
ત્યારબાદ એકાંતરા ૩૭ ઉપવાસ દરેક ઉપવાસના
પારણે બિયાસણું અને છેલ્લે અઠમ, પારણે બિયાસણું.
કુલ ૮૨ દિવસના આ તપમાં કરવાની વિધિ......

- શક્ય બને તો ત્રણે ટાઈમે દેવવંદન, ન બને તો ઓછામાં ઓછું એક વખત દેવવંદન કે ચૈત્યવંદન.
- બન્ને ટાઈમ પ્રતિક્રમણ.
- શ્રીધર્મચક્રતપ આરાધનાર્થં..... કાઉસગ્ગકરું.... અન્નત્થ ૧૨ લોગસ્સનો કાયોત્સર્ગ.
- ૧૨ સાથિયા.
- દુહો બોલીને - ૧૨ ખમાસમણા.

-: દુહો :-

ધર્મચક્ર અરિહંતનું, સકલ જગત સુખકાર,
તપ જપથી આરાધતાં, સહુ સંકટ હરનાર;
આગામી ભવ આપતું, જિનપદવી શ્રીકાર,
અથવા જિન દર્શન મળે, ધર્મચક્ર ધરનાર.

❖ જણાવેલ મંત્રની ૨૦ નવકારવાળી.

''શ્રી ધર્મચક્રિણે અર્હતે નમઃ''

## ધર્મચક્રવર્તીની પ્રાર્થના

હે ધર્મચક્રી જિનવરા, તુજ ચક્રને અઘ છેદવા,
તપ ધર્મચક્ર પ્રયોગ પ્રેમે, હું ચહું ભવ ભેદવા;
તુજ ધર્મચક્રનું ધ્યાન, આતમભાનજ્ઞાન દિવાકરૂ,
શિવરાજ લેવા હું અહોનિશ, તુજ પદે વંદન કરૂં. ૧

હે ધર્મચક્રાતિશયધારક ! આપ ચરણે શિર ધરૂં,
અતિશાયી પુણ્ય પ્રભાવકારક આપની સ્તવના કરૂં;
આધાર આ કલિયુગ વિષે, પ્રભુ આપ અતિશય ધારણા,
તેથી તમારા ધર્મચક્રને ભાવથી કરૂં વદંના. ૨

હે નાથ ! તારા ધર્મચક્રના દર્શને દષ્ટિ ઠરે,
ને નાથ ! તારા ધર્મચક્રના વંદને વાંછિત મળે;
પરમેશ ! તારા ધર્મચક્રના પૂજને પાતિક ટળે,
અતિશાયી ! તારા ધર્મચક્રને ભાવથી કરૂં વંદના. ૩

દુર્ધ્યાન ટાળે ધર્મચક્રનું ધ્યાન નિશ્ચે ભવિતણું,
ને ધ્યાન શુભ નિજ ચિત્તમાંહે પામતો આતમ ઘણું;
તે ધ્યાન ધર્મથી કર્મકલિમલ કાપવા કરૂં ઝંખના, અતિ. ૪

જે સાત ભયને ટાળી અઘનો ભય હૃદય પ્રગટાવતું;
ભવપાર કારક ધ્યાન જસ અહોનિશ ભવિને ભાવતું;
ટાળે સકળ દુઃખને વળી અરતિ તણી આક્રંદના, અતિ. ૫

કલિકાળમાં પરગટ પ્રભાવક ધર્મચક્ર છે જાગતું,
આરાધતા તપયોગથી જે તાસ સંકટ ભાગતું;
જે રોગ ટાળે કાયના વળી, ચિત્તના સહુ છંદના, અતિ. ૬

જ્યારે જિનેશ્વર ! આપ ચાલી વિહરતા અવનિતટે,
ત્યારે તમારૂં ધર્મચક્ર ભવિકને નજરે ચઢે;
આર્હન્ત્ય લક્ષ્મીતણું તિલક સન્મુખ રહે તુમ સર્વદા, અતિ. ૭

તનના બધાયે રોગને, મનના બધાયે શોગને;
ટાળે વળી આ દુઃખભર્યા સંસારના સંયોગને;
આપે વિપુલ સુખ ભોગને વળી ભોગમાં પણ યોગને, અતિ. ૮

તુજ ધર્મચક્ર સુતીર્થ ઠવણાહેત સુરવયણે કરી,
કીધી પ્રતિજ્ઞા નાથ ! મેં તનમનવચનથી આકરી;
જબ તીર્થ તારૂં ગાજશે જગના ભયો સૌ ભાંજશે, અતિ. ૯

## ધર્મચક્રના ચૈત્યવંદન

(૧)

તપ તેજે અરિહા થયા, ધર્મચક્ર ધરનાર;
આરાધો એ તપભલો, કર્મચક્ર હરનાર. ૧
અઠમથી આરાધીએ, એકાન્તર ઉપવાસ;
સાડત્રીસ આરાધીએ, અંતે અઠમ ખાસ. ૨
દિન બ્યાસીનો તપ કહ્યો, ધર્મચક્ર જગસાર;
તપજપથી આરાધતાં, પામો ભવજલ પાર. ૩

ધર્મચક્રિણે અર્હતે, જપતાં જપ સસનેહ;
પ્રેમ ભુવનભાનુ લહે, 'જગવલ્લભ' શિવગેહ. ૪

(૨)

ચોત્રીશ અતિશય પ્રભુ તણાં, મૂલાતિશય ચાર;
ઘાતિકર્મના ક્ષય થકી, એકાદશ હિતકાર. ૧

ઓગણીશ અતિશય દેવના, ભક્તિ ભરે વિરચાય;
ધર્મચક્ર પહેલો તિહાં, ભવિજનને વરદાય. ૨

સાધક બાધક દોષને, ટાળી કરે તત્કાળ;
ધર્મચક્ર આરાધના, પુણ્ય ગુણોની માળ. ૩

ધર્મચક્રનાં પ્રેમથી, ભુવનભાનુ વરદાન;
ધર્મજિત્ ચરણે લહો, 'જગવલ્લભ' સુખખાણ. ૪

(૩)

પ્રથમ તીર્થ ઈહકાળનું, ધર્મચક્ર અભિરામ;
દેવકૃત પહેલો વળી, અતિશય તે સુખધામ. ૧

સહસારક સૂરજ થકી, કોટિ ગણું જસ તેજ;
તે અતિશય આરાધતાં, હોવે આત્મ સતેજ. ૨

બાહ્યાભ્યંતર અરિતણો, ટાળે તે અવરોધ;
ધર્મચક્રતપ સાધતાં, આતમ નિર્મલ બોધ. ૩

પ્રેમળ વયણે પ્રભુ તણાં, ધર્મચક્ર આરાધો;
ભુવનભાનુ જગ ધર્મથી, 'વલ્લભ' શિવને સાધો. ૪

卐卐卐

## ધર્મચક્રના સ્તવન

(૧) (રાગ :- હે ત્રિશલાના જાયા....)

ધર્મચક્ર ધરનારા, અરિહા મુજને પ્યારા;
ધર્મચક્રનો પ્રભાવ પામી, સેવું ચરણ તમારા. ધર્મચક્ર.

ધર્મચક્ર જિનરાજ તમારૂં, કર્મચક્રને ટાળે, (૨)
કર્મચક્ર દૂર કરવા કાજે, ધર્મચક્ર અજવાળે; (૨)
તપ જપથી આરાધન કરતાં, કર્મ પડલ હરનારા. ધર્મચક્ર. ૧

પ્રભાવ તારા ધર્મચક્રનો, મુનિજન મુખથી ગાવે, (૨)
હેજ ધરી સુણતાં મુજ હૈયું, ભક્તિ સભરતા પાવે; (૨)
ધર્મચક્રની ભક્તિ કરતાં, દુઃખ દોહગ ટળનારા. ધર્મચક્ર. ૨

ક્ષેમ કરે સૌ જગનું થાવે, ધર્મબલી શુભ રાજા, (૨)
વ્યાધિ ટળે વરસે નિજકાળે, મેઘ હોવે સૌ સાજા; (૨)
દુકાળ ચોરી મારી હરે સૌ, ધર્મચક્રના આરા. ધર્મચક્ર. ૩

ક્ષણ ક્ષણ સહુના કાજ સુધારે, ધર્મચક્રની સેવા, (૨)
જિનવર તારા ધર્મચક્રને, સેવી લહું શિવમેવા; (૨)
પ્રભાવ તારા ધર્મચક્રનો, વ્યાપી રહો જગ સારા. ધર્મચક્ર. ૪

ધર્મચક્રના પ્રેમ પસાયે, ભુવનભાનુ વિજ્ઞાને, (૨)
ધર્મચક્રિણે નમો અર્હતે, એ પદના જપ ધ્યાને; (૨)
'જગવલ્લભ' તપ ધર્મચક્રથી, અવિચલ પદ વરનારા. ધર્મચક્ર.૫

卐卐卐

(૨) (રાગ :- સમરો મંત્ર ભલો નવકાર)

પ્રણમું પાર્શ્વજિનેશ્વર સ્વામ, તારૂ ધર્મચક્ર અભિરામ;
ધારક ધર્મચક્ર નિષ્કામ, પ્રણતિ ટાળે દોષ તમામ....પ્રણમું. ૧

રોગને ટાળે, દોષને ટાળે, ટાળે સઘળા પાપ;
તનના તાપ હરે તે સઘળા, ટાળે મન સંતાપ...પ્રણમું. ૨

શિવપદ શીલગુણ કારક વાંદી, પામો વિષયવિરાગ;
ધર્મચક્રીપદ દર્શન આપે, આપે પ્રગતિ પરાગ... પ્રણમું. ૩

સંતતિ પામે પુત્ર વિહોણો, નર પામે ધનરાશ;
ધર્મચક્ર આરાધન યોગે, આતમ અનુભવ ખાસ....પ્રણમું. ૪

એક એક અતિશય જિન તારા, અચરિજનાં કરનાર;
તેમાં પણ આ ધર્મચક્ર તો, માન્યો મેં શિરદાર... પ્રણમું. ૫

ધર્મચક્રી કહી ગુણલા ગાતાં, ગણધર પણ હરખાય;
આરાધી એ અતિશય તારો, ધ્યાને ધરૂં સદાય....પ્રણમું. ૬

પ્રેમ-ભુવનભાનુ સહસારક, આત્મપ્રકાશક પામ;
ધર્મચક્ર ભવભેદક 'જગને, વલ્લભ' પદ વિશ્રામ...પ્રણમું. ૭

卐卐卐

(૩) ( રાગ :- મારી આજની ઘડી તે રળિયામણી.)

ગાઉં ધર્મચક્રીની ગુણ માલિકા,
એની સેવા અમોઘ પુણ્ય કારિકા જી હો. ગાઉં. ૧

દેવકૃત એ અતિશય રાજતો,
સર્વ તીર્થંકરોની આગે ચાલતો જી હો. ગાઉં. ૨

પંચરત્ન સુસપ્તવર્ણ વ્યાપતાં,
એના આરા હજાર પાપ કાપતાં જી હો. ગાઉં. ૩

એનો મહિમા અપાર ચિત્ત સ્થાપવા,
ધરી શ્રદ્ધા આરાધો સુખ પામવા જી હો. ગાઉ. ૪

મહા દુઃખી શ્રીદત્તા બ્રાહ્મણી કરે,
ગુરૂ વયણે તપસ્યા ધર્મચક્રની જી હો. ગાઉં. ૫

સર્વ વિઘ્ન હરાય ધર્મચક્રથી,
ધર્મચક્ર સઘળાય સુખ સારથી જી હો. ગાઉં. ૬

નામે કનકશ્રી રાજપુત્રી બને,
ધર્મચક્ર પ્રભાવે બીજે ભવે જી હો. ગાઉં. ૭

જિન પદવી કે જિનદર્શ આપતું,
પ્રેમે આરાધે તાસ કર્મ કાપતું જી હો. ગાઉં. ૮

પામી ભુવનભાનુ જિનદર્શને,
માણી સંયમ વિલાસ જિનની કને જી હો. ગાઉં. ૯

સિદ્ધિ પામી એ ભાવ ચિત્તમાં ધર્યો,
ધર્મચક્રી 'વલ્લભ' પાયે પર્યો જી હો. ગાઉં. ૧૦

### થોય

ધર્મચક્ર અરિહંતનો, અતિશય સુવિખ્યાત,
દેવનિર્મિત પહેલો નમું, તારક જે જગતાત;
પરમાતમ-પદ આપતો, તપ તેહનો જાણી,
જિનદર્શન-પદ પામવા, આરાધો ગુણખાણી.

## શ્રી ધર્મચક્રની થોય જાડો - ૧

(રાગ : શાંતિ સુંહંકર સાહિબો....)

ધર્મચક્ર જગમાં ભલું, જિન આપનું રાજે,
મર્મ કરમનાં કાપતું, ભવિ હૃદય બિરાજે;
ચરણકમળ કમળા લહી, ધર્મચક્ર પ્રભાવે,
જિનપદ કે જિન પામવા આરાધું શુભ ભાવે. ૧

ભૂત ભાવિને સંપ્રતિ, ધર્મચક્રી ગવાતા,
ચોવીશ ચોવીશ આંકથી, બહોંતેર સ્તવાતા;
સીમંધરાદિક જાણીએ, વળી વીશ વિચરંતા,
ધર્મચક્ર યુત ધ્યાઈયે, હિતકારી ભદંતા. ૨

આગમથી મન આણીએ, ધર્મચક્રના આરા,
સહસ સંખ્યાએ ધ્યાવતાં, હરે મોહ વિકારા;
સહસ કિરણ કોટી ગણું, જસ તેજ ઝગારા,
વાંદી સ્તવી આરાધતાં, વાધે ધર્મની ધારા. ૩

અરિહાનાં ઉપકારને, ધરી હૃદય મઝાર,
પ્રેમે સુરેન્દ્ર મળી કરે, જસ રચના ઉદાર;
ભુવનભાનુ અરિહંતના, ધર્મચક્ર પ્રતાપે,
'જગવલ્લભ' સુર ખેવના, કરી વાંછિત આપે. ૪

થોય જોડો-૨

(રાગ : શાંતિ સુહંકર સાહિબો....)

આદિ જિનેશ્વર સાહિબો, તક્ષશિલા પધારે,
બાહુબલી હરખી વદે, પ્રણમીશું સવારે;
વિહરી જતાં પ્રભુજી તદા, નીર નયણે ન માવે,
શક્રવયણ સહસાર તે ધર્મચક્રને ઠાવે. ૧

નામ ગ્રહી નમો નેહથી, ધર્મચક્રી ભદંતા,
ઠવણા દ્રવ્યને ભાવથી, ભજયે કાજ સીજંતા;
અતીત અનાગતનાં વળી, પ્રભુ સંપ્રતિ કેરા,
ચોવીશ ચોવીશ ભેટીયે, ધરી ભાવ ભલેરા. ૨

ધર્મચક્રી કહીને સ્તવે, શકસ્તવમાં ગણેશા,
સિદ્ધસ્તવે પણ એ રીતે, પ્રણમો પ્રણમેશા;

ઓગણીશ અતિશય દેવનાં, ધર્મચક્ર પ્રભાવી,
આગમથી આરાધીએ, શિવપુર પ્રદ ચાવી. ૩

ધર્મચક્ર વર તીર્થની, કરે ભક્તિ સનૂરા,
દેવી ચક્કેશ્વરી સંઘના, કરે કામિત પૂરા;
પ્રેમ ભુવનભાનુ રૂડા, ધર્મચક્રનાં દાવે,
ધર્મજિત જગ જીવડો, સુખ 'વલ્લભ' પાવે. ૪

## શ્રીધર્મચક્ર વંદનાવલિ

ક્ષેમંકરા હે ધર્મચક્રાતિશય ધારક જિનવરા,
મંગલકરા ભવિ જીવને, સંસારથી ઉદ્ધૃતકરા;
સર્વપ્રકારી સૌખ્યદાયક, ત્રાશ નાશક સર્વના,
અતિશાયી તારા ધર્મચક્રને, ભાવથી કરૂં વંદના. ૧

વસમા વિકારો વિષયના, વેગે વિદારણ તત્પરા,
પ્રગટાવી ભવ વૈરાગ્યને, જે સર્વને શમરસકરા;
જાતિ જરા મરણાદિ મૂલક, સર્વ દુઃખ નિવારણા, અતિ. ૨

નામે સદાયે શીર્ષ નાકિનાથ સઘળા હેતથી,
પ્રત્યેક આશાપૂરણ તુજને શિવ તણા સંકેતથી;
ભવ્યાબ્જ વિકસિતકાર હે શ્રધ્ધેય ! કારક સારણા, અતિ. ૩

વરતાય આરો નાથ, ચોથો ધર્મચક્ર પ્રભાવમાં,
તુંહી તુંહીનો નાદ અંતર તુમ તણા સદ્ભાવમાં;
બલવાન ધાર્મિક ભૂપ થકી, પામે પ્રજાજન રક્ષણા, અતિ. ૪

લલચાવતું લખ લોકને વિસ્મિત કરે અહોભાવથી,
વાંછિત બધા આવી મળે તુજ ધર્મચક્ર પ્રભાવથી;
'ધાર્યું ધણીનું થાય' કહેતી અનુભવી મેં ભાવના, અતિ. ૫

મિથ્યાત્વ મોહ ગળે દીપક શ્રધ્ધા તણો પ્રગટે દિલે,
ક્રોધાદિ સર્વ કષાય છેદક, ભાવ શુભ આવી મળે;
ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાન રક્ષક સર્વ દોષ વિડંબના, અતિ. ૬

મિત્રો બને હિતકાર સઘળા, શત્રુઓ તુજ યોગથી,
પાપી જનો પાવન બને, તુજ ધર્મચક્ર સુયોગથી;
લખલૂટ લક્ષ્મી પુણ્ય પ્રભવા, પાવની ગૃહ આંગણા, અતિ. ૭

કાજળ સમા કાતિલ કરમના, કોયડા વિખરાવતું,
લેખો લલાટે લખી પરિમલ, પુણ્યની પ્રસરાવતું;
કાયા પલટ કરતું સુહેતુ, ભવ્ય નવ્ય સુલક્ષણા, અતિ. ૮

લેપાય ના ભવિ ભોગમાં, કદીયે પ્રભાવે જેહના,
સુકૃત કમાણી નિત્ય કરે, ત્રુટી તણી જ્યાં રેહ ના;
મેવા દીયે મુગતિ તણા, તુજ ચક્ર ભક્તિ રંજણા, અતિ. ૯

ઘોર પ્રગાઢ ભવાંધકારે સૂર્ય સમ જે ઝળહળે,
વરદાય આરક સહસથી જે મોહ મિથ્યા તમ હરે;
તકદીર તસ્વીર ને વળી, તાસીર સંસ્કૃત કારણા, અતિ. ૧૦

રત્નો તણા પંચક સુયોગે, દેવતા નિરમાપતા,
તુરગ સુવાર્ણ ભર્યો, તુરગ ટાળી સદા હરખાવતા;
જયનાદની જયકાર કારી, જે કરે નિત ઘોષણા, અતિ. ૧૧

ગગનાંગણે જે ગાજતું, અરિહા સમીપે રાજતું,
તિગ્માંશુ સમ પણ શૈત્યદાયક, ભવિકનું મન માંજતું;
વ્યાઘાત ટાળે જે બધા, વિપરિત કર્મ પ્રબંધના, અતિ. ૧૨

ધન્યત્વ કારક હે પ્રભો ! છે આપ ચક્રારાધના,
યોગાંગ અડયોગે કરી, બાળે સકળ કર્મેન્ધના;
યાંત્રિક માંત્રિક ને વળી તાંત્રિક સિધ્ધિકારણા, અતિ. ૧૩

તુંહી જ તારક ભવ થકી, તુંહી જ વારક દોષનો,
નાશક બધી ઈચ્છા તણો, કારક તું પુણ્ય પ્રઘોષનો;
શંકર શિવંકર વિશ્વના ઉદયંકરૂ ભવિયણ તણા, અતિ. ૧૪

દુર્દિન ટળે, શુભદિન વળે, આવી મળે સહુ સંપદા,
ભિક્ષુકપણે નિશ્ચે દહે, અંતર તણી સૌ આપદા;
ક્ષમતા વશે શુધ્ધિ લહે, આત્મા વરે શિવ અંગના, અતિ. ૧૫

ચૌમુખ સમવસરણ વિષે, ચઉદ્વાર ચક્રો રાજતા,
રમતા ભવિ તસ ધ્યાનમાં, જે તાસ ભ્રમણા ભાંજતા;
માહાત્મ્યધારી નાથ ! ચક્રો ચાર તુજ સોહામણા, અતિ. ૧૬

રિપુતા ટળે તુજ ચક્ર અપરાજિત તણા શુભ ધ્યાનથી,
ક્ષણ ક્ષણ પ્રમોદ વહે હૃદય તુજ ચક્રના ગુણગાનથી;
'ણ' હું પણ કરૂં ગુણગાન થાવા આપ પદ દિલ અર્પણા, અતિ. ૧૭

મળશો મને એકાંતમાં, એ આશ અંતર ધારીને,
પિણ્ડી વિષે ૐકારયુત, તુજ મંત્રને અવધારીને;
જપતો સદા તુજ જાપને, કરૂં ધર્મચક્ર વધામણાં, અતિ. ૧૮

ગમતો મને રમતો અતિશય આપ સહસારક ખરો,
તામિસ્ર ટળે તેજથી, જે કોટિ સૂર્યસમો વરો;
માસક પ્રભામૃત હૃદય વ્યાપે, ધર્મચક્રની સાધના, અતિ. ૧૯

સ્મરશત્રુ તારા ધર્મચક્રનું, સ્મરણ ભવતારણ ખરૂં,
ભૂજન્તુ મોહ મૃગારિનાશક, આત્મગુણ ઉદયંકરૂ;
જીવાતુ આ જીવલોકનાં, જીવન કરે રળીયામણાં, અતિ. ૨૦

વરેણ્ય છો વિશ્વે પ્રભુ તુજ નામ લેતા વારમાં,
રોમાંચ થાય ખડા વળી વિઘ્નો ટળે પળવારમાં;
કેતુ સમા સહુ ધર્મ-ગુણના કર્મચક્ર વિદારણા, અતિ. ૨૧

જીમૂત સમ વરસાવતુ જે વારિ પુણ્યામૃતતણું,
નેન્દ્રિયવધકારક છતાં કરણોતણું સુખકારણું;
દ્રમ્માદિદ્રવ્ય પદાર્થ સઘળા જે દીયે રળીયામણા, અતિ. ૨૨

ધર્મજ્ઞ સહુ નરનાર પૂજે પ્રેમથી મહિમાગરૂ,
મમતા નિવારક ને વળી સમતા સુધારસ સાગરૂ;
ચલચંચુ સમ ભવિ ચિત્ત ચાહે મેઘ સમ જસ ધારણા, અતિ. ૨૩

ક્રંદન નિવારે રોગ-શોક ને જન્મ-મરણાદિકતણા,
પ્રસ્તાવના શિવમાર્ગ કેરી જે કરે હિત આપણા;
ભવોભવતણી ભાવઠ નિવારે જે દુઃખો અળખામણા, અતિ. ૨૪

વસુસાર વસ્તુ એક માનું ધર્મચક્ર તુમારડું,
તુઠ્યા પછી હું ના રહું ભવમાં કદીયે ના રડું;
સંમોહકારક મોદકારક મોહદ્રોહનિવારણા, અતિ. ૨૫

તમતિમિરનાં પડલો નિવારૂં ધર્મચક્રવશે રહી,
તન્તુકીનાં સહુ રક્તકણ પાવિત કરૂં પાપો દહી;
સર્વજ્ઞ ! તુજ ચરણે કરૂં શુભભાવના અર્ઘ્યાર્પણા, અતિ. ૨૬

વન્દારૂ મુજ આતમ તને ત્રિકરણ સુયોગે વાંદતો,
સૌખ્યેચ્છુ શિવનો તવ કૃપાબળથી વિભાવો છાંડતો;
યત્ને કરી તુજ ચક્રના ધ્યાને વર્યો નિજ સ્પર્શના, અતિ. ૨૭

પ્રવરા ભવોભવ એક ચાહું આપની શુભ સેવના,
દાદા દયાળુ ધર્મચક્રી નિત કરો મુજ ખેવના;
ચિચક્ષુ શિવ મુજ ચિત્ત કર વસવાટ ને પધરામણા, અતિ. ૨૮

જ્યારે વિહાર કરી વિચરતા આપ અવનિ ઉપરે,
નવકમળ ઉપર પાદ ઠવતા નિરખતાં નયણો ઠરે;
દો બાજુ ચામર ઢાળતાં સુર દોય શિવસુખકારણા, અતિ. ૨૯

ભક્તિ ધરે જે નિજ હૃદયમાં આપ ચક્ર પ્રતિ ભવિ,
દુર્ભાગ્ય તમ-તિમિર ટળે ને તાસ પ્રગટ શુભરવિ;
પુણ્યાનુબંધી પુણ્ય ઉદયો શિવતણા કંડારણા, અતિ. ૩૦

ૐકાર યુત તુજ ધર્મચક્રનો મંત્ર ને વિદ્યા વરા,
ભાવે નમો સંયુત વીર ભદંત સુખવર્ધન કરા;
હે વર્ધમાનગુણાકરૂ તવ ચરણકજ સત્કારણા, અતિ. ૩૧

જેના પ્રભાવ વશે ભવિકની વિલય પામે આપદા,
સંકટ ટળે સ્વાધીન બને શિવકાર સઘળી સંપદા;
રોગો ટળે આરોગ્ય દ્રવ્ય-ભાવ ઉદયંકારણા, અતિ. ૩૨

કેતી પ્રશંસા નાથ ! તારા ધર્મચક્રતણી કરૂં,
નામી તમારા ચરણકમળે શીર્ષને વાંછા કરૂં,
ભવોભવ ચહું સહુ અઘવિદારક આપ ચક્રારાધના, અતિ. ૩૩

આજે ય તારા ચક્રનો પરભાવ પૂરો અનુભવી,
માન્યો તને-તુજ ચક્રને વાંછિતપ્રદા કામિતગવી;
ચિંતા તજી ચિંતનરૂચિ ચિદ્રુપ અવસ્થાકારણા, અતિ. ૩૪

આત્મકમલ ઉદ્યોતકારી વીર ! અતિશય આપના,
ચઉ જન્મ, એકાદશ વળી ઘનઘાતિ અઘ નિર્વાપના;
વરદાનકર ઓગણીશ નાકિ રચિત સુખસંભારણા, અતિ.
અતિશાયી તારા ધર્મચક્રને, ભાવથી કરૂ વંદના. ૩૫

તણખા ખરે તુજ ધર્મચક્રથી મોહમિથ્યાઘાતકા,
પ્રેમે ભુવનભાનુ પ્રકાશી સર્વપાતિકશાતકા;
સૌધર્મજિતસુરીશ પદકજ 'જગતવલ્લભ'કારણા, અતિ. ૩૬

卐卐卐

## આધ્યાત્મિક ત્રિફળાની આરાધના

### (૪ શરણ - દુષ્કૃત ગર્હા - સુકૃત અનુમોદના)

### ૪ શરણનું ચૈત્યવંદન

ચોત્રીસ અતિશયધાર અરિહા વાણી પાંત્રીસ ગુણધરા,
સર્વોચ્ચ પુણ્ય પ્રકારને ઉપકારકારક હિતકરા;
આદિ પ્રમુખ ચોવીશમા જિન વીરને પ્રણમી સદા,
ધ્યાને ધરી વિશ્વાસથી ગ્રહીએ શરણ ચઉધા મુદા. ૧

નિજ જ્ઞાન દર્શન ચરણ વીર્ય અનંતતા ધારક પુરા,
જે અખય અરૂપી અગુરૂલઘુગુણ સુખ અનંતધરા વરા;
એગતીશ અથવા આઠગુણ સિધ્ધો તણા છે ગુણપ્રદા,
ધ્યાને ધરી વિશ્વાસથી ગ્રહીએ શરણ ચઉધા મુદા. ૨

પ્રેમે સૂરિ ઉવજઝાય સાધુ ચરણ શરણ ત્રીજું વરો,
સૌભાગ્ય ભુવનભાનુ કર ચોથે પરમ ઉદયંકરો;
શ્રીદાન શીલ તપ ભાવ ચઉધા ધર્મ 'જગવલ્લભ' ખુદા,
ધ્યાને ધરી વિશ્વાસથી ગ્રહીએ શરણ ચઉધા મુદા. ૩

### (૧) ચતુઃ શરણગમનનું સ્તવન

(રાગ : આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર)

આવ્યો આવ્યો શરણે તમારા આવ્યો છું જિનરાજ,
...મુજને આપો શરણું આજ.

વિનવું પ્રભુજી આપને આજે ભવજલ તરવા કાજ,
... મુજને શરણે રાખો રાજ.

કાલ અનાદિથી ભવવનમાં, ભટક્યો હું બહુ વાર;
ચાર ગતિના ભ્રમણ થકી હવે, થાક્યો અપરંપાર, મુજને. ૧

સુખયુત માનવભવ મલીયો પણ, શાંતિ ન પાયો લગાર;
ભવસ્થિતિના પરિપાક વિના તો, શાંતિ નવિ મલનાર. મુજને. ૨

ચાર શરણ વિનાનો સ્વામી, આજ લગી હું અનાથ;
ચાર શરણ સ્વીકારી આજે, બનવું મારે સનાથ. મુજને. ૩

અરિહંત સિદ્ધ સુસાધુને ધર્મનું, શરણું ગ્રહું છું આજ;
પંચની શાખે કરી આરાધન, ભવજલ તરવા જહાજ. મુજને. ૪

એ શરણાથી મુજ તન, મન ને ભવના રોગ પલાય;
આતમ મારો સદ્‌ગતિ ક્રમથી, શિવ સુખ સ્વામી થાય. મુજને. ૫

પ્રેમે ચાર ચરણ સેવનથી, પ્રગટે ભુવનભાણ;
'જગવલ્લભ' સુખ સંગી બનશું, આરાધી તુજ આણ. મુજને. ૬

## : ચાર શરણની થોય :

પહેલે અરિહા સિધ્ધ નિરંજન બીજે શરણે ધારોજી,
સાધુ શરણે ત્રીજે ગ્રહીએ, ચોથે ધરમ અવધારોજી;
ચાર કષાય ગતિ ચઉ વારક સંજ્ઞા ચાર નિવારેજી,
એ ચઉ શરણે ભાવે રહેતાં, ભવજલ પાર ઉતારેજી. ૧

卐卐卐

## (૨) દુષ્કૃતગર્હાનું ચૈત્યવંદન

હિંસા મૃષાને ચૌર્યાદિ દાવે, મૈથુન ને સંગ્રહનાં વિભાવે;
જે પાપ કીધા શિવરોધકારી, દુષ્કૃતગર્હા કરૂં આજ ભારી. ૧

પ્રચંડ ક્રોધાદિક ચાર યોગે, ને રાગ દ્વેષાદિકનાં પ્રયોગે;
કલહાદિ કીધા શિવપંથવારી, દુષ્કૃતગર્હા કરૂં આજ ભારી. ૨

જે આળ ચાડી અરતિ રતિના, નિંદા મૃષા માય મિથ્યામતિના;
અઢાર પાપો કીધલા અપારી, દુષ્કૃતગર્હા કરૂં આજ ભારી. ૩

આમાદિ પ્રેમે શરણે રહીને, ભુવનૈકભાનુ હૃદયે વહીને;
જે ધર્મને 'વલ્લભ' મોક્ષકારી, દુષ્કૃતગર્હા કરૂં આજ ભારી. ૪

## (૨) દુષ્કૃત ગર્હાનું સ્તવન

(તમે રે સહારા રે મંગલ ધામના.... એ રાગ)

સ્વામી ! સ્વીકાર્યા રે... શરણા મેં ભાવથી,
હે મારે દુષ્કૃત ગર્હા હવે કરવી, સ્વીકાર્યા રે.. શરણાં મેં ભાવથી. ૧

દર્દી હું નાથ ! ભવરોગથી ભરેલો,
કુટિલ કર્મતણા, દુઃખથી ડરેલો;
હે હવે કર્મબંધનથી મૂકાવા...સ્વીકાર્યા રે..શરણાં મેં ભાવથી. ૨

અભયદાતા મને નિર્ભય બનાવજો,
શરણા સ્વીકાર્યા હવે આગે બઢાવજો;
હે શિવનગરીના પંથે સંચરવા.. સ્વીકાર્યા રે...શરણાં મેં ભાવથી. ૩

ભૂતના ભવોમાં કીધાં પાપ મેં ઘણેરાં,
હિંસા ચોરી કુશીલ જૂઠના એ ઢેરા;
હે પરિગ્રહના મહાપાપથી મૂકાવા.સ્વીકાર્યા રે.શરણાં મે ભાવથી. ૪

પાપો અઢાર ઈમ સેવ્યાં મેં જોરથી;
કડવા વિપાક એના વેઠયા મેં શોરથી;
હે એવા પાપ તણા શ્રાપથી મૂકાવા.સ્વીકાર્યા રે.શરણાં મેં ભાવથી. ૫

સુખડાં મલ્યાં છે પણ શાંતિ નથી સાંપડી,
સંસારના સુખમાં તે ક્યાંથી મલે બાપડી;
હે હવે શમરસના પાન કરી લેવા.. સ્વીકાર્યા રે.. શરણાં મેં ભાવથી. ૬

આગમની આરસી આપ મને આપવા,
પાપ તણા ડાઘ મારા આતમના કાપવા;
હે મારા મનના મંદિરીયે પધારો..સ્વીકાર્યા રે..શરણાં મેં ભાવથી. ૭

ભમવું નથી મારે હવે ભવરાનમાં,
કરી પાપ ગર્હા હું કહું છું તને કાનમાં;
હે કર્મક્ષપણાનું બલ લઈ લેવા..સ્વીકાર્યા રે...શરણાં મેં ભાવથી.૮

સુખ તણી વાત સંસાર થકી ન્યારી,
દુષ્કૃત ગર્હાથી શાંતિ મલે પ્યારી;
હે 'જગવલ્લભ' સુખ સજી લેવા.સ્વીકાર્યા રે..શરણાં મેં ભાવથી.૯

卐卐卐

## (૨) દુષ્કૃતગર્હાની થોય

આતમ અમ દોષ અઢાર ભર્યા,
અવિચારી પાપો અઢારે કર્યા,
નિંદા ગર્હા પ્રભુ શાખ હવે,
કરૂ મુજ ભવરોગ નિવાર સવે. ૧

卐卐卐

## પાપ મુક્તિનો પોકાર

(રીઝો રીઝો આ મોસમ આવી, પર્વ પજુસણ આજ...એ રાગ)
માન્યો માન્યો મેં જિનવર, તુજને સાચો તું કીરતાર;
ટાળો ટાળો મુજ આતમ કેરા, ભવોભવના સહુ પાપ. માન્યો. ૧

પુદ્ગલ રાગે કાલ અનાદિ, હું ભટક્યો સંસાર;
તે પુદ્ગલના પાપથી બચવા, આવ્યો હું તુજ દ્વાર. માન્યો. ૨

કુટુંબ કાયા કંત કામિની, છોડયા સઘળાં દામ;
ભવો ભવમાં મેં પુદ્ગલ પ્રેમે, ભજ્યો ન આતમ રામ. માન્યો. ૩

પરલોકે કો સાથ ન આવ્યાં, આવ્યાં સઘળાં પાપ;
અબ લગ પણ તે પાપ લાગતાં, તે અધિકો સંતાપ. માન્યો. ૪

દેહ દ્રવ્ય જે છોડયાં તેથી, શસ્ત્રો ઘડાયા ઘોર;
નિરપરાધી જીવ તેથી હણાતાં, પામ્યો પાપ અઘોર. માન્યો. ૫

પુદ્‌ગલ કેરાં પાપ પ્રહારો, વોસીરાવું વીતરાગ;
આપ સાક્ષીએ નાથ જેહથી, ટળશે આતમ આગ. માન્યો. ૬

વોસીરાવું ભવોભવના પાપો, અબ તુજ પ્રેમ સહાય;
ભુવનભાનુ તુજ ધર્મથી જીવો, 'જગવલ્લભ' હિત પાય. માન્યો.૭

ક્રિયા કરી મુજ કર્મ પખાળો, ઉજળો દિવસ આજે;
ઋષભ ચરણે દર્શન માગું, દ્યો સમકિત હિત કાજે. માન્યો. ૮

卐卐卐

## (૩) સુકૃત અનુમોદનાનું ચૈત્યવંદન

શ્રધ્ધા-સુમેધા ધૃતિ-ધારણાથી,
ને ચિંતના-વર્ધન ભાવનાથી;
જિનવંદના પૂજન ચૈત્યકારી,
સુકૃતાનુમોદું ભવપારકારી. ૧

સત્કાર-સંમાણ પ્રભુના અપારી,
જે બોધિલાભકર - વિઘ્નહારી;
પુણ્યાનુબંધી બહુ પુણ્યકારી,
સુકૃતાનુમોદું ભવપારકારી. ૨

નવધા વિવેકે જિનરાજ પૂજો,
સત્પાત્રદાને મુજ ચિત્ત રીજો;
સત્કાર્ય સેવી શિવ સૌખ્યકારી,
સુકૃતાનુમોદું ભવપારકારી. ૩

પ્રેમે પ્રભુના સુર મર્ત્ય કીધા,
ભુવનૈકભાનુ સુકૃતો પ્રસિધ્ધા;
અનુમોદના ધર્મૈકજિતકારી,
સુકૃતાનુમોદું ભવપારકારી. ૪

卐卐卐

## (૩) સુકૃતાનુમોદનનું સ્તવન

(પારેવડા જાજે દાદાના દેશમાં... એ રાગ)

હો આતમા કરજે સુકૃત અનુમોદના,
ભૂલજે અનાદિના રોદણાં, હો આતમા. ૧
ચારનું શરણ તેં સ્વીકારી લીધું છે,
ગર્હાથી પાપ બધું બાળી દીધું છે;
પુણ્યાનુબંધી પુણ્ય પામવા, હો આતમા. ૨
માનવ બન્યો છું આજ ધર્મ આરાધવા,
કર્મ ખપાવી નિજ શિવસુખ સાધવા;
ભવના ભ્રમણને મીટાવવા, હો આતમા. ૩
પુણ્ય વિનાની નાવ પંથ નથી કાપતી,
સુકૃત અનુમોદના પુણ્ય ઘણું આપતી.
શિવપુરના પંથ ભણી દોડવા, હો આતમા ૪
શિવ સુખ માગે છે ઘણી સુકૃત આરાધના
પુણ્ય હીણો છું તેથી કરવી શેં સાધના ?
સહુની સેવાનું ફળ પામવા, હો આતમા. ૫
ધર્મ દેશના ગુણ પ્રભુ અરિહંતનો,
શાશ્વતતા ગુણ સિધ્ધભગવંતનો;
ધરજે હૈડે કરી કામના, હો આતમા. ૬

પંચ આચાર પેખ સહુ સૂરિરાયમાં,
ધરજે વિનય ધર્મ મૂલ ઉવજઝાયમાં;
નજરે નિહાળી સાધુ સહાયને, હો આતમા. ૭

ચાર ગતિ રાનમાં ભમતાં સૌ જીવના,
સુકૃત અનુમોદજે કારણ જે શિવના;
અતીત કાળે નિજના કર્યા, હો આતમા. ૮

ઈણવિધ ઉત્તમ સહુગુણની અનુમોદના,
કરજે ભાવે તું કરી ત્રિકરણ યોજના;
કરી કરાવી ધર્મ સાધના, હો આતમા. ૯
તન મન વચનથી હવે કરજે તું સેવના,
હૈડે ધરીને વેણ જિનવર દેવના;
'જગવલ્લભ' પદ પામવા, હો આતમા. ૧૦

卐卐卐

## સુકૃત અનુમોદનાની થોય

પૃથ્વી-પાણી-તેઉ-વાઉ રહી,
વણ-બિ-તિ ચઉરિંદિ કાય વહી;
સુર-નર-તિરિ-નારક ભવમાં કીધા,
નિજ-પર-સુકૃત અનુમોદું બધા.

# ભાવવાહી પ્રભુ સ્તુતિઓ

(૧)

(રાગ :- મંદિર છો મુક્તિતણા)

હું ધન્ય છું પુણ્યશાળી છું, મુજ મનુષ્ય જન્મ સફળ થયું;
ત્રણ લોક નાથ મળ્યા મને સદ્‌ભાગ્ય મુજ ઊઘડી ગયું;
કુ ધન્ય દિન પાવન પ્રહર ઘડી પળ પવિત્ર છે આજના,
ત્રણ જગતના ઉદ્ધાર કર જિન પામ્યો દર્શન આપના.

ઈષ્ટપ્રદ ચિંતામણિ કલ્પવૃક્ષ ધેનુ ઘટાદિકા,
મળ્યા સકલ તુજ દર્શન થતાં, ગુણવાર્ધિ દેવદેવાધિકા,
ગુણવાર્ધિ સર્વ દેવાધિકા.

卐卐卐

(૨)

(રાગ મંદિર છો મુક્તિ તણા)

અરિહંત છો ભગવંત છો, સર્વજ્ઞ છો સર્વદર્શી છો;
તીર્થંકાર છો સિદ્ધ બુદ્ધ છો, દ્યો મુક્તિ પરમપદસ્થ છો. ૧

જયવંત રહો ત્રણ ભુવન મંગલ, ભટ્ટારક સ્વામી શ્રેષ્ઠ છો;
ભયમુક્ત દેવાધિદેવ છો, દ્યો મુક્તિ પરમ દયાળુ છો. ૨

જય જગચિંતામણિ ચૂડામણિ, પરમેશ્વરા જગદીપ છો;
ભવજલધિદ્વીપ જગૈકબાંધવ, મુક્તિ દ્યો જગનાથ છો. ૩

જય જનરંજક ભવભયભંજક, દીન ઉદ્ધારક દીન શરણ છો;
શિવમાર્ગરથ જરામરણ છેદક, મુક્તિ દ્યો ગુણ સમુદ્ર છો. ૪

કર્મવાર્ધિ પ્રવહણ ગુણકરંડક, કામવારક પૂજ્ય છો;
ગૌતમ-નીતિ-ગુણ કહે દ્યો મુક્તિ, મુનિ પુષ્પ ઉદ્યાન છો. ૫

(૩)

(રાગ - મંદિર છો મુક્તિતણા)

ક્યારે પ્રભો તુજ સ્મરણથી, આંખો થકી આંસુ ઝરે,
ક્યારે પ્રભુ તુજ નામ વદતાં, વાણી મુજ ગદ્‌ગદ બને;
ક્યારે પ્રભુ તુજ નામ સ્મરણે, દેહ રોમાંચિત બને,
ક્યારે પ્રભુ મુજ શ્વાસ શ્વાસે, નામ તારું સાંભરે. ૧

ક્યારે પ્રભુ તુજ દ્વાર ઊભા, બાળને નિહાળશો ?
નિત નિત માંગું ભીખ ગુણની, એક ગુણ કબ આપશો;
શ્રદ્ધા દિપકની જ્યોત ઝાંખી, જવલંત ક્યારે બનાવશો ?
સૂના સૂના મુજ જીવન ગૃહમાં, આપ ક્યારે પધારશો ? ૨

ક્યારે પ્રભો તુમ ચરણમાં, આલોટતા મુજ મસ્તકે,
તુમ પાદ પદ્મ કલી તણી, અણીથી થતા શુભ લહરકે;
તું દાસ છે ને ભવ્ય છે, વરબોધિ વરવા યોગ્ય છે,
એવું લખાશે એજ એકજ, વાક્યની અભિલાષ છે. ૩

ક્યારે પ્રભો સંસાર કારણ, સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની, મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો, નિરપેક્ષ વૃત્તિ થઈ સદા,
તજીશ ઈચ્છા મુક્તિની, પણ સન્ત થઈને હું કદા. ૪

ક્યારે પ્રભુ નિજ દેહમાં, પણ આત્મ બુદ્ધિને તજી,
શ્રદ્ધા જલે શુદ્ધિ કરેલ, વિવેકને ચિત્તે સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની, ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે, ક્યારે પ્રભો આનંદથી. ૫

વૈરાગ્યના રંગો સજી ક્યારે પ્રભુ સંયમ ધરું,
સદ્‌ગુરુના ચરણે રહી સ્વાધ્યાયનું ગુંજન કરું;

ભવિ જીવને દઈ દેશના, હું ધર્મનાં સિંચન કરું,
આણસણ કરી ક્યારે પ્રભુ, નિર્લેપ થઈ મુક્તિ વરું. ૬

卐卐卐

(૪)

(રાગ : મંદિર છો મુક્તિતણા)

જે દષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે;
પીયે મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે,
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે. ૧

હે દેવ તારા દિલ મહીં, વાત્સલ્યના ઝરણા ભર્યા,
હે નાથ તારા નયનમાં, કરુણા તણાં અમૃત ભર્યા;
વીતરાગ તારી મીઠી-મીઠી, વાણીમાં જાદુ ભર્યા,
તેથી જ તારા ચરણમાં, બાળક બની આવી ચડયા. ૨

રૂપ તારું એવું અદ્દભુત, પલક વિણ જોયા કરું,
નેત્ર તારા નીરખી-નીરખી, પાપ મુજ ધોયા કરું;
હૃદયના શુભ ભાવ પરથી, ભાવમાં ભાવિત બનું,
ઝંખના એવી મને કે હુંજ તુજ રૂપે બનું. ૩

મુજ નેત્ર રૂપ ચકોર ને, તું ચન્દ્ર રૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું, આનન્દ ઉદધિમાં પડ્યો;
જેમ ભાગ્યશાળી હાથમાં, ચિંતામણિ આવી પડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં, જે તેહને ના સાંપડે ....૪

ગિરુઆ ગુણો તારા કેટલા, ગુણ સાગરો ઓછા પડે,
રૂપ લાવણ્યતા કેટલી, રૂપ સાગરો ઝાંખા પડે;
સામર્થ્ય એવું અજોડ કે, સૌ શક્તિઓ ઝાંખી પડે,
તારા ગુણાનુવાદમાં, મા સરસ્વતી ઓછી પડે....૫

## (૫)
## (રાગ - મંદિર છો મુક્તિતણા)

હે ત્રણ ભુવનના નાથ, મારી કથની જઈ કોને કહું ?
કાગળ લખ્યો પહોંચે નહીં, ફરિયાદ જઈ કોને કરું ?
તું મોક્ષની મોઝારમાં, હું દુઃખ ભર્યા સંસારમાં,
જરા સામું પણ જુવો નહીં તો, ક્યાં જઈ કોને કહું....૧

હું સ્પષ્ટ બોલું તુજ કને, છે તાહરું શરણું મને,
આ લોકમાં કે સ્વપ્નમાં, નવિ ચાહતો હું અન્યને;
હે નાથ મારા પ્રાણના, મુજ માત-તાત ખરા તમે,
મુજ સત્ય જીવિત બન્ધુ ગુરુ, વલી દેવ સાચા છો તમે....૨

સંસાર રૂપી મહાટવીમાં, સાર્થવાહ પ્રભુ તુમે,
મુક્તિ પુરી જાવા તણી, ઈચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભુ તુજ, તોય આન્તર-તસ્કરો,
મુજ રત્નત્રય લૂંટે વિભો, રક્ષા કરો ? રક્ષા કરો ?....૩

નિઃસીમ કરુણાધાર છો, શરણ્ય આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને, સર્વ જગના નાથ છો,
હું દીન છું હિંમત રહિત થઈ, શરણ આવ્યો આપને;
આ કામ રૂપી ભિલ્લથી, રક્ષો મને રક્ષો મને....૪

આત્મા તણા આનંદમાં, મશગૂલ રહેવા ઈચ્છતો,
સંસારના દુઃખ દર્દથી, ઝટ છૂટવાને ઈચ્છતો;
આપો અનુપમ આશરો, હે દીનબંધુ ! દાસને,
શરણે હું આવ્યો આપના, તારો પ્રભુ ! તારો મને...૫

(૬)

(રાગ - મંદિર છો મુક્તિતણા)

સાગર દયાના છો તમે, કરુણા તણાં ભંડાર છો,
છો પતિતોના તારનારા, વિશ્વના આધાર છો;
તારા ભરોસે જીવન નૈયા, આજ મેં તરતી મૂકી,
લાખ લાખ નમન કરું, જિનરાજ તુજ ચરણે ઝૂકી. ૧

નાવિક થઈને મારી નૈયા, પાર કરશો કે નહીં,
પાપી મહા આ જીવનો, ઉદ્ધાર કરશો કે નહીં;
મુજ હાથ પકડો સાથ આપો, બાલ તરછોડો નહીં,
ત્રણ જગતમાં તારા વિના, શરણું મને કો છે નહીં. ૨

સંસાર સાગરમાં ભમ્યો, મેં ઘોર પીડાઓ સહી,
તેમાં પરમ કારણ પ્રભુ, સુખ ભોગની ઈચ્છા સહી;
એવું કરો જિનવર ખરેખર, દૂર થાયે વાસના,
જેથી બની પાવન કરું, હું શુદ્ધ આપ ઉપાસના. ૩

લોભાઈ ગયો લલચાઈ ગયો, સંસારની મોહ જાલમાં,
જાણું છતાં જકડાઈ ગયો, હું વાસનાની આગમાં;
ઉગારનારો ઉદ્ધારનારો, હે જિનેશ્વર તું મળ્યો,
તુજને નિહાળી આજ પ્રભુજી, હર્ષઘેલો હું થયો. ૪

બહુકાલ આ સંસાર સાગરમાં પ્રભુ ! હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી, ત્યારે જિનેશ્વર ! તું મળ્યો;
પણ પાપ કર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં, મે મૂર્ખતા બહુએ કરી.૫

## (૭)
## (રાગ : મંદિર છો મુક્તિ તણા)

હે નાથ નિર્મલ થઈ વસ્યા છો, આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યા ગુણ ઓપતા, મુજ ચિત્તરૂપી શુક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબ રૂપે આવીને ઉદ્યોતને કરતો નથી. ૧

જાવું નથી જોવું નથી, જિનરાજ વિણ જીવવું નથી,
તારા ગુણોના ગીતડા, ગાયા વિના ગમતું નથી;
ઉપકાર તારો શેં ભૂલું, તે શરણું દીધું પ્રેમથી,
પ્રેમલ નિશ્ચય છે માહરો, તુજ બંદગી એ જિંદગી. ૨

અરિહંત હે ભગવંત તુજ પદ, પંદ્મ સેવા મુજ હજો,
ભવભવ વિષે અનિમેષ નયને, આપનું દર્શન થજો;
હે દયાસિંધુ, દીનબંધુ, દિવ્ય દૃષ્ટિ આપજો,
કરી આપ સમ સેવકતણાં, સંસાર બંધન કાપજો. ૩

જેમ સૂર્ય વિણ ના કમલ ખીલે, તેમ તુજ વિણ માહરી,
હોવે કદી ના મુક્તિ ભવથી, માહરી છે ખાતરી;
જેમ મોર નાચે મેઘ જોઈ, તેમ જોઈ આપને,
નાચી રહ્યો હરખાઈ હું, મનમાં ધરી શુભ ભાવને....૪

હે પૂજ્ય તુમ પૂજા કરીને, પરમપદ ને પામશું,
પિતા મળ્યા જિનવર સમા, વારસ બનીને શોભશું;
તારી પ્રતિમા થઈ જવાની, હોંશ મુજ હૈયે ઘણી,
પ્રતિમા ભલે ના બની શકું, તોય પુષ્પ બનું એ માગણી...૫

(૮)

(રાગ : મંદિર છો મુક્તિ તણા)

બહુ કાલ ભવ અટવી વિષે, ભમતાં અહીં આવી ચડ્યો,
નરભવ મળ્યો ને નાથ તું પણ પુણ્ય યોગે સાંપડ્યો;
ભાગ્યે મળ્યું એકાન્ત હિતકર, સ્વામી શાસન તાહરું,
તે નાથ દૂરે ના થજો, હું પ્રાર્થના એકજ કરું...૧

હું કદી ભૂલી જાઉં તો, તું મને સંભારજે,
હું કદી ડૂબી રહું તો, તું મને ઉગારજે;
હું વસ્યો છું રાગમાં, ને તું વસ્યો વૈરાગમાં,
રાગમાં ડૂબી રહું તો, રાહ પર લઈ આવજે ....૨

હે નાથ મારી જીવન રૂપી, નાવડી ભવસાગરે,
અટકાઈ રહી છે વિષયના, નશ્વર સુખોની ગાગરે;
સુખ બિંદુઓ ક્ષણવારમાં, લઈ જાય છે દુઃખ સાગરે,
હે આત્મ ત્યાગી મોહનિંદ, ને કાંઈક હવે તું જાગ રે...૩

છોડીશ નહિ તારો છેડલો, જુગ જુગ જૂની આ વાત છે,
જન્મોજનમની પ્રીતનો, ધડકનભર્યો રણકાર છે;
ભૂલો હશે ભૂલી જાઓ, તેમાં તમારી વડાઈ છે,
મારા છો માની જાઓ, આ તો મહોબતમાં તકરાર છે....૪

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહીં, મુજ નાથ સમ કો છે નહિ;
જેના સહારે ક્રોડ તરિયા, મુક્તિ મુજ નિશ્ચય સહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું ....૫

(૯)

(રાગ :- મંદિર છો મુક્તિતણા)

જે અમર શત્રુંજયગિરિ છે, પરમ જ્યોતિર્મય સદા,
જલહલ થતી જેની અવિરત, મંદિરોની સંપદા,
ઉત્તુંગ જેના શિખર કરતા ગગન કેરી સ્પર્શના,
દર્શન થકી પાવન કરે, તે વિમલગિરિને વંદના....૧

જ્યાં સિદ્ધ ભૂમિમાં અનંતા, આતમા મુકિત વર્યા,
જ્યાં નાથ આદીશ્વર નવાણું, પૂર્વ વર્ષો વિચર્યા;
તાર્યા ભવિ ભવ સિન્ધુથી, દઈને અનુપમ દેશના,
દર્શન થકી પાવન કરે, તે વિમલગિરિને વંદના....૨

જ્યાં ભવ્ય પ્રતિમા રૂપ અનુપમ, આદિદેવની રાજતી,
યાત્રી ઘણા પૂજન કરે, સૌના મનોરથ પૂરતી;
નરનારી અંતર ભાવથી નિશ દિન કરે જિન અર્ચના,
દર્શન થકી પાવન કરે, તે વિમલગિરિને વંદના ....૩

એ દિવ્યભૂમિમાં અહો, નવ નવ ટૂંક વિરાજતી,
જ્યાં ધવલ શેત્રુંજી સરિતા, વિમલ જલશું છાજતી;
રાયણ તરૂ પાવન કરે, જ્યાં સૂરજ કુંડ સોહામણો,
દર્શન થકી પાવન કરે, તે વિમલગિરિને વંદના....૪

સિદ્ધગિરિ શણગાર જિનજી, હૈયા કેરા હાર છો,
નિજ અંતરે સદ્‌ગુણ ભરવા, ઝંખું હું વારંવાર જો;
રગેરગે તારા ગુણો પ્રભુજી, ક્યારે ખીલશે નાથ જો,
પ્રભો ! દયાસાગર!લાવી કરૂણા, તારી લ્યો નિજબાલ જો..૫

(૧૦)

(રાગ :- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)

શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, હૈયું મારું હર્ષ ધરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતાં તનડું નૃત્ય કરે;
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, પાવન એ ગિરિ દુ:ખડા હરે,
એ તીરથનું શરણું હોજો, ભવ ભવ બંધન દૂર કરે...૧

દુ:ષમકાલે એ મહાતીરથ, ભવ્ય જીવોનો આધાર ખરે,
જુગ જુગ જૂના સંચિત પાપો, તે પણ હોવે દૂર ખરે;
શિવમંદિરની ચડવા નિસરણી, અનંત દુ:ખની રાશિ ચૂરે,
નિત્ય પ્રભાતે નમીયે ભાવે, અનંત સુખની આશ પૂરે...૨

સુંદર ટૂંક સોહામણી દીપે, નિરખંતાં પાતિકડા ટલે,
આદિ પ્રભુનું અનુપમ દર્શન, કરતાં હૈયું અતિ ઉછળે;
ત્રણ ભુવનમાં ઘણું ઘણું જોતાં, ક્યાંયે ના એની જોડ મલે,
પૂજ્ય ભાવથી જો જિન પૂજે, તો શિવસુખની આશ ફલે..૩

કરૂણા સિન્ધુ ત્રિભુવન નાયક, તું મુજ ચિત્તમાં નિત્ય રમો,
ચાકરી ચાહું અહોનિશ તાહરી, ભવથી મન મારું વિરમો;
શ્રી સિદ્ધાચલ મંડન સાહિબ, તુજ ચરણે સુર નર પ્રણમે,
સમ્યગ્ દર્શન હર્ષને આપો, વિશ્વના તારણહાર તમે...૪

વિમલ ગિરિવર દર્શન કરતાં, આજ હરખ અતિ ઉર ઉભરાય,
ધન્ય દિવસ ઘડી ધન્ય જીવન મુજ, નિરખી નયના પાવન થાય;
પૂર્ણ નવાણું વાર પધાર્યા, પ્રથમ જિણંદ એ તીરથ રાય,
ત્રણ ભુવનમાં અનુપમ તીરથ, નમીયે તેહને શીશ નમાય...૫

(૧૧)

(રાગ :- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)

અનંતજ્ઞાની અંતરયામી, જય હો ત્રિભુવન સ્વામી,
અનંત કરૂણાના સાગર છો, કરૂણાનો હું કામી;
અનંત શક્તિના હે માલિક, ભવની ભ્રમણા ટાળો,
મુજ મનડામાં પ્રસન્નતાની પ્રેમળ જ્યોતિ જગાવો...૧

કરું પ્રાર્થના હે પરમેશ્વર, ક્રોધ વાસના હરજો,
કરું વિનંતિ હે જગદીશ્વર, માન વાસના હરજો;
માયા ને મમતાનું જિનવર, ઉન્મૂલન હવે કરજો,
લોભ પિપાસાથી હે જિનવર, સદા મને ઉદ્ધરજો....૨

અનંત સુખની શીતલ છાંયડી, મૂકી ભૂલ્યો હું ભવવને,
અનંત દુ:ખની વાટ મેં લીધી, શું કહું હું પ્રભુજી તમને;
કરૂણા સાગર હે વીતરાગી, માગું એક જ તારી કને,
ભવોભવ તારું શરણું હોજો, ભવસાગરથી તાર મને....૩

હે આદીશ્વર દાદા તારી, સેવા ભવોભવ મુજ મળજો,
શાસન પણ તારું મને મળજો, કર્મ સમૂહ મારા બળજો;
શરણું તાહરું સાચું જગતમાં, એ પણ પ્રભુ મુજને મળજો,
સમાધિ સદ્‌ગતિ પ્રાંતે સિદ્ધિ, ભવ ફેરા મારા ટળજો....૪

શક્તિ મલે તો સહુને મલજો, જિનશાસન સેવા સારુ,
ભક્તિ મલે તો સહુને મલજો, પ્રભુશાસન લાગે પ્યારું;
મુક્તિ મલે તો સહુને મલજો, રાગ-દ્વેષ અજ્ઞાન થકી,
પ્રભુ શાસન મુજ મલો ભવોભવ, એવી શ્રધ્ધા થાય નકી..૫

(૧૨)

(રાગ :- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....)

દાદા તારી મુખ મુદ્રાને, અમીટ નજરે નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું, દિવ્ય તેજ હું ઝીલી રહ્યો;
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને, આત્મિક આનંદ માણી રહ્યો..૧

જન્મ અમારો સફલ થયો છે, જિનવર તુજ મૂર્તિ દીઠી,
થઈ જીંદગી સફલ અમારી, વાણી તુજ લાગે મીઠી;
સ્વાન્ત અમારું સફલ થયું છે, પ્રભુ ધ્યાનની લય લાગી,
દર્શન, જ્ઞાનને ચરણ મળ્યાથી, ભવ ભ્રમણા ભીતિ ભાગી...૨

અજબ તાહરી મૂર્તિ નિહાળી, અમૃતરસના ઝરણાં વહે,
ચાંદશી સોહે સૂરત તાહરી, અનાદિ કર્મોનો બંધ હરે;
તેજ ભરેલા નયનો તારા, જુગ જુગ જૂના ભાવ કહે,
એ જિનવરના દર્શન કરવા, હૈડું મારું ગહગહે....૩

સુંદર તારી આંગી દીપે, મુખ મુદ્રા અનુપમ ઝલકે,
મૂર્તિ તારી મોહનગારી, શશી સમ તેજે ઝલહલકે;
મુખડું તારૂં અતિ સોહામણું, મલક મલક પ્રભુ ખૂબ મલકે,
નિર્વિકારી નયનોમાં તુજ, કરૂણા રસના પૂર છલકે....૪

અંતરના એક કોડિયામાં, દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને, નિશદિન જલતો રાખો;
ઊંચે ઊંચે ઊડવા કાજે, પ્રાણ ચાહે છે પાંખો,
તુજને ઓળખું નાથ નિરંજન, એવી આપો આંખો...૫

(૧૩)

(રાગ :- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....)

પૂજન અર્ચન ઘણું કર્યું મેં, અર્પણ કાંઈ ના કીધું,
કવન ભજન મેં ઘણા કર્યા પણ, તુમ શરણું ના લીધું;
દેવ ભવનમાં આવ્યો પણ, ના ભક્તિ અમૃત પીધું,
હા પ્રભો ! જીવન વીત્યું પણ, અક્ષય કાંઈ ના લીધું...૧

પાપ તણો હું રસીયો ભારે, પાપ ત્યાગ ના કરતો,
પાપ ત્યાગની વાતો પર હું, પેટ ભરીને હસતો;
પાપી વિચારો, પાપી વાણી, પાપા ચરણે રમતો,
વિરતિ ધર્મને મુજ અંતરમાં, અહો પ્રભુ ના ધરતો...૨

દુઃખ ગમે ના મુજને જરાયે, પાપ અધિકાં કરતો,
સુખ ગમે છે મુજને નિરંતર, ધર્મ ધ્યાન ના ધરતો;
કહો પ્રભુ ! હું કેવો અવળો મુજ હિતને કિમ કરશો ?
અપાત્ર હું અધમાધમ ભારે કૃપા હૃદયમાં ધરશો...૩

ઘણા પાપ કર્યા જીવનમાં, એક એકથી ભારે,
આસું ટપકી પડે આંખોથી, યાદ કરું છું ત્યારે;
શું થશે, મુજ જઈશ પ્રભુ કયાં ? ભવસાગર છે ભારે,
પશ્ચાત્તાપે રડી રહ્યું છે, અંતર આ અત્યારે...૪

દુષ્કર છે આ ભવસાગરનો, દૂર દૂર કિનારો,
ડૂબી જાઉં ના જોજે ભગવંત, હાથ પકડજે મારો;
તારા શરણે આવેલાને, મળે નહિ જાકારો,
તારા ચરણમાં મૂકી દીધો મેં, અંતરનો એક તારો...૫

અવળી મારી જીવન કરણી, અવળા મારા કર્મો,
જગબંધુ દિલમાં નવિ ધરજે, મારા ખોટા કર્મો;

કરજોડીને વિનંતિ કરીને, કહી રહ્યો છું તુજને,
ક્ષમાનિધિ છો ક્ષમા કરીને, મુકિત આપો મુજને...૬

અનંતજ્ઞાની છો પરમેશ્વર, કાંઈ નથી અજાણ્યું,
કહેવું શું શબ્દોમાં મારે, સઘળું આપે જાણ્યું;
અનંત કરૂણાના સાગર છો, કરૂણા દૃષ્ટિ કરજો,
અનંત શકિતના હે માલિક કષ્ટો, સઘળા હરજો...૭

卐卐卐

(૧૪)

(રાગ :- મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....)

દાદા પ્યારા સ્વામી સીમંધર, મુજ વંદન સ્વીકારો,
દુર્ભાગી દૂર ભરતે વસતો, બાળક આ ઉગારો;
ઊઠી પ્રભાતે પ્રણમું પ્યારા, પ્રભુજી દર્શન દેજો,
ચરણ કમલ સેવા દીક્ષા દઈ, ભવસાગર ઉદ્ધરજો...૧

યાચક થઈને હે વીતરાગી, માંગુ એકજ તારી કને,
મહાવિદેહ ક્ષેત્રમાં મારે, જાવું સીમંધર સ્વામી કને;
આઠ વર્ષની વય થતાં હું, સંયમ લઉં સ્વામીની કને,
ઘાતી-અઘાતી કર્મ ખપાવી, ક્યારે પહોંચું હું તારી કને...૨

આ હૈયાની ધરતી ઉપર, ખીલવો પ્રેમના ફૂલો,
વ્હાલપની વેલે વીંટડાયે, આ જીંદગીનો ઝૂલો;
સહુને સ્નેહના દાન દઉં હું, એવા આશિષ આપો,
ભકિતના ઝરણામાં સહુના, ટળી જાયે સંતાપો...૩

પ્રસન્નતા કાંઈ એવી આપો, ધ્યાન તમારું ધરવું,
જ્ઞાન દૃષ્ટિ કાંઈ એવી આપો, જિનવર દર્શન કરવું;
શકિત ભાવની એવી આપો, ભવસાગરને તરવું,
અન્તર્યામી હું છું અભાગી, તુમ ચરણે શું ધરવું ?..૪

ખાતાં પીતાં ઊઠતાં બેસતાં, પ્રભુ નામ હૃદયે વસજો,
શ્વાસે-શ્વાસે રોમે રોમે, મુજ અંતર ભીંતે રહેજો;
ક્ષણ ક્ષણ સમરું, પલપલ સમરું, એકતાન આવી મલજો,
અષ્ટકર્મનો અંત જ થાઓ, એવી આશા મુજ ફળજો...૫

(૧૫)

(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....)

પરમ પુરુષ હે ત્રિભુવન તારક!, જય હો ત્રિશલાનંદન,
સહી ઉપસર્ગો ધીર વીર થઈ, કાઢ્યું કર્મ નિકંદન;
ધર્મતીર્થની કરી સ્થાપના, સુખ સાગર રેલાયા,
નિત્ય પ્રભાતે કરું વંદના, ભક્તિ ભાવ ઉભરાયા...૧

હે મહાવીર જિનેશ્વર પ્રભુજી, એક વિનંતિ મુજ અવધારો,
ભવ જંગલમાં આથડતા આ દુઃખીના દુઃખો નિવારો;
કાલ અનાદિ ઘણું ઘણું, ભમીયો હજી ન આવ્યો ભવ આરો,
કલ્પતરુ સમ તું મુજ મલીયો, ભવોભવનો એક સથવારો...૨

(રાગ : - અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતા....)

વીરઃ સર્વસુરાસુરેન્દ્રમહિતો, વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાઽભિહતઃ સ્વકર્મનિચયઃ વીરાય નિત્યં નમઃ
વીરાત્ તીર્થમિદં પ્રવૃત્તમતુલં વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિ-કીર્તિ-કાંતિનિચયઃ, શ્રી વીર! ભદ્રં દિશ...૩

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલ નભે, ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોર ને જિન તમે, છો પૂર્ણ ચન્દ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને પાપી મહા કર્મથી...૪

(૧૬)

(રાગ :- અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતા )

જે પ્રભુના અવતારથી અવનીમાં, શાંતિ બધે વ્યાપતી,
જે પ્રભુની સુપ્રસન્નને અમીભરી, દૃષ્ટિ દુઃખો કાપતી;
જે પ્રભુએ ભરયૌવને વ્રત ગ્રહી, ત્યાગી બધી અંગના,
તારક તે જિન રાજના ચરણમાં હોજો સદા વંદના...૧

બારે પર્ષદા મધ્યમાં પ્રભુ તમે, જ્યારે દીધી દેશના,
ત્યારે હું દુર્ભાગી દૂર વસીયો, તે મેં સુણી લેશના;
પંચમકાલ કરાલમાં પ્રભુ તમે મૂર્તિ રૂપે છો મળ્યા,
મારે તો મન આંગણે સુરતરુ, સાક્ષાત્ આજે ફળ્યા...૨

શ્રી આદીશ્વર શાંતિ નેમિ જિનને, શ્રી પાર્શ્વવીર પ્રભુ,
એ પાંચ જિનરાજ આજ પ્રણમું, હેતે કરી હે પ્રભુ;
કલ્યાણે કમલા સદૈવ વિમલા, વૃદ્ધિ પમાડો અતિ,
એવા ગૌતમસ્વામી લબ્ધિ ભરીયા, આપો સદા સન્મતિ...૩

## પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિઓ

(૧૭)

(રાગ :- અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતા....)

જેના નામ પ્રભાવથી જગતમાં, દારિદ્રય સહેજે ટળે,
જેનું ધ્યાન ધરે સદા હૃદયમાં, વાંછિત સર્વે ફળે;
ધરણેન્દ્ર પદ્માવતી નિત પ્રતિ, જેની કરે સેવના,
તે શ્રી પાર્શ્વ જિણંદના ચરણમાં, પ્રેમે કરું વંદના...૧

ધૂણીમાં બળતો દયાનિધિ તમે, જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં, આપી મહામન્ત્રને;
કીધો શ્રી ધરણેન્દ્ર ને ભવ થકી, તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વ જિનેન્દ્ર નાશરહિતા, સેવા તમારી મને...૨

પાતાલં કલયન્ ધરાં ધવલયન્, નાકાશમા-પૂરયન્,
દિક્ચક્રં ક્રમયન્ સુરાસુરનર-શ્રેણિં ચ વિસ્માપયન્;
બ્રહ્માંડં સુખયન્ જલાનિ જલધેઃ, ફેનચ્છલાલ્લોલયન્,
શ્રી ચિંતામણિ - પાર્શ્વસંભવયશોહંસશ્ચિરં રાજતે-૩

વંદે પાર્શ્વજિનં પ્રભાવસદનં, વિશ્વત્રયી પાવનમ્,
શ્રેયો વૃક્ષવનં નતામરજનં, સંફુલ્લ પદ્માસનમ્;
સિધ્ધેઃ સંવનનં મદદ્રુદહનં શ્રદ્ધામયૂરીઘનમ્,
વિઘ્નાલિશમનં ખવાજિ - દમનં સંસારનિર્વાશનમ્...૪

કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ...૫

(૧૮)

(રાગ : - અર્હતો ભગવંત ઈન્દ્રમહિતા )

નેત્રાનંદકરી ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંજરી,
શ્રીમદ્ધર્મ - મહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતાધૂમરી;
હર્ષોત્કર્ષ - શુભ - પ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ શ્રેયસ્કરી દેહિનામ્....૧

પૂર્ણાનંદમયં મહોદયમયં, કૈવલ્ય - ચિદઙ્મયમ્,
રૂપાતીતમયં સ્વરૂપરમણં સ્વાભાવિકી શ્રીમયં;
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદ - વિદ્યાલયં,
શ્રીસિદ્ધાચલ - તીર્થરાજમનિશં વંદેહમાદીશ્વરમ્....૨

કિં કર્પૂરમયં સુધારસમયં, કિં ચન્દ્રરોચિર્મયં,
કિં લાવણ્યમયં મહામણિમયં, કારૂણ્ય કેલિમયમ્;
વિશ્વાનન્દમયં મહોદયમયં, શોભામયં ચિન્મયં,
શુકલધ્યાનમયં વપુર્જિનપતે, ર્ભૂયાદ્ભવાલંબનમ્....૩

અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલં....૪

(૧૯)

(રાગ :- અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતાઃ)

સાક્ષાત્ શ્રી જિનદેવને નિરખશું, ક્યારે અહો નેત્રથી ?
ને વાણી મનોહારી ચિત્ત ધરશું, ક્યારે કહો પ્રેમથી ?
શ્રદ્ધા નિશ્ચય ધારશું જિનમતે, શ્રેણિકવત્ કે સમે ?
ને દેવેન્દ્ર વખાણ પાત્ર થઈશું, ક્યારે સુપુણ્યે અમે ?...૧

ક્યારે દેવ ચલાયમાન કરવા, મિત્થામતિ આવશે ?
ને સમ્યકત્વ સુરત્નની અમ વિષે, સાચી પરીક્ષા થશે ?
ક્યારે પૌષધને ગ્રહી પ્રણયથી, સદ્ભાવના ભાવશું ?
ને રોમાંચિત થઈ તપસ્વી મુનિને ક્યારે પડિલાભશું ?...૨

સદ્વૈરાગ્ય રસે રસિત થઈને, દીક્ષેચ્છુ ક્યારે થશું ?
ને દીક્ષા ગ્રહવા મુનીશ્વર કને, ક્યારે સુભાગ્યે જશું ?
સેવાશ્રી ગુરુદેવની કરી કદા, સિદ્ધાન્તને શીખશું ?
ને વ્યાખ્યાન વડે સમસ્ત જનને ક્યારે પ્રતિબોધશું ?...૩

ગ્રામે કે વિજને સુરેન્દ્રભવને, ને ઝૂંપડે કયે સમે ?
સ્ત્રીમાં ને શબમાં સમાન મતિને ક્યારે ધરીશું અમે;
સર્પે કે મણિમાલમાં કુસુમની શય્યા તથા ધૂલમાં,
ક્યારે તુલ્ય થશું પ્રફુલ્લિત મને, શત્રુ અને મિત્રમાં...૪

## (૨૦)

### (રાગ : - અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતા....)

યોગાભ્યાસ રસાયણે હૃદયને, રંગી અસંગી બની,
ક્યારે અસ્થિરતા ત્યજી શરીરની, વાણી તથા ચિત્તની;
આત્માનંદ અપૂર્વ અમૃતરસે, ન્હાઈ થશું નિર્મલા ?
ને સંસાર સમુદ્રનાં વમળથી, ક્યારે થશું વેગલા ?..૧

ક્યારે સિદ્ધગિરિ પવિત્ર શિખરે, જઈ શાન્તવૃત્તિ સજી,
સિધ્ધોના ગુણનો વિચાર કરશું, મિથ્યા વિકલ્પો તજી;
વાસી ચંદનકલ્પ થઈ પરિષહો, સર્વે સહીશું મુદા,
આવી શાન્ત થશે અહો અમ કને શત્રુ સમૂહો કદા?...૨

શ્રેણિ ક્ષીણકષાયની ગ્રહી અને, ઘાતી હણીશું કદા ?
પામી કેવળજ્ઞાન કોણ સમયે, દેશું કદા દેશના ?
ધારી યોગનિરોધ કોણ સમયે, જાશું અહો મોક્ષમાં ?
એવી નિર્મળ ભાવના પ્રણયથી, ભાવો સદા ચિત્તમાં...૩

છેલ્લા શ્વાસ સુધી નિરંતર રહો, આ સંયમી ભાવના,
અધ્યાત્મ સ્થિતિમાં વહો મુજ ઉરે, કલ્યાણની સાધના;
આવે કાળ ભલે વિપદ્ શિર પડે, ના દુઃખ કે વાસના,
થાજો પ્રાપ્ત સુધર્મ અંત સમયે, એકે બીજી આશ ના...૪

****

***

**

# શ્રી સીમંધર સ્વામી ભગવાનના

## ચૈત્યવંદન-સ્તુતિ-સ્તવનો

### ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો...૧

સકલ ભકત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ...૨

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું...૩

એ અલજો મુજને ઘણો, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વીનવું, અવધારો મુજ સેવ...૪

બે કર જોડી વિનવું, ઊભો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન...૫

### સ્તુતિ

મહાવિદેહમાં વીચરે સીમંધર જિન દેવ,
તારક એ જિનપતિ સુરનર કરે જસ સેવ;
બાર પર્ષદા માંહી કહે સંસાર અસાર,
જિન બોધ લહીને બહુ જીવ થયા ભવ પાર...૧

વીતરાગ સર્વજ્ઞો તીર્થંકર વળી જેહ,
ભૂરિ ભવિ જીવના તારક બનતા તેહ;
ચાર ગતિ દુઃખોના વર્ણન કરી બોધ દેહ,
મહાવિદેહમાં ગુણથી સમૃદ્ધ નેતા એહ...૨

સીમંધર જિનની વાણી જગહિતકારી,
સુણી બહુ જીવો થયા સર્વ-દેશ વિરતિ ધારી;
ઘણા કેવલી થઈને બોધ આપે ઉપકારી,
કેઈ મોક્ષને પામ્યા જિનવાણી તારનારી...૩

સીમંધર જિનના શાસન રક્ષક જેહ,
તે દેવ દેવીઓ જાગ્રત રહી ગુણ ગેહ;
જિનશાસન ઉન્નતિ કરતા રહે ધરી સ્નેહ,
કહે ગૌતમ નીતિ 'ગુણ', સહાય કરો મુજ એહ...૪

## સ્તવન ૧ - સુણો ચંદાજી

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો;
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ખાયક છે. સુણો...૧

જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરીગિણી નગરીનો રાયા છે. સુણો...૨

બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો...૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો...૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું. સુણો...૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા-ખડગ કર ગ્રહીયો છે;
તો કાંઈક મુજથી ડરીયો છે. સુણો-૬

'જિન' 'ઉત્તમ' પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો...૭

## સ્તવન ૨ - મારા વ્હાલાજી રે

મનડું તે માહરું મોકલે મ્હારા વ્હાલાજી રે,
શશહર સાથે સંદેશ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
ભરતના ભકતને તારવા મ્હારા વ્હાલાજી રે,
એક વાર આવો આ દેશ, જઈને કહેજો મ્હારા વ્હાલાજીરે..૧

પ્રભુજી વસો પુષ્કલાવતી મ્હારા વ્હાલાજી રે,
મહાવિદેહક્ષેત્ર મોઝાર જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
પુરી રાજે પુંડરીગિણી મ્હારા વ્હાલાજી રે,
જિહાં પ્રભુનો અવતાર, જઈને કહેજો મારા વ્હાલાજી રે... ૨

શ્રી સીમંધર સાહિબા મ્હારા વ્હાલાજી રે,
વિચરંતા વીતરાગ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
પડિબોહે બહુ પ્રાણિને મ્હારા વ્હાલાજી રે,
તેહનો પામે કોણ તાગ ? જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે...૩

મન જાણે ઊડી મળું મ્હારા વ્હાલાજી રે,
પણ પહોંતે નહિ પાંખ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
ભગવંત તુમ જોવા ભણી મ્હારા વ્હાલાજી રે,
અલજો ધરે છે બેઉ આંખ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે...૪

દુર્ગમ મ્હોટા ડુંગરા મ્હારા વ્હાલાજી રે,
નદી નાળાનો નહિ પાર જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
ઘાટીની આંટી ઘણી મ્હારા વ્હાલાજી રે,
અટવી પંથ અપાર જઈને કહેજો મ્હારા વ્હાલાજી...૫

કોડી સોનૈયે કાસીદું મ્હારા વ્હાલાજી રે,
કરનારો નહિ કોઈ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
કાગળીયો કેમ મોકલું ? મ્હારા વ્હાલાજી રે,
હોંશ તો નિત્ય નવલી હોય જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે..૬

લખીયું જે જે લેખમાં મ્હારા વ્હાલાજી રે,
લાખ ગમે અભિલાષ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
તમે ભેજામાં તેહ લહો મ્હારા વ્હાલાજી રે,
મુજ મન પૂરે છે સાખ, જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે...૭

લોકાલોક સ્વરૂપના મ્હારા વ્હાલાજી રે,
જગમાં તુમે છો જાણ, જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
જાણ આગળશું જણાવીએ ? મ્હારા વ્હાલાજી રે,
આખર અમે અજાણ જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે...૮

વાચક 'ઉદયની' વિનંતિ મ્હારા વ્હાલાજી રે,
શશહર કહેજો સન્દેશ, જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે;
માની લેજો માહરી મ્હારા વ્હાલાજી રે,
વસ્તિ દૂર વિદેશ, જઈને કહેજો મ્હારા વ્હાલાજી રે...૯

## સ્તવન ૩ - એક વાર મલો ને મ્હારા સાહિબા

(સાહિબ અજિત જિણંદ જુહારિયે-એ રાગ....)

સાહેબ શ્રી સીમંધર સાહિબા,
સાહેબા તુમે પ્રભુ દેવાધિદેવ;
સન્મુખ જુઓને મ્હારા સાહિબા,
સાહેબા મન શુદ્ધે કરું તુમ સેવ.
એકવાર મળોને મ્હારા સાહિબા-.....૧

સાહેબા સુખદુ:ખની વાતો મ્હારે અતિ ઘણી,
સાહેબા કોની આગળ કહું નાથ ?
સાહેબા કેવળજ્ઞાની પ્રભુ જો મળે,
સાહેબા તો થાઉં હું રે સનાથ-એક વાર....૨

સાહેબા ભરત ક્ષેત્રમાં હું અવતર્યો,
સાહેબા એટલું ઓછેરું પુણ્ય;
સાહેબા જ્ઞાની વિરહ પડ્યો આકરો,
સાહેબા જ્ઞાન રહ્યું અતિ ન્યૂન. એકવાર.....૩

સાહેબા દશ દૃષ્ટાંતે દોહિલો,
સાહેબા ઉત્તમ કુળ સોભાગ;
સાહેબા પામ્યો પણ હારી ગયો,
સાહેબા જેમ રત્ને ઉડાડ્યો કાગ. એકવાર......૪

સાહેબા ષડ્રસ ભોજન બહુ કર્યા,
સાહેબા તૃપ્તિ ન પામ્યો લગાર;
સાહેબા હું રે અનાદિની ભૂલમાં,
સાહેબા રઝળ્યો ઘણું સંસાર. એકવાર......૫

સાહેબા સ્વજન કુટુંબ મળ્યા ઘણાં,
સાહેબા તેહને દુ:ખે દુ:ખી થાય;
સાહેબા જીવ એકને કર્મ જૂજૂઆં,
સાહેબા તેહથી દુર્ગતિ જાય. એકવાર.....૬

સાહેબા ધન મેળવવા હું ધસમસ્યો,
સાહેબા તૃષ્ણાનો નાવ્યો પાર;
સાહેબા લોભે લટપટ બહુ કરી,
સાહેબા ન જોયો પાપ વ્યાપાર. એકવાર....૭

સાહેબા જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે,
સાહેબા રવિ કરે તેહ પ્રકાશ;
સાહેબા તિમહી જ જ્ઞાની મળ્યે થકે,
તે તો આપે રે સમકિત વાસ. એકવાર....૮

સાહેબા મેઘ વરસે છે વાટમાં,
સાહેબા વરસે છે ગામોગામ;
સાહેબા ઠામ કુઠામ જુએ નહીં,
સાહેબા એહવા મ્હોટાનાં કામ. એકવાર....૯

સાહેબા હું વસ્યો ભરતને છેડલે,
સાહેબા તમે વસ્યા મહાવિદેહ મોઝાર;
સાહેબા દૂર થકી કરું વંદના,
સાહેબા ભવસમુદ્ર ઉતારો પાર. એકવાર....૧૦

સાહેબા તુમ પાસે દેવ વસે ઘણા,
સાહેબા એક મોકલજો મહારાજ;
સાહેબા મુખનો સંદેશો સાંભળો,
સાહેબા તો સહેજે સરે મુજ કાજ. એકવાર....૧૧

સાહેબા હું તમારા પગ તણી મોજડી,
સાહેબા હું તુમ દાસનો દાસ;
સાહેબા 'જ્ઞાનવિમલસૂરિ' એમ ભણે,
સાહેબા મને રાખો તમારી પાસ. એકવાર....૧૨

## સ્તવન ૪ સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં

(કંકુ છાંટી કંકોતરી મોકલે)

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જીહાં રાજે તીર્થંકર વીશ,
તેને નમું શીશ કાગળ લખું કોડથી....૧

સ્વામિ ! જઘન્ય તીર્થંકર વીશ છે, ઉત્કૃષ્ટા એક સો સિત્તેર;
તેમાં નહિ ફેર. કાગળ....૨

સ્વામિ ! બાર ગુણે કરી યુક્ત છો, અંગે લક્ષણ એક હજાર;
ઉપર આઠ સાર. કાગળ....૩

સ્વામિ ! ચોત્રિશ અતિશયે શોભતાં;
વાણી પાંત્રીશ વચન રસાળ, ગુણો તણી માળ. કાગળ..૪

સ્વામિ ! ગંધહસ્તી સમ ગાજતા;
ત્રાણ લોક તણાં પ્રતિપાળ, છો દીનદયાળ. કાગળ....૫

સ્વામિ ! કાયા સુકોમળ શોભતી;
શોભે સુંદર સોવન વાન, કરું હું પ્રણામ. કાગળ....૬

સ્વામિ ! ગુણ અનંત છે આપના;
એક જીભે કહ્યાં કેમ જાય, લખ્યા ન લખાય. કાગળ....૭

ભરતક્ષેત્રથી લિખિતંગ જાણજો;
આપ દર્શન ઈચ્છિત દાસ, રાખું તુમ આશ. કાગળ....૮

મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં;
જેથી આપ દરિસણ રહ્યા દૂર, ન પહોંચું હજૂર. કાગળ....૯

મારા મનમાં સંદેહ અતિ ઘણાં;
જવાબ વિના કહ્યા કેમ જાય, અંતર અકળાય. કાગળ...૧૦

આડા પાળ પરવત ને ડુંગરા;
જેથી નજર નાખી નવ જાય, દર્શન કેમ થાય. કાગળ....૧૧

સ્વામિ ! કાગળ પણ પહોંચે નહિ;
ન પહોંચે સંદેશો કે શાહી, અમે રહ્યા આંહી. કાગળ...૧૨

દેવે પાંખ આપી હોત પીંડજો, ઊડી આવું દેશાવર દૂર;
તો પહોંચું હજૂર. કાગળ...૧૩

સ્વામિ ! કેવળજ્ઞાને કરી દેખજો,
મારા આતમના છો આધાર; ઉતારો ભવપાર. કાગળ..૧૪

ઓછું અધિકું ને વિપરીત જે લખ્યું,
માફ કરજો જરૂર જિનરાય ! લાગું તુમ પાય. કાગળ....૧૫

સંવત ઓગણીસો ત્રેપન (૧૯૫૩) સાલમાં,
હરખે હરખ વિજય ગુણ ગાય, પ્રેમે પ્રણમું પાય.
કાગળ લખું કોડથી...૧૬

## સ્તવન ૫ - સુણ સીમંધર સાહિબાજી રે

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી-એ દેશી)

સુણ સીમંધર સાહિબાજીરે, શરણાગત પ્રતિપાળ,
સમર્થ જગ જન તારવાજી રે, કર મ્હારી સંભાળ,

કૃપાનિધિ ! સુણ મોરી અરદાસ;
હું ભવે ભવે તુમચો દાસ; કૃપાનિધિ....
ત્હારો છે વિશ્વાસ કૃપાનિધિ, પૂરો અમારી આશ. કૃપા...૧

હું અવગુણનો રાશિ છું જી રે, તિલ તુષ નહિ ગુણ લેશ;
ગુણિની હોડ કરું સદાજીરે, એહિ જ સબળ કિલેસ. કૃપા...૨

મત્સર ભય ને લાલચેજી રે, કરતો કિરિયા લેશ;
તે પણ પર જન રંજવાજીરે, ભલો ભજાવ્યો વેશ. કૃપા.....૩

છઠ્ઠા ગુણઠાણા ધણીજી રે, નામ ધરાવું રે સ્વામી;
આગમ વયણે જોવતાંજીરે, ન ગયો કષાય ને કામ. કૃપા....૪

રસના રામા ને રમાજી, એ ત્રણ પાતિક મૂળ;
તેહની અહોનિશ ચિન્તનાજીરે, કરતાં ભવ થયાં સ્થૂલ. કૃપા...૫

વ્રત મુખ પાઠે ઉચ્ચરી જી રે, દિવસ માંહી બહુ વાર;
તેહ તુરત વિરાધતો જીરે, ન આણી શંક લગાર. કૃપા...૬

ધૂલિ તણા દેઉલ કરી જી રે, જિમ પાઉસમાં રે બાળ;
ખો ભૂલા મુખે એમ વદેજીરે, તિમ વ્રત મેં કર્યા આળ. કૃપા..૭

આપ અશુદ્ધ પરને કરું જીરે, દેઈ આલોયણ શુદ્ધ;
મા-સાહસ પંખી પરેજીરે, પાડું ફંદે મુદ્ધ. કૃપા.....૮

અછતા ગુણ નિસુણી મનેજીરે, હરખું અતિ સુવિશેષ;
દોષ છતાં પણ સાંભળીજીરે, તસ ઉપરે ધરું દ્વેષ. કૃપા....૯

પરિભવ પર-પરિવાદના જીરે, પરે પરે ભાખું રે આપ;
નિજ ઉત્કર્ષ કરું ઘણોજીરે, એહિજ મુજ સંતાપ. કૃપા....૧૦

નિશ્ચય પંથ ન જાણીયોજી રે, વ્યવહરિયો વ્યવહાર;
મદન મસ્તે નિશંકથીજી રે, થાપ્યો અસદાચાર..કૃપા...૧૧

સમય સંઘયણાદિ દોષથી જી રે, નાવે શુકલ ધ્યાન;
સુહણે પણ નવિ આવીયુંજી, નિરાશંસ ધર્મ ધ્યાન. કૃપા..૧૨

આર્ત - રૌદ્ર બેહુ અહોનિશેજી રે, સેવાકાર ખવાસ;
મિથ્યા રાજા જિહાં હોયે જીરે, તૃષ્ણા લોભ વિલાસ. કૃપા.૧૩

જિન મત વિતથ પ્રરૂપણા જી રે, કીધી સ્વારથ બુદ્ધ;
જાડ્યપણાના જોરથી જી રે , ન રહી કાંઈ શુદ્ધ. કૃપા...૧૪

હિંસા અલીક અદત્તશું જી રે, સેવ્યાં ત્રિવિધ કુશીલ;
મમતા પરિગ્રહ મેળવીજી રે, કીધી ભવની લીલ. કૃપા....૧૫

અક્રિય સાધેજે જે ક્રિયાજી, તે નાવે તિલ માત્ર;
મદ અજ્ઞાન ટળે જેહથી જી રે, તે નહિ નાણની વાત. કૃપા..૧૬

દર્શન પણ ફરસ્યાં ઘણાં જી રે, ઉદર ભરવાને કામ;
પણ તુમ તત્ત્વ પ્રતીતશું જી રે, ન ધરું દર્શન નામ. કૃપા....૧૭

સુવિહિત-ગુરુબુધ્ધે લોકને જી રે, હું વંદાવું રે આપ;
આચરણા નહિ તેહવી જી રે, એ મોટો સંતાપ. કૃપા....૧૮

મિથ્યાદેવ પ્રશંસિયાજી રે, કીધી તેહની રે સેવ;
અહાછંદાના વયણની જી રે, ન ટળી મુજને ટેવ. કૃપા....૧૯

કોરે ચિત્તે ચૂના પરે જી રે, ધર્મકથા મેં કીધ;
આપ વંચી પર વંચિયાજી રે, એકે કાજ ન સિદ્ધ કૃપા....૨૦

રાતો રમણી દેખીનેજી રે, જિમ અણનાથ્યો રે સાંઢ;
ભાંડ-ભવૈયાની પરેજી રે, ધર્મ દેખાડું માંડ. કૃપા....૨૧

ક્રોધ દાવાનલ પ્રબલથી જી રે, ઉગે ન સમતા વેલ;
માન મહીધર આગલે જી રે, ન ચલે ગુણ નદી રેલ. કૃપા....૨૨

માયા-સાપણ પાપિણી જી રે, મન બિલ મૂકે રે નાહિ;
કોમળ ગુણને તે ડસે જી, લોભ વિલાસ અથાહ. કૃપા....૨૩

વસ્ત્ર પાત્ર જન પુસ્તકે જી રે, તૃષ્ણા કીધી અનંત;
અંત ન આવે લોભનો જી રે, કહું' કે તો વૃત્તાંત ? કૃપા....૨૪

ધર્મતણે દંભે કર્યા જી રે, પૂર્યા અર્થ ને કામ;
તેહથી ત્રાણ ભવ હારીયા જીરે, બોધ હોવે વલી વામ. કૃપા..૨૫

કલ્પ્યાકલ્પ્ય વિચારણા જી રે, રાખી કાંઈ ન શંક;
અનેષણીય પરિભોગથી જીરે, રુલ્યો ચૌગતિ જિમ રંક. કૃપા.૨૬

હવે તુમ ધ્યાન સનાથતા જીરે, આડો વાળ્યો રે આંક;
કરુણા કરીને નિરખીયે જી રે, મત ગણજો મુજ વાંક. કૃપા..૨૭

મુજને કહેતાં ન આવડે જી રે, નાણે જે તુજ દીઠ;
હું અપરાધી તાહરોજી રે, ખમજો અવિનય ધીઠ. કૃપા.....૨૮

તુમે જિમ જાણો તિમ કરોજી રે, હું નહિ જાણું રે કાંઈ;
દ્રવ્યભાવ સવિ રોગના જી રે, જાણો સર્વ ઉપાય. કૃપા....૨૯

હું એક જાણું તાહરું જી રે, નામ માત્ર નિરધાર;
આલમ્બન મેં તે કર્યું જી રે, તેહથી લહું ભવપાર. કૃપા.....૩૦

માત સત્યકી નંદનો જી રે, રૂક્ષ્મણી રાણીનો કંત;
તાત શ્રેયાંસ નરેસરું જી રે, વિચરંતા ભગવંત. કૃપા......૩૧

ચિત્તમાંહે અવધારશો જી રે, તોયે કે'તીક વાત;
લહી સહાય તુમ્હારડી જી રે, પ્રગટે ગુણ અવદાત, કૃપા.....૩૨

પરમ પુરુષ ? પરમેશ્વરુ જી રે, પ્રાણાધાર ! પવિત્ર;
પુરૂષોત્તમ ! હિતકારકોજી રે, ત્રિભુવન-જનના મિત્ર કૃપા.૩૩

'જ્ઞાનવિમલ' ગુણથી લહોજી રે, મારા મનની રે હંસ;
પૂરી શિશુ સુખિયો કરોજી રે, મુજ માનસ-સરહંસ. કૃપા...૩૪

## સ્તવન ૬ - ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ;
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ....
સીમંધર સ્વામી કૈયે રે, હું મહાવિદેહ આવીશ...?
જયવંતા જિનવર ! કૈયે, હું તમને વાંદીશ....?

ચાંદલિયા ! સંદેશડોજી, કહેજો સીમંધરસ્વામી;
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ ....સીમંધર

સમવસરણ દેવે રચ્યુંતિહાં, ચોસઠ ઈંદ્ર નરેશ;
સોનાતણે સિંહાસને બેઠા, ચામર છત્ર ધરેશ ....સીમંધર

ઈંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પૂરેશ;
લળી લળી લીયે લૂંછણાજી, જિનવર દીયે ઉપદેશ....સીમંધર

એહવે સમે મેં સાંભળ્યું જી, હવે કરવા પચ્ચખાણ;
પોથી ઠવણી તિહાં કનેજી, અમૃતવાણી વખાણ....સીમંધર

રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલાં છે દામ;
અમને વહાલા સીમંધરસ્વામી, જેમ સીતાને શ્રીરામ..સીમંધર

નહિ માંગુ પ્રભુ રાજઋધ્ધિ જી, નહિ માંગું ગરથ ભંડાર;
હું માંગુ પ્રભુ એટલું જી, તુમ પાસે અવતાર....સીમંધર

દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજૂર ?
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર...સીમંધર

સમયસુંદરની વિનતિજી, માનજો વારંવાર;
બે કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર....સીમંધર

卐卐卐

## પૂ. મહોપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ કૃત
## શ્રી આદિજિન વિનતિ રૂપ સ્તવન

(રાગ : સિધ્ધગિરિ મંડન ઈશ સુણો મુજ વિનતિ)

પામી સુગુરૂ પસાય રે, શત્રુંજય ધણી, શ્રી રિસહેસર વિનવું એ. ૧
ત્રિભુવન નાયક દેવ રે, સેવક વિનતિ, આદીશ્વર અવધારીયે એ. ૨
શરણે આવ્યો સ્વામી રે, હું સંસારમાં, વિરૂએ વૈરીએ નડ્યો એ. ૩
તાર તાર મુજ તાત રે, વાત કિશી કહું, ભવભવ એ ભાવઠ તણી એ.૪
જન્મ મરણ જંજાલ રે, બાલ તરૂણપણું, વલી વલી જરા દહે ઘણું એ.૫
કેમે ન આવ્યો પાર રે, સાર હવે સ્વામી, શ્યેં ન કરો એ માહરી એ. ૬
તાર્યા તુમે અનંત રે, સંત સુગુણ વલી, અપરાધી પણ ઉદ્ધર્યા એ. ૭
તો એક દીનદયાલ રે, બાલ દયામણો, હું શા માટે વિસર્યો એ. ૮

જે ગિરૂઆ ગુણવંત રે, તારો તેહને, તે માંહે અચરિજ કિશ્યું એ. ૯
જે મુજ સરિખો દીન રે, તેહને તારતાં, જગ વિસ્તરશે જશ ઘણો એ.૧૦
આપદે પડિયો આજ રે, રાજ તુમારડે, પ્રભુચરણે હું આવ્યો વહીએ.૧૧
મુજ સરિખો કોઈ દીન રે, તુજ સરિખો પ્રભુ, જોતાં જગ લાભે નહીં એ.૧૨
તોયે કરૂણાસિંધુ રે, બંધુ ભુવન તણાં, ન ઘટે તુમ ઉવેખવું એ. ૧૩
તારણહારો કોઈ રે, જો બીજો હુવે, તો તુમ્હને શાને કહું એ. ૧૪
તુંહિજ તારીશ નેટ રે, પહિલા ને પછે, તો એવડી ગાઢિમ કીસી એ. ૧૫
આવી લાગ્યો પાય રે, તે કેમ છોડશે, મન મનાવ્યા વિણ હવે એ. ૧૬
સેવક કરે પોકાર રે, બાહિર રહ્યા જશે, તો સાહિબ શોભા કીસી એ. ૧૭
અતુલ બલી અરિહંત રે, જગને તારવા, સમરથ છો સ્વામી તુમે એ. ૧૮
શું આવે છે જોર રે, મુજને તારતાં, કે ધન બેસે છે કિશ્યું એ. ૧૯
કહેશો તુમે જિણંદ રે, ભક્તિ નથી તેહવી, તો તે ભક્તિ મુજને દીયો એ.૨૦
વલી કહેશો ભગવંત રે, નહિ તુજ યોગ્યતા, હમણાં મુક્તિ જાવા તણીએ. ૨૧
યોગ્યતા તે પણ નાથ રે, તુમહી જ આપશો, તો તે મુજને દીયો એ. ૨૨
વલી કહેશો જગદીશ..રે, કર્મ ઘણાં તાહરાં, તો તેહી જ ટાલો પરાંએ. ૨૩
કર્મ અમારાં આજ રે, જગપતિ વારવા વલી કોણ બીજો આવશે એ. ૨૪
વલી જાણો અરિહંત રે, એહને વિનતિ, કરતાં આવડતી નથી એ. ૨૫
તો તેહિ જ મહારાજ રે, મુજને શીખવો, જેમ તે વિધિશું વિનવું એ.૨૬
માય તાત વિણ કોણ રે, પ્રેમે શીખવે, બાલકને કહો બોલાવે એ. ૨૭
જો મુજ જાણો દેવ રે, એહ અપાવનો, ખરડ્યો છે કલિ કાદવે એ. ૨૮
કેમ લેવું ઉત્સંગ રે, અંગભર્યું એહનું, વિષય કષાય અશુચિશું એ. ૨૯
તો મુજ કરો પવિત્ર રે, કહો કોણ પુત્રને, વિણ માવિત્ર પખાલશે એ.૩૦
કૃપા કરી મુજ દેવ રે, ઈહાં લગે આણીયો, નરક નિગોદાદિક થકીએ. ૩૧

આવ્યો હવે હજૂર રે, ઉભો થઈ રહ્યો, સામું શ્યેં જુઓ નહીં એ. ૩૨
આડો માંડી આજ રે, બેઠો બારણે, માવિત્ર તુમે માનશો એ. ૩૩
તુમે છો દયાસમુદ્ર રે, તો મુજને દેખી, દયા નથી શ્યેં આણતાં એ. ૩૪
ઉવેખશ્યો અરિહંત રે, જો આણી વેલા, તો મહારી શી વલે થશે એ.૩૫
ઉભાં છે અનેક રે, મોહાદિક વૈરી, છલ જુએ છે માહરાં એ. ૩૬
તેહને વારો વેગે રે, દેવ દયા કરી, વલી વલી શું વિનવું એ. ૩૭
મરૂદેવી નિજમાય રે, વેગે મોકલ્યાં, ગજ બેસાડી મુક્તિમાં એ. ૩૮
ભરતેસર નિજ નંદરે, કીધો કેવલી, આરીસો અવલોકતાં એ. ૩૯
અઠ્ઠાણું નિજ પુત્ર રે, પ્રતિબોધ્યાં પ્રેમે, ઝૂઝ કરંતાં વારીયા એ. ૪૦
બાહુબલીને નેટ રે, નાણકેવલ તમે, સામી સાહમું મોકલ્યું એ. ૪૧
ઈત્યાદિક અવદાત રે, સઘળા તુમ તણાં, હું જાણું છું મૂલગાં એ. ૪૨
મહારી વેલા આજ રે, મૌન કરી બેઠાં, ઉત્તર શેં આપો નહીં એ. ૪૩
વીતરાગ અરિહંત રે, સમતાસાગરૂ, માહરાં તાહરાં શાં કરો એ. ૪૪
એકવાર મહારાજ રે, મુજને સ્વમુખે, બોલાવો સેવક કહી એ. ૪૫
એટલે સિદ્ધાં કાજ રે, સઘલાં માહરાં, મનના મનોરથ સવિ ફલ્યા એ.૪૬
ખમજો મુજ અપરાધ રે, આસંગો કરી, અસમજંસ જે વિનવ્યું એ. ૪૭
અવસર પામી આજ રે, જો નવિ વિનવું, તો પસ્તાવો મન રહે એ.૪૮
ત્રિભુવન તારણહાર રે, પુણ્યે માહરાં, આવી એકાંતે મલ્યા એ. ૪૯
બાલક બોલે બોલ રે, જે અવિગતપણે, માય તાયને તે રૂચે એ. ૫૦
નયણે નિરખ્યા નાથ રે, નાભિ નરિંદનો, નંદન નંદનવન જિસ્યો એ. ૫૧
મરૂદેવીસરહંસ રે, વંશ ઈખાગનો, સોહાકર સોહામણો એ. ૫૨
માય તાય પ્રભુ મિત્ર રે, બંધુ તું માહરો, જીવ જીવન તું વાલહો એ. ૫૩
અવર ન કો આધાર રે, ઈણેં જગ તુજ વિના, ત્રાણ શરણ તું ધણીએ.૫૪

વલી વલી કરું પ્રણામ રે, શરણે તુમ તણે, પરમેશ્વર સન્મુખ જુઓ એ. ૫૫
ભવ ભવ તુમ પાય સેવરે, સેવકને દેજો, હું માંગું છું એટલું એ. ૫૬
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય રે, સેવક એણિ પેરે, 'વિનય' વિનય કરી વિનવે એ.૫૭

卐卐卐

## ભાવનામાં ઉપયોગી ભાવવાહી સ્તવનો

### (૧) સુણો શાંતિ જિણંદ સોભાગી

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;
તુમે નીરાગી ભગવંત, જોતાં કિમ મલશે તંત. સુણો૦ ૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવલ કમલા વરિયો. સુણો૦ ૨

હું તો વિષયારસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભાર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો. સુણો૦ ૩

હું તો મોહ તણે વશ પડિયો, તેં તો સઘળા મોહને હણીયો;
હું તો ભવ સમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરે પહોંચ્યો. સુણો૦૪

મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ. સુણો૦ ૫

મને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધન અવિનાશી;
હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો૦ ૬

મારે છો તું હિ પ્રભુ એક, ત્હારે મુજ સરિખા અનેક ;
હું તો મનથી ન મૂકું માન, તું તો માન રહિત ભગવાન. સુણો૦૭

મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. સુણો૦ ૮

એકવાર જો નજરે નીરખો, તો કરો મુજને તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે. સુણો૦ ૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી 'ઉદયરત્ન'ની વાણી. સુણો૦૧૦

卐卐卐

## (૨) ઋષભ જિનરાજ મુજ

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો,
ગુણ નીલો જેણે તું નયન દીઠો;
દુઃખ ટળ્યાં સુખ મલ્યાં સ્વામી તુજ નિરખતાં,
સુકૃત સંચય હુવો પાપ નીઠો. ઋષભ૦ ૧

કલ્પશાખી ફલ્યો કામઘટ મુજ મલ્યો,
આંગણે અમિયનો મેહ વૂઠો;
મુજ મહિરાણ મહીભાણ તુજ દર્શને,
ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો. ઋષભ૦ ૨

કવણ નર કનક મણિ છોડી તૃણ સંગ્રહે ?
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉલે ?
તુજ તજી અવર સુર કોણ સેવે ? ઋષભ૦ ૩

એક મુજ ટેક સુવિવેક સાહેબ સદા,
તુજ વિના દેવ દૂજો ન ઈહું;
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો,
કર્મભર ભ્રમ થકી હું ન બીહું. ઋષભ૦ ૪

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;

પતિતપાવન સમો જગત ઉધ્ધારકર,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ઋષભ૦ ૫

મુક્તિથી અધિક તુજ-ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ લાગો;
ચમક પાષાણ જિમ લોહને ખીંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિરાગો. ઋષભ૦ ૬

ધન્ય ! તે કાય જેણે પાય તુજ પ્રણમિયે,
તુજ થુણે જેહ ધન્ય ! ધન્ય ! જીહ્વા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય ! તે રાત ને ધન્ય ! દીહા. ઋષભ૦ ૭

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો;
રયણ એક દેત શી હાણ રયણાયરે ?
લોકની આપદા જેણે નાસો. ઋષભ૦ ૮

ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપ તેજ તાજો;
નયવિજ્ય વિબુધ સેવક હું આપનો,
'જસ' કહે અબ મોહે બહુ નિવાજો. ઋષભ૦ ૯

卐卐卐

## (૩) મેં કીનો નહીં

મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ,
દિન દિન વાન ચઢત ગુણ તેરો, જ્યું કંચન પરભાગ;
ઓરનમેં હે કષાયકી કાલિમા, સો ક્યું સેવા લાગ. મેં૦ ૧

રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તું કહિયે, ઔર વિષય વિષનાગ મેં૦ ૨

ઓર દેવ જલ છીલર સરીખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરૂ જગ વાંછિત પૂરન, ઓર તે સૂકે સાગ મેં૦ ૩

તું પુરૂષોત્તમ તુંહી નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તું હી દેવ વીતરાગ, મેં૦ ૪

સુવિધિનાથ તુજ ગુણ ફૂલનકો, મેરો દિલ હે બાગ;
જસ કહે ભ્રમર રસિક હોઈ તામે, લીજે ભક્તિ પરાગ. મેં૦ ૫

## (૪) શાંતિ જિનેશ્વર સાચો સાહિબ

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈન કલિમેં;
હો જિનજી ! તું મેરા મનમેં, તું મેરા દિલમેં,
ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી. તું મેરા૦ ૧

ભવમાં ભમતા મેં દરિસણ પાયો, આશા પૂરો એક પલમેં;
હો જિનજી ! તું મેરા૦ ૨

નિરમલ જ્યોત વદન પર સોહે,
નિકસ્યોજ્યું ચંદ્ર વાદળમેં;
હો જિનજી ! તું મેરા૦ ૩.

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં;
હો જિનજી ! તું મેરા૦ ૪.

જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકળમેં;
હો જિનજી ! તું મેરા૦ ૫.

## (૫) જિન તેરે ચરણકી શરણ ગ્રહું

જિન તેરે ચરણકી શરણ ગ્રહું, હૃદય કમલમેં ધ્યાન ધરત હૂં;
શિર તુજ આણ વહું. જિન૦ ૧

તુજ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહીં કબહું. જિન૦ ૨.

તેરે ગુણકી જપું જપમાલા, અહનિશ પાપ દહું. જિન૦ ૩.

મેરે મનકી તુમ સબ જાનો, કયા મુખ બહોત કહું. જિન૦ ૪.

કહે જસ વિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦ ૫.

卐卐卐

## (૬) વહેલા આવજો રે લોલ

ઊંચા ઊંચા રે દાદા તારા ડુંગરા રે લોલ,
ડુંગર ઉપર બોલે ઝીણાં મોર,
પૂજનમાં વહેલા આવજો રે લોલ ૧

પહેલો કાગળ રે, પાલીતાણા મોકલ્યો રે લોલ;
દેજો મારા આદિનાથ ને હાથ .... પૂજનમાં. ૨

બીજો કાગળ રે, શંખેશ્વર મોકલ્યો રે લોલ;
દેજો મારા પાર્શ્વનાથને હાથ .... પૂજનમાં. ૩

ત્રીજો કાગળ રે, ગિરનાર મોકલ્યો રે લોલ;
દેજો મારા નેમજીને હાથ .... પૂજનમાં. ૪

ચોથો કાગળ રે, પાવાપુરી મોકલ્યો રે લોલ;
દેજો મારા વીરજી ને હાથ .... પૂજનમાં. ૫

## (૭) હે ત્રિશલાના જાયા

હે ત્રિશલાના જાયા, માગું તારી માયા;
ઘેરી વળ્યા છે મુજને મારા, પાપો ના પડછાયા..હે ત્રિશલા. ૧

બાકુળાના ભોજન દઈને, ચંદનબાળા તારી,
ચંડકૌશિકના ઝેર ઉતારી, એને લીધો ઉગારી;
રોહિણી જેવા ચોર લુંટારા, તુજ પંથે પલટાયા.. હે ત્રિશલા. ૨

જુદા થઈને પુત્રી જમાઈ, કેવો વિરોધ કરતા,
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતા;
ઝેરના ઘુંટડા ગળી જઈને, પ્રેમના અમૃત પાયા.. હે ત્રિશલા. ૩

સુલસા જેવી શ્રાવિકાને, કરૂણા આણી સંભારી,
વિનવું છું હે મહાવીર સ્વામી, લેશો નહિ વિસારી;
સળગંતા સંસારે દેજો, સુખની શીતળ છાયા.... હે ત્રિશલા. ૪

卐卐卐

## (૮) હે કિરતાર મને આધાર તારો

હે કિરતાર મને આધાર તારો, જો જે ના તૂટી જાય;
... પ્રભુ જો જે ના.

હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો, જો જે ના ખૂટી જાય;
... પ્રભુ જો જે ના. ૧

તારો આધાર મને આ અવનીમાં,
આપે પ્રકાશ જ્યોત એ રજનીમાં;
શ્રધ્ધાથી બાંધી છે ગાંઠો મેં સ્નેહની,
જો જે ના છૂટી જાય,.... પ્રભુ. ૨

શક્તિ પ્રમાણે ભક્તિ કરૂં છું,
આ જીવન તુજ ચરણે ધરૂં છું;
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં,
જો જે ના ફૂટી જાય, ....પ્રભુ. ૩

ગાઉ છું હે પ્રભુ ગીત તુજ પ્રીતના,
સ્નેહથી ભરેલા સુરો સંગીતના;
લાખના હીરાને હાથમાંથી કોઈ, જો જે ના લૂંટી જાય...પ્રભુ.૪

卐卐卐

## (૯) તું સ્વામી મારો

તું સ્વામી મારો છે, હું દાસ તારો છું;
જિંદગીમાં મને, (૨) એક તારો સહારો છે ...તું. ૧

તું આધિ ઉપાધિ હટાવે, મુક્તિનો માર્ગ બતાવે;
સેવકના હૈયે ભાવે, સૌ તારાં ગીતડાં ગાવે...તું. ૨

હું તારા દ્વારે આવું, તુજ ચરણે શીર નમાવું;
હું લગની તુજથી લગાવું, નિત ભાવના તારી ભાવું...તું. ૩

તારું જો શરણું મળે, દાસની આશ ફળે;
નૈયા ને સહારો મળે, ભવો ભવના ફેરા ટળે...તું. ૪

મારી જીવન નૈયા, પ્રભુ મૂકી તારે સહારે;
તારનારો તું બેઠો છે, પછી ફિકર નથી કંઈ લગારે....તું. ૫

卐卐卐

## (૧૦) મહાવીર સ્વામી માહરા

મહાવીર સ્વામી માહરા, મારે જાવું સાગર પાર, મુજને મારગડો દેખાડ;
આડા કંટક કાંકરાને, કેમ કરી ને જવાય, મુજને મારગડો દેખાડ. ૧

ભવસાગરમાં ભમતાં ભમતાં, હજી ન આવ્યો પાર;
રાગદ્વેષનાં અનેક બંધન, છૂટે ના જ લગાર. મુજને. ૨

નાવડી મારી મધ દરિયે છે, બેઠી ઝોલા ખાય;
સુકાની થઈને મહાવીર આવો, અમને ઉતારો પાર, મુજને. ૩

નાવડી મારી ડૂબી રહી છે, સહાય કરો ભગવાન;
અષ્ટ કર્મનો ક્ષય કરીને, અમને ઉતારો પાર. મુજને. ૪

卐卐卐

## (૧૧) ભક્તિની રીત

ભક્તિ ની રીત ના જાણું, તોયે ભગવાન રે,
હું તો ગાઈ રહ્યો છું, તારા ગુણગાન રે;
નથી કાંઈ જ્ઞાન તોયે, ધરવું તારૂં ધ્યાન રે. ...હું તો. ૧

કંઠ ના મધુરો સૂર છે બેસૂરો,
જીવનમાં અધૂરો કિન્તુ ભાવ પૂરેપૂરો;
ખરૂં ખોટું આલાપીને, રહું ગુલતાન રે. ...હું તો. ૨

તને કે જગતને, રીઝાવી ના જાણું,
અંતરની આગને, બુઝાવી ના જાણું;
પ્રીતિના ગીત કદી, નથી રે પિછાણ્યા રે, ...હું તો. ૩

નથી જોઈતું નામ મારે, નથી જોઈતી નામના,
એટલુ તું આપજે કે, ભાવું તારી ભાવના;
જો જે ના મુજમાં આવે જરી અભિમાન રે. ...હું તો. ૪

## (૧૨) તું પ્રભુ મારો

તું પ્રભુ મારો હું પ્રભુ તારો, ક્ષણ એક મુજને ના રે વિસારો;
મહેર કરી મુજ વિનંતિ સ્વીકારો, સ્વામી સેવક જાણી નિહાળો.
...તું પ્રભુ. ૧

લાખ ચોર્યાસીમાં ભટકી પ્રભુજી, આવ્યો છું તારે શરણે હો જિનજી,
દુર્ગતિ કાપો, શિવસુખ આપો, સ્વામી સેવક જાણી નિહાળો.
...તું પ્રભુ. ૨

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે, આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે;
વામાનંદન જગનંદન પ્યારો, દેવ અનેરામાંહી તું છે ન્યારો.
...તું પ્રભુ. ૩

પળ પળ સમરૂં નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હી જિનેશ્વર;
પ્રાણ થકી તું અધિક જ વ્હાલો, દયા કરી મુજને નેહે નિહાળો.
...તું પ્રભુ. ૪

ભક્ત વત્સલ તારૂં બિરૂદ જાણી, કેડ ન છોડું એમ લેજે તું જાણી;
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી હું મનમાં ઉમાહું.
...તું પ્રભુ. ૫

'જ્ઞાન વિમલ' તુજ ભક્તિ પ્રતાપે ભવોભવના સંતાપ સમાવે;
અમીય ભરેલી તારી મૂર્તિ નિહાળી, પાપ અંતરના દેએ પખાળી.
...તું પ્રભુ. ૬

卐卐卐

## (૧૩) મધ દરિયે રે ડૂબે છે નૈયા

મધ દરિયે રે ડૂબે છે નૈયા મારી;
સાદ કોને જઈ દેવા રે, ડૂબે રે નૈયા... ૧

આંધિ વંટોળે મારી નૈયા ઘેરાણી;
મારે સુકાન કોને દેવા રે, ડૂબે રે નૈયા.. ૨

કપટી જગતના વાયરા વાયા, જીવડો આ ગભરાયો;
હે...દગા પ્રપંચના હલેસા લીધા મેં તો-
કાળા મોજાઓ આવે એવા રે, ડૂબે રે નૈયા... ૩

શ્રદ્ધા સુકાન પ્રભુ અમને આપો, વિનંતિ કરીએ આજ;
હે...નૈયા જો મારી પ્રભુ ડુબી ન જાયે-
જો તારશે તારા જેવા રે, ડૂબે રે નૈયા...૪

અવની પર આવી ભટકી રહ્યો છું, તારજે ત્રિભુવન સ્વામી;
હે...લાલ દીવાન પ્રભુ ચરણે આવું-
માંગું ભવોભવ સેવા રે, ડૂબે રે નૈયા...૫

## (૧૪) આ તો જનમ જનમના ફેરા

આ તો જનમ જનમ ના ફેરા (૨)
આજ અહીં તો કાલ ન જાણે, ક્યાં પડશે આ ડેરા ...આતો. ૧

મોંઘો માનવ જન્મ મળ્યોને, અવસર એવો ખોયો,
પ્રભુ ભક્તિ વિસારી દઈને, માયા રંગે મોહયો;
ઘડપણમાં પ્રભુ વીર ભજીશું, ખ્યાલ એ મૃગજળ કેરા...આતો. ૨

સત્ય અહિંસા સ્નેહ ધર્મનો, દીધો સંદેશો વીરે,
માર્ગ એ મહાવીર પ્રભુનો, ભૂલાયો ધીરે ધીરે;
તૃષ્ણા મમતા માયા માંહિં, ફરતા ભવભવ ફેરા ...આતો. ૩

પરમ ધર્મનો પુનિત દીવડો, પ્રગટાવો જીવનમાં,
મિલન ઝંખો સદાય વીરનું, ભક્તિ હો તનમનમાં;
ભવોભવ ફેરા મિટાવી દઈને, મોક્ષ તણાં એ ડેરા. ...આતો. ૪

## (૧૫) હે શંખેશ્વરના વાસી

હે શંખેશ્વરના વાસી, મારા હૈયે કરજો વાસ;
કેમ વિસારૂં વામાનંદન, જ્યા લગી શ્વાસોચ્છ્વાસ.....હે. ૧

શ્વાસેશ્વાસે સમરૂં સ્વામી, જીવનના આધાર,

રોમે રોમે તારા નામનો, વાગી રહે રણકાર;
આ અંતરના વાજિંતરમાં, એક જ છે રણકાર. ....હે. ૨

ભાવ થકી હું ભક્તિ કરૂં છું, જો જે હે ભગવાન,
હે ગુણવંતા ગાઈ રહ્યો છું, તારા સદાયે ગુણગાન;
ઉગારજે ભવ સાગરમાંથી, એટલી રાખું આશ. ....હે. ૩

આજે આવ્યો તારા ચરણે, ભક્તિ કરવા કાજ;
ભક્તિ હૃદયમાં લાવ્યો દાદા, પૂરજે મારી આશ. ....હે. ૪

卐卐卐

## (૧૬) અરે એવા છે વીતરાગી

અરે એવા છે વીતરાગી જગતમાં, જિનેશ્વર ભગવાન;
નહિ રાગ નહિ દ્વેષ લગીરે, જેને સર્વ સમાન ...અરે. ૧

રાજપાટ ને માત પિતાની, મૂકી દીધી છે માયા,
આત્માના રંગે રંગી છે, એણે નિજની કાયા;
જન્મ-મરણની જાળ તોડવા, દીધું અનુપમ જ્ઞાન ...અરે. ૨

વાણીમાં વ્હાલપ વરસે, પ્રાણીમાત્રમાં પ્રેમ,
શબ્દે શબ્દે શાતા વળતી, શીતળ ચાંદની જેમ;
રોમે રોમે ગાજી રહેતું, વિશ્વપ્રેમનું ગાન. ...અરે. ૩

સત્ય અહિંસાનો દીધો છે, દુનિયાને સંદેશ,
મંગળમય મુક્તિનો જેણે, આપ્યો છે આદેશ;
સચરાચર સૃષ્ટિમાં સૌનું, ચાહે છે કલ્યાણ. ...અરે. ૪

## (૧૭) દીવડો શું પ્રગટાવું

જગ દીપકની આગળ નાનો, દીવડો શું પ્રગટાવું;
જ્યોતિર્ધરની પાસે હું શું, પામર જ્યોત જલાવું.

જગત પિતા છો-બાળક હું છું, ગુણગાન શા ગાઉં;
આતમને અજવાળી દેજો, કેવળ એટલું માગું.

મારો દીવડો ઝગમગ રાખજે, ઓ જગના રાખણહારા;
મારી જ્યોત જલાવી રાખજે, ઓ જગના રાખણહારા.

મનડાના મંદિરમાં માલિક, મૂકને તારી માયા,
સળગતા સંસારે દેજે, તારી શીતળ છાયા;
મારી નૈયા તરતી રાખજે, ....ઓ. ૨

તન તંબુરના તારે તારે, તું હી તું હી પોકારૂં,
અંતરના આંગણીયે આસન, આપીને પધરાવું;
મારૂં ગીત સુરીલું રાખજે, ....ઓ. ૩

卐卐卐

## (૧૮) હે શંખેશ્વરના વાસી

હે શંખેશ્વરના વાસી, તારી ભક્તિ સાચી જાણી;
પત્થરને પણ કરતી પાણી, એવી તારી વાણી. ...હે. ૧

આ સંસારે સૌને ગમતું, એક જ નામ તમારૂં,
તુજ ભક્તોને લાગે એ તો, પ્રાણથકી પણ પ્યારું;
તુજ ભક્તિનાં ગીતો ગાતાં, કરતાં ભક્તિ લ્હાણી. ...હે. ૨

પાપી તારા ચરણે આવી, એ પાવન થઈ જાયે,
કરૂણાસિંધુ પાર્શ્વ પ્રભુજી, દુનિયા તુજ ગુણ ગાયે;
હે જિનવર- આ કાયા તારી, ભક્તિમાં રંગાણી. ...હે. ૩

તુજ ભક્તિની મસ્તી માંહેં, મસ્ત બનીને ગાઉં,
તુજ ચરણોમાં શીશ ઝૂકાવી, ભક્તિ જ્યોત જલાવું;
લાલ દીવાન ને પ્રભુ તારાથી, પ્રીતિ તો બંધાણી. ...હે. ૪

## (૧૯) તને નાથ કહું કે સ્વામી

તને નાથ કહું કે સ્વામી, તને કહું શું અંતરયામી,
તારા નામ છે લાખ હજારો, હું એક જ છું દુખિયારો.
તને નાથ કહું....૧

તારા વિના નહીં કોઈ છે, આ દુનિયામાં મારું,
એક જ છે મને આશરો જીવનમાં પ્રભુ તારો;
મારે તારા પંથે જાવું, તને કહું શું અંતરયામી....૨

ભાવના હું તારી ભાવું, ગાઉં તારા ગીત,
તન ને મનના તાર મિલાવી, કરૂં છું તુજથી પ્રીત;
મારે સપ્ત સૂરોમાં ગાવું, તને કહું શું અંતરયામી. ૩

એક જ છે અભિલાષ મારી, આવું તારી પાસ,
ના કરજે નિરાશ મુજને પૂરજે મારી આશ;
મારે મોક્ષ નગરમાં જાવું, તને કહું શું અંતરયામી. ૪

卐卐卐

## (૨૦) પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર

પ્રભુ રાખજે ઉઘાડા દ્વારતારા બાળકડાને કાજે-(૨)
કૃપા સિન્ધુ રાખજો સંભાળ, તારા. ૧

કોઈ પ્રભુ પ્રભુ કરતો આવે, કોઈ પાર્શ્વની ધૂન મચાવે;
કરૂણા કરજો હે કિરતાર, તારા. ૨

કોઈ ભાવે પુષ્પે પૂજે, કોઈ પ્રેમે દિપક પ્રગટાવે;
રક્ષા કરજે તારણ હાર, તારા. ૩

કોઈ ટળવળતાં દુઃખ માટે, કોઈ રોતાં હૈયા ફાટે;
તુજથી કેમ જોઈ શકાય ? તારા. ૪

પ્રભુ પારસનાથ અમારા, અમને પ્રાણ થકી છો પ્યારા;
મોક્ષ મારગના દેનાર. તારા. ૫

卐卐卐

## (તીર્થયાત્રા)

### (૨૧) ઓ મારા વ્હાલા ક્યાં જઈ આવ્યા આજ જો

ઓ મારા વ્હાલા ક્યાં જઈ આવ્યા આજ જો;
મુખડું શાને મલકે, શું થઈ વાત જો. ...ઓ મારા.

આજ અમે ગ્યાતા, શત્રુંજય ગિરિરાજ જો,
યાત્રા નવાણું કરતાં, આનંદ આજ જો;
ત્યાં બિરાજે મારો, મરૂદેવીનો લાલ જો,
પાયે પડતાં, પાપો થયા ચકચૂર જો. ...ઓ મારા.

આજ અમે ગ્યાતા, સોરઠ દેશ મોઝાર જો,
ગઢ ગિરનારે ચઢીયા, આનંદ આજ જો;
ત્યાં બિરાજે અંબા, રાજુલ નેમનાથ જો,
પાયે પડતાં, પાપો થયા ચકચૂર જો. ...ઓ મારા.

આજ અમે ગ્યાતા, સમેતશિખર ગિરિરાજ જો,
વામાનંદન ભેટ્યા, આનંદ આજ જો;
ત્યાં બિરાજે તીર્થંકર, પ્રભુ વીસ જો,
પાયે પડતાં, પાપો થયા ચકચૂર જો. ...ઓ મારા.

આજ અમે ગ્યાતા, પાવાપુરી મોઝાર જો,
જલમંદિર ત્યાં જોયું, આનંદ આજ જો;

માણેક મહાવીર ભેટ્યાં, ભવદુઃખ જાય જો,
પાયે પડતાં, પાપો થયા ચકચૂર જો. ...ઓ મારા.

## (વીરનું પારણીયું)

### (૨૨) મહાવીર કુંવર નાનો રે

મહાવીર કુંવર નાનો રે, ઝુલે છે સોનાને પારણે;
ત્રિશલા નો જાયો રે, ઝુલે છે રૂપાને પારણે. ૧

સોના કેરૂં પારણું ને, હીરલાની દોર છે;
એ ઝુલણીયે ઝુલનાર રે, ઝુલે છે. ...૨

ત્રિશલા કહે છે વીરા, અહિંસા ધર્મ પાળજે;
અહિંસાનો અવતાર રે, ઝુલે છે. ...૩

ધર્મ શિક્ષક થઈને વીરા, કુખ ઉજાળજે;
પ્રેમનો પુજારી રે, ઝુલે છે. ...૪

દુઃખિયા જીવોનેં, કર્મોથી ઉગારજે;
કર્મોને ખપાવનાર રે, ઝુલે છે. ...૫

પ્રાણીમાત્ર પર, દયા ભાવ રાખજે;
દયાનો દાતાર રે, ઝુલે છે. ...૬

જૈન શાસનની વીરા, જ્યોતિ બની રહેજે;
જ્યોતિ ઝલકાવનાર રે, ઝુલે છે. ...૭

લહેરથી પોઢે વીરા, ત્રિશલા ઝુલાવે;
પારણીયે પોઢનાર રે, ઝુલે છે. ...૮

## (૨૩) હું છું અનાથ

હું છું અનાથ મારો ઝાલજો રે હાથ (૨)
વિનવું છું પ્રભુ પારસનાથ;
હું છું પ્રવાસી નથી કોઈ નો સંગાથ (૨)
વિનવું છું પ્રભુ પારસનાથ. ૧

સગાં સંબંધી સ્નેહીઓ સૌ, તો યે નિરાધાર;
એકલવાયો છું અવનિમાં, તારો છે આધાર (૨)
જાવું છે દૂર દૂર દેજો રે સાથ, ...પ્રભુ (૨) ...વિનવું.૨

ભડભડતી આગમાંથી નાગને ઉગાર્યો, નયનોથી વરસાવી નેહ;
સંસાર તાપે હું યે બળું છું, ઉગારો લાવીને નેહ (૨)
દીનબંધુ છો દીનોના નાથ, ...પ્રભુ (૨) ...વિનવું.૩

મુક્તિનગરમાં જાવું છે મારે, વચમાં છે સાગર મોટો;
આગળ જાઉં ત્યાં પાછો પડું છું, મારગ મળ્યો ખોટો (૨)
તારજો ઓ પ્રભુ ત્રિભુવનના નાથ, ...પ્રભુ (૨) ...વિનવું.૪

卐卐卐

## (૨૪) અમે ભક્તિ કરીએ રે આદિનાથ દાદાની

તીરથમાં એક તીરથ એવું, નામ છે પાલીતાણા,
ભાવ ધરીને એ તીરથના, ગાઓ પ્રેમે ગાણા;
ત્રાણે લોકમાં એ તીરથના, ગાઓ પ્રેમે ગાણા,
ત્રાણે લોકમાં તીરથ મોટું, મહિમા નો નહિ પાર,
આદિનાથના દર્શન કરીને, સફળ કરો અવતાર.

ભાવ ધરીને જે કોઈ આવે, દાદા ને દરબાર;
ગાયે સેવક શર્મા આજે, થાયે બેડો પાર.

અમે ભક્તિ કરીયે રે, આદિનાથ દાદાની,
જય જય આદિનાથ પ્યારા, જય જય આદિનાથ.(૨)..અમે.૧

સદા વર્તે જય જય કાર, પ્રભુના મંદિરમાં,
વાગે વીણા ને સિતાર, ગીતો ગાયે મળી નરનાર;
મળે મુક્તિની પગથાર, આવો આવો ગીત ગાવો,
ભક્તિ કેરી ધૂન મચાવો, મુક્તિ તણાં દેનાર પ્રભુજી.(૨).. અમે.૨

કરે દેવો નમસ્કાર, પ્રભુના ચરણોમાં,
કરે ભક્તો ભક્તિ અપાર, કરો વંદન વાર હજાર;
અમે કરીએ નમસ્કાર, આવો આવો વંદન કરો,
ભવ સાગરથી તરો, મુક્તિ તણાં દેનાર પ્રભુજી. (૨) ...અમે.૩

પ્રભુ સમતાના ભંડાર, સૌના તારણહાર,
યુગલા ધર્મ નિવાર, પ્રભુ કરૂણાના કરનાર;
એતો મુક્તિ તણા દેનાર, આવો આવો ભક્તિ કરો,
ભવ સાગરથી તરો, મુક્તિ તણાં દેનાર પ્રભુજી. (૨) ...અમે.૪

卐卐卐

## (૨૫) તમે ગાઓ પ્રભુનાં ગીત

માનવમાંથી દેવ બનાવે, એવી ભક્તિની શક્તિ;
તમે ગાઓ પ્રભુનાં ગીત, તમે બાંધો પ્રભુથી પ્રીત.

સુલસા ચદનબાળા મયણાં, ભક્તિપંથે ચાલ્યા,
જિનવર કેરી ભક્તિ કરીને, ભવના ફેરા ટાળ્યા;
ભક્તિ પ્રતાપે રાવણ રાજા, તીર્થંકર પદ પામ્યા,
જૈન શાસનમાં એવી ઘણીયે, થઈ ગઈ મહાન હસ્તિ...તમે.૧

આ દુનિયા એક પંખી મેળો, કાયમ ક્યાં રહેવાનું,
ધન વૈભવને સગા સંબંધી, મૂકી ચાલ્યા જવાનું;

ભક્તિ કરીને પુણ્ય તણું અહીં, ભાથું ભરી લેવાનું,
મુક્તિના દ્વારે પહોંચાડે, એવી ભક્તિની શક્તિ....તમે. ૨

માયા ત્યાગી આ જીવનને, મુક્તિપંથે વાળો,
ભક્તિનો દીપક પ્રગટાવો, જીવનને અજવાળો;
લાલ દીવાન ભક્તિ કરતાં, ભવનાં ફેરા ટાળો,
ભવસાગર ને તરવા કાજે, કરજો સદાય ભક્તિ. ...તમે. ૩

卐卐卐

## (૨૬) માનવ ભવ મોંઘેરો

મળ્યો મળ્યો માનવ ભવ મોંઘેરો.
જો જો હાથમાંથી છટકી ન જાય. ....માનવ ભવ મોંઘેરો. ૧

મળ્યો ભવ તો અનુપમ ધર્મ કરો,
ધર્મ કરીને પુણ્યનું ભાથું ભરો;
જો જો મનની મનમાં રહી ન જાય..... માનવ ભવ મોંઘેરો. ૧

ચાર દિવસની ચાંદની તું માની લે,
મહા મોંઘેરી જીંદગી સુધારી લે;
આ સોનેરી પળ વીતી જાય. ...માનવ ભવ મોંઘેરો. ૩

રમત રમતમાં ગુમાવ્યું બાળપણું,
વિષય ભોગોમાં વિતાવ્યું યૌવનપણું;
શાનમાં હવે સમજ સમય જાય. ...માનવ ભવ મોંઘેરો. ૪

પૈસા પૈસાની દિલમાં માળા ફરે,
તેના તાનમાં ભગવંતને વિસરે;
પણ એ તો દગો દઈ જાય. ...માનવ ભવ મોંઘેરો. ૫

આ દુનિયામાં સાચો એક જ સાર,
પ્રભુ ભક્તિથી થાશે ભવનો ઉદ્ધાર;
અરિહંત મંડળ ગુણ ગાય, ...માનવ ભવ મોંઘેરો. ૬

卐卐卐

## (૨૭) ભક્તિમાં ભીંજાણાં રે.....

એ.... ગાન તમારાં ગાતાં ગાતાં, અમે સમયનું ભાન ભૂલ્યાં
એ.... ખાવું ભૂલ્યાં, પીવું ભૂલ્યાં, ઊંઘ અને આરામ ભૂલ્યાં
એ... રાગ ભૂલ્યાં, ને દ્વેષ ભૂલ્યાં, વળી પાપ તણો વ્યાપાર ભૂલ્યા
એવા એકાકાર બન્યા કે સળગેલો સંસાર ભૂલ્યા

ભક્તિમાં ભીંજાણાં રે, પ્રભુજી અમે ભક્તિમાં ભીંજાણાં,
આધિ ને વ્યાધિ બધી થઈ ગઈ ઉપાધિ;
એ..... જ્યારે કીર્તનના રંગમાં રંગાયા રે...પ્રભુજી. ૧

બેસૂરા કામ બધાં મેલ્યાં રે વેગળાં;
એ..... જ્યારે તંબૂરાના સૂર સંભળાણાં રે....પ્રભુજી. ૨

મનના માંકડા આવ્યા અંકુશમાં;
એ..... જ્યારે મંજીરાના નાદ સંભળાણાં રે ....પ્રભુજી. ૩

ચિંતાના ઘોડલા ભાગ્યા ભડકતા;
એ..... જ્યારે તબલાના બોલ સંભળાણાં રે......પ્રભુજી. ૪

શાંતિના સાગરે દીધી રે ડૂબકી;
એ..... જ્યારે મીઠાં ભજન સંભળાણાં રે.......પ્રભુજી. ૫

હૈયાના હોડલા માંડ્યા હિલોળવા;
એ..... જ્યારે ભાવોના નીર ઊભરાણાં રે ......પ્રભુજી. ૬

કર્મોના પોપડા માંડયા ઉખડવા;
એ...... જ્યારે મસ્તીના પૂર છલકાણાં રે.......પ્રભુજી. ૭

卐卐卐

## (૨૮) જીતવા નીકળ્યો છું...

જીતવા નીકળ્યો છું, પણ ક્ષણમાં હારી જાઉં છું;
ત્યારે તારા મુખડા ઉપર, વારી વારી જાઉં છું.

કૃપા જો તારી મળે નહિ, એવા નથી થાવું ધનવાન,
કરુણા તારી હોય નહિ, એવા નથી થાવું ગુણવાન;
કદી અપમાન કરે કોઈ માહરું, ત્યારે હારી જાઉં છું..ત્યારે તારા. ૧

પાપ કરતાં પાછું ન જોઉં, પુણ્યે થાકી જાઉં છું,
તારક જાણી તારા ગીતો, નિશદિન પ્રેમે ગાઉં છું;
હારજીતની હોડ પડે ત્યાં, ત્યારે હારી જાઉં છું...૨

પલપલ કરવટ લેતી દુનિયા, હું પલટાતો જાઉં છું,
મોહમાયાના એક ઈશારે, હું લપટાતો જાઉં છું;
રાગ દ્વેષ આવે અંતરમાં, ત્યારે હારી જાઉં છું...૩

મહા ભાગ્ય તુજ માર્ગ મળ્યો પણ, હું અજ્ઞાની મુંઝાઉં છું,
જ્ઞાની ગુરુ ભગવંત મળ્યા, પણ હિંમત હારી જાઉં છું;
ખુલ્લી આંખે દીપક લઈને કૂવે પડવા જાઉં છું...૪

卐卐卐

## (૨૯) અમે મોક્ષ નગરે જવાના જવાના

ભલે પુણ્ય લાવ્યા, ભલે પાપ લાવ્યા;
ભલે રમ્ય જાળે, અમે સૌ ફસાયા.

છતાં સાથે નથી, કંઈ લઈને જવાના;
અમે મોક્ષ નગરે, જવાના જવાના. ૧

ભલે હોય મોટર, ભલે હોય ગાડી,
ભલે હોય લક્ષ્મી, ભલે ફૂલ-વાડી;
બધો રોગ બાળી, અમે નીરોગી થવાના. ...અમે. ૨

ભલે કામ પજવે, ભલે ક્રોધ ભારી,
ભલે લોભ નચાવે, ભલે મોહે નારી;
રહી જિન ધ્યાને, એ જીતી જવાના. ...અમે. ૩

ભલે કર્મ બંધન, કીધાં કોઈ ભાવે,
અમે ટાળીશું, જિન આણા પ્રભાવે;
ધરી વીર મારગ, નહિ કાયર થવાના. ...અમે. ૪

ભલે જન્મ મૃત્યુ, હશે લીધા દીધા,
ભલે ભોગવીએ, અનાદિ દુવિધા;
અમે લીધા દીધા સૌ, ચૂકવી જવાના. ...અમે. ૫

મળ્યો પુણ્ય યોગે, મહા વીતરાગી,
જન્મ મરણનો, ગયો ભય ભાગી;
થયો સ્પર્શ પારસ, તો કંચન થવાના. ...અમે. ૬

卐卐卐

## (૩૦) ૐ શંખેશ્વર સ્વામી

ૐ શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતર્યામી;
તમને વંદન કરીયે, શિવ સુખના સ્વામી ...ૐ ૧

મારો નિશ્ચય એક સ્વામી, બનું તમારો દાસ;
તારા નામે ચાલે, મારા શ્વાસો શ્વાસ ...ૐ ૨

દુઃખ સંકટને કાપો સ્વામી, વંછિતને આપો;
પાપ અમારા હરજો, શિવ સુખ ને દેજો ...ૐ ૩

નિશ દિન હું માગું છું સ્વામી, તુમ શાસન સેવા;
ધ્યાન તમારૂં ધ્યાવું, સ્વીકારજો સેવા ...ૐ ૪

રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને;
આતમ અનુભવ માગું, ભવદુઃખ ટળવાને ...ૐ ૫

કરૂણાના છો સાગર સ્વામી, કૃપા તણા ભંડાર;
ત્રિભુવન ના છો નાયક, જગના તારણહાર ...ૐ ૬

卐卐卐

## (૩૧) છો ને મારા તંબૂરાના થાય ચૂરે ચૂરા

છો ને મારા તંબૂરાના, થાય ચૂરે ચૂરા,
તો યે તારા ભજન, રહે ના અધૂરા...(૨)
દિવસ ને રાત હું, ગાવું છું ગીત તારા,
વહેતી નિરંતર જેવી, નદીની ધારા;
છોને નહિ ઉરના ભાવો, પ્રગટે પૂરેપૂરા. ...તોયે. ૧

તનને તંબૂરે મારા, આતમ ના તાર બાંધું,
તુજમાં હું લીન થઈ, સૂરની સમાધિ સાધું;
છોને મારા ગીત હો, સૂરીલા કે બેસૂરા. ...તોયે. ૨

તૂટે તંબૂરો ભલે, તૂટે સૌ તાર,
તોયે ના ખૂટે એનો, મીઠો રણકાર;
છો ને આ જગના લોકો, કહે ભલાબૂરા...તોયે. ૩

## (૩૨) રૂડો અવસર

અમે બારણે તોરણ બાંધ્યા આજ, અવસર રૂડો આંગણીયે;
અમે યાત્રા કરવા ગ્યાતા આજ, અવસર રૂડો આંગણીયે.

હે... આદેશ્વરના બેસણાં, શત્રુંજય મોઝાર,
નવે ટુંક જુવારતાં, પાપ ખપે તત્કાળ;
અમે આદેશ્વરને નીરખ્યા આજ ...અવસર.
ત્યાં યાત્રા નવાણું કીધી રાજ ...અવસર. ૧

હે... સોરઠ દેશમાં જઈ ચડ્યાં, ઊંચો ગઢ ગિરનાર,
શેષાવનમાં વિચર્યા, નમીએ નેમકુમાર;
અમે નેમ પ્રભુને ભેટયાં આજ ...અવસર
એ તો પહેલી ટુંકે બિરાજે રાજ ...અવસર. ૨

હે... આબુ અચલગઢ શોભતાં, વિમળ વસહીમાં વસ્તુપાળ;
બ્રાહ્મણવાડા નાંદીયા, નાકોડા મોઝાર,
અમે જેસલમેર જઈને આવ્યા આજ ...અવસર
ત્યાં દેરાસર તો શોભે આઠ ...અવસર. ૩

હે... ભીલડીયાજી ભેટતાં, આનંદ આવે અપાર;
વઢિયાર દેશમાં જઈ ચડ્યાં, શંખેશ્વર મોઝાર.
પ્રભુ પાર્શ્વથી પ્રીત્યું બંધાણી આજ ...અવસર
એ તો ભવસાગર થી તારે રાજ ...અવસર. ૪

હે... કચ્છ દેશ કટારીયા, ભદ્રેશ્વર મોઝાર,
ત્રિશલાનંદન ભેટતાં, આનંદનો નહિ પાર;
માણેક હીરા મોતીડે વધાવું આજ ...અવસર
મારા વીરની ધૂન મચાવું આજ ...અવસર. ૫

## (૩૩) જનારું જાય છે જીવન

જનારું જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;
હૃદયમાં રાખી જિનવરને, પુરાણા પાપ ધોતો જા. જનારું૦ ૧.

બનેલો પાપથી ભારે, વળી પાપો કરે શીદને;
સળગતી હોળી હૈયાની, અરે જાલિમ બુઝાતો જા. જનારું૦ ૨.

દયા સાગર પ્રભુ પારસ, ઊછાળે જ્ઞાનની છોળો;
ઉતારી વાસના વસ્ત્રો, અરે પામર તું નહાતો જા જનારું૦ ૩.

જિગરમાં ડંખતાં દુઃખો, થયા પાપે પિછાણીને;
જિણંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા. જનારું૦ ૪.

અરે આતમ બની શાણો, બતાવી શાણપણ તારું;
હઠાવી જુઠી જગ માયા, ચેતન જ્યોતિ જગાતો જા. જનારું૦ ૫.

ખીલ્યાં જે ફૂલડાં આજે, જરૂર તે કાલ કરમાશે;
અખંડ આતમ કમલ 'લબ્ધિ', તણી લય દિલ લગાતોજા.જનારું૦૬.

## (૩૪) હે કરૂણા ના કરનારા

હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી;
હે સંકટના હરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી

મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા;
મારી ભૂલોના ભૂલનારા, ....તારી. ૧

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી;
અવળી ને સવળી કરનારા, ....તારી. ૨

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા;
વિષને અમૃત કરનારા, ....તારી. ૩

કદી છોરૂ કછોરૂ થાયે, તું તો માવિત્ર કહેવાયે;
શીળી છાયાના દેનારા, ....તારી. ૪

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો;
ઓ મારા સાચા ખેવનહારા, ....તારી. ૫

છે મારૂં જીવન ઉદાસી, તું શરણે લે અવિનાશી;
મારા દીલમાં હે રમનારા, ....તારી. ૬

## (૩૫) મારી આજની ઘડી છે રળિયામણી

મારી આજની ઘડી છે રળિયામણી;
હાં રે મને વ્હાલો મળ્યાની વધામણી જી રે- મારી. ૧

હાં રે હું તો ધ્યાન ધરું છું પ્રભુ તાહરું;
હાં રે મારાં અંતરમાં થયું અજવાળું જી રે- મારી. ૨

હાં રે મેં તો મોતીના સાથિયા પૂરાવીયા;
હાં રે મેં તો પ્રેમે પ્રભુને વધાવીયા જી રે- મારી. ૩

હાં રે તારી ભક્તિ કરવાને કાજ આવીયો;
હાં રે તારા દર્શન કરવાને આજ આવીયા જી રે- મારી. ૪

## (૩૬) ટીલડી રે......

ટીલડી રે મારા પ્રભુજીને શોભતી;
કેવી મેં તો ટીલડી ઘડાવી... ઓ પ્રભુજી મારા.... ટીલડી. ૧

ટીલડી ઘડાવવા હું તો, સોની ઘેર ગ્યો તો;
સોનીડાએ ઘાટ રૂડા ઘડ્યા... ઓ પ્રભુજી મારા.... ટીલડી. ૨

ટીલડી ઘડાવવા હું તો, ઝવેરી ઘેર ગ્યો તો;
ઝવેરીએ હીરા મોતી જડીયા... ઓ પ્રભુજી મારા....ટીલડી. ૩

એવી રે ટીલડી હું તો, શંખેશ્વર લાવ્યો;
શંખેશ્વરા પાર્શ્વને ચઢાવી... ઓ પ્રભુજી મારા....ટીલડી. ૪

દાદા તારી ટીલડીએ સૌના મન મોહ્યા;
ભકત તણા અંતરીયા ખોલ્યા... ઓ પ્રભુજી મારા...ટીલડી. ૫

## (૩૭) મારી નૈયા માગે સહારા

મારી નૈયા માગે સહારા;
કોઈ ન કોઈ દિન આશા છે કે પહોંચે કિનારા ...મારી. ૧

પંથ લાંબો અતિ માર્ગ વિકટ છે,
શું યે વાદળ ઘનઘોર આકાશે;
ઘડી ને ઘડી લાગે વાગી રહ્યા માથે નગારા. ...મારી. ૨

ચારે દિશા જાણે ડોલતી લાગે,
ડગમગ ડગમગ નૈયા થાયે;
કોઈ ન કોઈ રીતે બચી એને જાવું કિનારા. ...મારી. ૩

જીવન નૈયા મારી તારે ભરોંસે,
આંધી ભયંકર ચડી છે આકાશે;
ઘડી ને ઘડી શું યે ઊછળી રહ્યા નીર ખારા ...મારી. ૪

સેવક તારા ગુણલા ગાવે,
આશ અવરની કદીયે ન રાખે;
કેમે કરી પહોંચે નૈયા મુક્તિ કિનારા. ...મારી. ૫

## (૩૮) આ છે અણગાર અમારા

જેના રોમરોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા,
આ છે અણગાર અમારા....

દુનિયામાં જેની જોડ જડે ના, એવું જીવન જીવનારા,
આ છે અણગાર અમારા.... ૧

સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ એણે ત્યાગી,
સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માગી;
દીક્ષાની સાથે પાંચ મહાવ્રત અંતરમાં ધરનારા,
આ છે અણગાર અમારા.... ૨

ના પંખો વીંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદી તાપે,
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે;
નાનામાં નાના જીવતણું પણ સંરક્ષણ કરનારા,
આ છે અણગાર અમારા.... ૩

જૂઠું બોલીને પ્રિય થવાનો, વિચાર પણ ના લાવે,
યા મૌન રહે, યા સત્ય કહે, પરિણામ ગમે તે આવે;
જાતે ના લે કોઈ ચીજ કદી, જો આપો તો લેનારા,
આ છે અણગાર અમારા.... ૪

ના સંગ કરે કદી નારીનો, ના અંગોપાંગ નિહાળે,
જો જરૂર પડે તો વાત કરે, પણ નયનો નીચાં ઢાળે;
મનથી, વાણીથી, કાયાથી વ્રતનું પાલન કરનારા,
આ છે અણગાર અમારા.... ૫

ના સંગ્રહ એને કપડાંનો, ના બીજા દિવસનું ખાણું,
ના પૈસા એની ઝોળીમાં, ના એના નામે થાણું;
ઓછામાં ઓછા સાધનમાં, સંતોષ ધરી રહેનારા,
આ છે અણગાર અમારા.... ૬

## (૩૯) તારી લીયો ને વીતરાગી

હે.... પરદુઃખભંજન, નાથ નિરંજન, ત્રિશલાનંદન મહાવીરા,
તને કોટીવંદન, ભવદુઃખ ભંજન અલખ નિરંજન ઓ વીરા;
હે.... ક્ષત્રિયકુંડવાલા, દીન દયાળા, પરમ કૃપાળુ હે વીરા.
જગમંગલવાલા, શાંતિવાલા, પંથ નિરાળા મહાવીરા,
તારા પંથ નિરાળા મહાવીરા (૨)

હે.... તારી લીયોને વીતરાગી, નાવલડી મારી
તારી લીયોને વીતરાગી (૨)

આ રે સંસારીયામાં, અહી તહીં આથડ્યો;
હે.... રમતો બનીને રંગરાગી નાવલડી મારી... તારી લીયો ૦૧

અટવાણી નાવ મારી, આંધી તુફાનમાં;
હે... મધદરિયે ડુબવાને લાગી, નાવલડી મારી ..તારી લીયો ૦૨

પ્રભુ મહાવીર તમે, કરુણાના સાગર;
હે.... કંઈ કંઈને કીધા વૈરાગી, નાવલડી મારી ... તારી લીયો૦૩

જૈન મંડળની, વિનંતી છે આટલી;
હે.... ભવના ફેરા જાય ભાંગી, નાવલડી મારી ... તારી લીયો૦૪

## (૪૦) પાર્શ્વ પ્રભુ સરનામું

પાર્શ્વ પ્રભુ સરનામું સાચું બતાવ, મારે લખવા છે કાગળો.
નામ અને ઠેકાણું પુરૂં બતાવ, મારે લખવા છે કાગળો.

વામા દેવી નંદ તારા, બહુ બહુ નામ છે,
જગના આધાર તારા, ઠેર ઠેર ધામ છે,
ક્યુ એમાં સાચું છે, મુજને બતાવ, ...મારે. ૧

તારા વિયોગે હું તો ઝુરું દિન રાતડી,
એવી એવી અંદરની, લખવી છે વાતડી,
પ્રભુ તું પત્ર વાંચી, દયા બતાવ, ...મારે. ૨

સામે આવી ને ઓ, પાર્શ્વકુમાર તું,
કાગળ વાંચી પૂર, દર્શનના કોડ તું,
ઘણું થયું નાથ ! હવે તું ના સતાવ, ...મારે. ૩

## (૪૧) આદેશ્વર અલબેલા

(મેલી દીયોને ગીરધારી...)

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા.

નાભી રાજાના તમે માનીતા બેટડા;
હે....મરૂદેવીના લાલ પ્યારા રે. ....જોયા રે. ૧

શેત્રુંજ્યના શોભે ઊંચા તે ડુંગરા;
હે.... વસમી વાટે રે વસનારા રે. ....જોયા રે. ૨

આદેશ્વર દાદા તમે, લાગો સોહામણાં;
હે.... મુખડું જોયું ને મન મોહ્યા રે. ....જોયા રે. ૩

ચૈત્રી કાર્તિક પુનમ ની યાત્રા;
હે.... મહિમા છે એના ન્યારા રે. ....જોયા રે. ૪

કળીયુગમાં દાદા તમે, કલ્પતરૂ જેવા;
હે.... સેવકોના રૂદિયે વસનારા રે. ....જોયા રે. ૫

## (૪૨) દૂર દૂરથી અમે આવીયા

(દુહો)

હે... દૂરદૂરથી અમે આવીયા, તુજ દર્શનને કાજ;

હે... દર્શન તારા પામતાં, આનંદ આનંદ આજ.

પ્રભુ તારે તે મંદિરે, આવીયા અમે તરવાને;
પ્રભુ તારો છે આધાર, પાર ઉતરવાને. ...પ્રભુ તારે. ૧

હે... દૂરદૂરથી અમે આવીયા, તને કહેવાને;
હવે મૂકશું ના તુજ સાથ, સાથે રહેવાને. ...પ્રભુ તારે. ૨

પ્રભુ દરિશન દેજો પ્રેમથી, સુખ દેવાને;
અમે આવ્યા તમારી પાસ, આશિષ લેવાને. ...પ્રભુ તારે. ૩

પ્રભુ ભક્તિના ફૂલડા લાવીયા, તને ધરવાને;
સ્વીકારોને મારા નાથ, પાવન કરવાને. ...પ્રભુ તારે. ૪

પ્રભુ શરણે આવેલા ભક્તોનાં દુઃખ હરવાને;
હે... મુક્તિ કિરણ પ્રગટાવ, જગ ઉદ્ધારવાને. ...પ્રભુ તારે. ૫

## (૪૩) અબ સોંપ દિયા ઈસ જીવનકો

અબ સોંપ દિયા ઈસ જીવનકો,
ભગવાન તુમ્હારે ચરણોમેં. (૨)
મૈં હું શરણાગત પ્રભુ તેરા,
રહો ધ્યાન તુમ્હારે ચરણોમેં. (૨) અબ. ૧

મેરા નિશ્ચય બસ એક વહી,
મૈં તુમ ચરણોંકા પૂજારી બનું; (૨)
અર્પણ કર દું દુનિયાભરકા,
સબ પ્યાર તુમ્હારે ચરણો મેં. (૨) અબ. ૨

જો જગમેં રહું તો ઐસે રહું,
જ્યૂં જલમેં કમલકા ફૂલ રહે; (૨)
હે મન વચ કાય હૃદય અર્પણ,
ભગવાન તુમ્હારે ચરણોં મેં. (૨) અબ. ૩

જબ તક સંસારમેં ભ્રમણ કરૂં,
તુજ ચરણોં મેં જીવન કો ધરૂં; (૨)
તુમ સ્વામી, મૈં સેવક તેરા,
ધરું ધ્યાન તુમ્હારે ચરણોમેં મેં. (૨) અબ. ૪

મૈં નિર્ભય હું તુજ ચરણોં મેં,
આનંદ મંગલ હૈ જીવન મેં; (૨)
રિદ્ધિ સિદ્ધિ ઓર સંપત્તિ,
મિલ ગઈ હૈ પ્રભુ તુજ ચરણોં મેં. (૨) અબ. ૫

મેરી ઈચ્છા બંસ એક પ્રભુ,
એક બાર તુઝે મિલ જાઉં મૈં; (૨)
ઈસ સેવક કી એક રગ રગ કા,
હો તાર તુમ્હારે હાથોં મેં. (૨) અબ. ૬

## (૪૪) આવો આવો હે વીર સ્વામી

આવો આવો હે વીર સ્વામી ! મારા અંતરમાં;
મારાં અંતરમાં પધારો, મારા અંતરમાં. આવો આવો. ૧

માન મોહ માયા મમતાનો, મમ અંતરમાં વાસ;
જબ તુમ આવો ત્રિશલાનંદન, પ્રગટે જ્ઞાન પ્રકાશ. આવો આવો. ૨

આત્મ ચંદન પર કર્મ સર્પનું, નાથ અતિશય જોર;
દૂર કરવાને તે દુષ્ટોને, આપ પધારો મોર. આવો આવો. ૩

માયા આ સંસાર તણી બહુ, વરતાવે છે કેર;
શ્યામ જીવનમાં આપ પધારો, થાયે લીલા લહેર. આવો આવો. ૪

ભક્ત આપના શેઠ સુદર્શન, ચઢ્યા શૂળીએ સાચ;
આપ કૃપાએ થયું સિંહાસન, બન્યા દેવના તાજ. આવો આવો. ૫.

ચંદનબાળાને બારણે આવ્યાં, અભિગ્રહ પૂરણ કાજ,
હરખિત ચંદનબાળા નીરખી, પાછા વળ્યા ભગવાન. આવો આવો. ૬

રડતી ચંદનબાળા બોલે, ક્ષમા કરો ભગવાન;
કૃપા કરો મુજ રંક જ ઉપરે, લ્યો બાકુળા આજ. આવો આવો. ૭

બારે વ્રતમાં એક નહિ વ્રત, છતાં થશે ભગવાન;
શ્રેણિક ભકિત જાણી પ્રભુએ, કીધાં આપ સમાન. આવો આવો. ૮

## (૪૫) ખમ્મા રે ખમ્મા

ખમ્મા રે ખમ્મા મારા વીરજીને ખમ્મા,
ઘણી ઘણી ખમ્મા મારા વીરજીને ખમ્મા;
ત્રિશલા કુંખે વીરજી જનમીયા જી હો... ૧

પહેલો રે પરચો ઈન્દ્ર મહારાજાને દીધો;
અંગુઠાથી મેરૂ કંપાવીયા જી હો... ૨

દુજો રે પરચો દેવ મિથ્યાત્વીને દીધો;
મુઠી મારી માન હણાવીયા જી હો... ૩

ત્રીજો રે પરચો ચંદનબાળાજીને દીધો;
અડદના બાકુળા વહોરાવીયા જી હો... ૪

ચોથો રે પરચો ઈન્દ્રભૂતિજીને દીધો;
આત્માનો ભેદ બતાવીયો જી હો... ૫

પાંચમો રે પરચો ચંડકોશિયાને દીધો;
બુજઝ બુજઝ કહી ઉગારીયા જી હો... ૬

એવો એક પરચો દાદા અમને રે દેજો;
ભવજલ પાર ઉતારો જી હો... ૭

## (૪૬) કાગળ ભાવે લખીને હું મોકલું

કાગળ ભાવે લખીને હું મોકલું;
કોઈ જાયે જો શિવપુર માંય, દાદાજીને ભેટવા. ૧

પ્રભુ સાર નથી કંઈ સંસારમાં;
હવે એક જ ઈચ્છા થાય, દાદાજી ને ભેટવા. ૨

નિત્ય ધ્યાન ધરું પ્રભુ તાહરૂં;
મારે આવવું છે શિવપુર ખાસ, દાદાજીને ભેટવા. ૩

જિનજી દુઃખ પામ્યો ગતિ ચારમાં;
મારી એકજ અંતિમ આશ, દાદાજીને ભેટવા. ૪

પ્રભુ રાજલોક ચૌદ ને છોડીને;
કિમ કરી આવું તારી પાસ, દાદાજીને ભેટવા. ૫

સાથે સથવારો જો મળી જાયતો;
જૈન મંડળ જુવે છે વાટ, દાદાજીને ભેટવા. ૬

## (૪૭) વીર ઝુલે ત્રિશલા ઝુલાવે

વીર ઝુલે, ત્રિશલા ઝુલાવે, ઝુલાવે,
ધીરિ ધીરિ મીઠાં મીઠાં ગીત સુણાવે,
ઘડી રમે, ઘડી હસે, કરે મનમાની;
શિશુ બનીને ખેલે જગનો સ્વામી !
પ્યારભરી માતા પોઢાડે, પોઢાડે. ધીરિ ધીરિ....૧

સોનાના ફૂમતા, હીરાના લૂમખા,
પારણિયે બાંધ્યાં, મોતીના ઝૂમખા,
ઝળાહળાં તેજ કરે નીલમ પરવાળા;
રૂપા કેરી ઘંટડીના થાય રણકારા,
હીરાતણી દોરી બંધાવે, બંધાવે. ધીરિ ધીરિ....૨

માતા હરખાતી, મનમાં મલકાતી,
મુખડું દેખીને મમતા છલકાતી,
ચૂમી ભરે, વ્હાલ કરે, બને ઘેલી ઘેલી;
હૈયું વરસાવે હેતની હેલી,
સ્નેહભર્યા નયણે નિહાળે, નિહાળે. ધીરે ધીરે....૩

## (૪૮) જાગ્યો રે આત્મા આશ જાગી

જાગ્યો રે આતમા, આશ જાગી,
મુક્તિના અમૃતની પ્યાસ જાગી, અભિલાષ જાગી,
જાગ્યો રે આતમા... ૧

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે વૈભવ અળખામણા લાગે,
લાગે ખારો સંસાર, લાગે પ્યારો અણગાર;
એને સંયમના પંથની લગની લાગી, જાગ્યો રે આતમા... ૨

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે બંધન સંસારનાં ત્યાગે,
ત્યાગે સખીઓનો પ્યાર, ત્યાગે સઘળો પરિવાર;
એણે વસ્ત્રાલંકારોની પ્રીત ત્યાગી, જાગ્યો રે આતમા... ૩

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે અંધારાં દૂરદૂર ભાગે,
ભાગે પાતકનો ભાર, ભાગે અવગુણની જાળ;
એના મારગના કંટકો જાય ભાંગી, જાગ્યો રે આતમા... ૪

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે સદગુરૂનો આશરો માગે,
માગે કર્મોનો નાશ, માગે શિવપુરનો વાસ,
એણે ભવભવના દુઃખમાંથી મુક્તિ માગી, જાગ્યો રે આતમા..૫

## (૪૯) આવો રે આવો મહાવીર નામ લઈએ

આવો રે આવો મહાવીર નામ લઈએ;
વીર નામ લઈ ભવ પાર તરી જઈએ...આવો રે.૧

ભાગ્યવાન આપણે જૈન ધર્મ પામ્યા;
એના સિદ્ધાંતની નાવ કરી લઈએ...આવો રે. ૨

વીર પ્રભુ કહે છે કે અહિંસા અપનાવો;
અહિંસામાં ઓતપ્રોત બની જઈએ...આવો રે. ૩

વીર પ્રભુ કહે કોઈને દુઃખ નવી દઈએ;
સુખ આપી દુઃખ હરનાર બની જઈએ..આવો રે.૪

વીર પ્રભુ કહે સહુથી સમભાવ રાખવો;
ઊંચુ શું ને નીચ બધું એક ગણી લઈએ..આવો રે.૫

વીર પ્રભુ કહે સહુથી પ્રેમભાવ રાખવો;
પ્રેમ ભરી શાંત સરિતા બની જઈએ...આવો રે.૬

વીર પ્રભુ કહે કોઈથી ક્રોધ નવી કરીએ;
શીતળ ને શાંત ચંદન બની જઈએ...આવો રે. ૭

વીરનો ઉપદેશ જે તન મનથી પાળે;
કહે કિશોર એના દાસ બની જઈએ...આવો રે.૮

## (૫૦) ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું;
રહે હૃદય કમળમાં તારૂં ધ્યાન, પ્રભુ એવું માગું છું.

તારૂં મુખડું પ્રભુજી હું જોયા કરૂં,
રાત દિવસ ગુણો તારા ગાયા કરૂં;
અંત સમયે રહે તારૂં ધ્યાન. ...પ્રભુ. ૧

મારી આશ નિરાશ કરશો નહિ,
મારા અવગુણ હૈયે ધરશો નહિ;
શ્વાસેશ્વાસે રહે તારૂં ધ્યાન. ...પ્રભુ. ૨

મારા પાપ ને તાપ સમાવી દેજો,

આ સેવકને ચરણોમાં રાખી લેજો;
આવી દેજો દર્શન દાન. ...પ્રભુ. ૩

તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો,
તમને મળવાને પ્રભુ હું તો તલસી રહ્યો;
મારી કોમળ કાયા કરમાય. ...પ્રભુ. ૪

મારા ભવોભવના પાપો દૂર કરો,
મારી અરજીપ્રભુજી હૈયે ધરો;
મને રાખજો તુમ્હારી પાસ, ...પ્રભુ.
તમે રહેજો ભવોભવ સાથ. ...પ્રભુ. ૫

## (૫૧) દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો

દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દ્યો,
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે પાલખી,
કોઈ આવે પગપાળે, દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર;
દાદા આદીશ્વરજી ! દૂરથી આવ્યો દાદા દરિશન દીયો. ૧

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે પાલખી,
હું આવું પગપાળે, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી ૦ ૨

કોઈ મૂકે સોના - રૂપા, કોઈ મૂકે મહોર,
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી ૦ ૩

શેઠ મૂકે સોના - રૂપા, રાજા મૂકે મહોર,
હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી ૦ ૪

કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ,
કોઈ માંગે ચરણની સેવા, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી ૦ ૫

કોઢીયો માંગે કંચનકાયા, આંધળો માંગે આંખ,
હું માંગું ચરણની સેવા, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદીશ્વરજી ૦ ૬

હીર વિજય ગુરૂ હીરલો ને વીર - વિજય ગુણ ગાય,
શત્રુંજયના દર્શન કરતાં આનંદ અપાર, હાં હાં આનંદ અપાર,
દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દીયો. ૦ ૭

## (૫૨) સારી દુનિયામાં થાજો લીલા લહેર

સારી દુનિયામાં થાજો લીલા લહેર,
અવસર એવો આવ્યો અમારે ઘેર;
પ્રભુ અમને મળી તમારી મ્હેર,
અવસર એવો આવ્યો અમારે ઘેર. ૧

સારી દુનિયાના જીવો સૌ સુખી થાજો,
સારી દુનિયાના પાપો નો નાશ થાજો;
અમે ભાવના...(૨), ભાવીએ એણી પેર. ...અવસર. ૨

સારી દુનિયાના દુઃખો સૌ દૂર થાજો,
સહુ જીવોને સદા સુખ શાંતિ હજો;
ભૂલી જાઓ...(૨), જીવનમાં સહુ વેર. ...અવસર. ૩

સહુ જીવો આતમના અર્થી થજો,
સહુ જીવોનો મુક્તિમાં વાસ હજો;
વરસે ઘરઘરમાં...(૨), સદાયે લીલા લહેર ...અવસર. ૪

## (૫૩) અહિંસાના આદેશો અપનાવીને

અહિંસાના આદેશો અપનાવીને,
શાંતિના માર્ગે જાવું રે મહાવીર પ્રભુ,
તમારા જેવા મારે થાવું (૨)

ચંડકૌશિક નાગના જેવા, ઝેરીને વેરી નથી થાવું.
મહાવીર પ્રભુ (૨)

હે... દુશ્મનને પણ દોસ્ત બનાવીને,
ત્યાગી વૈરાગી મારે થાવું રે મહાવીર પ્રભુ (૨)...... ૧
ભરવાડે ખીલા કાનમાં ઠોક્યા, એવા અનાડી નથી થાવું.
હે....દીન દુઃખીયાની સેવા કરીને,
સેવા ભાવી મારે થાવું રે મહાવીર પ્રભુ (૨)..... ૨
નેમ રાજુલ જેવા સંયમધારીને, સંયમધારી મારે થાવું
મહાવીર પ્રભુ (૨)
હે....ચંદના જેવી ટેક ધરીને,
ટેકધારી મારે થાવું રે, મહાવીર પ્રભુ (૨)........ ૩

તમારે શરણે આવી કરીને, બીજે ક્યાં હવે નથી જાવું.
મહાવીર પ્રભુ (૨)
હે....સેવક કહે છે ભાવથી રે,
વીરને શરણે જાવું રે મહાવીર પ્રભુ૦ ..... ૪

## (૫૪) પ્રભુનું નામ રસાયણ સેવે

પ્રભુનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહિ;
તો તેનું ફળ લેશ ન પામે, ભવ-રોગો કદી જાય નહિ.

પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઈની થાય નહિ;
નિજ વખાણ કરવાં નહિ સુણવાં, વ્યસન કશુંય કરાય નહિ. ૧

જીવ સકળ આતમ સમ જાણી, દિલ કોઈનું દુભવાય નહિ;
પરધન પથ્થર સમાન ગણીને, મન અભિલાષ ધરાય નહિ. ૨

દંભ, દર્પ કે દુર્જનતાથી, અંતર અભડાવાય નહિ;
પરનારી માતા સમ લેખી, કદી કુદષ્ટિ કરાય નહિ. ૩

હું પ્રભુનો, પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ;
જે પ્રભુ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ. ૪

શક્તિ છતાં પરમારથ સ્થળથી, પાછાં પગલાં ભરાય નહિ;
સ્વાર્થ તણા પણ કામ વિષે, કદી અધર્મને આચરાય નહિ. ૫

કર્યું કરું છું ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ;
હું મોટો મુજને સહુ પૂજે, એ અભિમાન ધરાય નહિ. ૬

નામ તણાં અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહિ;
કપટ દગા છળ પ્રપંચ માયા, અંત સુધી આદરાય નહિ. ૭

જનસેવા તે પ્રભુની સેવા, એહ સમજ વિસરાય નહિ;
ઊંચ-નીચનો ભેદ, પ્રભુના મારગડામાં થાય નહિ. ૮

નામ રસાયણ સેવે સમજી, કષ્ટ થકી મૂકાય નહિ;
એ પથ્યોનું પાલન કરતાં, મરતાં સુધી ડરાય નહિ. ૯

પથ્ય રસાયણ બંને સેવે, માયામાં લલચાય નહિ;
તો હરિદાસ તણા સ્વામીને, મળતાં વાર જરાય નહિ. ૧૦

## (૫૫) મનમાં શું મલકાય રોજ તારી આવરદા

મનમાં શું મલકાય, રોજ તારી આવરદા ઓછી થાય (૨)

તારા કરેલા તને બહુ બહુ નડશે,
કર્યા કરમ તને ભોગવવા પડશે,
પાછળથી પસ્તાય... રોજ૦ ૧

અંતસમયે તારો શ્વાસ રુંધાશે,
જીવલડો આમ તેમ બહુ રે મૂંઝાશે;
વીંછીની વેદના થાય.... રોજ૦ ૨

સ્મશાન ભૂમિમાં તારા લાકડા ખડકાશે,
ઉપર સૂવાડી તને આગ ચંપાશે;
ભડભડ બળશે કાય... રોજ૦ ૩

બારમે કે તેરમે તારા લાડવા જ થાશે,
બે પાંચ વરસે બધું ભૂલાઈ જાશે;
વાતો વિસરાઈ જાય.... રોજ૦ ૪

મહાવીર પ્રભુ કહે તમે ચેતીને ચાલજો,
પ્રભુ ભક્તિમાં જીવન વીતાવજો;
પાણી પહેલાં બાંધી લેજો પાળ.... રોજ૦ ૫

## (૫૬) મારી આ જીવન નૈયા.

મારી આ જીવન નૈયા, મારી આ જીવન નૈયા,
જોજે ના ડૂબે નૈયા, જોજે ના ડૂબે નૈયા, મારી આ જીવન નૈયા...

નાવ ઝોલે ચડી, ઊંચે આંધી ચડી, મારે જાવું છે દૂર કાંઈ સૂઝે નહીં,
નથી જડતી કડી, રાત કાળી નડી, ઘનઘોર ઘટા જાણે છાઈ રહી;
દશા છે આવી મારી, એને તું લે ઉગારી. (૨) જોજે ના ડૂબે.... ૧

મેઘ ભીષણ ગરજે, વીજ કળકળ બોલે, મને એક કિનારો જોવા ના મળે,
જાણે પાણી તળે, સામું કોઈ ના મળે, તને યાદ કરૂં છું હું પળે પળે;

સાગર છે બહુ તોફાની, પ્રભુ તું છે સુકાની. (૨) જોજે ના... ૨

ચંદ્ર વાદળ છુપાય, તારલીયા ના દેખાય, રાત અંધારી કેમે કરી ના સહેવાય, નાવ મારી અથડાય, મોજાં સાથે પછડાય, નાવ તૂટીને અંદરમાં પાણી ભરાય; નૈયા જો ડૂબે મારી, જશે લાજ પ્રભુ તારી. (૨) જોજે ના ડૂબે.... ૩

મારી જીવનની નાવ, પાર એને લગાવ, મારા અંતરના ખુણામાં દીપક પ્રગટાવ,

જાયે જેથી અંધકાર, પહોંચી સાગરને પાર, જૈન સંયુક્ત મંડળ કરે જય જય કાર;

પ્રભુ તારા ગીતડાં ગાવા, મારે મન મોટા લ્હાવા (૨) જોજે ના ડૂબે નૈયા, મારી આ જીવન નૈયા.... ૪

## (૫૭) અરિહંત અરિહંત સમરતાં

અરિહંત, અરિહંત, સમરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેના સરશે કામ...૧

સુતાં બેસતાં જાગતાં, જે સમરે અરિહંત;
દુઃખિયાનાં દુઃખ કાપશે, હોશે સુખ અનંત...૨

આશ કરો અરિહંતની, બીજી આશ નિરાશ;
જે જગમાં સુખિયા થયા, પામ્યા લીલ વિલાસ...૩

ચેતન તેં ઐસી કરી, જૈસી ન કરે કોય;
વિષયા રસને કારણે, સર્વસ્વ બેઠો ખોય...૪

જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
ખાનારા સહુ ખાઈ જશે, માથે પડશે તુજ...૫

રાત્રિ ગુમાવી સૂઈને, દિવસ ગુમાવ્યો ખાય;
હીરા જેવો મનુષ્ય ભવ, કોડી બદલે જાય...૬

જિન પૂજા જસ ઘર નહીં, નહીં સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, મુક્તિ સુખ નિધાન...૭

સ્વામીના સગપણ સમું, અવર ન સગપણ કોય;
ભક્તિ કરો સાધર્મિની, સમક્તિ નિર્મળ હોય...૮

સાધુ તો સુખિયા ભલા, દુઃખિયા નહીં લવલેશ;
અષ્ટ કર્મને જીતવા, પહેર્યો સાધુનો વેષ...૯

મુનિવર ચૌદ હજારમાં, શ્રેણિક સભા મોજાર;
વીર જિણંદે વખાણીઓ, ધન્ય ધન્નો અણગાર...૧૦

## (૫૮) હો મારો ધન્ય બન્યો

હો મારો ધન્ય બન્યો આજે અવસર,
કે મળ્યાં મને પરમાત્મા;
હે કરૂં મોંઘો....(૨) ને મીઠો સત્કાર,
કે મળ્યાં મને પરમાત્મા-.૧

શ્રધ્ધાનાં લીલુડાં તોરણ બંધાવું,
ભક્તિના રંગોથી આંગણ સજાવું;
હો....હો સજે હૈયું(૨) સોનેરી શણગાર,
કે મળ્યાં મને પરમાત્મા. ૨

પ્રીતિનાં મઘમઘતાં ફૂલડે વધાવું,
સંસ્કારે ઝળહળતાં દીવડાં પ્રગટાવું;
હો....હો કરે મનનો (૨) મોરલિયો ટહુકાર,
કે મળ્યાં મને પરમાત્મા. ૩

ઉરનાં આસનિયે હું પ્રભુને પધરાવું,
જીવન આખું એનાં ચરણે બિછાવું;
હો....હો હવે થાશે (૨) આતમનો ઉધ્ધાર,
કે મળ્યાં મને પરમાત્મા. ૪

## (૫૯) ગમે તે સ્વરૂપે

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બીરાજો,
પ્રભુ મારા વંદન, પ્રભુ મારા વંદન;
ભલે ના નિહાળું નજરથી તમોને,
મળ્યા ગુણ તમારા, સફળ મારૂં જીવન. ગમે૦ ૧

જન્મ અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા,
ન ધર્મ કર્યો કે ન તમોને સંભાર્યા;
હવે આ જીવનમાં કરૂં હું વિનંતિ,
સ્વીકારો તમે તો તુટે મારાં બંધન. ગમે૦ ૨

મને હોંશ એવી ઉજાળું જગતને,
કિરણ મળે જો મારા મનના દીપકને;
તેથી તેજ આપો જલાવું હું જ્યોતિ,
અમરપંથે સહુને કરાવજે તું દર્શન...ગમે૦ ૩

## (૬૦) જા સયંમપંથે દીક્ષાર્થી

જા સંયમપંથે દીક્ષાર્થી ! તારો પંથ સદા ઉજમાળ બને;
જંજીર હતી જે કર્મોની, તે મુક્તિની વરમાળ બને.જા સંયમપંથે. ૧

હોંશે હોંશે તું વેશ ધરે, તે વેશ બને પાવનકારી,
ઉજ્જવળતા એની ખૂબ વધે, જેને ભાવથી વંદે સંસારી;
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને,
જા સંયમપંથે.... ૨

જે જ્ઞાન તને ગુરૂએ આપ્યું, તે ઉતરે તારા અંતરમાં,
રગરગમાં એનો સ્રોત વહે, ને પ્રગટે તારા વર્તનમાં;
તારા જ્ઞાનદીપકના તેજ થકી, આ દુનિયા ઝાકઝમાળ બને,
જા સંયમપંથે... ૩

વીતરાગતણાં વચનો વદતી, તારી વાણી હો અમૃતધારા,
કોઈ મારગ ઢૂંઢે અંધારે, તારા વેણ કરે ત્યાં અજવાળાં;
વૈરાગ્યભરી મધુરી ભાષા, તારા સંયમનો શણગાર બને,
જા સંયમપંથે.... ૪

જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી,
જીતે સૌનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થવિહોણા કામ થકી;
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને,
જા સંયમપંથે.... ૫

અણગારતણા જે આચારો, એનું પાલન તું દિનરાત કરે,
લલચાવે લાખ પ્રલોભન પણ, તું ધર્મ તણો સંગાથ કરે;
સંયમનું સાચું આરાધન, તારો તરવાનો આધાર બને,
જા સંયમપંથે....

## (૬૧) વિનંતી માહરી આજ પરભાતની

વિનંતી માહરી આજ પરભાતની,
નાથ ! અંતર મહીં આપ ધરજો;
આજની જિંદગી રાત સૂતાં લગી,
ચિત્તડે ચરણની પ્રીત ભરજો. વિનંતિ૦૧

રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં,
જળ અને કમળની જેમ રાખો;

પાળું મુજ ધર્મને, કરું સૌ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો. વિનંતિ૦ ૨

સુખી રહું સુખમાં, સુખી રહું દુઃખમાં,
સુખને દુઃખના ભેદ ટાળો;
પાંખમાં રાખીને દુઃખડાં કાપીને,
જાણ અજાણનાં પાપ ટાળો. વિનંતિ૦ ૩

ન્હાઉં સત્સંગમાં રાચું એ રંગમાં,
અંગમાં ભક્તિના પૂર ભરજો;
ઈચ્છું કલ્યાણ હું મિત્ર-દુશ્મન તણું,
જગતનું નાથ કલ્યાણ કરજો. વિનંતી૦ ૪

આંખ છે આંધળી તુજ શું ના ઢળી,
તે છતાં હે પ્રભુ ! લક્ષ લેજો;
દોડતા આવીને પુનિત સંભાળીને,
અંતમાં દર્શને આપ રહેજો. વિનંતિ૦ ૫

## (૬૨) મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે. મૈત્રી.૧

ગુણથી ભરેલાં ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે....મૈત્રી. ૨

દીન ક્રૂર ને ધર્મ વિહોણાં, દેખી દિલમાં દર્દ રહે;
કરૂણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે...મૈત્રી. ૩

માર્ગ ભૂલેલા જીવન પથિક ને, માર્ગ ચીંધવા ઉભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરૂં....મૈત્રી. ૪

ચંદ્ર પ્રભુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેર ઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે....મૈત્રી. ૫

## (૬૩) આંખડી ખોલો સંત મારી

આંખડી ખોલો ને સંત મારી....
....આંખડી ખોલો ને સંત મારી

આ રે કળિયુગમાં ના દેખું કિનારો,
સિધ્ધોની નજરોમાં છું રે બિચારો;
મોહમાં બન્યો હું વિકારી....(૨) આંખડી૦ ૧

બનો સોપાન મારા જીવનને ઘડવા,
જાવું ક્યાં સંત મારે એકાંતે રડવા;
આંગળી પકડોને ધર્મધારી.(૨) આંખડી૦ ૨

મનનાં તરંગ મારી કાયા નચાવે,
આપ વિના રે સંત કોણ બચાવે;
બની આવ્યો છું ભિખારી....(૨) આંખડી૦ ૩

આંખ છતાંય દિવ્ય દૃષ્ટિ ના મારી,
કૃપા કરોને તમે સંયમ ધારી,
ડૂબતો રમણ લ્યો ઊગારી....(૨) આંખડી ખોલો૦ ૪

## (૬૪) ભૂલો ભલે બીજું બધું

ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ;
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.... ૧

પથ્થર પૂજ્યા પૃથ્વી તણાં, ત્યારે દીઠું તમ મુખડું;
એ પુનિત જનનાં કાળજા, પથ્થર બની છુંદશો નહિ.... ૨

કાઢી મુખેથી કોળીયા, મ્હોમાં દઈ મોટા કર્યા;
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ.... ૩

લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.... ૪

લાખો કમાતા હો ભલે, મા બાપ જેથી ના ઠર્યા;
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.... ૫

સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો;
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.... ૬

ભીને સૂઈ પોતે અને, સુકે સુવાડ્યા આપને;
એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.... ૭

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર;
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.... ૮

ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહિ;
પલ પલ પુનિત એ ચરણ કેરી, ચાહના ભૂલશો નહિ.... ૯

## (૬૫) ઓ પ્રભુ તારા ચરણકમળમાં

ઓ પ્રભુ તારા ચરણકમળમાં આ જીવન કુરબાન છે,
જ્યાં લઈ જાય ત્યાં જાવું મારે, તું મારૂં સુકાન છે;
મારે ડુબાડે કે તું તારે, પરવશ મારા પ્રાણ છે... ઓ પ્રભુ. ૧

લોકો કહે ના આગળ વધશો, સાગરમાં તુફાન છે;
તું મુજને ઉગારનારો, જગનો તારણહાર છે... ઓ પ્રભુ. ૨

આંધી આવે તુફાન આવે, મારું તુજમાં ધ્યાન છે;
મારા મનનો એકજ નિશ્ચય, તારા ભજનનું તાન છે. ઓ પ્રભુ.૩

તારી મંઝિલ દૂર છે કેટલી, તેનું ન મુજને ભાન છે;
સંસાર સાગર પાર કરી દે, દિલમાં એ અરમાન છે.. ઓ પ્રભુ.૪

## (૬૬) હે યે પાવનભૂમિ

હે યે પાવનભૂમિ, યહાં બાર બાર આના;
શાંતિનાથ કે ચરણોમેં, આકરકે ઝુક જાના. ...હે યે...૧

તેરે મસ્તકે મુગટ હૈ, તેરે કાનોમેં કુંડલ હૈં;
તું તો કરૂણા સાગર હે, મુજપર કરૂણા કરના ...હે યે...૨

તેરા તીરથ સુંદર હે, તું પ્રાણોંસે પ્યારા હે;
મેરી બિનતિ સુન લેના, બેડા પાર લગા દેના ...હે યે...૩

તું જીવન સ્વામી હે, તું અંતર્યામી હે;
મેરી નૈયા ડૂબ રહી, નૈયાકો તિરા લેના ...હે યે...૪
તેરી સાંવલી સુરત હે, મેરે મનકો લુભાતી હે;
પ્રભુ મેરી ભક્તિકા, સ્વીકાર તું કર લેના ...હે યે...૫

## (૬૭) અમી ભરેલી નજરું

અમી ભરેલી નજરું નાખો, મહાવીર શ્રી ભગવાન રે,
દર્શન આપો દુઃખડા કાપો, મહાવીર શ્રી ભગવાન રે. અમી.૧

ચરણ કમલમાં શીશ નમાવું (૨), વંદન કરૂં મહાવીર રે,
દયા કરીને ભક્તિ દેજો (૨), મહાવીર શ્રી ભગવાન રે. અમી.૨

હું દુઃખીયારો તારે દ્વારે (૨), આવી ઊભો મહાવીર રે,
આશિષ દેશો ઉરમાં લેજો (૨), મહાવીર શ્રી ભગવાન રે. અમી.૩

## (૬૮) મહાવીર સુકાની થઈને

મહાવીર સુકાની થઈને સંભાળ, નૈયા મધદરિયે ડોલતી,
સાચો કિનારો અમને બતાવ, તું છે જીવનનો સારથી,

જીવન નૈયા ભવસાગરમાં ડોલતી,
આશાની આભમાં અંધારે ઝૂલતી;

વાગે માયાના મોજા અપાર, હાંકુ તારા આધારથી..મહાવીર.૧

વૈભવના વાયરા દિશા ભૂલાવતા,
આશાના આભલા મનને ડોલાવતા;

તોફાન જાગ્યું છે દરિયા મોજાર, હોડી હલકારા મારતી..મહાવીર.૨

ઊંચે છે આભ અને નીચે છે ધરતી,
માન્યો છે એક મેં સાચો તું સારથી;
જૂઠો જાણ્યો આ સઘળો સંસાર, જીવું છું હું તારા આધારથી.મહાવીર.૩
કાયાની દાંડીનું કાઢ્યું છે લાકડું,
તું છે મદારી અને હું છું તારું માંકડું;
દોરી ભક્તિની જાલી કિરતાર, નીકળું હું ખોટા સંસારથી...મહાવીર.૪

તોફાની સાગરમાં નૈયાને તારજો,
છેલ્લી અમારી પ્રભુ અરજી સ્વીકારજો;
પ્રભુ દર્શન દેજો તત્કાળ, છૂટું હું તારા વિયોગથી....મહાવીર.૫

## (૬૯) ચત્તારિ મંગલમ્

ચત્તારિ મંગલં, અરિહંતા મગંલ, સિધ્ધા મંગલં;
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૧

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિધ્ધા લોગુત્તમા
સાહૂ લોગુત્તમા, કેવલિ પન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૨

ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ,
સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ,
કેવલિપન્નત્તં ધમ્મં શરણં પવજ્જામિ ... ૩

અરિહા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણંવરીએ;
ધમ્મો શરણં પામી વિનયે, જિન આણા શિર ધરીએ. ૪

અરિહા શરણં મુજને હોજો, આતમશુધ્ધિ કરવા,
સિધ્ધા શરણં મુજને હોજો, રાગ-દ્વેષને હણવા;
સાહૂ શરણં મુજને હોજો, સંયમ શૂરા બનવા,
ધમ્મો શરણં મુજને હોજો, ભવોદધિથી તરવા.

મંગલમય ચારેનું શરણું, સઘળી આપદા ટાળે
જીવન કેરી ડૂબતી નૈયા, ભવજલ પાર ઉતારે. અરિહા શરણં..

## (૭૦) જય કરનારા જિનવરા

જય કરનારા જિનવરા, દુઃખ હરનારા દેવ;
પાઠ પઢું પહેલો પ્રભુ, આપ તણો નિત્યમેવ. ૧

પ્રથમ નમું અરિહંતને, બીજા સિધ્ધ ભગવાન;
ત્રીજા શ્રી આચાર્યને, ઉપાધ્યાય ગુણવાન. ૨

સાધુ સુંદર લોકમાં, સાધવીઓ શણગાર;
ધન્ય ગુરુ મા-બાપને, વંદુ વારંવાર. ૩

## (૭૧) સમરો મહામંત્ર નવકાર

સમરો મહામંત્ર નવકાર, એ છે જિનશાસનનો સાર;
એનો મહિમા અપરંપાર, નવપદધર એ મોક્ષદાતાર. સમરો. ૧
ચૌદ પૂર્વ સહ સર્વશાસ્ત્રનો, સાર અર્થ ભંડાર,

જસ સડસઠ અક્ષર સવી તીરથ, અષ્ટ સંપદાધાર.. સમરો. ૨

સર્વકષ્ટ દુઃખ દુર્ગતિનાશક, મંત્રાધિપ છે એહ;
સુખ દુઃખ સર્વ સમયમાં સમરો, મહાપ્રભાવક સ્નેહ..સમરો. ૩

ૠધ્ધિ સિધ્ધિ લબ્ધિનો દાયક, મહામંગળ યશકાય
ત્રિભુવનમાં નહિ મંત્ર એહ સમ, સુરનર પતિગુણ ગાય.. સમરો. ૪

સર્પ અગ્નિ જલ શ્વાપદ સંકટ, સ્મરતાં ક્ષણમાં જાય;
ગૌતમ નીતિ ગુણ કહે જિનપદ, નવનિધિ સવી સુખ થાય.સમરો.૫

## (૭૨) ૐ હ્રીં અર્હં નમઃ સહુ જપીએ

ૐ હ્રીં અર્હં નમ સહુ જપીએ,
આત્મ રમણતાએ આગળ ધપીએ;
ક્ષણ ક્ષણમાં બહુ કર્મો ખપીએ,
અર્હં વિણ બીજું ન આલપીએ ૐ હ્રીં...૧

અર્હં જાપે વિઘન સવિ જાવે,
દુર્ગતિ દુઃખ વિલય સવી થાવે;
સર્પ અગ્નિ શ્વાપદ ભય નાવે,
ૠધ્ધિ સિધ્ધિ પગ પગ મળી આવે ૐ હ્રીં ...૨

સિધ્ધચક્ર બીજમંત્ર એ મોટો,
મંત્રોમાં એનો ન મળે જોટો;
એ જપી મંત્ર દ્યો કર્મને સોંટો,
ગૌતમ નીતિ ગુણ કહે ભવ ખોટો. ૐ હ્રીં...૩

## (૭૩) હે પરમાત્મન્ મુજ અંતરમાં

હે પરમાત્મન્ મુજ અંતરમાં, કૃપા એવી વરસાવી રહો;
મૈત્રી કરુણા પ્રમોદ ભાવના, માધ્યસ્થ્ય યુત નિત્ય રહો. ૧

સર્વ જીવોનું શુભ કરવાની, ભાવના મુજ દિલ સતત રહો;
દુઃખ પીડિતનાં દુઃખ હરવાની, ભાવના ભૃત મુજ હૃદય રહો. ૨

હરું નહિ દુઃખ જ્યાં લગી સર્વનાં, મુજ અંતર દુઃખિત રહો
સુગુણી સુખી સંતોને દેખી, દિલ મુજ હર્ષ ભરેલ રહો. ૩

દોષકારક સુધરે નહિ તો પણ, મુજ દિલ સમતા યુક્ત રહો;
ગૌતમ નીતિ ગુણ કહે ચાર એ, ભાવના સવી જીવ ચિત્ત રહો. ૪

## (૭૪) નવકારમંત્રની હો ! માળા છે હાથમાં...

નવકારમંત્રની હો ! માળા છે હાથમાં... નવકાર

સુખમાં છકાય નહિ, દુઃખમાં રડાય નહિ !
ભક્તિ ભૂલાય નહિ હો ... માળા છે હાથમાં. ૧

ધન સંઘરાય નહિ, એકલા ખવાય નહિ;
મમતા રખાય નહિ હો... માળા છે હાથમાં. ૨

જૂઠું બોલાય નહિ, ચોરી કરાય નહિ;
કોઈને ઠગાય નહિ, હો ... માળા છે હાથમાં. ૩

અભક્ષ્ય ખવાય નહિ, ટોકીઝે જવાય નહિ;
ચાંદલો લજવાય નહિ, હો ... માળા છે હાથમાં. ૪

રાત્રે ખવાય નહિ, હોટલમાં જવાય નહિ;
વિવેક તજાય નહિ ... હો માળા છે હાથમાં. ૫

પૂજા ચૂકાય નહિ, વ્યાખ્યાન મૂકાય નહિ;
નવકારશી કરાય સહી હો ... માળા છે હાથમાં. ૬

## (૭૫) નવકાર જાપ પ્યારું લાગે

અમે ભૂલી ગયા સૌ જંજાળ, નવકાર જાપ પ્યારું લાગે;
હવે કરવો છે નવપદથી પ્યાર, નવકાર જાપ પ્યારું લાગે. ૧

પરમેષ્ઠી સાથે પ્રીતિને બાંધો, તૂટેલા તારોને ધ્યાનથી સાંધો;
હો...હો... હવે થાયે ઉરમાં નવો રણકાર ... નવકાર. ૨

આતમને રંગો નવકાર રંગે, હૈયું છલકાશે નવા ઉમંગે;
હો...હો... આવી આરાધનાની બહાર... નવકાર. ૩

અંતરની આંખો પૂરી ઉઘાડો, નવપદ ધ્યાને આતમ જગાડો;
હો...હો... જપો મંત્રને સાંજ સવાર...નવકાર. ૪

આવો મળીને આંગી રચાવો, નવકાર કેરી ધૂન મચાવો;
હો...હો... દીપ સ્નેહના ધરીએ હજાર...નવકાર...૫

## (૭૬) શ્રી અરિહંતપદ સ્તવન

અરિહંત પદના સેવ્યાથી, ભવિજન અરિહંત રૂપે થાય,
વીશ સ્થાપક તપ ત્રીજે ભવ કરી, જે જિનનામ કમાય;
ઈંદ્ર ચક્રી નૃપ પૂજિત ચરણાં, પ્રણમું શ્રી જિનરાય. અરિ. ૧

અરિહંત કલ્યાણક દિવસોમાં, પ્રકાશ નરકે થાય;
અતીવ પુણ્ય પ્રભાવે જિનના, જગમાં શાતા થાય. અરિ. ૨

ત્રણ જ્ઞાનયુત જન્મે જયારે, ભોગ કર્મ ક્ષીણ થાય;
દાન સંવત્સર દઈ દીક્ષા લઈ, શમ દમ લીન જ થાય. અરિ. ૩

ઘાતી કર્મ હણી વીતરાગો, કેવળ જ્ઞાની થાય;
કરામલકવત્ જગતને જોતાં, જિનથી તીર્થ સ્થપાય. અરિ.૪

ચોત્રીશ અતિશયી તીર્થપતિના, સુરનર સેવે પાય;
પાંત્રીસ ગુણ યુત વાણી સુણતાં, હૈડે હરખ ન માય. અરિ.૫

વર્તમાન, ભૂત, ભાવિ જીવના, ભાંખે શ્રી જિનરાય;
કર્મવિપાક સ્વરૂપ જણાતાં, બહુ ભવી પ્રતિબોધાય. અરિ. ૬

જગમાં બહું ઉપકાર કરીને, જિનપતિ મોક્ષે જાય.
ગૌતમ નીતિ ગુણ કહે સવિ સુખ, જિન સેવ્યાથી થાય. અરિ.૭

## (૭૭) સિધ્ધ પદ સ્તવન

સકળ કર્મ દુઃખહાર, નિર્મળ અક્ષય સુખ દાતાર;
નિર્મળ સિધ્ધ નમો સુખકાર.

ગતિ સ્વભાવે, બંધન છેદે, પૂર્વ પ્રયોગે સાર;
ઊર્ધ્વ ગતિ કરી એક સમયમાં, સિધ્ધ પુરે જાનાર. નિર્મલ. ૧

સિધ્ધ શિલાથી જોજન ઉપર, સિધ્ધ બિરાજે સાર;
સાદિ અનંતકાળ સુખ રમતાં, ભવમાં નહિ ભમનાર. નિર્મલ. ૨

ક્રોધ માન માયા લોભાદિ, સ્પર્શે નહિ લગાર;
દેહ, ઈન્દ્રિય, મન, આયુ નહિ જ્યાં, આહાર નહિઅંધકાર. નિર્મલ. ૩

અવ્યાબાધ નિરૂપ અગોચર, મુકત સદાનંદ ધાર;
જ્યોતિ સ્વરૂપ રહે જ્યોતિમાં, સ્પર્શે નહિ અંધકાર. નિર્મલ. ૪

જ્ઞાન દર્શન ચારિત્ર અનંતા, વીર્ય અનંત ધરનાર;
સિધ્ધ પ્રભુ નિર્મલ ગુણે દીપે, આત્મગુણે રમનાર. નિર્મલ. ૫

ઉચ્ચ પદે પરમેષ્ઠિમાં રહે, સકળ વિશ્વ જોનાર;
આત્માનંદ રમાપતિ ધ્યાવો, સિધ્ધ પ્રભુ સુખકાર. નિર્મલ. ૬

નગર સમૃધ્ધિ ભીલ જાણે તોએ, કહી ન શકે વનમાંય;
ઉપમા વિણ નાણી સિધ્ધ ગુણ તિમ, કહી ન શકે જનમાંય. નિર્મલ. ૭

સિધ્ધચક્ર બીજે પદ સેવો, અજરામર પદ ધાર;
ગૌતમ નીતિ ગુણ કહે શિવપ્રદ, નમો સિધ્ધ જયકાર. નિર્મલ. ૮

## (૭૮) આચાર્યપદ સ્તવન

ગણધારી સૂરિ મહારાય, દીપક આ જગના,
પાપ ધૂમ રહિત ગુરુરાય, દીપક આ જગના,

શ્રી સિધ્ધચક્ર ત્રીજે પદે, સૂરીશ દીપે જિનવર વદે;
એને સેવ્યાથી પાપ ધોવાય, દીપક આ જગના...૧

સુજ્ઞાન-દર્શન-ચારિત્રનાં, તપ વીર્ય આચાર જે આત્મનાં;
સૂરિ પાળે પળાવે રાય, દીપક આ જગના...૨

ગુરુ છત્રીશ ગુણથી શોભતાં, નિજ આત્મ રમણે થોભતાં;
રોધે આશ્રવ કર્મ ખપાય, દીપક આ જગના...૩

દીયે સારણ વારણ ચોયણા, પડિચોયણ જગ જન બોહણા;
સદા અપ્રમત્ત અકષાય, દીપક આ જગના...૪

શુભ પડિમા વહે વળી તપ કરે, ઈંદ્રિય અશ્વોને વશ કરે;
નવવિધ બ્રહ્મગુપ્તિ સોહાય, દીપક આ જગના... ૫

શ્રી જિનશાસન ઉન્નતિ કરા, શુધ્ધ પ્રરૂપણે જિન સમ સૂરિવરા;
જેના ગુણો સુરાસુર ગાય, દીપક આ જગના...૬

જિન જિનેશ ચંદ્ર સૂરજ ગયે, જિનમત પ્રકાશક દીપક જલેભયે;
સેવો સૂરીશ સદા સુખદાય, દીપક આ જગના...૭

ગુરુ નિર્મળ વ્રતધારી શમી, દુઃખ નાશ કરો સૂરિને નમી;
ગૌતમ નીતિ ગુણ ગાય, દીપક આ જગના...૮

## (૭૯) ઉપાધ્યાય પદ સ્તવન

શ્રી શાસ્ત્ર સુભાષી, અર્થપ્રકાશી, પ્રણમું પાઠકરાય;
સંસાર ઉદાસી, હત દુઃખ રાશિ, અજ્ઞાન તિમિર હઠાય. ૧

દ્વાદશાંગ શ્રી સૂત્રને જાણે, નિત્ય કરે સ્વાધ્યાય;
રસ ચાખે સૂત્ર અર્થ વિસ્તારે, અપ્રમત ઉવજ્ઝાયરે...શ્રી. ૨

પઠન અધ્યાપન કરતાં પ્રીતે, પાળતા જિનવર આણ;
તત્ત્વરમણતા ધારે પ્રબોધક, વરસે શીતલ વાણ રે. શ્રી. ૩

મહાવ્રત ભાવના પચ્ચીશ ભાવે, પરિષહના સહનાર;
સંવેગ રંગ નિમગ્ન જ રહેતા, સમતા ગુણ ભંડાર રે. શ્રી. ૪

અજ્ઞાની શિષ્યોને જ્ઞાની બનાવે, સકળ સંઘ આધાર;
સર્વ સમય જે રહે સાવધાન, અજ્ઞાન તમ હરનાર રે. ૫

સ્યાદ્વાદ સમજાવે જગમાં, ટાળે એકાંત મિથ્યાત;
બહુ જનને જિન ધર્મ પમાડે, ભવ ત્રીજે ભવ ઘાતરે. શ્રી. ૬

દેદીપ્યમાન કરે જિનશાસન, યુવરાજ ઉવજ્ઝાય;
ગણ શુભ વર્તન ચિંતન તત્પર, સેવતાં પાપ પલાય રે. શ્રી. ૭

સિધ્ધચક્ર પદ ચોથે ધ્યાવું, ઉપકારી ઉવજ્ઝાય;
ગૌતમ નીતિ ગુણ કહે નમતાં, ભવભ્રમણાં દુઃખ જાય રે. શ્રી.૮

## (૮૦) સાધુ પદ સ્તવન

મુનિવર તપસી શમ ભંડાર, પ્રણમું ભાવ વધારી;
નિર્મળ સમતા ગુણ આધાર, સેવું મહાવ્રતધારી.

ઈરિયા સમિતિને જે નિત્ય પાળે, ભાષાના દોષોને નિતનિત ટાળે;
આહાર બેંતાલીશ દોષ દે વાર, રહે અતિચાર નિવારી...મુનિ. ૧

આદાન નિક્ષેપ જયણાથી કરતા, નિર્જીવ ભૂમિમાં વસ્તુ પરઠવતા;
મન વચ કાયા ત્રિગુપ્તિ ધાર, નિત્ય ત્રણ દંડને વારી...મુનિ. ૨

સંયમ સત્તર પ્રભેદે આરાધે, દશવિધ યતિ ધર્મે શિવ સાધે;
નવવિધ બ્રહ્મગુપ્તિ આધાર, જગજયી કામને વારી. મુનિ. ૩

ઋધ્ધિ રસ શાતા ગારવ વારતા, માયા નિયાણાદિ શલ્યોને ટાળતા;
સ્ત્રી ભક્ત દેશ રાજ કથા નિવારે, પ્રણમું જગ ઉપકારી.... મુનિ. ૪

સુદેવ ગુરુની આજ્ઞામાં રહેતા, નિરંતર શાસ્ત્રાધ્યયન કરતા;
આત્મરમણતામાં રહેનાર, પુદ્ગલ ભાવ નિવારી. મુનિ. ૫

અણસણાદિ તપ બાહ્ય આચરતા, પ્રાયશ્ચિત્તાદિ અંતરતપ કરતા;
અષ્ટ કરમના ચૂરણહાર, સહે ઉપસર્ગ અવિકારી. મુનિ. ૬

સિધ્ધચક્ર પંચમ પદ ભૂષિત, નિષ્કષાયી જીવન અદૂષિત;
કહે ગૌતમ નીતિ ગુણ ધાર, વંદું એ પાવનકારી. મુનિ. ૭

## (૯૧) સમ્યગ્દર્શન પદ સ્તવન

સમ્યગ્દર્શન પ્રણમો ભવિયા, સવી દુઃખ વેગે જાય રે;
પાપ પંક પ્રક્ષાલન સાથે, આતમશુધ્ધિ થાય રે - સમ્યગ્. ૧

આત્મરમણતા આવે જેહથી, પુદ્ગલ રમણતા ભાગે;
જગહિતકારક જગજનતારક, જિનવર શ્રધ્ધા જાગે રે. સમ્યગ્. ૨

જે ક્રોધાદિ સકળદુઃખના, મૂળ નિમિત્ત કહાય;
તે અનંતાનુબંધીનો પણ, સમકિતથી ક્ષય થાય રે ...સમ્યગ્. ૩

અહિંસા સત્ય અચૌર્ય અમૈથુન, અપરિગ્રહ ક્ષમા સાથે;
માર્દવ ૠજુતાદિ શિવદાયક, ગુણને સમકિત નાથે રે. સમ્યગ્.૪

જ્ઞાન અજ્ઞાન કહાયે જે વિણ, ચારિત્ર નવી શિવ સાધે;
ભટકે જીવ અસહય દુઃખયુત, ભવસમુદ્ર અગાધે રે. સમ્યગ્. ૫

ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક, ભવનાં દુઃખને કાપે;
અક્ષય અવ્યાબાધ અનંતા, મુક્તિનાં સુખ આપે રે. સમ્યગ્. ૬

અર્ધા યુદગલ માંહે મુક્તિ, અંતર મુહર્ત ફરશે,
કૃષ્ણ શ્રેણિક જેહના અનુભાવે, તીર્થંકર થઈ તરશે રે. સમ્યગ્.૭

સિધ્ધચક્ર છંઠ પદ સેવો, સમકિત સડસઠ ભેદે
ગૌતમ નીતિ ગુણં કહે સેવન, ભવભવનાં દુ ખ છેદેરે. સમ્યગ્.૮

## (૮૨) સમ્યક્જ્ઞાન પદ સ્તવન

જ્ઞાન સાધો, આળસ ત્યાગો, શિવપદ લેવા જાગો રે;
જ્ઞાન આરાધન દુષ્કર એમ કહી, બીકણ થઈ નવિ ભાગો રે જ્ઞાન. ૧

સુખકર હિતકર જ્ઞાન આરાધન, વિરાધન દે દુઃખડાં;
અંતરદષ્ટિએ જોઈ વિચારી, લ્યો આરાધના સુખડાં, રે જ્ઞાન. ૨

ભક્ષ્યાભક્ષ્ય પેયાપેય કૃત્યાકૃત્ય અજ્ઞાની ન જાણે;
અભક્ષ્યઅપેયઅકૃત્યકારકતો, રડશે દુઃખને ટાણે રે. જ્ઞાન. ૩

અજ્ઞાને ભટકે ભવગહને, દુઃખદાયક સંસારે;
જ્ઞાન વિના અજ્ઞાન જ દુઃખપ્રદ, એહવું ન જાણે લગારે રે. જ્ઞાન.૪

જે વિણ ચારિત્ર નિષ્ફળ થઈને, શિવસુખને નવિ આપે;
તે સમ્યગ્દર્શનનું કારણ, જ્ઞાન સકળ દુઃખ કાપે રે. જ્ઞાન. ૫

પૂર્વ ક્રોડ વર્ષે અજ્ઞાની, જે દુષ્કર્મો ટાળે;
જ્ઞાની શ્વાસો શ્વાસે તેટલાં, દુષ્કર્મોને બાળે રે. જ્ઞાન. ૬

મતિ શ્રુત અવધિને મનઃપર્યવ, કેવળ જ્ઞાનાવરણી;
એ કર્મોનાં મૂળને બાળે, જ્ઞાનારાધન કરણી રે. જ્ઞાન. ૭

ગુણ અનંત આતમના ભાંખ્યા, તેહમાં જ્ઞાન જ મોટું;
સર્વ ગુણોને લાવે જ્ઞાન તો, આરાધન શું ખોટું રે. જ્ઞાન. ૮

જ્ઞાન આરાધન કરો કરાવો, અનુમોદો એકતાન;
ગૌતમ નીતિ ગુણ કહે જગમાં, નહીં કોઈ જ્ઞાન સમાન રે. જ્ઞાન.૯

## (૮૩) સમ્યક્ચારિત્ર પદ સ્તવન

શ્રી ચારિત્ર સેવો, ચારિત્ર ધ્યાવો, ભવજલનિધિ સુનાવ;
વૈરાગ્ય જગાવો, સમતા લાવો, સેવો વધતે ભાવ. રે.શ્રી. ૧

ભેદ સત્તર તિમ સિત્તેર ભાખ્યા, ચારિત્રના અઘહાર;
કર્મરોધક, સંસાર વિચ્છેદક, ભેદે ભજો શિવકાર રે.શ્રી.૨

ક્રૂર દુષ્ટ હિંસક ચૌરાદિ, જેહથી તર્યા સંસાર;
તે વિરતિ વિણ રડશે જીવો, નવિ પામે દુઃખ પાર રે. શ્રી.૩

પ્રાજ્ય રાજ્ય છોડી ચરણને વરીયા, રાજ રાજેશ્વરરાય;
નૃપ ઈંદ્રો પણ ચારિત્રધારી, રંકના પ્રણમે પાય રે. શ્રી.૪

જિનવર ભાષિત સર્વ શાસ્ત્રોનાં, વચનોનો જે સાર;
તે સમ્યક્ચારિત્રને સેવો, અન્ય અખિલ અસાર રે. શ્રી. ૫

એક દિવસના શુધ્ધ ચારિત્રે, જો કદી સિધ્ધ ન થાય;
તો પણ વૈમાનિક નિશ્ચયથી, એમ ભાંખે જિનરાય રે શ્રી.૬

દેશ વિરતિના આઠ વિરોધક, સર્વવિરતિના બાર;
ચારિત્ર મોહ કષાય વિનાશો, અતિશય દુઃખ દેનારરે. શ્રી.૭

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધો, ઉપશમ જીવન આણ;
ગૌતમ નીતિ ગુણ કહે ચારિત્ર, આરાધના ગુણ ખાણ રે.શ્રી.૮

## (૮૪) શ્રી તપપદ સ્તવન

તપ એ તપજો બહુ ભાવ ઉલ્લાસે,તપથી સિદ્ધિ થાય,
નિકાચિત કર્મો પણ નાસે, ઉપશમ યુક્ત જો થાય;
અન્ય કર્મોનો નાશ ન દુષ્કર, તપથી તપ સુખદાય. તપ. (૧)

ત્રણ જ્ઞાન યુત જિનવર જાણે, મુક્તિ આ ભવ થાય;
તો પણ તપ કરે કર્મ જલાવવા, ધ્યાનમગ્ન જિનરાય. તપ. (૨)

નવનિધિ અષ્ટ મહાસિદ્ધિનો, મૂળ જેહ કહેવાય;
અઠયાવીશ લબ્ધિ લક્ષ્મી પણ, તપ કરતાં ઉભરાય. તપ. (૩)

દુઃખકર દુસ્તર ભવસમુદ્ર આ, તપથી શીઘ્ર તરાય;
ત્રિભુવન વિજયી કામદેવ એ, તપ સાધનથી મરાય. તપ. (૪)

દુર્લભ વસ્તુ થાય સુલભ તિમ, મનવાંછિત મિલ જાય;
દુરિત કષ્ટ સંકટ સવિ નાસે, તપથી અરિ વશ થાય. તપ. (૫)

અનશન ઊનોદરિકા વૃત્તિ-સંક્ષેપ રસનો ત્યાગ;
કાયક્લેશ સંલીનતા તપના, બાહ્ય ભેદે ધરો રાગ-તપ. (૬)

પ્રાયશ્ચિત્ત વિનય વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાનોત્સર્ગ;
કર્મ જલાવવા અભ્યંતર તપ, કરો સહી ઉપસર્ગ. તપ. (૭)

બાહ્ય અભ્યંતર બાર ભેદ તપ, નિઃસ્પૃહતાએ કરાય;
ગૌતમ નીતિ ગુણ કહે તપથી, તીર્થંકર પણ થાય. તપ. (૮)

## (૮૫) જૈનો જાગો

જૈનો જાગો, આળસ ત્યાગો, પાળો શુધ્ધ આચાર,
ઊંચા કુળમાં જન્મીને પણ, પાળે ન શુધ્ધ આચાર;
તે નર નહિ પણ વાનર સમજો, લોક દીયે ફીટકાર રે. જૈનો.૧

રાત્રિભોજન કરવું ઘટે ના, તેહમાં દોષ અપાર;
રોગ શરીરે ઉપજે મોટા, ગીધ ઘુવડ અવતાર રે..જૈનો.૨

બારમાસી ચોવિહાર કરતાં, છ માસી ઉપવાસ;
ફળ પામે તે ખાતાં પીતાં, દુઃખનો હોય વિનાશ રે.જૈનો.૩

ચૂલે ચડાવ્યા વિણ જે કાચા, દૂધ દહીંને છાસ;
કઠોળ કે તેની વસ્તુ સાથે, ખાતાં વિદળ થાય રે..જૈનો.૪

કેરી બિજોરા મરચાં ને લીંબુ, દોરા ને દોડીંગ;
તડકે ખૂબ સુકાવી ભરવા, જેમ સૂકેલી સીંગ રે. જૈનો.૫

મસાલો અથાણામાં ભરીને, સૂકવ્યા વિણ નર ખાય;
જીવો તેમાં ઉપજે ઝાઝા, બોળ અથાણું કહેવાય રે..જૈનો.૬

લાવરી પિતાઈ ગાજર મૂળા, લસૂન બટાટા પ્યાઝ;
કંદમૂળમાં જીવ અનંતા, ખાતાં શું ન આવે લાજ રે..જૈનો.૭

માસિક ઋતુ ધર્મના ત્રણદિન, ચોવીશ પહોર અખંડ;
જે નારી તેને નહિ જ પાળે, પાપ લાગે પ્રચંડ રે..જૈનો. ૮

તેથી દેવ-ગુરુની આશાતના, આ ભવે થાયે દુઃખ;
પરભવે નરકની ઘોર પીડાઓ, પોકારે દીન મુખ રે..જૈનો.૯

મ્લેચ્છ નારીની સાથે ઘરનું, પાણી ભરાવે જેહ;
દળવું ખાંડવું તેહને સોંપે, મોટો મૂરખ તેહ રે..જૈનો.૧૦

નીચ નારીની સોબત કરતાં, નીચ બને ઘર નાર;
ધર્મ ભ્રષ્ટ થઈ પાપના કામો, કરતાં ન આવે વિચાર.જૈનો.૧૧

પીર ફકીરની બાધા રાખે, તે સ્થાને જે નર જાય;
હિંસક લોક તણાં વાસણમાં, જમતાં ભ્રષ્ટ થવાય રે. જૈનો.૧૨

માંકડવાલા ખાટલા લઈને, કેઈક જંગલી જૈન;
ધગધગતી રેતીમાં ધબાવે, લેવા દુર્ગતિ લાઈન રે. જૈનો.૧૩

જે નરનારી હિંસા ટાળે, પાળે શુધ્ધ આચાર;
લબ્ધિસૂરિ શિશુ પદ્મ કહે છે, તે નર પામે શિવનાર રે.જૈનો.૧૪

## (૮૬) જિનશાસનને વંદના

જિનશાસનને વંદન કરતાં આનંદ અતિ ઉભરાયે,
એની રક્ષા કરવા કાજે જીવન અર્પણ કરીએ;
વીર બાળકો, વીર બાળકો, વીર બાળકો.
સ્વનું જીવન પ્રથમ આપણે શુધ્ધિ યુક્ત કરશું, (૨)
પછી ભક્તિને મૈત્રીના નાતે વિશ્વમાત્રમાં ફરશું; (૨)
જિનશાસનની દિવ્યધજાને ગગને લહેરાવીએ. ૧ એની.

વીર બાળકો...વીર બાળકો ...વીર બાળકો ૧

સાચા છે વીતરાગને સાચી છે એની વાણી (૨),
આધાર છે પ્રભુ આજ્ઞાને બાકી ધૂળ ધાણી (૨);
જીવન શુધ્ધિ મંત્ર છે આપણો, ચાલો મંત્રિત થઈએ. એની રક્ષા..૨

આપણી સામે આદર્શો છે કેવા ભવ્ય ચમકતા (૨),
કાલક કલ્પક કુણાલ કપર્દી કુમારપાળ મનગમતા (૨);
એ ઈતિહાસોનું નવસર્જન કરવા તત્પર બનીએ. એની રક્ષા..૩

નથી જોવાતી નથી સહેવાતી હીલના જિનશાસની (૨)
મા તુજ ખાતર ફના થઈ જાશું નથી પરવા જીવનની - (૨)
આશિષ દે મા જંગ જીતવા કેસરીયા સહુ કરીએ. એની રક્ષા..૪

## (૮૭) સાચો જૈન તો તેને કહીએ...

સાચો જૈન તો તેને કહીએ, જીવદયાને જાણે રે,
નિર્લોભીને કપટ રહિત જે, રાગ રીશ નવિ રાખે રે;
મન વચન કાયાએ નિર્મલ, તૃષ્ણાને જે જીતે રે. સાચો જૈન. ૧

હિંસા જૂઠને ચોરી છાંડિ, પરનારી નવિ પેખે રે;
પરદ્રવ્યને તૃણ સમ માને, વિષયાસક્તિને વારે રે.
સાચો જૈન.૨

સમભાવીને આતમરામી, પરનિંદાને ! ત્યાગી રે;
મોહ માયાને જીતી જાણે, શ્રધ્ધા હૃદયે ધારે રે સાચો જૈન.૩

ધૈર્ય અનુપમ વાણી ગંભીર, માન નિવાર્યું જાણે રે;
અરિહંત પ્રતિમા પ્રેમે પૂજે, ધનધન આતમ તેને રે. સાચો જૈન.૪

## (૮૮) જૈન માનવ તો તેને કહીએ...

જૈન માનવ તો તેને કહીએ, જે આત્મસમાન જગ જાણે રે,
પરહિત કારણ પ્રાણને અર્પે, પર સુખમાં સુખ માણે રે.૧

સત્યદયા શાંતિ ઉર ધારે, હિંસા દોષને ટાળે રે;
બ્રહ્મચર્ય સંયમ વૈરાગ્યે, અંતરને અજુવાળે રે.૨

વિષય કષાયને દૂર નિવારે, પ્રભુભક્તિમાં ચિત્ત સ્થાપે રે;
તન મન ધન જીવનના ભોગે, પરનાં દુઃખડાં કાપે રે.૩

આશા તૃષ્ણા મમતા ત્યાગી, પરધન હાથ ન લેવે રે;
આતમજ્ઞાન અંતરમાં પામે, સકલ તીરથને સેવેરે.૪

મહાવીર મૂર્તિને પગલે ચાલી, ધર્મદાઝ દિલ ધારે રે;
આત્મસ્વરાજ્ય હૃદય પ્રગટાવે, જય અરિહંત ઉચ્ચારે.રે. ૫

## (૮૯) જૈન ભાઈ તો તેને રે કહીએ...

જૈન ભાઈ તો તેને રે કહીએ નિજ સમ સહુ જીવ જાણે રે;
પર ગુણ પેખે પર્વત જેવા, નિજને ના જ વખાણે રે.

સ્નેહે સત્ય ઉચ્ચારે વાણી, અસત્યને ઉત્થાપે રે;
પર પ્રાણીનું પ્રિય કરવાને, દઢતા દિલમાં સ્થાપે રે...જૈન. ૧

વેર ઝેરનું નામ ન જાણે, શાંતિ હૃદયમાં રાખે રે;
પાય પાણી તરસ્યા પ્રાણીને, હિત પ્રિય વાક્યોભાંખે રે.જૈન. ૨

પર પ્રમદા માતા સમ પેખે, પર ધન પત્થર જેવું રે;
પ્રભુ સાથે પ્રીતલડી રાખે, પતંગ દીપકમાં જેવી રે...જૈન. ૩

કલેશ કંકાસ કરે નહીં કોઈથી, નવ દુભવે પર મનને રે;
ક્રોધ શત્રુને કાપી નાખે, પ્રભુ અર્થે દે ધનને રે...જૈન. ૪

સંત સાધુની સંગત કરતો, ભજન કરે ભગવંતનું રે;
કાયા માયા કાચી જાણે, પ્રભુ સુખ છે શાશ્વતનું રે...જૈન. ૫

પ્રેમ ભરેલી આંખલડી જેની, પ્રેમ ભરેલી કરણી રે;
અજિત સાગર એ જૈન ભાઈનાં, શું શકીએ ગુણ વરણી જૈન. ૬

## (૯૦) જિંદગીમાં કેટલું કમાણા રે...

જિંદગીમાં કેટલું કમાણાં રે, જરા સરવાળો માંડજો;
સમજુ સજ્જન ને શાણાં રે, જરા સરવાળો માંડજો.

મોટર વસાવી તમે બંગલા બંધાવ્યા;
ખૂબ કર્યા એકઠા નાણા રે...જરા. ૧

દેશ ફર્યા અને વિદેશે વિચર્યા;
ટેબલ પર ખૂબ લીધા ખાણા રે...જરા.. ૨

ઊગ્યાથી આથમતાં ધંધાની ઝંખના;
આમ તેમ ઊથલાવ્યા પાનાં રે...જરા.. ૩

ખાધું પીધું તમે ખૂબ મોજ માણી;
તૃષ્ણાના પૂરમાં તણાણા રે... જરા.... ૪

ડાહ્યા થઈ તમે પંચમાં પૂછાણાં;
મોટા થઈને મનાણા રે... જરા.... ૫

લાવ્યા તા કેટલું ને લઈ જવાનાં કેટલું;
આખર તો લાકડાને છાણા રે...જરા.... ૬

દાન ધરમના મર્મને ન જાણ્યું;
સરવાળે મીંડાં મૂકાણાં રે ...જરા... ૭

# (૯૧) ટહુકા કરતો જાય મોરલીઓ...

## (૧૪ સ્વપ્ન ગીત)

ટહુકા કરતો જાય મોરલીયો, ટહુકા કરતો જાય,
પહેલે ટહુકે ઊડીને આવ્યો.... મોઝાર,
...માં બિરાજે છે... ભગવાન...હો.... હા...ટહુકા.

પહેલે સ્વપ્ને ગયવર ઊતરે, ત્રિશલા મન હરખાય;
હાસ્તિ જેવો પરાક્રમી પુત્ર, ધર્મ પ્રરૂપક થાય. ૧

બીજે સ્વપ્ને વૃષભ દેખીને, માતા મન મલકાય;
બળદ ઉપાડે ધોંસરી તેમ, ધર્મધોરી પ્રભુ થાય. હો... ૨

ત્રીજે સ્વપ્ને સિંહ કેસરી, દેખે ત્રિશલા માત;
રાગ-દ્વેષ શત્રુને મારી, બનશે જગતનો તાત. હો...હાં... ૩

ચોથે સ્વપ્ને લક્ષ્મી દેવીએ, સજ્યા સોળ શણગાર;
ભાવ ધરી પધરાવે એને, મોક્ષ લક્ષ્મી દેનાર...હો...હાં.. ૪

પાંચમે સ્વપ્ને ફૂલની માળા, સુગંધ મ્હેંકે ભારી;
ભકતજનોને આપે એતો, સુવાસ ધર્મની સારી...હો...હાં. ૫

ચાંદલિયો ચમકંતો છઠ્ઠે, નીલગગનથી આવે;
પુત્ર થશે ઉજ્જવલને સુંદર, ત્રિશલા આનંદ પાવે હો..હાં..૬

રાતો રાતો સૂરજ ઊતરે, સાતમે સ્વપ્ને આજ;
પ્રકાશને પાથરશે પુત્ર, તેજસ્વી શિરતાજ...હો...હાં.. ૭

આઠમે સ્વપ્ને ધ્વજને જોતાં, હૈડું બહુ હરખાય;
કુલની કીર્તિ ફેલાશે જગમાં, ધજા જેમ ફરકાય...હો...હાં.. ૮

શોભી રહ્યો છે પૂર્ણ કળશ, એ તો નવમે સ્વપ્ને આજ;
મંગલકારી મહિમા જેનો, ઘર ઘર મંગલ થાય ...હો ...હા..૯

પદ્મ સરોવર દેખી દશમે, હરખ્યા ત્રિશલા રાણી;
વાણી બોલશે ગંભીર, જાણે ભર્યા મધુરા પાણી.હો..હાં..૧૦

આવ્યો અગિયારમે વ્હાણ જુઓ ભાઈ, ભવજલ તરવા કાજ;
પકડી લે જે ભાવ ધરીને, તરે આજને આજ...હો...હાં..૧૧

બારમે સ્વપ્ને સાજ સજીને, ઊતર્યું દેવવિમાન;
જવું હોયજો દેવલોકમાં, બેસી જજો મહેરબાન...૧૨

રત્નનો ઢગલો તેરમે દેખી, પામે પુત્ર રતન;
રત્નની જેમ ઝળકશે જગમાં, કરશે સૌનું જતન ! હો.હાં..૧૩

ધૂમ વિનાનો અગ્નિ જોયો, ચૌદમે સ્વપ્ને સાર;
ચૌદ સ્વપ્ન ઊતારી મોરલા, આવજે પારણા પાસ.હો.હા.૧૪

તીર્થંકર પ્રભુ વીર જન્મતાં, જગમાં થાય પ્રકાશ;
ભાવ ધરીને વંદન કરતાં, પૂર્ણ થાય અભિલાષ...હો...હાં.૧૫

## (૯૨) કરમનો કોયડો અલબેલો

કરમનો કોયડો અલબેલો (૨)
હે જી એને સંભાળવો નથી સહેલો ...કરમ.

એક માતાને પુત્ર બે એમાં, એક ચતુર એક ઘેલો;
હે જી ...એકને માગતાં પાણી ન મળતું,
બીજાને દૂધનો રેલો...કરમ.૧

મહા તપસ્વી વીર પ્રભુને, પણ ઉપસર્ગ નડેલો;
હે જી...ગોવાળે કાનમાં ખીલા ઠોક્યા ત્યારે,
નિજનો દોષ ગણેલો...કરમ.૨

ચંદનબાળા રાજકુમારી, ધરમ એને વરેલો;

હે જી...કંચન કાયા એની ચૌટે વેંચાણી ત્યારે,
આતમ એનો રડેલો...કરમ.૩

અરણિક મુનિએ દીક્ષા લીધી ને, બન્યો ગુરુ તણો ચેલો;
હે જી... કામિનીના નયન બાણે,
વૈરાગી સંતને વીધેલો..કરમ.૪

કરમને નહિ શરમ આવે, ભલેને હોય તું ભણેલો;
હે જી... ગુરુજીનું કર્યું ગુરુજી ભોગવેને,
ચેલાનું ભોગવે ચેલો...કરમ.૫

માનવ તનની મૂડી મળી છે, તું ભર ધરમનો થેલો;
હે જી.વિસરી જાને વિભાવ રમણ તું,હજીયે શીદને સૂતેલો.કરમ.૬

## (૯૩) જુઓ રે જુઓ જૈનો

જુઓ રે જુઓરે જૈનો, કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી આગે, થયાં નરનારી...જુઓ...

જુઓ જુઓ જંબૂસ્વામી, બાલવયે બોધ પામી,
તજી રાજઋદ્ધિ જેણે તજી આઠ નારી;
તજી આઠ નારી, તેને વંદના હમારી ... જુઓ... ૧

ગજ સુકુમાળ મુનિ, ધગે શિર પર ધુની,
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી, તેને વંદના હમારી...જુઓ... ૨

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થુલિભદ્ર,
વેશ્યા સંગ વાસો તોયે, થયા ન વિકારી;
થયા ન વિકારી, તેને વંદના હમારી ...જુઓ... ૩

સતી તો રાજુલ જેવી, જગમાં ન જોડી એવી,
પતિવ્રતા માટે કન્યા, રહી તે કુંવારી,
રહી તે કુંવારી, તેને વંદના હમારી...જુઓ... ૪

જનક સુતા જે સીતા, વરસ તો બારે વીત્યા,
ઘણું દુઃખ વેઠ્યું, તોયે ડગ્યાં ન લગારી;
ડગ્યાં ન લગારી, તેને વંદના હમારી...જુઓ... ૫

સતી કલાવતી નામે, થયા શંખપુર ગામે,
કર નિજ કપાયા તોયે, રહ્યાં ટેક ધારી;
રહ્યાં ટેક ધારી, તેને વંદના હમારી...જુઓ... ૬

દુઃખડા તો દીધા દેવે, સહ્યા એ તો કામદેવે,
ઘણું દુઃખ વેઠ્યું તોયે, ડગ્યા ન લગારી;
ડગ્યા ન લગારી, તેને વંદના હમારી...જુઓ... ૭

ધન્ય ધન્ય તે નરનારી, એવી દ્રઢ ટેક ધારી,
જીવિત સુધાર્યું જેણે, પામ્યાં ભવ પારી;
પામ્યાં ભવ પારી, તેને વંદના હમારી...જુઓ... ૮

## (૯૪) અરે ચંડાલણી તું ચા

અરે ચંડાલણી તું ચા ! હવે તો હિંદમાંથી જા...

પ્રથમ ધનવાનને પકડ્યા, ગરીબોને પછી ગુડ્યા;
લગાડી સર્વ સ્થળ તેં લા, હવે તો હિંદમાંથી જા...અરે. ૧

હૃદયના હીરને હરવા, નમાલા હિંદને કરવા;
અજબતા શી કરી તેં આ, હવે તો હિંદમાંથી જા...અરે. ૨

ગયા બળવાન પણ હારી, અજબ છે મોહની તારી;
થયા ચિત્તમાં તને ચાહતા, હવે તો હિંદમાંથી જા...અરે. ૩

કલેજા જાય છે સળગી, અઢારે વરણને વળગી;
હવે અળગી અમોથી થા, હવે તો હિંદમાંથી જા...અરે.. ૪

ફસાયા કંઈક ફંદામાં, દિવાનાને વળી ડાહ્યા;
ઘણા મંદવાડની તું મા, હવે તો હિંદમાંથી જા ...અરે.. ૫

કર્યું તે ખૂનનું પાણી, કરી નિર્બળ અતિકાયા;
અમારા હાડને કાં ખા હવે તો હિંદમાંથી જા...અરે.. ૬

## (૯૫) ચ્હા દેવી પ્રત્યે પ્રાર્થના અષ્ટક

ચ્હા ! ચ્હા ! તને જગતમાં સહુએ સ્વીકારે,
આબાલ વૃધ્ધ સહુનાં મુખમાં પધારે;
માગે તને મુનિવરો તજતાં પથારી
તુભ્યં નમો ભગવતી ચીનની કુમારી ....(૧)

ખાધા વિના નિભવશે મલશે જ કાલે,
તારા વિના વ્યસનીને ઘડીયે ન ચાલે;
માગ્યા વિના મલી જતી નહિ ટેકવાલી.... તુભ્યં.. ૨
ચૌટે દરેક ચકલે ઘરમાં ઉકાળી,
જ્યાં ત્યાં તને નિરખતો જનની સવારી
મ્હેમાનમાં મિજલસે ઝટ તું જનારી ...તુભ્યં.. ૩

અસ્પર્શ રોગી સહુ હોટલમાં ભરાતા,
પીતાં તને બસ બધાં સરખાં ગણાતાં;
એઠું જુઠું આભડછેટ ભૂલાવનારી...તુભ્ય.. ૪
આતિથ્યમાં પણ ઘૂમી જમવું ભૂલાવ્યું,
સત્કારમાં દઈ તુને જૂજ માં પતાવ્યું;
કંજૂસ લોભી જનનું હિત ઈચ્છનારી...તુભ્યં.. ૫

પીતાં તને તરસને ભૂખ ભાગી જાય,
નિદ્રા અને રૂધિરનો પણ નાશ થાય;
સૂકાય દેહ દરરોજ વધે બિમારી, તુભ્યં.. ૬

નૈવેદ્યમાં બસ તમે દૂધ ખાંડ માંગો,
ના પાલવે ઝટ હવે અમ દેશ ત્યાગો;
ઘી દૂધ સાકર તણી કરી મોંઘવારી, તુભ્યં. ૭

આ પ્રાર્થનાષ્ટક સુણી ઉરમાં ઊતારો,
દેવી દયા કરી હવે પિયરે પધારો;
આવી અહીં તુમ કરી સહુની ખુમારી, તુભ્ય. ૮

## (૯૬) 'ચા' ની અમલદારી

અરે ઓ ચા વખાણું શું, મુખે તારી અમલદારી;
અમલમાં ને અમલમાં તેં, બનાવ્યો દેશ ભિખારી ..... ૧

નહી કલ્પી શકું કિંચિત્ અમલ શક્તિ અજબ તારી;
પમાડી મોહ લોભાવી, કીધાં વશ સર્વ નરનારી ..૨

લહે તુજ નામ દિન રાત્રી, નિરોગી રોગી કે ભોગી;
અરે ચા સૌ તને ચાહે, ગરીબ શ્રીમંત કે યોગી ..૩

સૂતેલો પારણે બાળક, લવે મુખથી મને ચા પા
ભણે વિદ્યાર્થી પુસ્તકમાં, પ્રથમ પાઠે જ મા ચા પા..૪

સવારે ચા બપોરે ચા, મળ્યા બે દોસ્ત તોએ ચા;
ઘરે કે બહાર ચા એ ચા, પડી જ્યાં રાત તો એ ચા..૫

સવારે જ્યાં સુધી પ્યાલા, રકાબી સાથ નહી ખખડે;
બિછાના માંહે ભકતોની, જરાએ આંખ નહી ઉઘડે ..૬

ન આવે કે કદી લાગે, બપોરે વાર જો તારી;
ન સૂઝે કામ કરવાનું, બગાસાની ચડે સ્વારી..૭

કદી પ્રીતિથી કે ક્રોધે, રીસાઈ જાય જો રાતે;
બિછાનાનો બને દર્દી, તૂટે સાંધા બદન ફાટે ..૮

કરે ત્રિકાળ સંધ્યા સહુ, સવારે સાંજ મધ્યાહ્ને;
શું દેવી જેવી દુનિયામાં, તને સહુ માનવી માને ..૯

કરે જઠરાગ્નિને મંદી, નિમિત્ત જેવા બનાવે છે;
હરી લ્યે લોહી તું તનથી, ખીસા ખાલી કરાવે છે ..૧૦

સુખે દુઃખે મહાસુખે, મુખે તારા ગુણો ગાય;
ભલે માનો નહી માનો, ખરેખર રાક્ષસી માયા..૧૧

## (૯૭) ચેત ચેત નર ચેત

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત.૧

જોર કરીને જીતવું, ખરેખરું રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત.૨

ગાફેલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત;
હવે જરૂર હોશિયાર થઈ, ચેત ચેત નર ચેત.૩

તન ધન તે તારાં નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સહુ રહેશે પડયા, ચેત ચેત નર ચેત.૪

પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫

રહ્યા ન રાણા રાજીયા, સુર નર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત. ૬

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭

કાળા કેશ મટી ગયા, સર્વે બનીયા શ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૮

માટે મનમાં સમજીને, વિચારીને કર વેંત;
ક્યાંથી આવ્યો, ક્યાં જવું ? ચેત ચેત નર ચેત. ૯

શુભ શિખામણ સમજતાં, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચલ એ જ છે, ચેત ચેત નર ચેત. ૧૦

## (૯૮) હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં,
બિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુત ગુણ ગાનમેં:.હમ..૧

હરિહર બ્રહ્મ પુરંદર ઋધ્ધિ, આવત નહિ કોઉ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ સમતા રસકે પાનમેં...હમ...૨

ઈતને દિન તૂં નાહીં પિછાન્યો. મેરો જનમ ગયો સો અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુ ગુન અક્ષય ખજાનમેં..હમ.૩

ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ ! તુજ સમકિત દાનમેં;
પ્રભુ ગુન અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માનમેં..હમ..૪

જિનહીં પાયા તિનહીં છીપાયા, ન કહે કોઉકે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે કોઉ સાનમેં..હમ.૫

પ્રભુ ગુન અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં;
વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લીયો મેદાનમેં..હમ..૬

## (૯૯) ભીતર વળશો ક્યારે ?

ભીતર વળશો ક્યારે ? ઓ નયણાં ભીતર વળશો ક્યારે ?

બાહ્ય પદારથ બહુ બહુ જોયા, ભટકી બહારે બહારે;
અંતર શોધ ચલાવવા હાવાં, ભીતર વળશો ક્યારે ? ઓ નયણાં.૧

જગ પરથી વાળી લઈ તમને, ઢાળું જ્યાં પ્રભુ પાસે;
ત્યાં પળમાં તો ક્યાંય પહોંચો, ચંચળ ના ઓછારિ,ઓ નયણાં.૨

શંખ છીપ અસંખ્ય વીણ્યા અહીં, સાગરને પડથારે;
મોતી લેવા મહેરામણમાં, કરશો મજ્જન ક્યારે, ઓ નયણાં.૩

સાધન રૂપ ગણ્યાં તાં તમને, બંધન આજ બન્યાં રે;
હરિદર્શન આડે કાં આવો, નયણાં ઓ મારાં રે, ઓ નયણાં.૪

## (૧૦૦) જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્ન્યો નહીં

જ્યાં લગી આતમા તત્ત્વ ચિહ્ન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષા દેહ તારો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી....૧

શું થયું સ્નાન પૂજાને સેવા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે, શું થયું વાળ લોચન કીધે. જ્યાં..૨

શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માળગ્રહી નામ લીધે;
શું થયું તિલકને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગાજળ પાન કીધે. જ્યાં.૩

શું થયું વેદ વ્યાકરણ વાણી વદ્યે, શું થયું રાગ ને રંગ જાણ્યે;
શું થયું ષટ્ દર્શન સેવ્યા થકી,શું થયું વરણના ભેદ આણ્યે જ્યાં.૪

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમા રામ પરબ્રહ્મ ન જોયો
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.જ્યાં.૫

## (૧૦૧) સિકંદરના ફરમાન

મારા મરણ વખતે બધી, મિલકત અહીં પધરાવજો,
મારી નનામી સાથ, કબ્રસ્તાનમાં પણ લાવજો;
જે બાહુબળથી મેળવ્યું તે ભોગવી પણના શક્યો,
અબજોની મિલકત આપતાં પણ એ સિકંદર ના બચ્યો. ૧

મારું મરણ થાતાં બધાં હથિયાર લશ્કર લાવજો,
પાછળ રહે મૃતદેહ આગળ સર્વને દોડાવજો;
આખા જગતને જીતનારું સૈન્ય પણ રડતું રહ્યું,
વિકરાળ દળ ભૂપાળને નહીં કોઈ છોડાવી શક્યું. ૨

મારા બધા વૈદ્યો હકીમોને અહીં બોલાવજો,
મારો જનાજો એ જ વૈદ્યોને ખભે ઉપડાવજો;
કહો દર્દીઓના દર્દને દફનાવનારું કોણ છે,
દોરી તૂટી આયુષ્યની તો સાંધનારું કોણ છે. ૩

બાંધી મુઠ્ઠી રાખીને જીવો આ જગતમાં આવતા,
ને ખાલી હાથે આ જગતથી સૌ જીવો ચાલ્યા જતા;
યૌવન ફના, જીવન ફના જર જમીન ને જોરુ ફના,
પરલોકમાં પરિણામ મળશે પુણ્યના કે પાપના. ૪

## (૧૦૨) આટલું તો આપજે..

આટલું તો આપજે, ભગવન્ ! મને છેલ્લી ઘડી;
ના રહે માયા તણા, બંધન મને છેલ્લી ઘડી.૧

આ જિંદગી મોંઘી મળી, પણ જીવનમાં જાગ્યો નહિ;
અંત સમય મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. ૨

જ્યારે મરણશય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી;
શુધ્ધ ભાવના પરિણામ હો, ત્યારે મને છેલ્લી ઘડી. ૩

હાથપગ નિર્બળ બને, ને શ્વાસ છેલ્લો સંચરે;
ઓ દયાળુ ! આપજે, દર્શન મને છેલ્લી ઘડી. ૪

હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં;
તું આપજે શાંતિભરી, નિદ્રા મને છેલ્લી ઘડી. ૫

અગણિત અધર્મો મેં કર્યાં, તન મન વચન યોગે કરી;
હે ક્ષમાસાગર ! ક્ષમા મને આપજે છેલ્લી ઘડી. ૬

## (૧૦૩) આવે વિપત્તિ જ્યારે

આવે વિપત્તિ જ્યારે, ત્યારે વધાવી લેવી;
સુખની જ બેન સમજી, તેને સ્વીકારી લેવી. ૧

કોણે બતાવ્યું ઘર આ, કોણે ધકેલી અહીંયાં;
એવું વદાય મુખથી, અજ્ઞાન એ જ ભાઈ. ૨

સ્વપ્ને તને ન ધારી, ક્યાંથી ભૂંડી તું આવી;
એવો ન પ્રશ્ન કરવો, લોપાય ધર્મ ભાઈ. ૩

ગમતી નથી વિપત્તિ, પણ પૂર્ણ ધૈર્ય ધારી;
તેને અતિથિ જાણી, સન્માન દેવું ભાઈ. ૪

આવો ભલે પધાર્યા, માનો આ ઘર તમારું;
મુખથી વદો સદાયે, સદ્જ્ઞાન એ તમારું. ૫

આવે ગૃહસ્થને ત્યાં, અણચિંતવ્યાં અતિથિ;
નિત્યે રહે ન કોઈ, થાએ વિદાય ભાઈ. ૬

વિશ્વાસ વિશ્વમહીનો, હૃદયે સદાય ધરજો;
માની અનિત્ય એને, સ્વાગત સદાય કરજો. ૭

આપત્તિ શુભ ગણવી, ના ના તેને વખોડવી;
મે'માની તેની કરવી, કાલે જશે વિપત્તિ. ૮

## (૧૦૪) ઓ મન ! તું જ નથી સમજાતું

ઓ મન ! તું જ નથી સમજાતું (૨)
વસંતમાં સૂતું રહેતું, પાનખરે ગીત ગાતું. ઓ મન. ૧
ધગધગતી મધ્યાહ્ને હસતું;
સાંજ પડે અથડાતું. ઓ. સાંજ.

કંટક સાથે પ્રીત કરેને;
પુષ્પોથી શરમાતું. ઓ. મન ! તું જ. ૨

વિણ કારણ મુજથી રીસાઈ,
પાંપણમાં સંતાતું, ઓ. પાંપણ.

પળમાં રૂપ વિરાટ કરીને,
બ્રહ્માંડે પથરાતું. ઓ મન !તું જ. ૩

લોહ તણી સાંકળનાં બંધે,
પળભર ના બંધાતું, ઓ. પળ.

લાગણીઓના કાચા દોરે,
એ જીવનભર ઝકડાતું, ઓ મન ! તું જ.૪

અગમનિગમના ભેદ ઉકેલ્યા,
જાણી મેં કંઈ વાતું, ઓ. જાણી.

ઓ મન ! મારી બુદ્ધિના સમ,
તું જ નથી વરતાતું. ઓ મન ! તુ. જ. ૫

## (૧૦૫) સહજાનંદી સિધ્ધ સ્વરૂપી...

સહજાનંદી સિધ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મા છું;
દેહ મરે છે હું નથી મરતો, અજર અમર હું આત્મા છું. ૧

આનંદ આનંદ આનંદ આનંદ, આનંદઘન હું આત્મા છું;
સહજાનંદી, પરમાનંદી, દિવ્યાનંદી આત્મા છું. ૨

અનંતજ્ઞાની અનંતદર્શની, અનંત શકિતમય આત્મા છું;
દેહ ઈન્દ્રિય મન બુધ્ધિ ભિન્ન હું, ચિદાનંદઘન આત્મા છું. ૩

રોગ શોક ભય કલેશ રહિત હું, પરમ શાંતિમય આત્મા છું;
કામ ક્રોધ મદ મોહ મુકત છું, અવિકારી હું આત્મા છું. ૪

આધિ વ્યાધિ ઉપાધિ રહિત હું, નિર્વિકલ્પમય આત્મા છું;
સમતારસનો સાગર હું તો, ચિદાનંદઘન્ આત્મા છું. ૫

પવિત્રતાનો પુંજ પ્રશમરસ મહાસાગર હું આત્મા છું;
પ્રાણીમાત્રનો પરમ મિત્ર હું, પ્રેમ અમૃતમય આત્મા છું. ૬

પરમસમાધિ પરમશાંતિમય, પરમાનંદી આત્મા છું;
શાંત સુધારસ ચરમ મહોદધિ, આનંદઘન હું આત્મા છું. ૭

પરમ 'મહોદય' પદ અભિલાષી, અલખ નિરંજન આત્મા છું;
આત્મા છું, આત્મા છું, આત્મા છું, આત્મા છું. ૮

## (૧૦૬) કમ કમ કમ પરમેશ્વરા

કમ કમ કમ કમ જિનેશ્વરા (પરમેશ્વરા)
ગીવમી દર્શન શંખેશ્વરા (સીમંધરા)
આઈ ડુ ઓલવેઝ સેવા પૂજા,
કોલ મી કોલ મી પરમેશ્વરા. ૧

ફસ્ટ ઓફ ઓલ ધી સિધ્ધાચલા,
ધેર ઈઝ દાદા આદેશ્વરા;
ઓ ગોડ ઓ ગોડ દયાળુ દેવા,
વોન્ટ યોર ચીલ્ડ્રન મોક્ષ મેવા. ૨

## (૧૦૭) જીરણ શેઠજી ભાવના ભાવે રે..

ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજઘર જાવે,
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકૂળ જરી પથરાવે રે;
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે ...૧

ઊભી શેરીએ જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મીઠાઈ થાળ ભરાવે રે.મહા..૨

અરિહાને દાન જ દીજે, દેતાં દેખી જે રીઝે;
ષડમાસી રોગ હરીજે, સીજે દાયક ભવ ત્રીજે રે.મહા..૩

તે જિનવર સન્મુખ જાવું, મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલી ભકતેં કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે.મહા..૪

પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડી સામા રહીશું;
નમી વંદી પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે. મહા..૫

દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે.મહા..૬

એમ જીરણ શેઠ વદંતાં, પરિણામની ધારે ચઢંતાં;
શ્રાવકની સીમે ઠરંતાં, દેવદુંદુભિનાદ સુણતાં રે.મહા..૭

કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતા વેદની સુખ પાવે, શુભ વીરવચન રસ ગાવે રે.મહા...૮

## (૧૦૮) શેત્રુંજે જઈએ ને પાવન થઈએ

શેત્રુંજે જઈએ ને પાવન થઈએ,
યાત્રા નવાણુ કરીએ રે, ચાલો શેત્રુંજે જઈએ.

ડુંગર ચડતાં ને હરખ જ ધરતાં, જઈને ગભારામાં રહીએ રે..ચાલો.

સૂરજકુંડમાં દેહ પખાળી, ન્હાઈને નિર્મળ થઈએ રે..ચાલો.
ભીમજ કૂંડમાં કળશા ભરીએ, સોનાની થાળીએ વધાવો રે..ચાલો.

પાન મંગાવો ને આંગી રચાવો, ઘણું ઘણું અબીલ ચડાવોરે.. ચાલો.
ફૂલ મંગાવો ને હાર ગુંથાવો, પ્રભુજીને કંઠરે પહેરાવો રે.. ચાલો.

સુખડ કેસર ચંદન ઘસાવો, નવે અંગે પૂજા રચાવોરે.. ચાલો.
અગર ઉખેવો ને ભાવના ભાવો, નીચું નીચું શીશ નમાવો રે. ચાલો.

બેઠા સિંહાસન હુકમ ચલાવે, ઉપર છત્ર ધરાવે રે. ચાલો.
ખીમાવિજ્ય મુનિ ગુરુ સુપસાયા, ઋષભ તણા ગુણ ગાયા રે. ચાલો.

## (૧૦૯) સહુ ચાલો સિધ્ધગિરિ જઈએ

સહુ ચાલો સિધ્ધગિરિ જઈએ,
ગિરિ ભેટી પાવન થઈએ,
સોરઠ દેશે, જાત્રાનું મોટું ધામ છે.
જ્યાં ધર્મશાળાઓ બહુ સોહે, મહેલાતો મનડાં મોહે;
એવું સુંદર, પાલિતાણાં ધામ છે, સહુ. ૧

જ્યાં તલેટી પહેલી આવે, ગિરિદર્શન વિરલા પાવે;
પ્રભુ પગલાં, પુનિતને અભિરામ છે. સહુ. ૨

જ્યાં ગિરિ ચડતાં સમીપે, દેવાલય દિવ્ય જ દીપે;
બંગાળી બાબુનું, અવિચળ એ તો નામ છે. સહુ. ૩

જ્યાં કુંડ વિસામા આવે, થાક્યાના થાક ભૂલાવે;
પરબો રૂડી, પાણીની ઠામો ઠામ છે. સહુ. ૪

જ્યાં હડો આકરો આવે, કેડે દઈ હાથ ચડાવે;
એવી દેવી, હિંગલા જ જેનું નામ છે. સહુ. ૫

જ્યાં ગિરિવર ચડતાં ભાવે, રામપોળ પહેલાં આવે;
ડોલીવાળાનું, વિસામાનું ઠામ છે. સહુ. ૬

જ્યાં નદી શત્રુંજી વહે છે સૂરજ કુંડ શોભા દે છે;
ન્હાયો નહિ જે, એનું જીવન બે બદામ છે.૭

જ્યાં સોહે શાંતિદાદા, સોલમા જિન ત્રિભુવનત્રાતા;
પોળે જાતાં, સહુ પહેલાં પ્રણામ છે. ૮

જ્યાં ચક્રેશ્વરી છે માતા, વાગેશ્વરી દે સુખશાતા;
કવડ યક્ષાદિ, દેવતા તમામ છે. ૯

જ્યાં આદેશ્વર બિરાજે, મારા ભવની ભાવઠ ભાંજે;
પ્રભુજી પ્યારા, નિરાગી નિષ્કામ છે.૧૦

જ્યાં સોહે પુંડરીક સ્વામી, ગિરૂઆ ગણધર ગુણધામી;
અંતરયામી, આતમના આરામ છે. ૧૧

જ્યાં રાયણ છાંય નિલુડી, પ્રભુ પગલાં પરે પરે રૂડી;
શીતલકારી, એ વૃક્ષનો વિરામ છે. ૧૨

જ્યાં નીરખીને નવટૂંકો, થાયે પાતીકડાનો ભુક્કો;
દિવ્ય દહેરાનું, અલૌકિક કામ છે. ૧૩

જ્યાં ગૃહલિંગ અનંત,સિધ્ધપદ પામ્યા સંત;
પંચમ કાલે, એ મુક્તિનું મુકામ છે. ૧૪

જ્યાં કમલસૂરિગુણ ગાવે, તે લાભ અનંતો પાવે;
જાત્રા કરવા, મનડાની મોટી હામ છે. ૧૫

## (૧૧૦) મન તું કોલા ખણે તો ભાર

મન તૂં ! કોલા ખણે તો ભાર
ખણી ન સગનેં તાર... મન તૂં...૧

હિન કાયાજો ઠિકડો ગડોને, મથા વિજેં તૂં માલ;
ગરો ગડો ને ઘાચું સેલ્યું, વડા વડા ઓકાર... મન તૂં ...૨

પંધ ઓખો ને વાટ અજાણઈ, મથા રુડી પઈ રાત,
જોંતું ડઈ ડઈ જુડધો કીં ન, જોરને તૂં સે ધાર..મન તૂં...૩

છડ માયા ને કુડ કપટ હી, મનડે કે તું ગાર;
ઠલો હૂંને ત ઠેંકી સગને, ઉકરી થીને પાર.. મન તૂં ...૪

નોંધ - ગરો-ભારી, ઓકાર - ચઢાવ

## (૧૧૧) નિંદા ન કરશો કોઈની પારકી રે.

નિંદા ન કરશો કોઈની પારકીરે, નિંદામાં બોલ્યાં મહાપાપ રે;
વૈર વિરોધ વાધે ઘણો રે, નિંદા કરતો ન ગણે માય ને બાપ રે. ૧

દૂર બળતી કાં દેખો તુમે રે, પગમાં બળતી દેખો સહુ કોય રે;
પરના મેલમાં ધોયાં લુગડાં રે, કહો કેમ ઉજળાં હોય રે. નિંદા. ૨

આપ સંભાળી, સહુકો આપણું રે, નિંદાની મૂકો સહુ ટેવરે;
થોડે ઘણે અવગુણે સહુ કો ભર્યા રે, કેનાં નળિયાં ચૂવે ને કેનાં નેવરે.૩

નિંદા કરે તે થાયે નારકી રે, તપ જપ કીધું સવી જાય રે;
નિંદા કરો તો કરજો આપણી રે, જેમ છૂટક બારો થાય રે.નિંદા.૪

ગુણ ગ્રહેજો સહુકો તણા રે, જેમાં દેખો એક વિચાર રે;
કૃષ્ણજી પરે સુખને પામશો રે, સમય સુંદર સુખકાર રે. ૫

## (૧૧૨) ચિંતામણિ મારી ચિંતા ચૂર

આણી મન શુધ્ધ આસ્થા, દેવ જુહારું શાશ્વતા;
પાર્શ્વનાથ મન વાંછિત પૂર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૧

અણિયારી તારી આંખડી, જાણે કમલની પાંખડી;
મુખ દીઠા દુઃખ જાયે દૂર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૨

કો કેહને કો કેહને નમે, મારા મનમાં તૂં હીં રમે;
સદા જુહારું ઊગતે સૂર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૩

વીછડીયા વાલેસર વેલ, વેરી દુશ્મન પાછા ઠેલ;
તું છે મારે હાજરાહજુર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૪

આ સ્તોત્ર જે મનમાં ધરે, તેહના કાજ સદાય સરે;
આધિ વ્યાધિ દુઃખ જાયે દૂર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૫

મુજશું લાગી તુજશું પ્રીત, દૂજો ન આવે કોઈ ચિત્ત;
કર મુજ તેજ પ્રતાપ પ્રચૂર, ચિંતામણિ મારી ચિંતા ચૂર. ૬

ભવોભવ હોજો તુમ પદ સેવ, શ્રીચિંતામણિ અરિહંત દેવ;
સમય સુંદર કહે ગુણ ભરપૂર, ચિંતામણિ મારી ચિંતા. ચૂર.૭

## (૧૧૩) મારા પ્રભુજી ! ઓલંભડે મત ખીજો

બાલપણે આપણ સસનેહી, રમતા નવનવ વેશે,
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારી નેવેશે,
મારા પ્રભુજી ! ઓલંભડે મત ખીજો...
જો ખીજો તો રીજો મારા પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૧

જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે...હો પ્રભુજી.૨

સિધ્ધ નિવાસ લહે ભવસિધ્ધિ, તેમાં શો પાડ તુમ્હારો ?
તો ઉપગાર તુમ્હારો લહીએ, અભવિ સિધ્ધ ને તારો..મારાપ્રભુજી.૩

જ્ઞાન રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી,
તેહ માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી.મારા પ્રભુજી.૪

અક્ષય પદ દેતા ભવિજનને, સંકીર્ણતા નવિ થાએ;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાવે ?..મારા પ્રભુજી.૫

સેવાગુણ રંજ્યા ભવિજનને, જો તમે કરો વડભાગી;
તો તમે સ્વામી કેમ કહેવાશો, નિર્મમ ને નિરાગી...મારા પ્રભુજી.૬

નાભિનંદન જગવંદન પ્યારો, જગ ગુરુ જગહિતકારી;
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન મનોહારી...મારા પ્રભુજી. ૭

## (૧૧૪) પ્રભુ તું હી તું હી તું હી તું હી

સકલ સમતા સુરલતાનો, તું હી અનોપમ કંદ રે,
તું હી કૃપારસ કનક કુંભો, તુંહી જિણંદ મુણીંદ રે.
પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી યૂંહી ધરતાં ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા તેણે, લહ્યું તાહરું તાન રે...પ્રભુ. ૧

તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહી અચારિજ ઠામ રે...પ્રભુ. ૨
જન્મ પાવન આજ મારો, નીરખીયો તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે...પ્રભુ. ૩

એક માહરો અખય આતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરું તાસ નિવેશ રે...પ્રભુ. ૪

એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે;
એમ કહી તુજ સહજ મીલત, હોય જ્ઞાન પ્રકાશ રે ...પ્રભુ. ૫

ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે ક્ષેમ રે...પ્રભુ. ૬

એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
જ્ઞાન વિમલસૂરીદં પ્રભુતા, હોય સુજસ જમાવ રે ...પ્રભુ. ૭

## (૧૧૫)શત્રુંજય ગઢના વાસી રે મુજરો માનજો રે

શત્રુંજય ગઢના વાસી રે મુજરો માનજો રે,
સેવકની સૂણી વાતો રે દિલમાં ધારજો રે.

પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મને ઉપન્યો હરખ અપાર.
સાહિબાની સેવા રે ભવ દુઃખ ભાંજશેરે. દાદાજીની સેવા.૧

અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાશી લાખ ફેરા રે, દૂર નિવારજો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ, દરિસન વહેલેરું દાખ.સાહિબા. ૨

દોલત સવાઈ રે, સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તાહરું રૂડું દીઠું રૂપ, મોહ્યા સુર નર વૃંદને ભૂપ.સાહિબાની સેવા.૩

તીરથ કો નહીંરે, શેત્રુંજય સારિખું રે,
પ્રવચન પેખીને, કીધું મેં પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ.સાહિબા. ૪

ભવોભવ માગું રે, પ્રભુ તારી સેવનારે,
ભાવઠ ન ભાંગે રે, જગમાં જે વિના રે;
પ્રભુ મારા પૂરો મનનાં કોડ, એમ કહે ઉદય રતન કર જોડ.સાહિબાની.૫

## (૧૧૬) અરિહંત નમો ભગવંત નમો

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળા કાજ નમો. અરિહંત. ૧

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશ અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશયનિધિ, પ્રવચન જલધિ મયંક નમો. ૨

તિહુયણ ભવિયણ જન મન વાંછિય, પૂરણ દેવ રસાળ નમો;
લળી લળી પાય નમું હું ભાલે, કરજોડી ત્રિકાલ નમો. અરિહંત. ૩

સિધ્ધ બુધ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો. અરિહંત. ૪

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિત વત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અરિહંત. ૫

કેવલજ્ઞાનાદર્શે દર્શિત લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિતઉપદ્રવ ભાવ નમો. અરિહંત. ૬

જગચિંતામણિ જગગુરુ જગ હિત-કારક જગજનનાથ નમો;
ઘોર અપાર ભવોદધિતારણ, તું શિવપુરનો સાથ નમો. અરિહંત. ૭

અશરણ શરણ નિરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દીઓ અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અરિહંત. ૮

## (૧૧૭) પ્રેમળ જ્યોતિ તારો દાખવી

પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવન પંથ ઉજાળ,
દૂર પડ્યો નિજ ધામથી હું ને, ઘેરે ઘન અંધાર
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ.
...મારો જીવન પંથ ઉજાળ. પ્રેમળ. ૧

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીરના, એકડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય ...પ્રેમળ. ૨

આજ લગી રહ્યો ગર્વમાં હું ને, માંગી મદદ ન લગાર;
આપ બળે માર્ગે જોઈને ચાલવા, હામ ધરી મૂઢબાળ,
હવે માગું તુજ આધાર...પ્રેમળ. ૩

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ, આજ લગી પ્રેમ ભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમળ જ્યોતિની સેર...પ્રેમળ. ૪

ભભક ભર્યા તેજે હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોભ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ...પ્રેમળ. ૫

કર્દમભૂમિ કળણ ભરેલી ને, ગિરિવર કેરી કરાળ;
ધસમસતા જળ કેરા, પ્રવાહો સર્વ વટાવી કૃપાળ
મને પહોંચાડશે નિજ દ્વાર....પ્રેમળ. ૬

## (૧૧૮) પ્રભુજી તારા વિના

પ્રભુજી તારા વિના, મારા નયના ભીના, કોણ લૂછે,
મુજ અંતરને કોણ પૂછે,

મનડું મારૂં રહેછે મુંઝાતું, મુજ દિલમાં કાંઈ કાંઈ થાતું;
મારૂં મન ભમે, દિલને કંઈ ન ગમે, શૂન્ય રહે છે ...મુજ. ૧

તલસી રહયો છું કોઈ સાથી, તારા વિના ન કોઈ સાથી;
અંધકાર મહીં, અટવાયો કશું, નવ સૂઝે ...મુજ. ૨

આધિ વ્યાધિ ઉપાધિ અનેરી, મોહ માયાની છાયા ઘેરી;
સુખશાંતિ વિના, રસ જીવનમાં, ના રહે છે ...મુજ. ૩

જલ વિના મીન રહે છે તલસી, તેમ તુમ દરશન નો હું પ્યાસી;
પ્રભુજી દૃષ્ટિ કરો, અમીવૃષ્ટિ કરો, આશા એ છે ...મુજ. ૪

જ્ઞાનદીપકનો તું છે મિનારો, મુજ મુક્તિ નૈયાનો કિનારો;
દાસ તારો ગણી, એનો નાવિક બની, તારી લેજે ...મુજ. ૫

સુણ સિધ્ધાચલવાસી વ્હાલા, મારા અંતરના કાલાવાલા;
આત્મકમલ વિકાસી, લબ્ધિ દિલમાં પ્રકાશી, મુક્તિ દેજે..મુજ. ૬

## (૧૧૯) ત્રિશલાના જાયા રે

ત્રિશલાના જાયા રે, મહાવીર સહાયે આવજો જી;
નહિ આવો તો થાશે સેવકના બેહાલ ....ત્રિશલાના. ૧

દૈત્ય મહા મોહ રે, વ્હાલા લાગ્યો પીડવાજી
દીધાં દુઃખ, કહેતાં ન આવે પાર રે ....ત્રિશલાના. ૨

કામને અજ્ઞાને રે, સત્તા નિજ વાપરીજી;
બાળે ક્રોધ, ઘડી ઘડી ક્ષણમાંહી રે ....ત્રિશલાના. ૩

પંથ પાખંડ જાળે રે, વિંટાયો છું વેગથીજી;
વિકાર વિષધરની લાગી ચોટ રે ....ત્રિશલાના. ૪

પંચમ કાળ પૂરો રે, જમ જેવો બેસીયોજી;
સૂઝે નહિ ધર્મ મારગની રીત રે ....ત્રિશલાના. ૫

ગાંડો ઘેલો તારો રે, સેવક વ્હાલા માનીને જી;
તારો તારો, ભવસાયર નીર તીર રે ....ત્રિશલાના. ૬

ટળવળતો તારો વ્હાલા, સેવક હાથ ઝાલીને જી;
નહિ તારો તો, જાશે તમારી લાજ રે ....ત્રિશલાના. ૭

તું હી તું હી સમરૂં રે, દુ:ખીના બેલી આવજોજી;
શરણું એક, બુદ્ધિસાગરને છે તું જ રે ....ત્રિશલા. ૮

## (૧૨૦) રૂડીને રઢીયાળી રે

રૂડીને રઢીયાળી રે વીર તારી દેશના રે,
એ તો ભલી યોજનમાં સંભળાય;
સમકિત બીજ આરોપણ થાય ..... રૂડીને.... ૧

ષટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે,
સાકર દ્રાક્ષ તે હારી જાય; કુમતિ જનના મદ મોડાય.. રૂડીને.. ૨

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહી ભલી સપ્તભંગી વિખ્યાત;
નિજ નિજ ભાષાએ સહુ સમજાય ......... રૂડીને.... ૩

પ્રભુજીને ધ્યાતાં રે શિવપદવી લહેરે,
આતમ રૂધ્ધિનો ભોક્તા થાય; જ્ઞાનમાં લોકા લોક સમાય ...રૂડીને. ૪

પ્રભુજી સરીખા દેશક કો નહિ રે,
એમ સહુ જિન ઉત્તમ ગુણગાય;
પ્રભુ પદ ''પદ્મ'' ને નિત નિત ધ્યાય... રૂડીને. ૫

## (૧૨૧) લાલ તેરે નયનોં કી ગતિ ન્યારી

લાલ તેરે નયનોંકી ગતિ ન્યારી,
એતો ઉપશમ રસકી ક્યારી ... (૧)

મોહકા નશા નહિ હે ઉનમેં, રાગદ્વેષસે ન્યારી;
બિના બિકારી મોહે પ્યારી, વોહિ હે કામણગારી..લાલ (૨)

કામ ક્રોધાદિક દોષ રહિત હે, નૈન ભયે અવિકારી;
નિદ્રા સુપન દશા નહિ યામેં, દરસનાવરણ નિવારી..લાલ (૩)

ઓર નૈનમેં કામ ક્રોધ હે, બહોત ભરી હે ખુમારી;
પરધન દેખ હરન કી ઈચ્છા, યામેં હે હુસીયારી...લાલ. (૪)

એસા લક્ષન હે નયનોમેં, ક્યૂં પામે ભવપારી ?
યેહી વિચાર કરો દિલ અપને, હોત કર્મસે ભારી... લાલ.(૫)

ધરમ વિના કોઈ સરણ નહિ હે, એસો નિશ્ચય ધારી;
વિનય કહે પ્રભુ ભજન કરો નિત, વોહિ હે તારણહારી.લાલ. (૬)

## (૧૨૨) આજ મારા પ્રભુજી સામું જુઓને

આજ મારા પ્રભુજી સામું જુઓ ને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડા બાળ મનાવો જી. રે આજ.૧

પતિતપાવન શરણાગત વત્સલ, એ જસ જગમાં ચાહો રે;
મન રે મનાવ્યા વિણ નવી મૂકું, એહી જ મારો દાવો રે આજ.૨

કબ્જે આવ્યા છો સ્વામી નહી મૂકું, જ્યાં લગી તુમ સમ થાવું રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, એહી જ દાવ બતાવો રે. આજ.૩

મહા ગોપ ને મહાનિર્યામક, એવા એવા બિરૂદ ધરાવો રે;
તો આ સેવકને ઉધ્ધરવા, ઘાણું ઘાણું શું કહેવરાવો રે. આજ. ૪

જ્ઞાનવિમલ ગુરુ નિધિનો મહિમા, એહી જ મંગળ વધાવો રે;
અચલ અભેદ પણે અવલંબી, અહર્નિશ તેરા ધ્યાન ધ્યાવું રે. આજ.૫

# (૧૨૩) આજના એ બાળકો

આજનાં એ બાળકો, તમે જો જો કેવા પાક્યા રે;
પૈસા ખરચી ખરચી અંતે, મા બાપો સૌ થાક્યા રે. આજનાં.૧

ભણાવી ગણાવી મોટા કીધા, પૈસા પાણી કીધા;
સુખ દુઃખ વેઠી મોટા કીધા, તોય ન ઊતર્યા સીધા રે.આજનાં.૨

અક્કડ થઈને ફક્કડ ફરતા, ગર્વ અપાર જ ધરતા;
વિનય વિવેક વિહીન બનીને, ખોટા ખરચા કરતા રે.આજનાં.૩

રંગ રાગમાં ભાન ભૂલીને, ફોગટ જિંદગી ખોતા;
માત પિતાને ધમકી આપે, દુઃખથી એ તો રોતા રે..આજનાં.૪

ઈન્ડીપેન ચશમા શૂટ પહેરી, નોવેલ રાખે હાથ;
અપ્ટુડેટ જેન્ટલમેન થઈને, ફરતા લેડી સાથ રે..... આજના.૫

અનાર્યોનું શિક્ષણ લઈને, બની ઘમંડી ફરતા;
દેવ ગુરુ ને ધર્મ એ ત્રણને, હમ્બગ કહી વિસરતા રે..આજના.૬

બની ઠની સ્વચ્છંદી બનીને, સીગરેટો એ પીતા;
બેલગામ બકવાદો કરતા, આગમથી નહિ બીતા રે..આજના.૭

સિનેમાના શોખીન ભારે, બોલે વગર વિચારે;
વ્યવહારુ નહિ જ્ઞાન ભાનને, ખોટી ડિંગો મારે રે...આજના.૮

આડું અવળું સમજાવીને, પ્રેમ લગ્ન એ કરતા;
લબ્ધિ લક્ષ્મણ કીર્તિ કહે છે, પેટ પરાણે ભરતા રે.આજના.૯

## (૧૨૪) જગતારક જગનાથ જિનવર

જગતારક જગનાથ જિનવર, સામું જુઓને રે;
દેવાધિદેવ દયાળ દીન પર, દષ્ટિ દીયો ને રે.

આપણે બેઉ જણ સાથે રમતા, હરતા ફરતા જમતા;
આજ તમે કેવળી થઈ બેઠા, અમને તો રાખ્યા છેટા....૧

પૂર્વની પિછાણ કાઢી ન નાખો, મોટાની મોટાઈ રાખો;
કર્મે કર્યો મને આપથી છેટો, થવા દીધો ન ભેટો.... ૨

સૂક્ષ્મબાદર નિગોદે ભમતાં, કાઢયો કાળ અનંતો;
સ્થાવર પંચકમાં પટકાયો, કાળ અસંખ્ય ગુમાવ્યો.... ૩

અકામ નિર્જરા યોગે કરીને, ત્રસમાં આવ્યો ફરીને;
વિકલેન્દ્રિયમાં જન્મ ને મરણો, ત્યાં પણ દુઃખના ઝરણા...૪

જલ-સ્થલ ખેચર દુઃખની ખાણો, કર્મના પડતા ઘાણો;
વિધ-વિધ શસ્ત્રો માર મરાવ્યા, દુઃખ દરિયામાં ડુબાવ્યા....૫

નરકે દશવિધ વેદના જાણો, દુઃખની મોટી ખાણો;
પરમાધામીનો ત્રાસ વધારે, પરવશ રહેવું અંધારે... ૬

સુરગતિમાં આવી પડતા, વિષય વિકારો નડતા;
કર્મરાજાએ ત્યાંથી ત્રટકી, દીધા સ્થાવરમાં પટકી.... ૭

એમ ચડ ઉત્તર ફેરા ફરાવી, લાખ ચોરાશીમાં લાવી;
આજથી પાપનો રાશિ ઘડિયો, દેવાધિદેવ તું મળીયો.. ૮

## શ્રી વર્ધમાન શક્રસ્તવ

(પ્રારંભિક શુભ ભાવના તથા સંકલ્પ)

(જય જય વીતરાગ, દેવાધિદેવ, ત્રિલોકીનાથ, જગદ્ગુરૂ, જગનાથ, જગબંધવ, જગસત્થવાહ, જગમિત્ત, જગકલ્લાણ, તરણતારણ, દુ:ખનિવારણ, દીનબંધુ, દયાસિંધુ, કરુણારસમહોદધિ ! તારય તારય નાથ તારય. હે જગદાનંદ પ્રભો! આપ આ અવનીતલ પર અવતર્યા એ સમગ્ર સૃષ્ટિનું પરમોચ્ચ સદ્ભાગ્ય છે. આપના અચિંત્ય પ્રભાવે જગતના સઘળાય જીવોના દુ:ખ-દારિદ્રય, રોગ-શોક, સંતાપ વિનષ્ટ થાઓ. આપના અપૂર્વ મહિમા વડે જગતના સર્વ જીવોને સદાસર્વદા સર્વત્ર પરમસુખ શાંતિ-સમાધિ-આનંદ-મંગળ-કલ્યાણની પ્રાપ્તિ હો. આપના ચરણોમાં કરેલી ભક્તિભીની ક્રોડો ક્રોડો વંદનાના પ્રભાવે મારા જન્મજન્માંતરોની વિષયભોગની વાસના વિનષ્ટ થાઓ. નિરતિચાર પરમવિશુધ્ધ નિર્મળ પવિત્ર એવા સંયમજીવનની પ્રાપ્તિ થાઓ. અસંખ્ય દેવો અને દેવન્દ્રોએ શક્રસ્તવ દ્વારા કરેલી આપની સ્તુતિ સ્તવનાના પ્રત્યેક શબ્દમાંથી, પ્રત્યેક અક્ષરેથી પ્રચંડ શક્તિનો પ્રવાહ વહો જે પ્રવાહ મારા.................... (અહીં જે જે શુભ મનોરથ હોય તે તે ચિંતવવા) પૂર્ણ થાઓ.)

卐卐卐

જયતુ જયતુ નિત્યં શ્રીવીતરાગ: !

જયતુ જયતુ નિત્યં શ્રીશક્રેન્દ્ર: !

જયતુ જયતુ નિત્યં શ્રી સિધ્ધસેનદિવાકરસૂરિ: !

જયતુ જયતુ નિત્યં પરમોપકારી શ્રી ગુરુદેવ: !

જયતુ જયતુ નિત્યં શ્રી વર્ધમાન શક્રસ્તવ: !

ॐ નમો અર્હતે

ભગવતે, પરમાત્મને, પરમજ્યોતિષે, પરમપરમેષ્ઠિને, પરમવેધસે, પરમયોગિને, પરમેશ્વરાય, તમસઃ પરસ્તાત્, સદોદિતાદિત્યવર્ણાય, સમૂલોન્મૂલિતા-નાદિ-સકલ-ક્લેશાય. ।।૧।।

ॐ નમો અર્હતે

ભૂર્ભૂવઃ સ્વસ્ત્રયી-નાથ-મૌલિ-મન્દાર-માલા-ર્ચિત-ક્રમાય, સકલ પુરુષાર્થ-યોનિ-નિરવદ્ય-વિદ્યા-પ્રવર્તનૈક-વીરાય, નમઃ-સ્વસ્તિ-સ્વધા-સ્વાહા - વષડર્થૈ - કાન્ત - શાન્ત-મૂર્તયે, ભવદ્ - ભાવિ-ભૂત-ભાવા-વભાસિને, કાલ-પાશ-નાશિને, સત્ત્વ-રજસ્તમો-ગુણાતીતાય, અનન્તગુણાય, વાઙ્મનોઽગોચર - ચરિત્રાય, પવિત્રાય, કરણ-કારણાય, તરણ-તારણાય, સાત્ત્વિક-દૈવતાય, તાત્ત્વિક-જીવિતાય, નિર્ગ્રંથ-પરમ-બ્રહ્મ-હૃદયાય, યોગીન્દ્ર-પ્રાણનાથાય, ત્રિભુવન-ભવ્ય-કુલ-નિત્યોત્સવાય, વિજ્ઞાના-નન્દ-પરબ્રહ્મૈ-કાત્મ્ય-સાત્મ્ય-સમાધયે, હરિ-હરહિરણ્યગર્ભાદિ-દેવતા-પરિકલિત-સ્વરૂપાય, સમ્યક્-શ્રદ્ધેયાય, સમ્યગ્ધ્યેયાય, સમ્યક્ શરણ્યાય, સુસમાહિત-સમ્યક્ સ્પૃહણીયાય. ।।૨।।

ॐ નમો અર્હતે

ભગવતે, આદિકરાય, તીર્થંકરાય, સ્વયં સમ્બુદ્ધાય, પુરુષોત્તમાય, પુરુષસિંહાય, પુરુષ-વર-પુણ્ડરીકાય, પુરુષ-વર-ગન્ધહસ્તિને, લોકોત્તમાય, લોકનાથાય, લોકહિતાય, લોકપ્રદીપાય, લોકપ્રદ્યોતકારિણે, અભયદાય, દ્રષ્ટિદાય, મુક્તિદાય, માર્ગદાય, બોધિદાય, જીવદાય, શરણદાય, ધર્મદાય, ધર્મદેશકાય, ધર્મનાયકાય, ધર્મસારથયે, ધર્મ-વર-ચાતુરન્ત - ચક્રવર્તિને,વ્યાવૃત્ત છદ્મને, અપ્રતિહત-સમ્યગ્ જ્ઞાન-દર્શન-સદ્મને. ।।૩।।

ॐ નમો અર્હતે

જિનાય, જાપકાય, તીર્ણાય, તારકાય, બુદ્ધાય, બોધકાય, મુકતાય, મોચકાય, ત્રિકાલવિદે, પારંગતાય, કર્માષ્ટકનિષૂદનાય, અધીશ્વરાય, શમ્ભવે, જગત્પ્રભવે, સ્વયમ્ભુવે, જિનેશ્વરાય, સ્યાદ્વાદવાદિને, સાર્વાય, સર્વજ્ઞાય, સર્વદર્શિને, સર્વતીર્થોપનિષદે, સર્વ - પાષણ્ડ - મોચિને, સર્વયજ્ઞફલાત્મને, સર્વજ્ઞકલાત્મને, સર્વયોગરહસ્યાય, કેવલિને, દેવાધિદેવાય, વીતરાગાય. ।।૪।।

ॐ નમો અર્હતે

પરમાત્મને, પરમાપ્તાય, પરમ-કારુણિકાય, સુગતાય, તથાગતાય, મહાહંસાય, હંસરાજાય, મહાસત્ત્વાય, મહાશિવાય, મહાબોધાય મહામૈત્રાય, સુનિશ્ચિતાય, વિગત-દ્વન્દ્વાય, ગુણાબ્ધયે, લોકનાથાય, જિત-માર-બલાય. ।।૫।।

ॐ નમો અર્હતે

સનાતનાય, ઉત્તમ- શ્લોકાય, મુકુન્દાય, ગોવિન્દાય, વિષ્ણવે, જિષ્ણવે, અનન્તાય, અચ્યુતાય, શ્રીપતયે, વિશ્વરૂપાય, હૃષીકેશાય, જગન્નાથાય, ભુર્ભુવઃ સ્વઃ-સમુત્તારાય, માનંજરાય, કાલંજરાય, ધ્રુવાય, અજાય, અજેયાય, અજરાય, અચલાય, અવ્યયાય, વિભવે, અચિન્ત્યાય, અસંખ્યેયાય, આદિ - સંખ્યાય, આદિ - કેશવાય, આદિ-શિવાય, મહાબ્રહ્મણે, પરમશિવાય, એકાનેકા-નન્ત-સ્વરૂપિણે, ભાવા-ભાવા-વિવર્જિતાય, અસ્તિ-નાસ્તિ-દ્વયાતીતાય, પુણ્ય - પાપ - વિરહિતાય, સુખ - દુઃખ - વિવિક્તાય, વ્યક્તા-વ્યક્ત-સ્વરૂપાય, અનાદિ -મધ્ય-નિધનાય, નમોઽસ્તુ, મુક્તીશ્વરાય, મુક્તિ-સ્વરૂપાય ।।૬।।

### ॐ નમો અર્હતે

નિરાતંકાય, નિઃ સંગાય, નિ:શંકાય, નિર્મલાય, નિર્દ્વન્દ્વાય, નિસ્તરંગાય, નિરૂર્મયે, નિરામયાય, નિષ્કલંકાય, પરમદૈવતાય, સદાશિવાય, મહાદેવાય, શંકરાય, મહેશ્વરાય, મહાવ્રતિને, મહાયોગિને, મહાત્મને, પંચમુખાય, મૃત્યુંજયાય, અષ્ટમૂર્તયે, ભૂતનાથાય, જગદાનન્દદાય, જગત્પિતામહાય, જગદ્દેવાધિદેવાય, જગદીશ્વરાય, જગદાદિ-કન્દાય, જગદ્ભાસ્વતે, જગત્કર્મ-સાક્ષિણે, જગચ્ચક્ષુષે, ત્રયીતનવે, અમૃતકરાય, શીતકરાય, જ્યોતિશ્ચક્રચક્રિણે, મહાજ્યોતિ-ર્દ્યોતિતાય, મહાતમ:પારે-સુપ્રતિષ્ઠિતાય, સ્વયં કર્ત્રે, સ્વયં હર્ત્રે, સ્વયં પાલકાય, આત્મેશ્વરાય, નમો વિશ્વાત્મને. ।।૭।।

### ॐ નમો અર્હતે

સર્વદેવમયાય, સર્વધ્યાનમયાય, સર્વજ્ઞાનમયાય, સર્વતેજોમયાય સર્વમંત્રમયાય, સર્વરહસ્યમયાય, સર્વ - ભાવાભાવ - જીવાજીવેશ્વરાય, અરહસ્ય-રહસ્યાય, અસ્પૃહ-સ્પૃહણીયાય, અચિન્ત્ય-ચિન્તનીયાય, અકામ - કામધેનવે, અસંકલ્પિત-કલ્પદ્રુમાય, અચિન્ત્ય-ચિન્તામણયે, ચતુર્દશ-રજ્વાત્મક-જીવલોક ચૂડામણયે, ચતુરશીતિ - લક્ષ - જીવયોનિ - પ્રાણિનાથાય પુરુષાર્થનાથાય, પરમાર્થનાથાય, અનાથનાથાય, જીવનાથાય, દેવ-દાનવ-માનવ-સિદ્ધસેનાધિનાથાય. ।।૮।।

### ॐ નમો અર્હતે

નિરંજનાય, અનન્તકલ્યાણ-નિકેતન-કીર્તનાય, સુગૃહીત-નામધેયાય, મહિમામયાય, ધીરોદાત્ત-ધીરોદ્ધત-ધીરશાન્ત-ધીરલલિત-પુરુષોત્તમ-પુણ્યશ્લોક-શત-સહસ્ર-લક્ષ - કોટિ-

વન્દિત-પાદારવિન્દાય, સર્વગતાય. ॥૯॥

ૐ નમો અર્હતે

સર્વસમર્થાય, સર્વપ્રદાય, સર્વહિતાય, સર્વાધિનાથાય, કસ્મૈચન ક્ષેત્રાય, પાત્રાય, તીર્થાય, પાવનાય, પવિત્રાય, અનુત્તરાય, ઉત્તરાય, યોગાચાર્યાય, સંપ્રક્ષાલનાય, પ્રવરાય, આગ્રેયાય, વાચસ્પતયે, માંગલ્યાય, સર્વાત્મનીનાય, સર્વાર્થાય, અમૃતાય, સદોદિતાય, બ્રહ્મચારિણે, તાયિને, દક્ષિણીયાય, નિર્વિકારાય, વજ્રર્ષભ-નારાચ-મૂર્તયે, તત્ત્વદર્શિને, પારદર્શિને, પરમદર્શિને, નિરુપમ-જ્ઞાન-બલ-વીર્ય - તેજઃ શક્ત્યૈશ્વર્ય-મયાય, આદિપુરુષાય આદિ - પરમેષ્ઠિને, આદિ-મહેશાય, મહાજ્યોતિસ્તત્ત્વાય, મહાર્ચિ-ર્ધનેશ્વરાય, મહા-મોહ સંહારિણે, મહાસત્ત્વાય, મહાજ્ઞા-મહેન્દ્રાય, મહાલયાય, મહાશાન્તાય, મહાયોગીન્દ્રાય, અયોગિને, મહામહીયસે, મહાહંસાય, હંસરાજાય, મહાસિદ્ધાય, શિવ-મચલ-મરુજ મનન્ત-મક્ષય-મવ્યાબાધ-મપુનરાવૃત્તિ, મહાનન્દં, મહોદયં, સર્વદુઃખક્ષયં, કૈવલ્ય-મમૃતં, નિર્વાણ-મક્ષરં, પરબ્રહ્મ, નિઃશ્રેયસ-મપુનર્ભવં સિદ્ધિગતિ - નામધેયં સ્થાનં સંપ્રાપ્તવતે, ચરાચર-મવતે, નમોઽસ્તુ શ્રીમહાવીરાય, ત્રિજગત્સ્વામિને, શ્રીવર્ધમાનાય. ॥૧૦॥

ૐ નમો અર્હતે

કેવલિને, પરમયોગિને, ભક્તિમાર્ગ-યોગિને, વિશાલ-શાસનાય, સર્વલબ્ધિ-સમ્પન્નાય, નિર્વિકલ્પાય, કલ્પનાતીતાય, કલા-કલાપ-કલિતાય, વિસ્ફુર-દુરુ-શુકલધ્યાનાગ્નિ-નિર્દગ્ધ - કર્મબીજાય, પ્રાપ્તાનન્ત-ચતુષ્ટયાય, સૌમ્યાય, શાન્તાય, મંગલ - વરદાય, અષ્ટાદશ - દોષ - રહિતાય, સંસૃત-વિશ્વ-સમીહિતાય સ્વાહા. ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ ॥૧૧॥

(અહીં આ મંત્રની પાંચ માળા ગણવી.)
(પછી આગળના પાંચ શ્લોક બોલવા.)

લોકોત્તમો નિસ્પ્રતિમસ્ત્વમેવ, ત્વં શાશ્વતં મંગલમપ્યધીશ;
ત્વામેકમર્હન્ ! શરણં પ્રપદ્યે, સિધ્ધર્ષિ-સધ્ધર્મ-મયસ્ત્વમેવ. ૧

ત્વં મે માતા પિતા નેતા, દેવો ધર્મો ગુરુ: પર:;
પ્રાણા: સ્વર્ગોઽપવર્ગશ્ચ, સત્ત્વં તત્ત્વં ગતિર્મતિ:. ૨

જિનો દાતા જિનો ભોક્તા, જિન: સર્વમિદં જગત્;
જિનો જયતિ સર્વત્ર, યો જિન: સોઽહમેવ ચ. ૩

યત્કિંચિત્કુર્મહે દેવ, સદા સુકૃતદુષ્કૃતમ્;
તન્મે નિજપદસ્થસ્ય, હું ક્ષ: ક્ષપય ત્વં જિન. ૪

ગુહ્યાતિગુહ્ય-ગોપ્તા ત્વં, ગૃહાણાસ્મત્કૃતં જપમ્;
સિધ્ધિ: શ્રયતિ માં યેન, ત્વત્પ્રસાદાત્ત્વયિ સ્થિતમ્. ૫

(ઈતિ શ્રીવર્ધમાનજિનનામમન્ત્રસ્તોત્રં સમાપ્તમ્)
પ્રતિષ્ઠાયાં શાંતિવિધૌ પઠિતં મહાસુખાય સ્યાત્ ।
ઈતિ શક્રસ્તવ: ।

(૧) ઈતીમં પૂર્વોક્ત - મિન્દ્રસ્તવૈકાદશ - મન્ત્રરાજો - પનિષદ્ગર્ભં, અષ્ટમહા-સિધ્ધિપ્રદં, સર્વપાપ-નિવારણં, સર્વ - પુણ્ય - કારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક-સમ્યગ્દષ્ટિ - ભદ્રક-દેવતા-શત-સહસ્ર-શુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽસંખ્ય - પુણ્ય-પ્રાપ્યં, સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં, ચરાચરેઽપિ જીવલોકે, સદ્વસ્તુ તન્નાસ્તિ યત્ કરતલ - પ્રણયિ ન ભવતીતિ કિં ચ -

(૨) ઈતીમં પૂર્વોક્ત - મિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપ-

નિષદ્‌ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્યગ્દષ્ટિભદ્રક - દેવતાશતસહસ્રશુશ્રૂષિતં ભવાન્તર-કૃતાસંખ્યપુણ્ય-પ્રાપ્યં, સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં ભવનપતિ-વ્યન્તર-જ્યોતિષ્ક-વિમાનવાસિનો દેવાઃ સદા પ્રસીદન્તિ । વ્યાધયો વિલીયન્તે ।

(૩) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્‌ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વ - પાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક સમ્યગ્દષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાસંખ્ય પુણ્ય-પ્રાપ્યં, સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં પૃથિવ્યપ્ - તેજો-વાયુ-ગગનાનિ ભવન્ત્યનુકૂલાનિ ।

(૪) ઈતીમં પૂર્વોક્ત - મિન્દ્રસ્તવૈકાદશ - મન્ત્રરાજોપનિષદ્‌ગર્ભં, અષ્ટ-મહાસિદ્ધિપ્રદં, સર્વ પાપ-નિવારણં, સર્વ - પુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક સમ્યગ્દષ્ટિ - ભદ્રક - દેવતા-શત સહસ્ર-શુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽસંખ્ય, પુણ્ય-પ્રાપ્યં, સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં સર્વ-સંપદાં મૂલં જાયતે જિનાનુરાગઃ ।

(૫) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્‌ગર્ભં અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક-સમ્યગ્દષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽસંખ્ય-

પુણ્ય-પ્રાપ્યં, સમયગ્જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં સાધવઃ સૌમનસ્યેનાનુગ્રહપરા ભવન્તિ।

(૬) ઈતીમં પૂર્વોક્ત - મિન્દ્રસ્તવૈકાદશ-મન્ત્રરાજો - પનિષદ્ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વ-પુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેક-સમ્યગ્દષ્ટિભદ્રક-દેવતા-શત-સહસ્ર-શુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽ-સંખ્ય-પુણ્યપ્રાપ્યં, સમયગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં ખલાઃ ક્ષીયન્તે।

(૭) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્ગર્ભં અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્ય-ગ્દષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽસંખ્યપુણ્ય-પ્રાપ્યં, સમ્યગ્જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં જલ - સ્થલ - ગગનચરાઃ ક્રૂરજન્તવોઽપિ મૈત્રીમયા જાયન્તે।

(૮) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્ગર્ભં અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્યગ્દષ્ટિ ભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાઽસંખ્યપુણ્ય-પ્રાપ્યં સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં અધમવસ્તૂન્યપિ ઉત્તમવસ્તુભાવં પ્રપદ્યન્તે।

(૯) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં,

સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્યગ્દષ્ટિ ભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાऽસંખ્યપુણ્ય-પ્રાપ્યં સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં ધર્માર્થકામા ગુણાભિરામા જાયન્તે ।

(૧૦) ઈતીમં પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વ - દોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્યગ્દષ્ટિભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાऽસંખ્યપુણ્ય-પ્રાપ્યં સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રૃણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં ઐહિક્ય: સર્વા અપિ શુદ્ધગોત્ર-કલત્ર-પુત્ર-મિત્ર-ધન-ધાન્ય-જીવિત-યૌવન-રૂપાऽऽરોગ્ય-યશ: પુરસ્સરા: સર્વજનાનાં સંપદ: પરભાગજીવિતશાલિન્ય: સદુદર્કા: સુસંમુખીભવન્તીતિ । કિં બહુના ?

(૧૧) ઈતીમં- પૂર્વોક્તમિન્દ્રસ્તવૈકાદશમન્ત્રરાજોપનિષદ્ગર્ભં, અષ્ટમહાસિદ્ધિપ્રદં, સર્વપાપનિવારણં, સર્વપુણ્યકારણં, સર્વદોષહરં, સર્વગુણાકરં, મહાપ્રભાવં, અનેકસમ્યગ્દષ્ટિ-ભદ્રકદેવતાશતસહસ્રશુશ્રૂષિતં, ભવાન્તરકૃતાऽસંખ્યપુણ્ય-પ્રાપ્યં સમ્યગ્ જપતાં, પઠતાં, ગુણયતાં, શ્રુણ્વતાં, સમનુપ્રેક્ષમાણાનાં, ભવ્યજીવાનાં આમુષ્મિક્ય: સર્વમહિમા: સ્વર્ગાપવર્ગશ્રિયોऽપિ ક્રમેણ યથેચ્છં સ્વયં સ્વયંવરણોત્સવ-સમુત્સુકા ભવન્તીતિ । સિદ્ધિદ: શ્રેય: સમુદય: ।

યથેન્દ્રેણ પ્રસન્નેન, સમાદિષ્ટોऽર્હતાં સ્તવ:;
તથાऽયં સિદ્ધસેનેન, પ્રપેદે સંપદાં પદમ્ ॥૧॥

ઈતિ શક્રસ્તવ: ॥

મહામહોપાધ્યાયશ્રીવિનયવિજયગણિવિરચિતમ્

## શ્રીજિનસહસ્રનામસ્તોત્રમ્

નમસ્તે સમસ્તેપ્સિતાર્થપ્રદાય,
નમસ્તે મહાર્હન્ત્યલક્ષ્મીપ્રદાય ।
નમસ્તે ચિદાનન્દતેજોમયાય,
નમસ્તે ! નમસ્તે ! નમસ્તે ! નમસ્તે ! ॥૧॥

નમસ્તે જગન્નાથ ! વિશ્વૈકનેતઃ !
નમસ્તે મહામોહમલ્લૈકજેતઃ !
નમસ્તે સતાં મોક્ષશિક્ષાવિનેત : ! ન૦ ॥૨॥

નમસ્તે જિનેન્દ્ર ! પ્રભો વીતરાગ !
નમસ્તે સ્વયમ્ભો ! જગદ્ગન્ધનાગ ! ।
નમસ્તે સ્ફુરજ્જ્ઞાનજાગ્રદ્વિરાગ ! ન૦ ॥૩॥

નમસ્તે જગજ્જન્તુજીવાતુજન્મ !
નમસ્તે પ્રભો ! ભાગ્યલભ્યાઙ્ઘ્રિપદ્મ !
નમસ્તે લસત્સત્યસન્તોષસદ્મ ! ન૦ ॥૪॥

નમસ્તેऽત્ર ધર્માર્થિનાં ધર્મબન્ધો !
નમસ્તે સતાં પુણ્યકારુણ્યસિન્ધો !
નમસ્તે નિરુદ્ધાતિદુષ્ટાશ્રવાન્ધો ! ન૦ ॥૫॥

નમસ્તે મહસ્વિન્ ! નમસ્તે યશસ્વિન્ !
નમસ્તે વચસ્વિન્ નમસ્તે તપસ્વિન્ !
નમસ્તે ગુણૈરદ્ભુતૈરદ્ભુતાય, ન૦ ॥૬॥

નમસ્તે મહાત્મન્ ! નમસ્તે ચિદાત્મન્ !
નમસ્તે શિવાત્મન્ ! નમસ્તે પરાત્મન્ !
નમસ્તે સ્થિરાત્મન્ ! નમસ્તેऽન્તરાત્મન્ ! ન૦ ॥૭॥

નમસ્તે ગુણાનન્ત્યમાહાત્મ્યધામ્ને,
નમસ્તે મુનિગ્રામણે ધ્યેયનામ્ને ।
નમસ્તે વિશુદ્ધાવબોધાત્મકાય, ન૦ ॥૮॥

નમસ્તે ભવપ્રાન્તરસ્વર્દ્રુમાય,
નમસ્તે કૃતાસ્મન્મનોવિશ્રમાય ।
નમસ્તે ગલજ્જન્મમૃત્યુશ્રમાય, ન૦ ॥૯॥

નમસ્તે સુધાધોરણીવલ્લભાય,
નમસ્તે ભવેઽસ્મિન્ ભૃશં દુર્લભાય ।
નમસ્તેઽત્ર લબ્ધાય પુણ્યપ્રકર્ષૈઃ, ન૦ ॥૧૦॥

નમસ્તે સુધાસારનેત્રાંજનાય,
નમસ્તે સદાઽસ્મન્મનોરંજનાય ।
નમસ્તે ભવભ્રાન્તિભીભંજનાય, ન૦ ॥૧૧॥

નમસ્તે શુચિજ્ઞાનરત્નાકરાય,
નમસ્તે સતાં કલ્પકારસ્કરાય ।
નમસ્તે જગજ્જીવભદ્રંકરાય, ન૦ ॥૧૨॥

નમો મણ્ડિતાખણ્ડભૂમણ્ડલાય,
નમો ભક્તિનમ્રાખિલાખણ્ડલાય ।
નમો યુક્તયોગાય યોગીશ્વરાય, ન૦ ॥૧૩॥

નમસ્તે સદા સુપ્રસન્નાનનાય,
નમઃ સિદ્ધિસમ્પલ્લતાકાનનાય ।
નમો દત્તવિદ્વન્મનસ્સમ્મદાય, ન૦ ॥૧૪॥

નમસ્તેઽવતીર્ણાય વિશ્વોપકૃત્યૈ,
નમસ્તે કૃતાર્થાય સદ્ધર્મકૃત્યૈઃ ।
નમસ્તે પ્રકૃત્યા જગદ્વત્સલાય, ન૦ ॥૧૫॥

નમસ્તીર્થકૃન્નામકર્માર્જિતાય,
નમોऽચિન્ત્યસામર્થ્યવિસ્ફૂર્જિતાય।
નમો યોગિને યોગમુદ્રાન્વિતાય, ન૦ ॥૧૬॥

નમોऽનુત્તરસ્વર્ગિભિઃ પૂજિતાય,
નમસ્તન્મનઃ સંશયચ્છેદકાય।
નમોऽનુત્તરજ્ઞાનલક્ષ્મીશ્વરાય, ન૦ ॥૧૭॥

નમસ્તે ધરિત્રીવ સર્વંસહાય,
નમસ્તેऽન્તરઙ્ગારિભિર્દુસ્સહાય।
નમસ્તે તપસ્સત્યધૂર્ધૂર્વહાય, ન૦ ॥૧૮॥

નમસ્તે શુભોપાર્જિતાર્હત્પદાય,
નમસ્તે તૃતીયે ભવે નિશ્ચિતાય।
નમો ધર્મસમ્યક્ફલાવઞ્ચિતાય, ન૦ ॥૧૯॥

નમો નવ્યદિવ્યોપભોગાભિધાય,
નમસ્તેષુ તત્રાપિ વૈરઙ્ગિકાય।
નમો યોગસાત્મ્યૈકતાસઙ્ગતાય, ન૦ ॥૨૦॥

નમસ્તે ભુવિસ્વર્ગલોકચ્યુતાય,
નમસ્તે સતીકુક્ષિકોશઙ્ગતાય।
નમસ્તે ત્રિલોકોપકારોદ્ગતાય, ન૦ ॥૨૧॥

નમસ્તે શુભસ્વપ્નસંસૂચિતાય,
નમસ્તે જનન્યાપ્તસદ્દોહદાય।
નમસ્તે ભવત્તદ્-વપુઃ સૌષ્ઠવાય, ન૦ ॥૨૨॥

નમસ્તે જનુર્ભૂષિતાઢ્યાન્વયાય,
નમો રત્નવૈવૃષ્ટિપૂર્ણાલયાય।
નમો વર્દ્ધમાનર્દ્ધિધાવૈભવાય, ન૦ ॥૨૩॥

નમો દિક્કુમારીકૃતસ્વોચિતાય,
નમસ્તાભિરર્ચાવિધિસ્વર્ચિતાય।
નમો જ્ઞાનરત્નત્રયોદશ્ચિતાય, ન૦ ॥૨૪॥

નમો દ્યોતિતાશેષવિશ્વત્રયાય,
નમઃ સર્વલોકૈકસૌખ્યાવહાય।
નમઃ પ્રોલ્લસજ્જઙ્ગમસ્થાવરાય, ન૦ ॥૨૫॥

નમઃ સુપ્રસન્નીકૃતાશામુખાય,
નમસ્તે સમુજ્જૃમ્ભિતોર્વીસુખાય।
નમો નારકેભ્યોઽપિ દત્તોત્સવાય, ન૦ ॥૨૬॥

નમસ્તેઽદ્ભુતઙ્કમ્પિતેન્દ્રાસનાય,
નમસ્તે મુદા તૈઃ કૃતોપાસનાય।
નમઃ કલ્પિતધ્વાન્તનિર્વાસનાય, ન૦ ॥૨૭॥

નમસ્તે સુરાદ્રૌ સુરૈઃ પ્રાપિતાય,
નમસ્તે કૃતસ્નાત્રપૂજોત્સવાય।
નમસ્તે વિનીતાપ્સરઃ પૂજિતાય, ન૦ ॥૨૮॥

નમોઽઙ્ગુષ્ઠપીયૂષપાનોચ્છ્રિતાય,
નમસ્તે વપુઃ સર્વનષ્ટામયાય।
નમસ્તે યથાયુક્તસર્વાઙ્ગકાય, ન૦ ॥૨૯॥

નમસ્તે મલસ્વેદખેદોજ્ઝિતાય,
નમસ્તે શુચિક્ષીરરુક્શોણિતાય।
નમસ્તે મુખશ્વાસહીણામ્બુજાય, ન૦ ॥૩૦॥

નમસ્તે મણિસ્વર્ણજિદ્ગૌરભાય,
નમસ્તે પ્રસર્પદ્વપુઃ સૌરભાય।
નમોઽનીક્ષિતાહારનીહારકાય, ન૦ ॥૩૧॥

નમસ્તે સુરૌઘૈરનુક્રીડિતાય,
નમસ્તે શિશુક્રીડયા વ્રીડિતાય।
નમસ્તે સુરાધીશ્વરૈરીડિતાય, ન૦ ॥૩૨॥

નમો રાજહંસેભગોવદ્‌ગતાય,
નમશ્ચાતુરીમાધુરીસઙ્ગતાય।
નમઃ સર્વશાસ્ત્રાબ્ધિપારંગતાય, ન૦ ॥૩૩॥

નમઃ કોમલાલાપપીયૂષવર્ષ!
નમો બાલલીલાકૃતજ્ઞાતિહર્ષ!
નમસ્તે પ્રભો! પ્રાજ્યપુણ્યપ્રકર્ષ! ન૦ ॥૩૪॥

નમઃ સ્ફારકૌમારલીલાલસાય,
નમસ્તે સ્વતસ્ત્યક્તદુર્લાલસાય।
નમસ્તે શુચિત્વેઽતિનિઃસાધ્વસાય, ન૦ ॥૩૫॥

નમસ્તે કૃતાન્વર્થયુક્તાભિધાય,
નમસ્તે સ્વતઃ સિદ્ધવિદ્યાવિધાય।
નમસ્તે સ્વતો લબ્ધશિક્ષોપધાય, ન૦ ॥૩૬॥

નમોઽષ્ટાઢ્યસાહસ્રસલ્લક્ષણાય,
નમસ્તે કૃતપ્રાણિસંરક્ષણાય।
નમોઽક્ષીણદાક્ષિણ્યધીદક્ષિણાય, ન૦ ॥૩૭॥

નમોઽનઙ્ગશકેન્દુજૈત્રાનનાય,
નમો દક્ષહૃલ્લક્ષસન્દાનકાય।
નમસ્તે કપોલાન્તશાન્તસ્મિતાય, ન૦ ॥૩૮॥

નમોઽનન્તગામ્ભીર્યવર્યાશયાય,
નમ સંવૃતાનન્તશક્ત્યાશ્રયાય।
નમો ધૈર્યનિસ્તર્જિતેન્દ્રાચલાય, ન૦ ॥૩૯॥

નમો યૌવનેઽપ્યુદ્ગતસ્થાવરાય,
નમઃ પ્રાતિભોત્થવ્યવસ્થાવરાય।
નમો વિષ્વગુદ્યત્પ્રભાપીવરાય, ન૦ ॥૪૦॥

નમો જન્મતોઽપ્યાર્યમાર્ગાધ્વગાય,
નમો રુદ્ધદુર્નીતિચર્યાઽપગાય।
નમસ્તે વિનાઽધ્યાપકં શિક્ષિતાય, ન૦ ॥૪૧॥

નમો યૌવને પ્રાપ્તપાણિગ્રહાય,
નમો મુક્તભોગોપભોગાગ્રહાય।
નમસ્તે કૃતપ્રાચ્યકર્મૌષધાય, ન૦ ॥૪૨॥

નમસ્તે ત્રિવર્ગક્રિયાસાધકાય,
નમસ્તે યથાર્હં તદારાધકાય।
નમસ્તુર્યવર્ગેઽપ્યનિર્બાધકાય, ન૦ ॥૪૩॥

નમો દાન્તપઞ્ચેન્દ્રિયાન્તઃ સ્થલાય,
નમઃ કીલિતાજસ્રકમ્પ્રોચ્ચલાય।
નમો જ્ઞાનધારાધુતાન્તર્મલાય, ન૦ ॥૪૪॥

નમો બિભ્રતે સાત્ત્વિકાઞ્ચિત્તવૃત્તિં,
નમો બિભ્રતે માનસૈનોનિવૃત્તિં।
નમઃ પશ્યતે સર્વતસ્તત્ત્વદૃષ્ટ્યા, ન૦ ॥૪૫॥

નમો ભોગભઙ્ગીપ્રસઙ્ગાનુગાય,
નમો નોપલિપ્તાય તત્તદ્રજોભિઃ।
નમઃ પ્રોલ્લસત્પુણ્ડરીકોપમાય, ન૦ ॥૪૬॥

નમઃ સમ્પતદ્દેવલોકાન્તિકાય,
નમસ્તૈઃ સ્તુતાઙ્ઘ્રિદ્વયોપાન્તિકાય।
નમો જ્ઞાતતીર્થપ્રવૃત્ત્યર્થનાય, ન૦ ॥૪૭॥

નમો નિશ્ચિતાત્મીયદીક્ષાદ્યણાય,
નમો જ્ઞાનશુદ્ધોપયોગેક્ષણાય ।
નમસ્તે નિરીહાય વીતસ્પૃહાય, ન૦ ॥૪૮॥

નમસ્તે કૃતજ્ઞાતિવર્ગાર્હણાય,
નમઃ પ્રીણિતૈતત્કૃતોદ્‌બૃંહણાય ।
નમસ્તેઽર્પિતસ્વાપતેયાય તેભ્યો, ન૦ ॥૪૯॥

નમો દત્તસાંવત્સરોત્સર્જનાય,
નમો વિશ્વદારિદ્ર્યનિસ્તર્જનાય ।
નમસ્તે કૃતાર્થી-કૃતાર્થિવ્રજાય, ન૦ ॥૫૦॥

નમઃ પ્રત્યહં કારિતોદ્‌ઘોષણાય,
નમો ભો ! વૃણીતેતિલોકમ્પૃણાય ।
નમો દાનવીરાધિવીરોદ્‌ધુરાય, ન૦ ॥૫૧॥

નમસ્તેઽર્પિતાનેકગર્જદ્‌ગજાય,
નમસ્તેઽર્પિતાનેકવાહવ્રજાય ।
નમસ્તે સમુત્તાનદાનધ્વજાય, ન૦ ॥૫૨॥

નમસ્તે પ્રભો ! દત્તદિવ્યામ્બરાય,
નમસ્તેઽર્પિતસ્વર્ણરત્નોત્કરાય ।
નમો દીનદીનારધારાધરાય, ન૦ ॥૫૩॥

નમઃ પ્રત્યહં યચ્છતે હેમકોટિં,
નમો યચ્છતેઽષ્ટૌ ચ લક્ષાણિ તેષામ્ ।
નમો યચ્છતેઽન્યદ્યથેચ્છં જનાનામ્, ન૦ ॥૫૪॥

નમસ્તે વદાન્યીભવન્માર્ગણાય,
નમસ્તે ધનાપૂર્ણગેહાઙ્ગણાય ।
નમસ્તે કૃતાનેકકોટિધ્વજાય, ન૦ ॥૫૫॥

નમસ્તે મનઃ કામકલ્પદ્રુમાય,
નમસ્તે પ્રભો ! કામધેનૂપમાય।
નમસ્તે નિરસ્તાર્થિનામાશ્રયાય, ન૦ ॥૫૬॥

નમસ્ત્યક્તસમ્રાજ્ઞરાજ્યેન્દિરાય,
નમસ્ત્યક્તસત્સુન્દરીમન્દિરાય।
નમસ્ત્યક્તમાણિક્યમુક્તાફલાય, ન૦ ॥૫૭॥

નમસ્તત્ક્ષણોપાગતસ્વર્ધવાય,
નમસ્તત્કૃતપ્રૌઢદીક્ષોત્સવાય।
નમસ્તત્ર તત્તત્સ્ફુરદ્વૈભવાય, ન૦ ॥૫૮॥

નમસ્તે પ્રભો ! યાપ્યયાનસ્થિતાય,
નમસ્તે વનાય પ્રભો ! પ્રસ્થિતાય।
નમસ્તે શમસ્પૃગ્મનઃ સુસ્થિતાય, ન૦ ॥૫૯॥

નમો યાનધુર્યીભવદ્વાસવાય,
નમો દૂરવિક્ષિપ્તગર્વાસવાય।
નમઃ શુદ્ધભાવાવરુદ્ધાશ્રવાય, ન૦ ॥૬૦॥

નમસ્તેઽગ્રગચ્છન્મહેન્દ્રધ્વજાય,
નમસ્તેગ્રગચ્છદ્-ગજાશ્વવ્રજાય।
નમસ્તેઽભિતઃ સઞ્ચરદ્રાજકાય, ન૦ ॥૬૧॥

નમોઽમર્ત્યસઙ્કીર્ણિતોર્વીતલાય,
નમો દેવદીપ્યન્નભોમણ્ડલાય।
નમસ્તે નદદ્દિવ્યતૂર્યત્રિકાય, ન૦ ॥૬૨॥

નમો દીપ્ર- રત્નપ્રભાડમ્બરાય,
નમો બન્દિશબ્દોર્જિતાશામ્બરાય।
નમો નાગરીનાગરૈર્વીક્ષિતાય, ન૦ ॥૬૩॥

નમસ્ત્યક્તસર્વાઙ્ગિકાભૂષણાય,
નમો નિર્ગતત્રિત્રિધાદૂષણાય।
નમઃ પઞ્ચમુષ્ટ્યાલકોલ્લુઞ્ચકાય, ન૦ ॥૬૪॥

નમસ્તે સમુદ્ગીર્ણસામાયિકાય,
નમઃ સર્વદૈવ ત્રિધાऽમાયિકાય।
નમસ્સર્વસાવદ્યયોગોજ્ઝિતાય, ન૦ ॥૬૫॥

નમસ્તે મનઃપર્યવજ્ઞાનશાલિન્!
નમશ્ચારુચારિત્રપાવિત્ર્યમાલિન્।
નમો નાથ! ષડ્જીવકાયાવકાય, ન૦ ॥૬૬॥

નમસ્તે સમુદ્યદ્વિહારક્રમાય,
નમઃ કર્મવૈરિસ્ફુરદ્વિક્રમાય।
નમઃ સ્વીયદેહેऽપિ તે નિર્મમાય, ન૦ ॥૬૭॥

નમો ગ્રામ એકૈકરાત્રોષિતાય,
નમઃ પત્તને પઞ્ચરાત્રોષિતાય।
નમો ભાવશુદ્ધૈષણાપોષિતાય, ન૦ ॥૬૮॥

નમસ્તુલ્યરૂપાય રાત્રૌ દિવા વા,
નમસ્તુલ્યરૂપાય તેऽન્તર્બહિશ્ચ।
નમસ્તુલ્ય રૂપાય દુઃખે સુખે વા, ન૦ ॥૬૯॥

નમસ્તુલ્યચિત્તાય મિત્રે રિપૌ વા,
નમસ્તુલ્યચિત્તાય લોષ્ટે મણૌ વા।
નમસ્તુલ્યચિત્તાય ગાલૌ સ્તુતૌ વા, ન૦ ॥૭૦॥

નમસ્તુલ્યચિત્તાય મોક્ષે ભવે વા,
નમસ્તુલ્યચિત્તાય જીર્ણે નવે વા।,
નમસ્તુલ્યચિત્તાય મેધ્યેऽશુચૌ વા, ન૦ ॥૭૧॥

નમસ્તે પ્રભો ! મૃત્યુતો નિર્ભયાય,
નમસ્તે પ્રભો ! જીવિતે નિઃસ્પૃહાય ।
નમસ્તે પ્રભો ! તે સ્વરૂપે સ્થિતાય, ન૦ ॥૭૨॥

નમસ્તે પ્રભોઽનુત્તરક્ષાન્તિકર્ત્રે,
નમસ્તે પ્રભો ! મુક્તિસમ્ભુક્તિકર્ત્રે ।
નમસ્તે પ્રભો ! માર્દવાઢ્યાર્જવાય, ન૦ ॥૭૩॥

નમસ્તે પ્રભો ! સત્તપસ્સંયમાય,
નમસ્તે સ્ફુરદ્બ્રહ્મણેઽકિઞ્ચનાય ।
નમસ્તે પ્રભો ! સત્યશૌચાન્વિતાય, ન૦ ॥૭૪॥

નમસ્તે પ્રભો ! યુક્તિમન્નિર્ણયાય,
નમો ગુપ્તવાક્કાયચૈતસ્ત્રયાય ।
નમો ધર્મસદ્ધ્યાનતાનૈકતાય, ન૦ ॥૭૫॥

નમઃ શ્રેણિમારોહતે નિષ્પ્રપાતં,
નમસ્તન્વતે સમ્યગ્મોહઘાતમ્ ।
નમસ્તે પ્રભો ! નિર્ગતાયુસ્ત્રયાય, ન૦ ॥૭૬॥

નમસ્તે ક્રમોદ્યદ્ગુણસ્થાનકાય,
નમસ્તે પરિક્ષીણનિદ્રાભયાય ।
નમસ્તેઽજુગુપ્સાય વેદોજ્ઝિતાય, ન૦ ॥૭૭॥

નમો વિપ્રમુક્તાય હાસ્યેન રત્યા,
નમો વિપ્રમુક્તાય શોકારતિભ્યામ્ ।
નમસ્તે ક્ષરન્નોકષાયાય મૂલાત્ ન૦ ॥૭૮॥

નમશ્છિન્દતે ક્રોધમાનૌ દુરન્તૌ,
નમો નિઘ્નતે દમ્ભલોભૌ સમૂલમ્ ।
નમસ્તે યથાખ્યાતચારિત્રરાજે, ન૦ ॥૭૯॥

નમઃ ક્ષીણમોહાય સુસ્નાતકાય,
નમો ઘાતિકર્મદ્વિષદ્ઘાતકાય ।
નમો જાતકર્મત્રિષષ્ટિક્ષયાય, ન૦ ॥૮૦॥

નમઃ પ્રજ્વલદ્ધ્યાનદાવાનલાય,
નમોદગ્ધનિશ્શેષકર્મોપલાય (કર્મેન્ધનાય) ।
નમસ્તે ચતુઃકર્મશેષોદયાય, ન૦ ॥૮૧॥

નમસ્તેઽત્ર કર્મદ્વયોદીરકાય,
નમસ્સત્તયાઽશીતિયુક્પઞ્ચકાય ।
નમો બધ્નતે ત્રિક્ષણસ્થાયિસાતં, ન૦ ॥૮૨॥

નમો ધ્યાતશુક્લાદ્યભેદદ્વયાય,
નમસ્તે તૃતીયાન્તરાલસ્થિતાય ।
નમઃ શુક્લલેશ્યાસ્થિતૌ નિશ્ચલાય, ન૦ ॥૮૩॥

નમઃ કેવલજ્ઞાનસદ્દર્શનાય,
નમસ્તે કૃતાર્હત્પદસ્પર્શનાય ।
નમસ્તે હતાષ્ટાદશાઽઽદીનવાય, ન૦ ॥૮૪॥

નમો જાનતે પશ્યતે સર્વલોક-
મલોકં તથૈવાશુ વિદ્વન્નમસ્તે ।
નમો દ્રવ્યભાવાવબોધાત્મકાય, ન૦ ॥૮૫॥

નમસ્તત્ક્ષણાયાતદેવાસુરાય,
નમોઽનુત્તરર્દ્ધિપ્રભાભાસુરાય ।
નમો રત્નરૈરૂપ્યવપ્રત્રયાય, ન૦ ॥૮૬॥

નમસ્તે ચતુર્દિગ્વિરાજન્મુખાય,
નમસ્તેઽભિતઃ સંસદાં સત્સુખાય ।
નમો યોજનચ્છાયચૈત્યદ્રુમાય, ન૦ ॥૮૭॥

નમો યોજનાસીનતાવજજનાય,
નમશ્ચૈકવાગ્બુદ્ધનાનાજનાય ।
નમો ભાનુજૈત્રપ્રભામણ્ડલાય, ન૦ ॥૮૮॥

નમો દૂરનષ્ટેતિવૈરજ્વરાય,
નમો નષ્ટદુર્વૃષ્ટિરુગ્વિદ્વરાય ।
નમો નષ્ટસર્વપ્રજોપદ્રવાય, ન૦ ॥૮૯॥

નમો ધર્મચક્રત્રસત્તામસાય,
નમઃ કેતુહૃષ્યત્સુદગ્માનસાય ।
નમો વ્યોમસઞ્ચારિસિંહાસનાય, ન૦ ॥૯૦॥

નમશ્ચામરૈરષ્ટભિર્વીજિતાય,
નમઃ સ્વર્ણપદ્માહિતાઙ્ઘ્રિદ્વયાય ।
નમો નાથ ! છત્રત્રયેણાન્વિતાય, ન૦ ॥૯૧॥

નમોઽધોમુખાગ્રીભવત્કણ્ટકાય,
નમો ધ્વસ્તકર્મારિનિષ્કણ્ટકાય ।
નમસ્તેઽભિતો નમ્રમાર્ગદ્રુમાય, ન૦ ॥૯૨॥

નમસ્તેઽનુકૂલીભવન્મારુતાય,
નમસ્તે સુખાકૃદ્વિહાયોરુતાય ।
નમસ્તેઽમ્બુસિક્તાભિતો યોજનાય, ન૦ ॥૯૩॥

નમો યોજનાજાનુપુષ્પોચ્ચયાય,
નમોઽવસ્થિતશ્મશ્રુકેશાદિકાય ।
નમસ્તે સુપઞ્ચેન્દ્રિયાર્થોદયાય, ન૦ ॥૯૪॥

નમો નાકિકોટ્યાઽવિવિક્તાન્તિકાય,
નમો દુન્દુભિપ્રષ્ટભૂમિત્રિકાય ।
નમોઽભ્રંલિહાગ્રોદિતેન્દ્રધ્વજાય, ન૦ ॥૯૫॥

નમઃ પ્રાતિહાર્યાષ્ટકાલઙ્કૃતાય,
નમો યોજનવ્યાપ્તવાક્યામૃતાય ।
નમસ્તે વિનાલઙ્કૃતિં સુન્દરાય, ન૦ ॥૯૬॥

નમસ્તેઽન્વહં દ્વિર્ભવદ્દેશનાય,
નમસ્સપ્તતત્ત્વાશ્રિતોદ્દેશનાય ।
નમઃ પ્રોક્તષડ્દ્રવ્યરૂપત્રયાય, ન૦ ॥૯૭॥

નમસ્તે મતોત્પત્તિસત્ત્વવ્યયાય,
નમસ્તે ત્રિપદ્યાત્તવિશ્વત્રયાય ।
નમસ્ત્રાસિતૈકાન્તવાદિદ્વિપાય, ન૦ ॥૯૮॥

નમઃ ક્લૃપ્તતીર્થસ્થિતિસ્થાપનાય,
નમઃ સચ્ચતુઃ સંઘસત્યાપનાય ।
નમસ્તે ચતુર્ભેદધર્માર્પકાય, ન૦ ॥૯૯॥

નમઃ પ્રોક્તનિઃશ્રેયસશ્રીપથાય,
નમો નાશિતશ્રાવકાન્તર્વ્યથાય ।
નમસ્તેઽસ્તુ રત્નત્રયીદીપકાય, ન૦ ॥૧૦૦॥

નૃતિર્યક્સુરાપ્તસ્વસામાયિકાય,
નમસ્તે નમોઽમોઘવાગ્જાયુકાય ।
નમો દ્વાદશપ્રૌઢપર્ષત્પ્રિયાય, ન૦ ॥૧૦૧॥

નમઃ સાર્થવાહાય મુક્ત્યધ્વગાનામ્,
નમોઽવારપારાય સૂક્ત્યાપગાનામ્ ।
વિહારૈર્નમઃ પાવિતોર્વીતલાય, ન૦ ॥૧૦૨॥

નમો દ્વાદશાઙ્ગીનદીભૂધરાય,
નમઃ સપ્તભઙ્ગીચમૂદુર્ધરાય ।
નમસ્તે પ્રમાણોપપન્નાગમાય, ન૦ ॥૧૦૩॥

નમો બુદ્ધતત્ત્વાય તદ્બોધકાય,
નમઃ કર્મમુક્તાય તન્મોચકાય ।
નમસ્તીર્ણજન્માબ્ધયે તારકાય, ન૦ ॥૧૦૪॥

નમો લોકનાથાય લોકોત્તમાય,
નમસ્તે ત્રિલોકપ્રદીપોપમાય ।
નમો નિર્નિદાનં જનેભ્યો હિતાય, ન૦ ॥૧૦૫॥

નમઃ પાવનેભ્યોઽપિ તે પાવનાય,
નમઃ સિદ્ધિયોગૈઃ (ગે) કૃતોદ્ભાસનાય ।
નમો દત્તનિઃશેષજીવાભયાય, ન૦ ॥૧૦૬॥

નમોઽન્તર્મુહૂર્ત્તાવશિષ્ટે યતાય,
નમઃ સારશૈલેશ્યવસ્થોચિતાય ।
નમસ્તે ચતુઃ કર્મતુલ્યાંશતાય, ન૦ ॥૧૦૭॥

નમસ્તે ક્રમાદ્રુદ્ધયોગત્રયાય,
નમો લેશ્યયા શુક્લયાઽપ્યુજ્ઝિતાય ।
નમઃ પૂર્ણશુક્લાન્ત્યભેદદ્વયાય, ન૦ ॥૧૦૮॥

નમસ્તે વિશુદ્ધયા મહાનિર્જરાય,
નમોઽશીતિયુક્પઞ્ચકર્મોત્કિરાય ।
નમસ્તે ત્રિભાગોનદેહોચ્છ્રયાય, ન૦ ॥૧૦૯॥

નમસ્તે પતત્કાર્મણૌદારિકાય,
નમોઽનાદિસમ્બન્ધમુક્તાણુકાય ।
નમસ્તત્ક્ષણાપ્તસ્થિરસ્થાનકાય, ન૦ ॥૧૧૦॥

નમસ્તત્ર ગત્યાઽસ્પૃશન્ત્યા ગતાય,
નમઃ સિદ્ધબુદ્ધાય પારઙ્ગતાય ।
નમઃ સાદ્યનન્તસ્થિતિસ્થાયુકાય, ન૦ ॥૧૧૧॥

નમો વીતસંસારસત્તાકથાય,
નમો નિર્જરાજન્મમૃત્યુવ્યથાય।
નમઃ શાશ્વતાયામલાયાચલાય, ન૦ ॥૧૧૨॥

નમઃ કેવલજ્ઞાનદગ્લક્ષણાય,
નમોऽનુક્રમૈકૈકબોધક્ષણાય।
નમો જ્ઞાતદૃષ્ટાખિલાર્થપ્રથાય, ન૦ ॥૧૧૩॥

નમસ્તેऽનુપાખ્યેયસૌખ્યાહ્વયાય,
નમઃ સ્વોત્થિતાનન્તવીર્યોદયાય।
નમોऽર્વાગ્દશાં વાઙ્મનોऽગોચરાય, ન૦ ॥૧૧૪॥

નમો દેહભૃદ્દેહદેવાલયાય,
નમસ્તેऽત્ર ચૈત્યાય ચૈતન્યમૂર્ત્યા।
નમઃ સ્વાવિભેદેન દક્ષેક્ષિતાય, ન૦ ॥૧૧૫॥

નમો નિર્વિકારાય નીરઞ્જનાય,
નમો યોગિલક્ષ્યાય નિર્વ્યઞ્જિતાય।
નમસ્તેऽનુમાનોપમાનાતિગાય, ન૦ ॥૧૧૬॥

નમઃ સ્થાપનાદ્રવ્યનામાત્મકાય,
નમસ્તે પુનાનાય કાલત્રયેऽસ્માન્।
નમો ભાગધેયાય ભવ્યાઙ્ગભાજાં, ન૦ ॥૧૧૭॥

નમસ્તે પ્રભો ! શ્રીયુગાદીશ્વરાય
નમસ્તેऽજિતાય પ્રભો ! સમ્ભવાય।
નમો નાથ ! સૈદ્ધાર્થતીર્થેશ્વરાય, ન૦ ॥૧૧૮॥

નમો માઙ્ગલીયસ્ફુરન્મઙ્ગલાય,
નમસ્તે મહઃ સદ્મપદ્મપ્રભાય।
નમસ્તે સુપાર્શ્વાય ચન્દ્રપ્રભાય, ન૦ ॥૧૧૯॥

નમઃ પુષ્પદન્તાય તે શીતલાય,
નમઃ શ્રીજિતેન્દ્રાય તે વૈષ્ણવાય।
નમો વાસુપૂજ્યાય પૂજ્યાય સદ્ભિઃ, ન૦ ॥૧૨૦॥

નમઃ શ્યામયા સુપ્રસૂતાય નેતઃ,
નમોઽનન્તનાથાય ધર્મેશ્વરાય।
નમઃ શાન્તયે કુન્થુનાથાય તુભ્યં, ન૦ ॥૧૨૧॥

નમસ્તેઽપ્યરાખ્યેશ ! નમ્રામરાય,
નમો મલ્લિદેવાય તે સુવ્રતાય।
નમસ્તે નમિસ્વામિને નેમયેઽર્હન્ !, ન૦ ॥૧૨૨॥

નમસ્તે પ્રભો ! પાર્શ્વવિશ્વેશ્વરાય,
નમસ્તે વિભો ! વર્દ્ધમાનાભિધાય।
નમોઽચિન્ત્યમાહાત્મ્યચિદ્વૈભવાય, ન૦ ॥૧૨૩॥

નમસ્તેઽવસર્પિણ્યભિખ્યેઽત્ર કાલે,
નમસ્તે ચતુર્વિંશતાવર્ચિતાઙ્ઘ્રે।
નમઃ કેવલજ્ઞાનિમુખ્યાહ્વયાય, ન૦ ॥૧૨૪॥

નમોઽનાગતોત્સર્પિણીકાલભોગે,
ચતુર્વિંશતાવેષ્યદાર્હન્ત્યશક્ત્યૈ।
નમઃ સ્વામિને પદ્મનાભાદિનામ્ને, ન૦ ॥૧૨૫॥

દશસ્વપ્યથૈવં નમઃ કર્મભૂષુ,
ચતુર્વિંશતૌ તે નમોઽનન્તમૂર્ત્ત્યૈ।
નમોઽધ્યક્ષમૂર્ત્ત્યૈ વિદેહાવનીષુ, ન૦ ॥૧૨૬॥

નમસ્તે પ્રભો ! સ્વામિસીમન્ધરાય,
નમસ્તેઽધુનાર્હન્ત્યલક્ષ્મીવરાય।
નમઃ પ્રાગ્વિદેહાવનીમણ્ડનાય, ન૦ ॥૧૨૭॥

નમસ્તેઽધુના દગ્વિદેહોદ્ગતાય,
નમસ્તે દશદ્વૈતદેવાદ્ભુતાય ।
નમઃ સન્તતપ્રાતિહાર્યાષ્ટકાય, ન૦ ॥૧૨૮॥

નમો ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાશ્વતાય,
નમસ્તે ત્રિલોકીસ્થિરસ્થાપનાય ।
નમો દેવમર્ત્યાસુરાભ્યર્ચિતાય, ન૦ ॥૧૨૯॥

નમઃ સ્વર્વિમાનેષુ દેવાર્ચિતાય,
નમો જ્યોતિષ્કેષ્વિન્દુસૂર્યૈર્નતાય ।
નમોઽથાપિ નમ્રાસુરવ્યન્તરાય, ન૦ ॥૧૩૦॥

નમોઽલઙ્કૃતસ્વેષ્ટભૂભૃદ્વરાય,
નમો વ્યાપ્તનિશ્શેષશસ્યાસ્પદાય ।
નમઃ સર્વવિશ્વસ્થિતિસ્થાપકાય, ન૦ ॥૧૩૧॥

નમસ્તીર્થરાજાય તેઽષ્ટાપદાય,
નમઃ સ્વાર્ણરત્નાર્હદર્ચાસ્પદાય ।
નમસ્તે નતશ્રાદ્ધવિદ્યાધરાય, ન૦ ॥૧૩૨॥

નમસ્તીર્થસમ્મેતશૈલાહ્વયાય,
નમો વિંશતિપ્રાપ્તનિઃશ્રેયસાય ।
નમઃ શ્રવ્યદિવ્યપ્રભાવાશ્રયાય, ન૦ ॥૧૩૩॥

નમશ્ચોજ્જયન્તાદ્રિતીર્થોત્તમાય,
નમો જાતનેમિત્રિકલ્યાણકાય ।
નમઃ શોભિતોદ્ધારસૌરાષ્ટ્રકાય, ન૦ ॥૧૩૪॥

નમસ્તેઽર્બુદાયાપ્તચૈત્યાર્બુદાય,
નમો ભવ્યહૃત્કેકિલોકામ્બુદાય ।
નમઃ પ્રાચ્યવંશેભ્યકીર્તિધ્વજાય, ન૦ ॥૧૩૫॥

નમસ્તે પ્રભો ! પાર્શ્વશઙ્ખેશ્વરાય,
નમસ્તે યશોગૌરગોડીધરાય ।
નમસ્તે વરકકાણતીર્થેશ્વરાય, ન૦ ॥૧૩૬॥

નમસ્તેઽન્તરિક્ષાય વામાઙ્ગજાય,
નમઃ સૂરતસ્થાય તે દિગ્ગજાય ।
નમો નાથ ! જીરાઉલીમણ્ડનાય, ન૦ ॥૧૩૭॥

નમો દેશપૂર્યાદિનાનાહ્વયાય,
નમો ધ્યેયનામ્ને મહિમ્નાઽવ્યયાય ।
નમસ્તે કૃતારિષ્ટદુષ્ટક્ષયાય, ન૦ ॥૧૩૮॥

નમો વર્દ્ધમાનપ્રભોઃ શાસનાય,
નમસ્તે ચતુર્વર્ણસઙ્ઘાય નિત્યમ્ ।
નમો મન્ત્રરાજાય તે ધ્યેયપઞ્ચ !, ન૦ ॥૧૩૯॥

નમો જૈનસિદ્ધાન્તદુગ્ધાર્ણવાય,
નમોઽનેકતત્ત્વાર્થરત્નાશ્રયાય ।
નમો હૃદ્યવિદ્યેન્દિરાસુન્દરાય, ન૦ ॥૧૪૦॥

નમો દર્શનજ્ઞાનચારિત્રશુદ્ધ્યૈ,
નમો ભવ્યસર્વોપધાપાપ શુદ્ધ્યૈ ।
નમો ભાવનિર્ગ્રન્થતથ્યક્રિયાયૈ, ન૦ ॥૧૪૧॥

નમઃ શ્રાદ્ધધર્માય દાનોત્તમાય,
નમસ્તે ચતુર્વર્ગસિદ્ધિક્ષમાય ।
નમસ્તે ચતુઃશાલકલ્પદ્રુમાય, ન૦ ॥૧૪૨॥

નમો જૈનવાગીશ્વરીદેવતાયૈ,
નમો વૈનયિક્યા સુધીસેવિતાયૈ ।
નમો વાઙ્મયામોઘપીયૂષવૃષ્ટ્યૈ, ન૦ ॥૧૪૩॥

નમસ્કાર એકોઽપિ ચેત્તીર્થનેતુ,
ર્જનાંસ્તારયત્યેવ સંસારવાર્દ્ધેઃ ।
તદેતત્સહસ્રં પુનઃ કિં ન હન્યાત્,
નૃણાં કિલ્બિષં ભૂંરિજન્માન્તરોત્થમ્ ॥૧૪૪॥
તથા ચાહુઃ-
ઈક્કો વિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ ।
સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ॥૧૪૫॥
સ્તવોઽયં પ્રાતરુદિત-સ્તમસ્સ્તોમચ્છિદર્હતામ્ ।
નમસ્કારસહસ્રેણ, સહસ્રકિરણાયતામ્ ॥૧૪૬॥
સહસ્રકિરણસ્યેવ, સ્તવસ્યાસ્ય પ્રભાવતઃ ।
દૂરે દોષાઃ પલાયન્તે, પુણ્યાહઃ પ્રકટો ભવેત્ ॥૧૪૭॥
સ્થિત્વા વર્ષારાત્રં, ગન્ધારે ક્ષ્માગ્નિસંયમમિતેઽબ્દે (૧૭૩૧)
શ્રીવિજયપ્રભસૂરિ-પ્રસાદતઃ સ્તોત્રમિદમુદિતમ્ ॥૧૪૮॥
શ્રી હીરહીરવિજયાહ્વયસૂરિશિષ્ય-
શ્રીકીર્તિકીર્તિવિજયાભિધવાચકાનામ્ ।
શિષ્યેણ ઢૌકિતમિદં ભગવત્પદાગ્રે,
સ્તોત્રં સુવર્ણરચિતં વિનયાભિધેન ॥૧૪૯॥
॥ ઈતિ મહામહોપાધ્યાયશ્રીવિનયવિજયવાચકપુઙ્ગવવિરચિતં
શ્રી જિનસહસ્રનામ સ્તોત્રં સમ્પૂર્ણમ્ ।

## આધ્યાત્મિક ભજનો

અહીંથી શરૂ થતા ૩૧ આધ્યાત્મિક ભજનો ઉચ્ચ આત્મદશાને પામેલા કચ્છ બિદડાના ગોમતીબાઈને કોઈ અગમ્ય ઈશ કૃપાથી અનાયાસે અચાનક સ્ફુરેલા પરાવાણીના આધ્યાત્મિક ભજનો છે.

તેઓ પોતે નિરક્ષર હોવાથી લખી-વાંચી શકતા ન હતા.

પરંતુ આત્મિક નિર્મળતાને કારણે, પૂર્વજન્મની વિશિષ્ટ સાધનાના પરિપાક સ્વરૂપે કેટલીકવાર અચાનક તેમના મુખમાંથી ધારાબધ્ધ રીતે ઉચ્ચ આધ્યાત્મિક ભજનો સરી પડતા. હાજર રહેલ કોઈ સત્સંગી લખી લે તો ઠીક. નહતિર એમને એમ એ ભજનો બોલાઈ જતા.

આવા સેંકડો ભજનોમાંથી અહીં ૩૧ ભજનોનું સંકલન કરવામાં આવ્યું છે. મારી મુમુક્ષુ અવસ્થામાં મારી હાજરી વખતે પણ એક ભજન અચાનક સરી પડેલ તે મેં નજરે જોયું છે. -સંપાદક

## (૧)

### પ્રેમે રે પ્રભુને પંથે ચાલજો

પ્રેમે રે પ્રભુને પંથે ચાલજો, છોડી માયાનો પ્રપંચ;
હેતે રે હરિરસ પીજીએ.
શું રે મોહ્યો આ સંસારમાં, જેનો રંગપતંગ;
નથી રે ભરોસો આ દેહનો, જાતાં નહિ લાગે વાર. પ્રેમે રે .૧

મોંઘો રે માનવતાનો દેહ છે, ફરી ફરી નાવે તારો દાવ;
જીતી રે બાજી નવ હારશો, તત્ત્વનો કરી લ્યો વિચાર. પ્રેમે. ૨

લક્ષ ચોરાશી જન્મ પામીયો, કષ્ટ પામ્યો પારાવાર;
પ્રભુની કૃપાએ જીવ તું જાગીયો, મનુષ્ય દેહ આપ્યું નાવ . પ્રેમે રે. ૩

ખટપટ બાજી તું મૂકી દે, અટપટો છે સંસાર;
ઝટપટ ભક્તિ તું સાધી લે; સાચો કરી સંત્સગ. પ્રેમે રે .૪

શુધ્ધ સનાતન તું આતમા, ભૂલ્યો નિજ સ્વરૂપ;
સ્થિર પ્રજ્ઞતાને પામવા, સમતા સાધન વિચાર . પ્રેમેરે .૫

સાધ્ય સાધન તારો આતમા, સાક્ષાત્કારે વિરામ;
જીવન મુક્તિ પદ પામીને, નિજાનંદે આરામ . પ્રેમે રે . ૬

(૨)

## સ્થિર પ્રજ્ઞા જાણોરે

સ્થિર પ્રજ્ઞા જાણો રે મન જ્યારે સમતા ગ્રહે;
સ્થિતિ એવી પ્રમાણો રે અખંડ સુખ જેમાં વહે.

મનમાં રહેલી કામના માત્રને બાળી નાખે તે વીર,
આત્મ સુખમાં તૃપ્ત રહે જે બનીને રહે ધીર;
અલૌકિક સુખ ભોગીરિ વિષય સુખ ના ચહેરે. સ્થિર.૧

દુઃખમાં જેનું ઉદ્વેગ રહિત મન સુખમાં સ્પૃહા રહિત,
રાગ ભયને ક્રોધ ગયા છે જેહનાં ધન્ય તેનું તે ચિત;
સ્થિતિ એવી પામો રે ત્યારે દુઃખ માત્ર દહે રે. સ્થિર . ૨.

શુભાશુભ પ્રસંગ પામીને ન કરે રાગને દ્વેષ,
ઈન્દ્રિય વેગ વાળે અંતરમાં સાવધ રહીને હંમેશ;
બાહિર ના ભટકે રે ઘણો કાળ અંતરમાં રહે રે. સ્થિર . ૩

રોગી જનોની ઈન્દ્રિયો જેમ વિષય સુખમાં નવધાય,
તેમ એ ધીર સમરથ છતાં વિષય સુખ કદી નવ ચાય;
અદ્ભૂત એની કરણી રે વાણી તેને ક્યાંથી કહે રે. સ્થિર . ૪

છલ્લોછલ ભરેલ સમુદ્રમાં જેમ નદીઓના નીર સમાય,
તેમ કામના માત્ર શમી રહે જેના અંતરમાં સદાય;
ધન્ય એવા વીરો રે એ તો પરમપદ સ્હેજે લહે રે. સ્થિર . ૫

સુખપ્રદ કરુણા છે ગુરુદેવની વિવેકી મન કરી લે વિચાર,
સમસ્ત આત્માનંદને પામવા કર દિન દિન અભ્યાસ;
હું ને મારું ગાળી રે કર સમાપ્ત સંસાર. સ્થિર . ૬

(૩)

## સુખ સ્વરૂપમેં સોજા

સુખ સ્વરૂપમેં સોજા બાબા, ક્યા જગને કા કામ હૈ;
ક્યા જગનેકા કામ હૈ, બંદે નહિ તુજે આરામ હૈ. સુખ. ૧

અનિત્ય કા સંગ તાપ જનક હૈ, કલેશ માત્રકા ધામ હૈ;
જાને તોબી સંગ ન ત્યાગે મૂરખ વાકા નામ હૈ. સુખ. ૨

બાહ્ય પદારથ મેં સુખ કો ખોજે, વહાં શૂન્ય પરિણામ હય.
ચેતી અંતર ખોજો પ્યારે, એહી સુખકા સ્થાન હય. સુખ. ૩

અધિષ્ઠાનસે ભિન્નવૃત્તિ, દુઃખ જનક તમામ હય;
દ્વિતીયાત્ વૈ ભયં ભવતિ, યહ દેખો શાસ્ત્ર પ્રમાણ હય. સુખ.૪

દ્વૈતદર્શન પાપ સમજના, વહાં ગૃહના ઉપરામ હય;
અનુભવ યુકિત સે અંતર ખોજો, યહ મેરી કરુણાકા ધામ હય.સુખ.૫

---

(૪)

## પ્રભુ હવે અમે દેહ ભાન ભૂલતા જશું

પ્રભુ હવે અમે દેહ ભાન ભૂલતા જશું;
ભુલતા જશું ને ભૂલાવતા જશું .... પ્રભુ હવે. ૧

અવિનાશી મુજ સ્વરૂપ સમજીને;
અજર અમર પદ માલતા જશું ...પ્રભુ હવે. ૨

દેહદ્રષ્ટિને દૂર કરીને;
આત્મ ઉપયોગી ચિત્ત સાધતા જશું ...પ્રભુ. ૩

ગામ નામ ઠામ ભ્રાન્તિ તજીને;
અરૂપી અક્ષય પદ માલતા જશું ...પ્રભુ. ૪

નામ રૂપ ગુણ તારા કરીને;
સ્વરૂપી સુરતાયુને સાધતા જશું ...પ્રભુ. ૫
નાશવંત જગતને નીરખીને;
અવિનાશી આત્માને ઉધ્ધારતા જશું ...પ્રભુ. ૬
જડતાની અતિ કઠણ બેડીને;
ચૈતન્ય હથોડેથી તોડતા જશું ... પ્રભુ. ૭
અજ્ઞાને અનંત કાળ ગુમાવ્યો;
ભ્રમણાની બેડીને ભાંગતા જશું ... પ્રભુ. ૮
બાહ્ય દૃષ્ટિ દૂર કરીને;
આંતર દષ્ટિ આરાધતા જશું ... પ્રભુ. ૯
ભકત ભાવે ભક્તિ કરીને;
ભક્તિ કરીને ભય હારતા જશું ... પ્રભુ. ૧૦

(૫)

## સખી રે પ્રેમ હોય ત્યાં હું જાઉં,

સખીરે પ્રેમ હોય ત્યાં હું જાઉં,
પ્રેમનો ભૂખ્યો પ્રેમનો તરસ્યો; પ્રેમ થકી હું ધરાવું...સખી ..૧

પ્રેમ વિના જ્યાં કંચન વર્ષે, ત્યાં હું કદી ન જાઉં ... સખી ... ૨

અંતરના જ્યાં પ્રેમ નિહાળું, ત્યાં હું માગી માગી ખાઉં..સખી..૩

પ્રેમ થકી જે મુજને બોલાવે, ત્યાં હું દોડી દોડી જાઉં. સખી .૪

અન્યોન્યના પ્રેમીઓ માટે, માર અને ગાળ હું ખાઉં..સખી..૫

એક જ મુજને પ્રેમનું બંધન, પ્રેમ થકી હું બંધાવું.. સખી ... ૬

આતમનો સ્વામી પ્રેમે રે પરવશ, પ્રેમની આંખે દેખાઉં.સખી.૭

(૬)

## પ્રભુ મારી પાસમાં રેજો

પ્રભુ મારી પાસમાં રેજો, માગું મને એટલું દેજો.
સાંજ સવારે આરતી વેળાએ આવજો સુંદીર શ્યામ,
અંતર આંખ ઉઘાડજો મારી આતમના એ રામ;
કે'વાનું કાનમાં કહેજો ... માગું મને ... ૧

આખા દહાડામાં એક ઘડી પણ થાય રૂડો સત્સંગ,
રાત દહાડો રહું વ્યવહારમાં પણ લાગે ન માયાનો રંગ;
આઠે પહોર આનંદ દેજો ... માગું મને ... ૨

સમાન ભાવ રહે સૌ જીવો પર દ્વૈતપણું નવ થાય,
હું પદ હૈયામાં પેસે નહિને, ભક્તિ તારી ન ભૂલાય;
મારું મન સંકટ સહેજો ... માગું મને ...૩

બુધ્ધિ મારી બદલાય નહિને, કરું ન કોઈનો દ્વેષ,
નાટક વેષે રહું છતાં પણ ભૂલું ન મારો વેષ;
મારું મન ધીરજ ધરજો ... માગું મને ...૪

મારે દેહનું આખર વેળાએ થવાનું હોય તે થાય,
સગા નહિ પણ સંતોનો મેળો, ગુણ ગોવિંદના ગવાય;
ચત્રભોજ શરણે લેજો ... માગું મને ... ૫

(૭)

## ઈષ્ટ વિણ સમરવું નથી

ઈષ્ટ વિણ સમરવું નથી ચિત્તે કાંઈ ધરવું નથી;
હવે તો મહાપદ માં વિરામવુંજી.

ભવમાં હવે ભમવું નથી દુઃખમાં રડવું નથીજી;
હવે તો સહજ સુખમાં માલવુંજી ... ૧ ...

મિથ્યા આ સંસારનું કરવો ઘટે નહિ સંગજી;
કાં જે વિનાશીના સંગથી, મળતું નહિ સુખ અભંગજી..ઈષ્ટ..૨

સુખ સાધનો જોયા ઘણા, પણ છે દુઃખના ભંડારજી;
તેમ સગા સંબંધી સર્વએ છે માયાનો પરિવારજી...ઈષ્ટ...૩

તૃષ્ણા રૂપી રોગ વાધ્યો, ભોગવતાં ક્લિષ્ટ ભોગજી;
પણ સંતોષ યોગ સાધ્યો નહિ, સંતાપ પામ્યો પારાવાર જી.ઈષ્ટ.૪

અનાદિ કાળથી દશ્યમાં ભમતો આવ્યો જીવજી;
લેશ સુખ પામ્યો નહિ પણ પામ્યો દુઃખ તીવ્રજી... ઈષ્ટ ...૫

ઘણો કાળ સેવ્યા વિષયોને, ઈંદ્રિયો પામી મોહજી;
દોષ દર્શન કરાવી હવે પ્રગટાવું, એમાં દ્રોહજી... ઈષ્ટ ...૬

ઉપરામ પામે ઈંદ્રિયો, મન પણ આવે હાથજી;
ક્રમેક્રમે અભ્યાસથી છોડાવું, દ્રશ્યનો સંગાથજી... ઈષ્ટ ...૭

ઝટ જાવું છે સ્વદેશમાં, જ્યાં સુખ રહ્યું છે પારાવારજી;
શરણાગતનો રક્ષણ કરવા, પ્રભુ આપે ધર્યા છે અવતારજી.ઈષ્ટ.૮

વિનીતભાવથી પ્રણામ કરી યાચું કૃપાની છાંયજી;
કરુણા દષ્ટિ વર્ષાવી પ્રભુ ગ્રહોને, ભક્તોની બાંહ્યજી.. ઈષ્ટ..૯

સુખશાંતિ રહી બ્રહ્મ પ્રદેશમાં, આપે કર્યો છે જે નિર્દેશજી;
વસવું ત્યાં જઈ હવે હંમેશ એવો મારો છે નિશ્ચયજી.. ઈષ્ટ..૧૦

બ્રહ્મ પ્રદેશમાં ગમન કાજે પ્રયાણ કરી સાધું હવે સાજજી;
પણ થાકે નહિ મારો અશ્વરાજ, પ્રભુ થાપડો એની પીઠજી.ઈષ્ટ.૧૧

(૮)

## પ્રભુને હેતે સમરો

પ્રભુને હેતે સમરો શ્રી સદ્‌ગુરુ શિખ્યો સુખ પામવારે;
સુખ પામવા દુઃખ વામવા રે ... પ્રભુને ...૧

વારંવાર વિષયોના સેવનથી શું સુખ સાધ્યું જુઓ આ મનથી;
હજી ચેતો તો છે અવસર સુખ સાધવા રે ... પ્રભુને ...૨

વિષયોમાં નથી સુખ કદાપી, બળથી લઈશું દોડો;
સુખ એની પાસે ક્યાંછે, તને આપવારે ... પ્રભુને ...૩

સુખ ખરું છે અંતરમાંહિ, છતાં શું ભટકો છો મૃગજળમાંહિ;
ફરી જોશો ત્યારેજ સુખના દિન આવવારે ... પ્રભુને ...૪

ચંચળ મનને દૂર કરીને બાહિર વસ્તુને ભૂલી જઈને;
હરિધ્યાનમાં મસ્તથવું અખંડ સુખ પામવારે ... પ્રભુને ...૫

કામી જેમ વિષય સુખ માટે, અર્પેછે શિર પણ શાટે;
પ્રીતિ રાખવી એવી પ્રભુને હૃદયમાં પામવારે ... પ્રભુને ...૬

પ્રભુને હૃદયમાં ભાળી પ્યારા છોડો વૃથા આ દુઃખના ભારા;
વૃત્તિમાં પ્રિયતમ પ્રભુ એક જ નિહાળવવારે ... પ્રભુને ...૭

નાથ વચનનું પાલન કરવા, આ ભવ સાગર સુખે તરવા;
અખંડ જાગૃતિ રાખવી અનુભવ આનંદ પામવા રે..પ્રભુને ..૮

(૯)

## અંતર દૈવી ગુણો ધારીએ

અંતર દૈવી ગુણો ધારીએ વિકારોથી ના કદી હારીએ રે,

શિષ્યો કહેવાયા સદ્‌ગુરુજીના નામ ધરાવ્યા વળી સાધક ના;
દાસ બનીએ હું સ્વભાવના તો શૂરપણું ક્યાંથી લાવીએ રે .૧.

શૂરપણું લાવી સન્મુખ લાડવા શત્રુ સર્વનો પરાજય કરવા;
સમતા સાધન સર કરવા, રિપુ દળ સંહારવારે.. ૨ ..

પાપી કામનો સંગ થાય કેમ , એ છે મલીન કુંડના કૃમિનીજેમ;
નરકનો દ્વાર ગીતા કહે છે એમ, સંગ એનો રે ત્યાગીએરે.૩..

ક્રોધ ચંડાલનો સ્પર્શ થાયે, પુણ્ય કર્મને એ બહુ ખાયે;
અંતરમાં પરિતાપ પમાયે, આશ્રય એને નવ આપીએ .. ૪..

લોભ સદા જે રાખે ગુંચાવી, અનિત્યમાં બહુ મમતા ઉપજાવી;
હસ્યા કરે વશ વર્તાવી, સાવધ થઈ સંભાળીએ રે .. ૫ ..

અન્ય વિકારો સઘળા જોજે, શત્રુરૂપ સમજી તજીએ તેને;
અંતરથી અળગા કરીએ, વિવેક તાપે સહુ બાળીએ રે.. ૬ ..

હું પદ નામ યજ્ઞમાં હોમી, કરવી વિશુધ્ધિ અંતર ભણી;
વૃત્તિ લક્ષાર્થે સંકેલી, અભય પદ પામવારે .. ૭ ..

નિષ્કામ કર્મથી ચિત્ત શુધ્ધિ થાશે, ઉપાસનાથી સ્થિર બુધ્ધિ થાશે;
ચિત્ત નિરોધ થાશે ત્યારે, કુંડલીની જાગશેરે .. ૮ ..

દૈવી ગુણ છે ગુણ મય ભારે, નિજ સ્વરૂપની ઝાંખી કરાવે;
અંતર ઉર્મિ પ્રગટાવે, આત્મ અનુભવ પામવારે .. ૯ ..

આત્મ અનુભવ જ્યારે થાશે, વૃત્તિ સઘળી વિરમી જાશે;
દેહ ભાન ભૂલાશે, પ્રશાંત જ્યોતિ જાગશે રે.. ૧૦ ..

નાથ કૃપા છે અદ્દભુત ભારી, પરમ શાંતિ ઉર પધરાવે;
જન્મ મરણને ટાળી, અખંડ સુખ આપશે રે .. ૧૧ ..

(૧૦)

## સાધક સાધન સાધી રે

સાધક સાધન સાધી રે, ચાલો નિજ દેશ ભણી;
અખંડ પદ પામોરે, મુસાફરી થઈ છે ઘણી ...૧

વ્યામોહને પામીને, ન કરજે તું અવળા વિચાર,
આ સ્થૂલ દેહથી મુકત થવાને, કરજે સત્યનો વિચાર;
મોહ મમત્વને ત્યાગોરે. સાધક સાધન ...૨

નર્ક સમાન આ દેહમાં, જે જન ધરશે અનુરાગ,
નિશ્ચે તે જન નરકે જશે, મંદ મતિ ગમાર;
માટે સમજ ઉર લાવો રે. સાધક સાધન ...૩

કામ મહારિપુ મારજે, ધરી વૈરાગ્યનો હથિયાર,
ટુકડે ટુકડા કરી પૂરા, ને ફેંકી દેજે ઝટ બહાર;
પછી કાંઈ નથી પરવા રે સાધક સાધન ...૪

ક્રોધ ક્રૂર છે અતિ ઘણોને, સાવધતા હરનાર,
ક્ષમા ખડ્ગ ધરવા થકી નિશ્ચે તે મરનાર;
વિજય પદને વરવા રે. સાધક સાધન ...૫

લોભ તો અકરાંતિયો છે, કેમે કરી નહીં મરનાર,
નિસ્પૃહતા ઢાલ ધરી રૂડી, કરજે તેને તું ઠાર;
મહામતિ ને ધરવારે. સાધક સાધન ...૬

મોહ બડો પરાક્રમી ને, પાથરે બહુ જાળ,
વિવેક કવચ ધરી રૂડું ને પ્રપંચ એના તું ખાળ;
કંટક આ દૂર કરવારે. સાધક સાધન ...૭

મદની પીડા છે કારમી ને, ભુલાવશે બહુ ભાન,
મિથ્યા સમજથી વશ કરી લેશે પણ હણી દેજે તત્કાલ;

અહંભાવ વિસરવા રે. સાધક સાધન ...૮

મત્સર આપે તાપ બહુ ને, શ્રમથી દૂર થનાર,
મૈત્રી આદિ શુભ ભાવથી તેને, અંતરમાંથી નિવાર;
બ્રહ્મભાવ વિસ્તારવારે. સાધક સાધન ...૯

ખટપટ રિપુને સંહારતાને, ટળશે દૈન્યપણાંનું દુઃખ,
સુખ સામ્રાજ્ય પદને પામતાં, ટળશે અવિનાશી ભૂખ;
અનુપમ રસ ઉર ભરવારે. સાધક સાધન ...૧૦

નિર્ભય પદ છે અવિનાશીનો, ને ત્યાં છે અચ્યુતનો પ્રકાશ,
માટે તત્ પદ છે ત્વં પદ ત્યાગીને અસિપદમાં વિરામે;
કૈવલ્ય પદને પામોરે. સાધક સાધન ...૧૧

---

(૧૧)

## કૃપા કરી પ્રભુજી ગ્રહો મુજ બાંહ્ય

કૃપા કરી પ્રભુજી ગ્રહો મુજ બાંહ્ય,
અરજી મારી પાઠવું ચરણ કમળની માંયે;
ઘણા વર્ષ થયા પ્રભુ હું, શરણે આવ્યો છું તોયે,
ઈચ્છિત પદ પામ્યો નથી મન મારું બહુ રોયે. કૃપા ..૧

સત્યાર્થે વર્ષો ગાળ્યા પ્રભુ આ તનુ મંદિર માંયે;
આત્મ દેવ નિહાળ્યા નહિ, અચરજ બહુ થાયે. કૃપા ..૨

આત્મદેવ રહ્યા અંતરમાંહિ, વૃતિ ખેલી રહી છે બાહ્યે;
ક્યાંથી દર્શન થાયે, પછી સમજું મન માંહિ. કૃપા ..૩

બાહ્ય વિષયના મોહને છોડે નહિ મન જરાયે,
ભોગવતાં ન ધરાયે જીવન ચાલ્યું જાયે. કૃપા ..૪

દુઃખ દાતા છે વિષયો બહુ ભારી, ઘેલું મન ત્યાં ભમે છે;
હવે શ્યો કરવો ઉપાય. કૃપા ..૫

ગતિ ગહન પ્રભુજી તમારી, એમાં પહોંચે નહિ મતિ અમારી;
માટે કરુણા કરી અનરથ માત્રથી લેજો ઉગારી. કૃપા ..૬

મુજ મનરથની દોરી, પ્રભુજી ગ્રહજો તુમ કર માંહિ;
તેને ચલાવજો અંતર જાણી, યાચું નમી નમી લાગું પાયે. કૃપા.૭

(૧૨)

## મન તું સહનશીલતા કરી લે ભાવે

મન તું સહનશીલતા કરી લે ભાવે;
ડગવું નહિ કદિ દુઃખ ગમે તેવું આવે ..મન તું..૧

સાધના અર્થે કદી ત્યાગ કરવો પડે, અન્ન જળનો પણ દાવો;
પ્રાણ તથા દેહ વ્યગ્ર ન થાઓ, સ્થિતિ એવી ઉપજાવો.મનતું.૨

જાગરણ કરવા પડે કદી લેવા, સેવા સાધન તણો લાવો;
ઊંઘ કે આળસ લેશ કર્યા વિણ, પ્રયત્ન અખંડ ચલાવો.મનતું.૩

ભય ન પામવું કોઈ સ્થળે, દેખી વિધ વિધ દેખાવો;
આકાશે ગંધર્વ નગર જેવું જાણી, પ્રગટાવો ઉચ્ચ ભાવો.મનતું.૪

કામ અરિ તુજ દષ્ટિ સમીપ કરે, નિજ સૈન્યનો જમાવો;
પ્રગટ કર તવ મન ઈન્દ્રિયતણા, જડરૂપ સ્વભાવો..મનતું..૫

સહનશીલતા સિધ્ધ થયેથી, થાશે દુઃખ નામનો ભૂલાવો,
પ્રભુ કૃપાથી અનુભવવું, જ્યાં ત્યાં સુખ તણો ફેલાવો.મનતું.૬

ઉતમ દેહ મનુષ્યનો મળે નહિ વારંવાર;
તત્વજ્ઞાન ઉપજાવી અંતરે, પામવો ભવનો પાર ..મન તું..૭

સત્સંગ નિત્ય કરવા થકી, થાશે તત્વજ્ઞાનની જાણ;
સાધન પર પ્રગટશે અતિ પ્રીતિ એ છે સુખની રે ખાણ.મનતું.૮

(૧૩)

## આત્મ પ્રદેશે મ્હાલો રે સાધક પ્યારા

આત્મ પ્રદેશે મહાલો રે સાધક પ્યારા, આત્મ પ્રદેશે મહાલો રે
સંસાર સુખમાં રાચી પ્યારા, શું સુખ લીધું જુઓ તપાસી;
ત્યાં મનને વૃથા નવ ઘાલો રે ..સાધક..૧

સંસારનું સુખ છે એવું, ઝાંઝવાના નીર જેવું;
ઉદય અસ્ત થાય એવું રે ..સાધક..૨
ભવમાં સાધક ઘણું તમે ભટક્યા, સત્ય સુખ હજી નથી પામ્યા;
છે ઘટમાં અમૃત પ્યાલો રે ..સાધક..૩

બાહ્ય વૃત્તિને સ્થિર કરીને, વિવેક વૃત્તિ જાગૃત કરીને;
વૈરાગ્ય વૃત્તિ ઉરમાં ધારો રે ..સાધક..૪

મનોનિગ્રહ જ્યારે થાશે, ઈન્દ્રિયો ઉપરામ ત્યારે થાશે;
ચિત્તવૃત્તિનો નિરોધ થાશે રે ..સાધક..૫

કૃપા ગુરુજીની છે પૂરી, પણ શ્રદ્ધા સાધકની છે અધૂરી;
માટે દૃઢ નિશ્ચય ઉરમાં ધારોરે ..સાધક..૬

ભક્તિ તો નિર્વૈરી કરવી, વૈર વૃત્તિ તો છોડી દેવી;
અંખડ શાન્તિ અંતરમાં ધરવી રે ..સાધક..૭

ચેતો નહીં તો બહુ દુઃખ થાશે, જન્મ મરણનાં ફેરા પડશે;
અમૂલ્ય અવસર એળે જાશે રે ..સાધક..૮

આત્મ અનુભવથી મનને રંગી, થાઓ સદાએ સુખના સંગી;
પછી એ સુખ બાહિર ફેલાવો રે ..સાધક..૯

અહં મમત્વ જ્યારે મરશે, બ્રહ્મ સ્વરૂપની પ્રાપ્તિ થાશે;
અપરોક્ષ અનુભવ અંતરમાં થાશે ..સાધક..૧૦

તન મન ધન જ્યારે અર્પણ થાશે, સદ્‌ગુરુ કૃપા પૂરણ થાશે;
પ્રભુ મય જીવન ત્યારે થાશે ..સાધક..૧૧

સમત્વ દશા ત્યારે થાશે, જ્યારે દષ્ટિકોણ બદલી જાશે;
મુક્ત દશાનો અનુભવ ત્યારે થાશે રે ..સાધક..૧૨

નાથ વચન છે અતિ હિતકારી, સાધક પ્યારા જુઓ વિચારી;
કૈવલ્ય પદના થાઓ અધિકારી રે ..સાધક..૧૩

(૧૪)

## લગની મને લાગી રે પ્રભુજીના નામની

લગની મને લાગી રે પ્રભુજીના નામની રે જી,
અંતર વૃત્તિ જાગી રે ગુરુજીના જ્ઞાનથી રે જી,
ધૂન બોલતાં ધ્યાન લાગી ગયું ને, દેહ દષ્ટિ થઈ અલોપાત,
અંતર દષ્ટિ ઉઘડી ભાળી બ્રહ્મનોજ વિલાસ;
એવી પ્રેમ જ્યોત જાગીરે, ઠેરાણી ત્યાં મનની વૃત્તિજી.લગની.૧

અનુભવ પાંખે ઉડીયાને, નિરાલંબ તત્ત્વમાં થયું ગમન,
અહં સોહં અભિન્નતા માંય ને મળી ગયું આ મન;
એવી ઝીણી જાણકારી રે બ્રહ્મનાદ થતી જી..લગતા..૨

ચંદ્ર-સૂરજની ગતિ નહિને, નહિ ત્યાં વીજ તારાનો પ્રકાશ,
દિવ્ય ઘન આનંદ શાંતિ અતિ ને, જ્યોતિ તણોજ પ્રકાશ;
તિહાં સાધન સાધતા રે, વિરલા કોઈ યોગી અતિ જી.લગની.૩

એવી લીલા અવિનાશીની, નીરખી થયો છે આનંદ,
પ્રેમ સાગર માંહિ, ઝીલતાં ને વર્ણવતાં આ વાર;
એવી ઝગમગ જ્યોતિ જાગીરે, વીરમી ગઈ ત્યાં મનની વૃત્તિજી.

..લગની..૪

મન, વાણી ત્યાં પહોંચે નહિ, ને વૈખરી ન કરી શકે વર્ણન;
કરુણા થઈ દાસ ઉપરેને, પ્રભુજી થયા છે જ પ્રસન્ન..
એ ભકતો તમે જાગી જોજો રે; મહાસુખ સહેજે મલ્યું. લગની.૫

સત્તા છે આ પ્રભુજીની તે લખી લ્યો આવાર,
વખતે વીતે નહિ ભલા ને સત્ય વસ્તુ છે નિરધાર;
એ શાણા તત્ત્વ સમજોરે આતમ વિચાર કરીજી
લગની મને લાગી રે, પ્રભુજીના નામની જી રે;
અંતર વૃત્તિ જાગી રે, ગુરુજીના જ્ઞાન થી જી રે ...૬..

---

(૧૫)

## પ્રભુ કહે ધીરજ ધરજો

પ્રભુ કહે ધીરજ ધરજો સ્થિર વૃત્તિથી સ્મરણ કરજો,
સંતપુરુષોનું શરણું ગ્રહીને, કર્મ કરવા નિષ્કામ;
માયાના બંધને બંધાશો નહિ, નહિ તો લાગશે નહિ ભક્તિનો રંગ,
આઠે પહોર આનંદ કરજો ..સ્થિર.. ૧

દૈવી જીવોને સંગ કરીને, ઓળખવા આતમરામ,
સ્વાનુભવે આનંદ કરીને, પામવા પૂરણ બ્રહ્મ;
ગુરુ વચનને અનુસરજો ..સ્થિર.. ૨

અલ્પ આયુષ્ય છે આજીવનનું, પણ છે ભવ તરવાનું નાવ,
શાણા જીવો સમજી લેજો, કરી આત્મ તત્ત્વનો વિચાર;
શુધ્ધ ભાવનું આચરણ કરજો ..સ્થિર.. ૩

ઘણાં જન્મોનાં પૂન્યથી કરીને, મળ્યો છે ઉત્તમ દેહ,
પર ઉપકારે પ્રેમ કરીને સ્વાર્થ રહિત સદાય;
દુઃખી જીવોને ધીરજ દેજો ..સ્થિર.. ૪

સત્વ ગુણોનો સ્વાંગ સજીને સત્વર થઈ જાઓ તૈયાર,
કરુણાધાર કિરતાર બનીને, ઉઘાડશે મોક્ષનો દ્વાર;
દિવ્યદેહે ત્યાં આનંદ કરજો. ..સ્થિર.. ૫

(૧૬)

## ઉડી જાને તું હંસા સ્વદેશમાં

ઉડી ઉડી જાને તું હંસા સ્વદેશમાં;
ભૂલીશ મા માયાના પ્રદેશમાં ..ઉડી.. ૧
હંસાનું સંગ પ્રિય સુખકર સ્વદેશમાં; માન સરોવર ચૂગે મોતીડા.ઉડી. ૨
કાચી આ કાયા મિથ્યા આ માયા; આડંબર દેખી ડગીશ મા ..ઉડી.૩
તારૂં તપાસ મૂળ શુધ્ધ સ્વરૂપ તું; નિશ્ચલવૃત્તિથી ડગીશ મા ..ઉડી..૪
સંતોનો સંગ સ્વરૂપમાં; અભેદ આનંદ તદ્રૂપમાં ..ઉડી..૫
આત્મ આનંદે નિશદિન રમીયે; બ્રહ્મ સ્વરૂપી બ્રહ્મ આનંદમાં.ઉડી. ૬

(૧૭)

## આત્મ અનુભવ કરો વીરા

આત્મ અનુભવ કરો વીરા, છોડી રે દશ્યનું સંગજી;
સદ્ગુરુજીનું શરણ ગ્રહી, સાધન કરો ધરી ખંતજી. ૧
આનંદમયતા સઘળે દીસે, થાયે નહીં કલેશનું ભાનજી;
એ જ આત્મ સાક્ષાત્કાર છે, સમજાય ગુરુજીની શાનજી.આત્મ. ૨
આત્મ સ્વરૂપે વૃત્તિ કરે, ચિત્ત જડ ગ્રંથિ ભેદાયજી;
બુધ્ધિ આદિ ના જડ ધર્મો, જ્યારે નિજમાં ન દેખાયજી.આત્મ.૩
વિષય તૃષ્ણા સમૂળી ટળે, પરમ વિતૃષ્ણ થવાયજી;
મનનો વેગ વધે સ્વરૂપમાં, સઘળે ચૈતન્ય ભળાયજી..આત્મ..૪

દેહ ઈન્દ્રિયો ક્રિયાકરે, તેના દૃષ્ટા રહેવાય જી;
અંત્યત અક્રિય નિજ રૂપનું, બોધ પ્રત્યક્ષ જ થાયજી..આત્મ..૫

પ્રશાન્ત તેજ ઝળહળી રહે, જ્યારે ધ્યાનની માંહ્યજી;
પ્રેમે વિરમવું ત્યાં સ્થિર થઈ, તુર્ત ફરવું નહી બહારજી.આત્મ.૬

(૧૮)

## આત્મ સ્વરૂપે સ્થિર થતાં

આત્મ સ્વરૂપે સ્થિર થતાં, વિલાય અનુકૂળ પ્રતિકૂળજી;
અભિમાને કર્મ પ્રમાણે આવી પડ્યા, આ સંસારની માંહ્યજી;
રાગદ્વેષ નવ ધારીએ, નિત્ય રહે નહીં કાંયજી ..અભિમાન..૨

પથિક સમાન આપણ સૌ, એહ નિશ્ચય મેં ધરીઓ જી;
કાળ નિર્ગામી આ જીવનનું, તરવું છે માયાનું પૂરજી.
..અભિમાને..૩

ઘણાં જીવો તો ચાલ્યા ગયા, ઘણા જતાં જોવાયજી;
આપણું પણ એવી રીતે, અમર કોઈ થી ન રહેવાયજી.
..અભિમાને ..૪

મહાપૂરુષો બોધે ફરી ફરી, દૃઢ થતું નથી તોયેજી;
વિરલ હૃદયમાં ઠરી રહે, જે ગુરુકૃપા પાત્ર હોયજી.
..અભિમાને..૫

જીવન મોંઘું આ દેહનું, મલ્યું ઘણા પુણ્યને અંતેજી;
સ્વરૂપ સામ્રાજ્યને પામવા, યત્ન કરો ધરી ખંતજી.
..અભિમાને..૬

## (૧૯)

## સત્ય વ્રત ધારી રે..

સત્ય વ્રત ધારી રે, વિરલા કોઈ જાગીયા રે જી;
એ તો કાંઈ પામે છે પદ નિર્વાણ ..સત્ય વ્રત..૧

સમતા જેને સેવીરે, પ્રેમરસ પામીયો રેજી;
જેને ઉરે પ્રગટયું છે વિવેક વિચાર ..સત્ય વ્રત..૨

લગની જેને લાગીરે, સોહં કેરા નાદની રેજી;
જેની વૃત્તિ થઈ તદાકાર ..સત્ય વ્રત..૩

અભિન્નતાની જ્યોતિ રે, જાગી જેનાં ઘટ વિષે રેજી;
જેની દૃષ્ટિ થઈ બ્રહ્માકાર ..સત્ય વ્રત..૪

નિજાનંદ સ્વરૂપે રે, મન જેનું મળી રહ્યું રેજી;
વાણી વીરમી નેત્રે વહે જલ ધાર ..સત્ય વ્રત..૫

મુનિભાવ પ્રગટેરે, જેના આઠે અંગમાં રેજી;
રોમ ખડે કંપી ઊઠે જેની કાય ..સત્ય વ્રત..૬

તાર જેને લાગ્યો રે, નિરાલંબ તત્ત્વનો રેજી;
વાણી જેની વિલસી રહી ભરપૂર ..સત્ય વ્રત..૭

## (૨૦)

## શાંતિ ધર સુખકારી

શાન્તિ ધર સુખકારીઓ મનવા ! શાન્તિ ધર સુખકારી,

આત્મ સ્વરૂપનું નિત્ય ધ્યાન ધરીલો;
અંતર્મુખતા ધારી, ઓ મનવા ! ..શાન્તિ..૧

બાહ્ય ભોગ કલ્પિત સમજી,
લે વૈરાગ્ય વધારી; ઓ મનવા(૨) ..શાન્તિ..૨

વૈખરીને વશ કર પ્રીતે;
બકવાદ અંતે દુઃખકારી, ઓ મનવા ! ..શાન્તિ..૩

ગંભીરતાનું સદ્‌ગુણ મેળવી;
પરિમિત વદ સંભારી, ઓ મનવા ! ..શાન્તિ..૪

આપ આનંદ પ્રસંગે સૌને;
સત્ય મિષ્ટ વચન ઉચ્ચારી, ઓ મનવા ! ..શાન્તિ..૫

ક્રોધિત ન થાતું આશ્રિત જન પર;
લે પ્રીતે દોષ સુધારી, ઓ મનવા ! ..શાન્તિ..૬

કર્તવ્ય ભાવે સર્વ ક્રિયા કરજે;
લાભ હાનિ ન વિચારી, ઓ મનવા ! ..શાન્તિ..૭

પરબ્રહ્મ રૂપ જગતને નીરખી;
રાગ દ્વેષ દે નિવારી, ઓ મનવા ! ..શાન્તિ..૮

જન સંગ ઉપયોગ પૂરતો સેવેજે;
એકાંત ને ગણ પ્યારી, ઓ મનવા ! ..શાન્તિ..૯

પ્રસન્ન વદન રાખ સદા તું,
સદૈવ આનંદકારી, ઓ મનવા ! ..શાન્તિ..૧૦

ઈન્દ્રિયોને સ્થિર કરી લે;
બન ગોલોકનો અધિકારી, ઓ મનવા ! ..શાન્તિ..૧૧

સત્ય સુખનો અનુભવ કર અંતરે;
બહિર સુખો તુચ્છકારી, ઓ મનવા ! ..શાન્તિ..૧૨

સદ્‌ગુરુના અનુગ્રહ રંગનો ભોગી;
બન સદૈવ બ્રહ્મ વિહારી, ઓ મનવા ! ..શાન્તિ..૧૩

શાન્તિ ધર સુખકારી, ઓ મનવા ! શાન્તિ ધર સુખકારી.

(૨૧)

## પૂરણ ગુરુ પામીયો

જીવ તું કરી લે વિચાર, અવસર ઉત્તમ આવીયો;
તારા પુણ્યનો નહિ પાર... પૂરણ ગુરુ પામીયો ...૧

એણે પ્રકાશે હણી રે જડતાની જાળને;
વળી નશાવ્યો અજ્ઞાન અંધકાર. પૂરણ ...૨

અભય સ્વરૂપે બ્રહ્મ સ્પષ્ટ દર્શાવીયો;
ભય માત્ર વિલાવ્યો કૃપા આણીને. પૂરણ ...૩

સદ્‌વિદ્યાને વળી સદાચારથી;
પોષણ આપ્યું મુમુક્ષુને પ્યારથી. પૂરણ ...૪

ધરી યંત્રવત્ જીવન એણે ચલાવ્યું;
નિયમિતતાનું સમજાવી ગુણ રે. પૂરણ ...૫

ધર્મનું તો સાક્ષાત્ સ્વરૂપ રે;
પ્રવૃત્તિ માત્ર એની ધર્મ રૂપરે. પૂરણ ...૬

આત્મ વિશ્વાસ એનો અંતરે;
આત્મ ભિન્ન કશુંય ન દર્શાયરે. પૂરણ ...૭

હૃદય એનું તો પ્રેમ ભરપુર;
એના નેત્રમાં તો જાણે પ્રેમનું નૂર રે. પૂરણ ...૮

પવિત્રતા તો એની અનુપમ રે;

પાપ હરે એવા એના પાદ પદ્મ રે; પૂરણ ...૯

કર્તવ્ય નિષ્ઠા એની અદ્‌ભૂત રે;
જીવનભર રહ્યા કર્તવ્ય નિષ્ઠ રે. પૂરણ ...૧૦

કાર્ય વ્યવસ્થા એની અપરંપાર રે;
મોહ પામે જોઈ વ્યવસ્થા સર્વ રે. પૂરણ ...૧૧

ગુણનિધિ ને વળી ગંભીરતા ઘણી;
હાસ્ય વિનોદી મુખારવિંદ રે. પૂરણ ...૧૨

સ્મરણ શકિત તો એની અપરંપાર રે;
સહસ્ર જીવોને અંતરે એનો તાર રે. પૂરણ ...૧૩

આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારીને;
એના મનોનિગ્રહના શું કરૂં વખાણ રે. પૂરણ ...૧૪

એની વાણીમાં તો અમૃત રસ રે;
પીને અમર થયા કઈક વત્સ રે. પૂરણ ...૧૫

કૃતિ એની તો પર ઉપકારી રે;
એના દર્શનથી સુખ અપાર રે. પૂરણ ...૧૬

પાર કેમ પામું એના ગુણ ગાઈને,
સહસ્ત્ર મુખ ન પામે શેષ પાર રે પૂરણ ...૧૭

ભક્તિ ભાવે વિરમું યાચી એટલું;
પ્રભુ નિજ જનની લેજો સંભાળ રે. પૂરણ ...૧૮

(૨૨)

## ગુરુ જોઈએ જો રામ સમાન

ગુરુ જોઈએ જો રામ સમાન, તમારે દાસ થવું ઘટે;

આશા તૃષ્ણા ત્યાગીને, નિષ્કામ હનુમંત બની જવું ઘટે,
દૂધ સિંહણનું અન્ય પાત્રે નહિ ઠરે, શુધ્ધ કાંચનના પાત્ર સમાન;
તમારે બની જાવું ઘટે ...ગુરુ જોઈએ. ૧

ચરણ પંકજનું આસ્વાદ તેને મળે, ભાન ભૂલી મધુકર સમાન;
કમળમાં બીડાવું ઘટે ...ગુરુ જોઈએ. ૨

દિવ્ય સંપદ અઢળક ભરી છે અહીયાં, પ્રાપ્ત કરવાને પાર્થ સમાન;
અનન્ય શિષ્ય થાવું ઘટે ... ગુરુ જોઈએ. ૩

ઈશ દરબારે ન્યૂનતા કાંઈ નથી, પામવા નિજપદ ઋષિ સમાન;
અર્પણ તમારે થાવું ઘટે ...ગુરુ જોઈએ ૪

(૨૩)

## ધન્ય ધન્ય ધન્ય ગુરુદેવને

ધન્ય ધન્ય ધન્ય ગુરૂદેવને;
હરિ જેણે દીધા અભય પદ દાનરે ...ધન્ય. ૧

હરિ હું તો અંધારામાં ઘણી આથડી;
હરિ મારા સદ્‌ગુરૂએ કીધી શાણી રે ...ધન્ય. ૨

હરિ હું તો ચમકંતી ચાલી ચોકમાં;
હરિ મારાં મટી ગયા આગળનાં તોફાન રે ...ધન્ય. ૩

હરિ જખ મારશે જમ કિંકર બાપડાં;
હરિ હરિ ભજનમાં થઈશું ગુલતાન રે ધન્ય. ૪

હરિ ખાતું વાર્યું ચોરાશી લાખનું;
હરિ આડું દીધુ છે તુલસીનું પાન રે ...ધન્ય. ૫

હરિ હું તો ભય તજીને નિર્ભય થઈ;
હરિ હું તો ઠરીને બેઠી છું એક ઠામ રે ...ધન્ય. ૬

હરિ ગુરૂએ કંઠી બાંધી કૃપા કરીને;
હરિ મારે મસ્તકે મૂક્યો હાથ રે ...ધન્ય. ૭

હરિ રૂડા નિરભય રામના સ્વામિને;
હરિ મને મલી ગઈ આગળની ઓળખાણરે ...ધન્ય. ૮

(૨૪)

## જૂનો ધરમ લ્યો જાણી

જૂનો ધરમ લ્યો જાણી, રે સંતો મારા, જૂનો ધરમ લ્યો જાણી.
નદી કિનારે કોઈ નર ઊભો, તૃષ્ણા નહિ સમાણી રે;
કાંતો અંગ આળસુ એનું, કાં સરિતા ખરે સુકાણી. ૧

કલ્પતરૂ તળે કોઈ જન બેઠો, ક્ષુધા ખૂબ પીડાણી રે;
નહિ કલ્પતરૂ એ બાવળિયો, ભાગ્ય રેખા ભેદાણી. ૨

સદ્‌ગુરૂ સેવ્યે શિષ્ય ન સુધરે, વિમળ મળી નહિ વાણી;
કાંતો ગુરુ છે જ્ઞાન વિનાના, કાં પાપી એ પ્રાણી. ૩

મળ્યો ચિંતામણી તો પણ, પ્રાણી ચિંતા નવ હોલાણી રે;
નહીં ચિંતામણિ નક્કી પથરો, કાં વસ્તુ ન ઓળખાણી. ૪

અમૃત મળ્યું પણ અમર થયો નહિ, પીવાની જુક્તિ ન જાણી;
કાંતો ઘટમાં ગયું ન એના, કાં પીવામાં આવ્યું પાણી. ૫

(૨૫)

## મુજ જીવન આ પ્રભુ તું થી ભરું

મુજ જીવન આ પ્રભુ તું થી ભરું,
બળ દે અભિલાસ હું એહ પૂરૂં;

મુજ દેહ વિષે વળી આત્મ વિષે,
જડ ચેતનમાં પ્રભુ વાસ વસો. મુજ. ૧

મુજ રક્ત વિષે, મુજ નાડી વિષે,
મુજ દૃષ્ટિ વિષે, મુજ વાણી વિષે;
મુજ તર્ક વિષે, મુજ કર્મ વિષે,
પ્રભુ વાસ વસો, મુજ મર્મ વિષે. મુજ. ૨

શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં,
પ્રભુ વ્યાપી રહો, મુજ અંતરમાં,
મુજ જીવન કેરું રહસ્ય ઊંડું,
બન પ્રેરક ચાલક શાસક તું. મુજ. ૩

પ્રભુ મુદ્રિત અંકિત તું હૃદયે,
કૃતિઓ બધી ત્વન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબી જે બનશે,
તુજ ઉજ્જવળ રૂપની ઝાંખી દીશે. મુજ ૪

(૨૬)

## હૃદયના દીવડે બળતી

હૃદયનાં દીવડે બળતી, તમારા પ્રેમની જ્યોતિ;
કદીએ થાય ના ઝાંખી, પ્રભુ હું એટલું માંગુ ...૧

જગતની આ ધમાલો કે , વિષયમાં હું સદા ઊંઘું;
સદા હું સ્નેહનાં પંથે, તમારા એકમાં જાગું ...૨

તમારા પ્રેમ ભક્તિની, હૃદયમાં નિત્ય ભરતી હો;
પતિત પાવન અભય શરણું, ભૂલે ચૂકે ન હું ત્યાગું ...૩

મને સંસાર ના સ્ફૂરે, તમારું સ્મરણ હો ઉરે;
કુસંગી વંચકોથી હું, હજારો ગાઉ દૂર ભાગું ...૪

મને ના મુંઝવે માયા, તમારી હો શીતળ છાયા;
તમારા ધ્યાનમાં મસ્ત, રહે મનડું સદા મારૂં ...૫

(૨૭)

## આ વિરહની જ્વાળા મહીં ...

આ વિરહની જ્વાળા મહીં, સળગી રહ્યું જીવન અરે,
તોયે અરે મુજ સ્વામીનાં, દર્શન થતા ના અંતરે;
વનવન વિષે શોધી ઝુરૂં, કલ્પાંત કરતી અશ્રુઓ,
ના દૂર કે અતિ સમીપમાં, મુજ કાન્ત તો દષ્ટિ ચડે ...૧

કોને કહું ક્યાં જઈ કરૂં, અંતર મહીં જ્વલતી રહુ,
હું શું કરું ક્યાં જઈ મરું, હે નાથ તુજને ક્યા મળું;
હે નાથ તુજને નવ મળું, પણ વંદના સ્વીકારજો,
મારા હૃદયનાં હે પ્રભુ, ક્યારે મને સંભાળજો. ... ૨

(૨૮)

## મૃત્યુ લોકથી આવી કોઈ નાર

મૃત્યુ લોકથી આવી કોઈ નાર, પ્રભુ બેઠી છે મંદિર દ્વાર;
સાથે એક અભાગી કો બાળ, છૂટા લટકે છે તેના વાળ. ૧

અંગો તેના દીશે છે વિરૂપ, કુબ્જા જેવું તેનું સ્વરૂપ,
હસ્તજોડી નિશ્વાસેથી બોલી, શાતા પૂછી તમારી પેલી. ૨

ઉધ્ધવ કહેજો પ્રભુને પ્રણામ, જે તુમ હૈડાના વિશ્રામ;
હરિને કહેજો અભવ્યા છે આવી, પાપો ભવો ભવના લાવી. ૩

પાપી પામે છે હરિને દ્વાર, મન વાંછિત ભિક્ષા સાર,
હરિનાં નામની ભિક્ષા હું માગું, અપરાધોની ક્ષમા હું માગું. ૪
અશ્રુભીની થઈને એ રાંક, નિશ્વાસેથી ભરેલી અવાક્;
શૂન્યા જેવી રૂગણ એ નાર, પ્રભુ બેઠી છે મંદિર ધ્વાર. ૫

(૨૯)

## મંગળમૂર્તિ કરુણાનિધિ પ્રભુ માહરા

મંગળમૂર્તિ કરૂણા નિધિ, પ્રભુ માહરા,
કહેતાં નાવે પાર, અમિત ગુણ તાહરા;
ભકતાધીન ભગવાન છો, અઘહર સૌ તણા,
દીનાનાથ દયાળ, સૌ મોક્ષક જીવ તણા. મંગળ.... ૧

અશરણ શરણ આધાર, તુમે નિરાધારના,
જગતારક જગદીશ, નિર્યામક ભવ તણા;
મહિમા તુજ જગનાથ, પામર શું શકે કહી,
પામે પાર ન કોઈ, વિચારે બહુ મથી.મંગળ.... ૨

હું અધમાધમ જીવ, અનંતા દોષે ભરી,
તુજ ઉપકાર અનંત, સદા હું વિસરી;
વિષય કષાય પ્રમાદે હું, રાચી રહી સર્વદા,
તુજ આજ્ઞા મેં સ્વચ્છંદે, હૈયે ન ધરી કદા. મંગળ....૩

દુઃખ અનંતા અકથ્ય, અનાદિથી મેં સહયા,
આશ્રવ ભાવથી જીવ, અનંતા મેં દુભવ્યા;
જન્મમરણના દુઃખ, કદી ન કહ્યા જતા,
આ દુર્ભાગી તે જીવે, પામી ન વિરાગતા. મંગળ...૪

(૩૦)

## આવો પ્રભુ અંતરના આરામ, અંતરના આરામ

આવો પ્રભુ અંતરના આરામ,
મારું હૃદય છે પવિત્ર ધામ; આવો પ્રભુ અંતરના આરામ.
કમલાસન પર તમને બેસાડું, પ્રગટાવી પૂરણ પ્રેમ;
ધ્યાન કરું પછી પ્રીતેથી હું, ભેદ રહે નહિ જેમ... આવો ..૧

આપ સ્વરૂપમાં પ્રભુ વિરમી રહુંતો, દુઃખનું ન રહે નામ;
સુખસાગરમાં નિશદિન ઝીલું, બનીને પૂરણકામ...આવો..૨

ધ્યાન થકી હું જાગું જ્યારે, ત્યારે નિરખું મનોહર સ્વરૂપ;
બાદ કરી દશ્ય નામ રૂપને, અનુભવ પરમ અનૂપ.. આવો...૩

મુજ ઈંદ્રિય દેહના જે ભાવો, નિત્ય નિત્ય ક્ષીણ થાય;
શુભ દૈવી સામ્યર્થ્ય તેમાં, નિત્ય નવીનતા પમાય...આવો...૪

મન બુધ્ધિ ને અહંકાર આદિ, ચિત્ત નિરોધ થાય;
હુંને મારાનો ભેદ વિલાવી, એક ચૈતન્ય દરશાય..આવો...૫

વિનય થકી પ્રભુ હું એજ માગું, પૂરો હૃદયની હામ;
કૃતકૃત્યતા તો તે થકી થાશે, વિરહ ટાળોને ભગવાન..આવો..૬

હું છું તમારો પ્રભુજી આપ છો મારા, નિર્મળ નેહ નિધાન;
સત્ય સ્વરૂપની જ્યોતિ પ્રગટાવો, આપોને દર્શનનું દાન.આવો.૭

શરણાગતનાં તારક પ્રભુ, કેવલ કૃપાના ધામ;
નિષ્કામ ભાવે ભક્તિ માગું છું, સેવા સ્મરણ ને ધ્યાન. આવો પ્રભુ.૮

## (૩૧)

# તું માહાત્મ્ય ગુરુનું વિચારજે

તું માહાત્મ્ય ગુરુનું વિચારજે,
માહાત્મ્ય વિચારી પ્રીતિ વધારી, સેવા કરી રીજવજે રે તું...૧

અડસઠ તીરથ ગુરુને ચરણે, શાસ્ત્ર પોકારીને કહે;
ભટકવું પછી ક્યાંય નવ રહે, એ સમજ મનમાં ધારજે રે.તું..૨

ભક્તિ જ્ઞાનને યોગાદિકનો, રહસ્ય ગુરુથી પમાયજો;
ગુરુ વિનાએ સાધન ફળે નહિ, મનને દ્રઢ કરાવજે રે તું ...૩

ધન બહુ ભેળું કરીને, પિતા આપે જેમ વારસો;
ગુરુ પિતાનું જ્ઞાન ધન તેમ, સુશિષ્ય થઈને પામાયજો રે તું..૪

દુઃખ પ્રપૂરણ આ ભવ અટવી માંહે, એ સ્થાન વિશ્રામનું હોય જો;
માર્ગ એક ગુરુના ચરણે, એ વિચાર ઉરમાં ધારજો રે; તું....૫

સ્વાર્થતાથી આ વિશ્વ ભરેલું, હિત કોઈથી ન સધાય જો રે;
અકારણ કૃપા કરે ગુરુવર, એ વાત ના વિસારજે; તું....૬

શરણાગતનું રક્ષણ કરવા, પ્રભુ આવ્યા આ જગ માંહિ જો રે;
તક ચૂકાવે ભૂલ મોટી, શરણે સદા સીધાવજે રે તું....૭

ગુરુ પ્રસન્ન તો સર્વે દેવો પ્રસન્ન છે, એ તું ચિત્તમાં ધારજે રે;
ગુરુ રૂઠે કોઈ દેવ નહિ રાખે, શ્રી મુખના ઉચ્ચાર છે રે. તું...૮

ગુરુ કૃપાની શક્તિ છે ભારી, શરણગતને લેશે ઉગારી;
નિર્ભયપદની એ છે નિશાની રે... તું માહાત્મ્ય ...૯

મનમાં ગુરુનું ધ્યાન જમાવી, વાણીથી ગુરુ ગુરુ જપજે રે,
સર્વ પ્રવૃત્તિ ગુરુમય કરીને, નિજ દેહનું ભાન ભૂલાવજે રે..૧૦

# ઘડપણમાં પ્રભુ ગુણ ગાશું

હેન્ડબીલ મે વાંચ્યું તમારું, તેમાં બતાવ્યું મોક્ષનું બારું;
પણ ઘરનું છે મોટું કારભારું ગુરુરાજ, ઘડપણમાં પ્રભુ ગુણ ગાશું.

એ જી, હાલમાં નથી નવરાશું, ગુરુરાજ .... ઘડપણમાં. ૧

નારી કર્મે મળી કજીઆળી, એ તો કાળજું પ્રજાળે ભારી;
એવા ઘરને શું નાખવું બાળી, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૨

મોટો છોકરો વિલાયત ગયો છે, નાનો તો જુગારી થયો છે;
એવો ચાલે છે ઘરબાર ગુરુરાજ....ઘડપણમાં૦ ૩

અમે મોટા કહેવાઈએ વેપારી, રાત દિવસ ઘણી હાડમારી;
કેમ સાંભળીએ વાણી તમારી, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૪

ઈંગ્લેન્ડ આફ્રિકા સુધી વિચરશું, આસ્ટ્રેલિયાનું સોનું સંઘરશું;
અમેરિકાની લક્ષ્મી અહીં ભરશું, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૫

જીવન દોરી હજી છે લાંબી, કેડ હજી તો વળી નથી વાંકી;
વળી વૃદ્ધાવસ્થા નથી આવી, ગુરુરાજ......ઘડપણમાં૦ ૬

સાઠ વર્ષની ઉંમર હજી મારી, શું આંખે આવે છે તમારી;
હજી લાવવી છે નવી નારી, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૭

એક થાળીમાં સાથે જમશું, રંગરાગમાં અમે રોજ રમશું;
તો જ નવી નારીને ગમશું, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૮

છોકરાના છોકરા પરણશે, એનાં બાળુડાં ખોળામાં રમશે;
ત્યારે નિતની ચિંતા ટળશે, ગુરુરાજ.....ઘડપણમાં૦ ૯

સાઠ લાખની પુંજીને શું કરીએ ? અબજોથી તિજોરી ભરીએ;
ત્યારે કંઈક શાંતિ દિલ ધરીએ, ગુરુરાજ....ઘડપણમાં૦ ૧૦

હજી થાશું અમે મીલવાળા, અને બાંધશું સુંદર માળા;
પછી ફેરવશું અમે માળા, ગુરુરાજ....ઘડપણમાં૦ ૧૧

પેટ ભરવા કીધા બધા પોથા, ગમ ખાધા વિના ખાઓ ગોથા;
ગમ લાગે નકામા થોથાં, ગુરુરાજ..... ઘડપણમાં૦ ૧૨

સર્વ સાધનો લક્ષ્મીથી સૂઝે, અને અંતરની આપદા બૂઝે;
તેને વાપરતાં દિલ મારું ધ્રુજે, ગુરુરાજ.....ઘડપણમાં૦ ૧૩

સોનાનો કીમિયો બતાવો, થઈ ધનવાન લઈએ લ્હાવો;
તો તો અમને અતિશે ભાવો, ગુરુરાજ.... ઘડપણમા૦ ૧૪

વાટ જોતાં ત્યાં ફીકર ફાલી, આવી રોગોએ લીધા ઝાલી;
ચિઠ્ઠી આવી ને શેઠ ગયા ચાલી, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૧૫

હવે યૌવનમાં પ્રભુ ગુણ ગાશું, અમે મેળવી લેશું નવરાશું;
તો મુક્તિના પંથે જાશું, ગુરુરાજ.... ઘડપણમાં૦ ૧૬

## Prayer to 24 Teerthankaras

( Tune- Twinkle Twinkle )

By : Sadhviji Sanskarnidhi Shriji M. S.

A for O my ADINATH!
Be with me in every path;
Never forget naughty son,
You are father super One ...1

Sri AJITNATH is your name,
What to say for your fame?
You are winner best of all,
I am missing every ball ...2

Save me SAMBHAVNATH Dada !,
Show me true way O Dada !

How to walk in balckish night ?,
Give me your super light ...3

That one is my golden day,
ABHINANDANSWAMY I Pray,
Tell me O God ! Where you Stay ?
How to come ? you show me way ...4

You are in my every thought,
Let me lead life as you taught,
SUMATINATH give Wisdom nice,
So that I fall never twice ...5

I like you most Supreme Dada !,
Your face is rosy red,
PADMAPRABHASWAMY So high,
You can forget, how can I ? ...6

I am candle, you are light,
I am eye and you are Sight,
I am heart and beat you are,
SUPARSHVANATH not you are far ...7

Come Come Come Shining moon,
See my CHANDRAPRABHAJI Soon,
Why you look So dull and pale ?,
Sea of sorrow you can sail ...8

I like lovely number nine,
SUVIDHINATHSWAMY is mine,
Forget O God ! my mistake,
My burden you have to take ...9

Burning world is too much hot,
Where to get cold water pot ?
Push me out of burning flame,
SHEETALNATH you same as neme ...10

Night is dark and journey long,
SHREYANSNATH I sing your song,
Singing makes my journey Sweet,
Reserve me a Mukti Seat ...11

You are ocean of mercy !
Give me lovely master-key,
can you See lock on my door ?
VASUPUJYASWAMY I adore ...12

Flowing Water I have Seen,
Make my heart So pure and Clean,
Wash VIMALNATH my dirty mind,
Remove dust of every kind ...13

So many Stars are in the Sky,
Counting even can't I try.
Ocean I cannot measure,
Such is ANANTNATH'S treasure ...14

DHARMANATHJI kill my karma,
You are preacher of dharma,
Come on my Lord Almightly,
Waiting for you eagerly ...15

Achiradevi's lovely Son,
Give me peace and compassion,
In this world my own is none,
SHANTINATH is only one ...16

I am baby innocent,
KUNTHUNATHJI excellent,
You are ocean I am drop,
I at bottom, you at top ...17

I am crying bird in cage,

I can not see my image,
Sri ARNATH my ambition,
I get final liberation ...18

Stop my birth and death cycle,
Show MALLINATHJI miracle,
Let me always Stay with you,
Leave this old home come to new ...19

Chuk Chuk Chuk Chuk running train,
World is full with Sorrow pain,
Open for me mukti - gate,
Sri MUNISUVRATSWAMY great ...20

I don't pray for worldly wealth,
Not for name or body health,
NAMINATH never lose I faith,
Name on lips till final breath ...21

In my heart you own a place,
That is like a special case,
I like NEMINATH'S glowing face,
Bless me God with supreme grace ...22

Kamatha harmed you not the less,
Blessed you him with forgiveness.
O PARSHVANATH ! give me patience,
can not move me disturbance ...23

Kingdom Palace ornament,
you had but no attachment,
Left you all O MAHAVEER brave,
Give me little what you have ..24


Printed at Sahitya Mudranalaya
Through Kahan Publication